# સમરાઈચ્ચ કહા

## ભગવાન શ્રી સમરાદિત્ય મહર્ષિનો પ્રથમ ભવ.

# ગુણસેન અને અગ્નિશર્મા

: વિવેચક :

સિદ્ધાન્તમહોદધિ સુવિહિતશ્રમણાચાર્યાધિપતિ પૂ. આચાર્યદેવ

વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન વિનેયરત્ન

પ્રભાવક પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી **ભાનુવિજયજી** ગણિવર.

સંયોજક-સંપાદક

**: શ્રી પ્રિયદર્શન :**

: પ્રકાશક :
શાહ ચતુરદાસ ચીમનલાલ
'દિવ્ય દર્શન' કાર્યાલય.
કાળુશીની પોળ-અમદાવાદ.

વિ. સં. ૨૦૧૪.
ઈ. સ. ૧૯૫૭.

: પ્રાપ્તિસ્થાનો :

શ્રી દાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાળા.
C/o. ક. લ. ધર્મશાળા, ગોપીપુરા, સુરત.

બચુભાઈ ચી. ઝવેરી.
૧૬૭-૬૯ કીકાસ્ટ્રીટ, મુંબઈ ૪.

સોમચંદ ડી. શાહ, પાલીતાણા.

સરસ્વતી પુસ્તક ભંડાર.
હાથીખાના, રતનપોળ, અમદાવાદ

કિંમત : બે રૂપિયા

પ્રથમાવૃત્તિ
પ્રત : ૧૦૦૦,

મુદ્રક
જીવણલાલ પુરુષોત્તમદાસ પટેલ
શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલય
રીચીરોડ-પુલ નીચે, અમદાવાદ.



સેંકડો સાધક પુણ્યાત્માઓના

સંયમ-રથના

સારથિ

# પરમ ગુરુદેવ

પૂજનીયવિભૂતિ આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી

મહારાજાના કરુણાપૂત કરકમલોમાં

" પ્રિયદર્શન "

# : અનુક્રમ :


| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કથાગ્રંથની ઉત્પત્તિ | ... | | ૧ |
| ૨ | મંગલ અને ચાર ચીંતન | ... | ... | ૧૨ |
| ૩ | કથા અને માનવપ્રકૃતિ | ... | ... | ૨૧ |
| ૪ | મનુષ્યની ચાર કક્ષાઓ | ... | ... | ૫૮ |
| ૫ | જન્મ | ... | ... | ૭૧ |
| ૬ | અગ્નિશર્મા વૈરાગ્યના પંથે | ... | ... | ૭૭ |
| ૭ | ગુણસેન તપોવનમાં | ... | ... | ૮૫ |
| ૮ | પ્રથમ પારણું ચૂકાયું | ... | ... | ૯૨ |
| ૯ | બીજું પારણું ચૂકાય છે | ... | ... | ૧૦૩ |
| ૧૦ | ત્રીજું પારણું પણ ચૂકાયું | ... | ... | ૧૧૪ |
| ૧૧ | અગ્નિશર્મા ભૂલે છે | ... | ... | ૧૨૧ |
| ૧૨ | તપોવનના અવનવા | ... | ... | ૧૩૩ |
| ૧૩ | રાજધાનીમાં પુનરાગમન | ... | ... | ૧૪૫ |
| ૧૪ | સંસાર પર ખેદ શાથી ? | ... | ... | ૧૫૬ |
| ૧૫ | શ્રી વિજયસેનાચાર્યની આત્મકથા | ... | ... | ૧૭૧ |
| ૧૬ | ગુણસેનના બે પ્રશ્નો | ... | ... | ૨૧૬ |
| ૧૭ | ગુણસેનનું જીવન-પરિવર્તન | ... | ... | ૨૬૯ |
| ૧૮ | મૃત્યુ પર મનન | ... | ... | ૨૭૪ |
| ૧૯ | અંતિમ નિર્ધાર | ... | ... | ૨૮૨ |
| ૨૦ | મહાપંથે પ્રયાણ | ... | ... | ૨૮૭ |
| ૨૧ | કષ્ટમાં સત્વ | ... | ... | ૨૯૩ |
| ૨૨ | અંતિમ ભાવનાએ | ... | ... | ૩૦૪ |

# પ્રકાશકીય

**આ** જથી સાત વર્ષ પૂર્વેની આ વાત છે.

**વિ** ક્રમ. સં. ૨૦૦૬ની સાલમાં પૂ૦ મુનિરાજ શ્રી **ભાનુવિજયજી** મહારાજ તારક ગુરુદેવશ્રીની આજ્ઞાથી ચાતુર્માસાર્થે મુંબઈ પધાર્યા.

**દે** ખાવમાં સામાન્ય દેખાતા પરંતુ જ્ઞાનવૈભવથી પરમ વિશિષ્ટ પૂ. મુનિવર્યશ્રી પ્રત્યે મુંબઈની વિશાળ જૈન-જનતા આકર્ષાઈ. તેઓશ્રીના પ્રેરક અને બોધક પ્રવચનોની પરાગ મુંબઈવાસી જૈનોના ઘેર ઘેર પથરાઈ ગઈ !

**સં** વેગ-વૈરાગ્યના ધોધ વરસાવી કેઈ ભાવુક જનોને તેઓશ્રીએ જિનધર્મ-સન્મુખ કર્યા, પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના શાસનના તત્ત્વોના મહાનિધિનાં તેઓશ્રીએ છૂટે હાથે દાન દીધાં...પરિણામે કેટલાય નવલોહિયા યુવાનો તેમને વિંટળાઈ વળ્યા !

**ત્ર** ણ મુમુક્ષુ આત્માઓને દીક્ષા-દાન કરી તેઓશ્રી એક વર્ષમાં જ મુંબઈને છોડી ગયા ! પરંતુ વિરાટ જનતાના હૈયામાં તો જરૂર તેમનું કાયમનું મીઠું સંભારણું મૂકતા ગયા !

આ સત્યસિન્ધુ પરમગુરુદેવશ્રી વિક્રમના ૨૦૦૭મા વર્ષે શ્રી સિદ્ધગિરિની પાવન ભૂમિ પર વિશાળ મુનિવૃન્દ સાથે બિરાજતા હતા; એક માસના અંતે પૂ. મુનિરાજશ્રી ઉગ્રવિહાર કરી તેઓશ્રીના ચરણોમાં આવી પહોંચ્યા.

પૂ. આચાર્ય ભગવંત તળેટીમાં 'રસિક નિવૃત્તિ'માં બિરાજ્યા હતા, જ્યારે પૂ. મુનિરાજશ્રી પૂ. આચાર્યદેવશ્રીની આજ્ઞાથી ગામમાં શ્રી આયંબિલભવનમાં રહેલા હતા.

ત્યા તેઓશ્રીની નિશ્રામાં મુંબઈથી ૧૨-૧૫ સુશિક્ષીત યુવાનો સત્સંગ નિમિત્તે આવી પહોંચ્યા. કે જે 'મુમુક્ષુ મંડળ' તરીકે ટૂંક સમયમાં જ બહાર આવ્યા હતા. મુમુક્ષુઓને પૂ. ગુરુદેવશ્રીએ અનેક પ્રકારનું આધ્યાત્મિક શિક્ષણ આપવું શરૂ કર્યું. જેમાં સંસ્કૃત ભાષાજ્ઞાન, ન્યાયદર્શનની ભૂમિકા, જૈન આચારમાર્ગ, જૈન તત્ત્વજ્ઞાન... વગેરે રસિક વિષયોનો સમાવેશ થતો હતો.

એ ઉપરાંત ખુશાલભુવનમાં ચાતુર્માસ દરમિયાન રોજ બપોરે તેઓશ્રીનાં પ્રવચનો પણ થતાં હતાં; કે જેમાં ઘણી સારી સંખ્યામાં સ્ત્રી-પુરુષોની હાજરી રહેતી. છતાંય વિશેષતઃ મુમુક્ષુઓની હાજરીને અનુલક્ષીને તે અવસરે વ્યાખ્યાનના બીજા વિભાગમાં શ્રી **"સમરાઇચ્ચ કહા"** પર પૂ. ગુરુદેવશ્રી વિવેચન કરતા હતા.

**મા** નવના જીવનમાં અનેક દુઃખદ સમસ્યાઓ ઉભી થાય છે અને એનો રુચિકર ઉકેલ આણી સુદીર્ઘ સુખ, શાંતિ અને સુંદર સ્ફૂર્તિ પામવા મનુષ્ય ઝંખે છે, મથે છે! પણ અફસોસ! કે એ સમગ્ર જીવન તો શું પણ એક દિવસ પણ એવો જોવા નથી પામતો કે જેમાં દુઃખદ સમસ્યાઓના એવા સફળ ઉકેલ એ પામી શકયો હોય!

એ તો તે જ પામી શકે કે જે અધ્યાત્મ-ભાવોનું આલંબન લે. આધ્યાત્મિક ભાવો એટલે કે વિચારો, ભાવનાઓ, વલણો અને ધોરણોમાં એ તાકાત છે. એ ચમત્કાર છે કે તે શું રોજીંદી કે શું જીવનવ્યાપી ઘેરી વિષાદ છાયાઓ, ગાઢ ક્લેશના વાદળો અને વ્યથાભરી ચિંતાઓ તથા સંતાપોના અંધકારને અદ્ભુત રીતે હટાવી દે છે.

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે રચેલ શ્રી સમરાદિત્ય કહાના આ વિવેચનમાં આવા ચમત્કારિક આધ્યાત્મિક ભાવો ભરચક ભર્યા પડ્યા છે. આનું કોઈ પણ પાનું ઉઘાડી વાંચો તો અધ્યાત્મ શાંતિ, અધ્યાત્મ જાગ્રતિ, અધ્યાત્મ પ્રેરણાના અમીપાન મળશે. વિવિધ સંકટના કાળે એને નિવારવા સમર્થ એવી વિચાર-સરણીની ચાવીઓ મળશે. ભગવાન શ્રી સમરાદિત્ય કેવલી મહર્ષિની નવ ભવોની મહાસંવેગભરી કથા જ એવી છે કે એ જ્ઞાનદૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિના નવનીતનાય સત્ત્વનો એક નિધિ છે. વિવેચનકારે એ સત્ત્વમાં છૂપાયેલ ભવ્ય ભાવોને સમયાનુરૂપ વિસ્તારથી પ્રગટ કર્યા છે. એને વારંવાર વાંચવાનું મન થાય એવો રસ એમાં વહી રહ્યો છે.

વિવેચન ખૂબ જ ભાવાત્મક થતું હતું. સૂરિશેખર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કથામાં મૂકેલા ગૂઢ અને પ્રેરણાદાયી ભાવોને ખરેખર પૂ. મહારાજશ્રી એવી રીતે સમજાવતા હતા કે શ્રોતાઓ વૈરાગ્યના પાતાળ કૂવામાં ઉતરી જતા હતા!

અને જાણે એ બધાના ફળરૂપે જ ચાતુર્માસ બાદ પૂ. આચાર્ય ભગવંત વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પાવનતમ સાંન્નિધ્યમાં એક પછી એક મુમુક્ષુઓએ જીવન સમર્પ્યાં હતાં!

પૂ. મહારાજશ્રીએ એ ચાતુર્માસ દરમિયાન આપેલાં પ્રવચનોનું સાંગપાંગ અવતરણ ખાસ અવતરણકાર રોકીને કરાવી લેવામાં આવ્યું હતું. તે અવતરણ ત્યારબાદ શ્રી 'દિવ્યદર્શન' પત્રમાં અમે પત્રના પ્રથમ વર્ષમાં જ આપવું શરૂ કર્યું હતું: કે જે પ્રવચનો દિવ્યદર્શનના વાંચકોને ખૂબ જ ગમી ગયાં હતાં.

આજે અમને વિશેષ આનંદ થાય છે કે એ પ્રવચનો નવે રંગે અને નવી ભાતમાં અમે પુસ્તકરૂપે જિજ્ઞાસુ જનતા સમક્ષ રજુ કરીએ છીએ; કે જેનું પ્રકરણવાર સળંગ સુંદર સંપાદન–સંયોજન પૂ. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે (પ્રિયદર્શન) કરી આપેલું છે. તેઓશ્રી વંદનીય વિવેચનકારશ્રીના એક સમર્થ શિષ્યરત્ન છે; અને પૂ. ગુરુદેવશ્રીના બીજા અનેક વિવેચનગ્રંથોના સંપાદક છે. એઓશ્રીનો આ તકે મહદ્ આભાર માનીએ છીએ.

સર્વ કોઈ આત્માઓ આ પુસ્તકને વારંવાર વાંચી, એના પર મનન ચિંતન કરી પરમ આત્મ કલ્યાણના પંથે વિચારો, એ મંગલ અભિલાષા સાથે, આ ગ્રન્થના પ્રકાશનમાં જે બે પુણ્યશાળી વ્યક્તિઓએ અમને પ્રબળવેગ આપ્યો છે, એક પ્રેરણાથી અને એક દ્રવ્ય સહાયથી, તે બંને પુણ્યાત્માઓનો આ તકે આભાર માનીએ છીએ.

તેમજ આ ગ્રંથનું સુંદર છાપકામ કરી આપનાર શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલયને પણ આ તકે કેમ જ ભૂલી શકીએ ?

પ્રાન્તે ગ્રંથકાર, વિવેચનકાર અને સંપાદકનો મહાન ઉપકાર માની વિરમીએ છીએ.

તા. ૧–ડિસેમ્બર, ૧૯૫૭
અમદાવાદ.

આપનો
**ચતુરદાસ ચીમનલાલ શાહ**

## સમરાઇચ્ચ કહા

## ૧

# ગુણસેન

અને

# અગ્નિશર્મા

ॐ अर्हं नमः

## પ્રકરણ : ૧

## કથાગ્રંથની ઉત્પત્તિ

અહીં એક મહાન ધર્મકથાનુયોગના શાસ્ત્રનું વિવેચન કરવાનું છે. સામાન્યત: ધર્મકથાનુયોગનું શાસ્ત્ર એટલે એમાં ઉત્તમપુરુષોના સચ્ચરિત્ર વર્ણવાયેલા હોય છે; તે મુજબ અહીં મહાન સૌભાગી શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિનું ચરિત્ર વર્ણવાશે. કે જે કથાગ્રંથનું નામ "શ્રી સમરાઈચ્ચ કહા" છે. તેના રચયિતા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ છે. તેઓશ્રી ચૌદસો ચુંવાલીસ ગ્રંથોના રચયિતા તરીકે ખ્યાતનામ છે.

જન્મથી તેઓશ્રી જૈન ન હતા; પરંતુ બ્રાહ્મણકુળના હતા. એટલું જ નહિ પણ ચિતોડના રાજમાન્ય પુરોહિત હતા; ભારે વિદ્વત્તાને વરેલા હતા. પોતાની તર્કશક્તિમાં કોઇપણ શાસ્ત્રના મર્મને સ્પર્શી જવાનો વિશ્વાસ ધરાવતા હતા.

પરંતુ એમાંથી પલટો થયો. જૈનસાધુતાને સ્વીકારી...તમને ચાલુ દુનિયાના પ્રવાહમાંથી પલટો લઈ એક માર્ગાનુસારી બનવામાં મુશ્કેલી પડે છે! આગળ વધીને કુળજૈનમાંથી ભાવજૈન બનવામાં તો બહુ ભારે વાત લાગે છે! ત્યારે પછી વ્રતધારી શ્રાવક, પડિમાવાહી શ્રાવક, સંવાસાનુમતિ શ્રાવક...એ બધી ક્રમિક ઉન્નતદશાએ પહોંચવાનું તો કેટલુંય મુશ્કેલ! તો સાધુપણે પહોંચવાનું તો કેટલે દૂર?

આ શાસ્ત્રકાર તો અજૈનમાંથી સીધા સાધુ બન્યા પછી જિનાગમના મહાન વિદ્વાન અને બહુશ્રુત આચાર્ય થયા. એમાં એકવાર પોતાના દીક્ષિત ભાણેજ હંસ-પરમહંસને રંજાડનાર બૌદ્ધોને વાદમાં હરાવી શિક્ષા કરવાની યોજના કરાવી. ગુરુમહારાજને ખબર પડી. સ્વશિષ્ય હરિભદ્રસૂરિજીના ક્રોધને ઉપશમાવવા તેઓશ્રીએ સમરાદિત્યના નવભવોનો ઉલ્લેખ કરતી પ્રાચીન ત્રણ ગાથાઓ લખી મોકલી. એના પરથી 'સમરાઇચ્ચ કહા' ગ્રંથનું સર્જન થયું. પણ ધ્યાનમાં રહે કે આ કથા કલ્પિત નથી, પરંતુ બનેલી છે; કે જેનું મૂળ પ્રાચીન ગાથાઓમાં પડેલું છે. વળી અનંતકાળમાં એમાંનું શું સંભવિત નથી?

હરિભદ્રસૂરિજી મહારાજ પાસે ગુરુએ મોકલેલી ગાથાઓ આવી. તે વાંચતાં જ તેમની સમક્ષ 'ગુણસેન અગ્નિશર્મા' ના પ્રથમભવથી માંડી નવભવ સુધીનો રોમાંચક અને હૃદયવેધી ચિતાર આંખ સામે ખડો થઈ ગયો.

"અહો! અગ્નિશર્માએ કરેલા ક્રોધનો કેવો કરુણ અંજામ! કેવા ભયાનક વિપાક! કેવી ભવેભવ પુનરાવૃત્તિ! ત્યારે મારી પણ કઈ દશા? આ મેં શું કર્યું? અગ્નિશર્મા તો અજ્ઞાન હતો; મારા હૃદયમાં જિનાગમોનો પ્રકાશ છે, છતાં હું કેવો ક્રોધાંધ બન્યો! શું સંસારમાં જીવે બીજાના ગુનાથી કરેલા ગુસ્સાને કર્મ

માફી આપે છે? ના, ભલેને અપરાધ સામા ધણીનો હોય, પણ એના પર જીવ પોતાના હૃદયમાં ગુસ્સો દાખલ કરે એટલે પોતાના જ આત્મામાં કર્મના થોક દાખલ થઈ જાય! પછી શું? ભવાટવીમાં ખોવાઇ જવાનું! દુર્ગતિના થાળા પુરવાના! જન્મોજન્મ એ ગુસ્સાની, એ વૈરની, એ દ્વેષની લાગણીઓ વારસામાં ઉતારવાની અને અનંત સંસારની તૈયારી કરવાની! અહાહાહા!! મોહ શી તારી ક્રૂર કળા! જીવને એની પોતાની હોંશપૂર્વક માત્ર એકાદ કષાય પકડાવીને એના પર તું દીર્ઘ પરિભ્રમણ સર્જાવે છે.! ત્યારે હું પણ જાણવા છતાં એમજ ક્રોધને પકડનારો બન્યો! ગુરૂજીએ કેવું સરસ મને ભાન કરાવ્યું!"

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આવી કોઇ વિચારણા કરી, ગુસ્સાથી પાછા વળી ગયા. એમના હૃદયમાં હવે ઉપશમના પૂર વહેવા માંડયા! અને હૈયાના બળતા પશ્ચાતાપ તથા તત્ત્વપરિણતિમાંથી સમરાદિત્ય ચરિત્રનું આલેખન વહ્યું.

શ્રી સમરાદિત્ય કેવલી મહર્ષિની કથા આ કારણે જન્મી હો કે બીજા કારણે, પણ કથા ખુદ પોતાના સ્વરૂપે અપૂર્વ પ્રસંગોથી ભરેલી છે! એ જાણે કુદરતી રીતે વહી રહી છે, અને પત્થર જેવા નિર્દય આત્માને પણ હચમચાવી મૂકે એવી છે. આ ચરિત્રના ઉપરથી સંસ્કૃત કાવ્યમાં આ જ ચરિત્ર સમર્થ વિદ્વાન આચાર્ય શ્રીમત્ પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે લખ્યું છે, તેમ ગુજરાતી કાવ્યમાં રાસરૂપે પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજે પણ રચ્યું છે. પરન્તુ મૂળ પ્રાકૃત ભાષામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની જે શબ્દસંકલના છે, તે અજોડ છે; અતીવ ભાવવાહી છે, નૈસર્ગિક છે, વારંવાર વાંચવાનું મન થાય, અને એમાંથી નવો નવો અધ્યાત્મરસ મળે એવો આ મૂળ કથા ગ્રંથ છે.

આ અને બીજા અનેક શાસ્ત્રો રચીને આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અમર થઇ ગયા છે. બ્રાહ્મણ પુરોહિત

પણામાં ખુમારી અને પ્રતિજ્ઞા હતી. 'ન સમજાય તો સમજવા માટે જરૂર સામાના શિષ્ય થઈ જવું !' એ પ્રતિજ્ઞા એમણે પાળી; રાખેલી ખુમારીને તેમણે પચાવી જાણી !

**પચાવવું કઠીન છે !:-**

જગતમાં ખુમારી કરવી સહેલી છે, પણ પચાવવી મહાકઠીન છે. પચાવવું એટલે અજીર્ણ અને બિગાડો ન થવા દેવો તે. આ એકલું આમાં જ નહિ, બીજેય પણ છે. ખાવું સહેલું છે, પચાવવું કઠીન છે. બોલવું સહેલું છે, બોલેલું પચાવવું મુશ્કેલ છે. સાંભળવું સહેલું છે, સાંભળેલું પચાવવું કઠીન છે. અડકવું સહેલું છે અડકેલું પચાવવું કઠીન છે.! પૈસા કમાવવા સહેલા છે, કમાયેલા પૈસા પચાવવા કઠીન છે. ! માન લેવું સહેલું છે, મળેલું માન પચાવવું કઠીન છે ! ખુમારી કર્યા પછી પચાવતા ન આવડે તો નવું મેળવવાનું કાંઇ રહે નહિ, અને ખુમારીના વિકાસ રૂપે કર્મબંધન અને તેના વિપાકમાં સડી મરવાનું થાય.

શાંત ચિત્તે સાંભળો છો તો ખરા, પણ શબ્દેશબ્દ પર વિચાર કરજો. એક એક વાત દિવસોના દિવસો સુધી વિચાર માગે છે. ખાધુ પચ્યુ. એટલે અજીર્ણ ન થાય, વિકારો ન થાય, શરીર લાલ તાંબા જેવું થાય, તો જાણવું કે ખાધેલું પચ્યું છે. ખરી વાત એ છે કે પચાવવાની દરકાર નથી, તેથી સારૂં દેખ્યું કે ઝટ રાગનું, મોહનું કે કામનું અજીર્ણ થાય છે ! વિકારો જાગે છે. કોઈનું જરા ચઢીયાતું દેખ્યું કે ઝટ ઇર્ષ્યાનું અજીર્ણ થાય છે. વિકારી વિચારો થાય છે. ધારો કે કોઇને લાખની કમાણીનો તાર આવ્યો, અને એજ વખતે એના પાડોશીને દોઢ લાખ કમાયાનો તાર આવ્યો. પછી એને એમ થાય છે કે 'મારા કરતાં પાડોશી વધારે કેમ કમાઇ પડયો ? કાંતો એના પચાસ હજાર જાય, કાં મારે બે લાખ થાય !' આવેલા લાખ રૂપિયાએ

જીવન ન આપ્યું, પણ મોત આપ્યું! ત્યારે જેમ કોઈનું સારું જોઈ પચાવતાં નથી આવડતું, તેમ કોઇની ભૂલ જોઈ પચાવતા નથી આવડતી. પોતાની જાતનો ભારે ઘમંડ થાય છે. જાણે પોતાથી ભૂલ થઇ જ નહિ હોય એમ રોફથી પેલાને કહે ' આવી ભૂલ ? ભાન નથી ? ' ત્યારે પેલાને થાય કે કયા પાપે આવાના પનારે પડયા....આવી રીતે પરસ્પર વૈરની ગાંઠો બંધાય છે. ભૂલ પચાવતાં ન આવડે તેનાં આ પરિણામ આવે છે !

પચાવવું હોય તો છેવટે બીજું કાંઈ ન આવડે તો સામાની ભૂલ જોઇ ન જોઇ કરાય. અથવા વિચારાય કે, ભૂલ તો થાય, હું ય ઘણી ભૂલો કરતો હતો, હજીય કરું છું...આમ તો એ ભૂલ ન કરે પણ શું કરે, કર્મ બળવાન છે, એને કે મને ભૂલો કરાવનાર કર્મ છે, માટે કર્મને ઉખેડવાની વાત રાખવી જોઈએ.' આમ સામાની ભૂલ પચાવવી જોઇએ. એજ રીતે આપણી ભૂલ પચાવવાની પણ આવડત જોઈએ. ધારો કે આપણે જ અંધારામાં થાંભલે પટકાયા, તો થાંભલાને મૂક્કી ન મરાય ! ભૂલ કર્મને લીધે થઈ, તે કર્મને મૂક્કી મારવી જોઈએ. એટલે કે કર્મનો ભૂક્કો કરવા માટે ભૂલ દીઠ સજા રાખો ! દા. ત. અરિહંત ભગવાનને ખમાસમણા ઘો, કાયા એ માટે છે. એથી કર્મ ખપે છે. ખરી રીતે સમજે કે ખમાસમણા વગેરે ધર્મ કર્યાથી કર્મનાશનું મહાન કાર્ય થોડેથી અને ટૂંકે પતે છે ! નહિતર તો સંચિત કર્મોના ભાર કોણ જાણે કેવાય ફળ દેખાડે ! પરમાત્માને પાંચ-પચાસ ખમાસમણાં દેવાના તો કોડ હોવા જોઈએ. એવા કોડ ન થાય તો મંદિરે ગયા ખરા પણ આંટો-ધક્કો ગણાય. ત્રણ માઇલ ગિરિરાજ ચઢયા, ત્યાં ગણુત્રીના ત્રણ, છ કે નવ જ ખમાસમણાં દેવાના? આટલે ચઢીને આવ્યા પછી તો મહેનતનું ફળ લેવા સો ખમાસમણાં સહેજે દેવાઇ જાય ! જયાં ભવ્ય મૂર્તિ દેખી કે ઝુકી પડવાનું !

અંતરના ઉમળકા સાથે જે કાયાને પરમાત્માના ચરણોમાં નમાવતો નથી, તેનો કર્મ ભાર શી રીતે નમતું આપશે ? કર્મ તો તેના નમે કે જે પરમાત્માને નમે. કર્મ તેના દૂર જાય છે, કે જે પરમાત્માની વધુ નજીક જાય છે. કર્મ તેને હાથ જોડે છે, કે જે પરમાત્મા સિવાય બીજે હાથ જોડતો નથી. આમ પરમાત્માની ઉપાસનાથી અને પરમાત્માની અદ્દભુત ભકિતથી કર્મો તૂટશે, અજ્ઞાન ટળશે. ભૂલની પાછળ આવી કોઇ ધાર્મિક કાયાનાકષ્ટની કે ત્યાગ-તપની સજા રખાય, તો ભૂલ પચાવતાં આવડી. એટલે કે કર્મને મિટાવી આગળ વધતાં આવડયું ગણાય. સાધુનું ખૂન કરવા સુધી પહોંચી જનારા પણ ખર્મ ખપાવી મોક્ષ પામ્યા છે ને ? તે શાથી ? ભૂલની પાછળ સંસારત્યાગની સજા સ્વીકારવાથી. ત્યારે એમ નથી લાગતું કે આપણે સાવ મૂર્ખ છીએ ? જગતને સુધારતાં આવડે છે એવું આત્માની ભૂલો સુધારવા માટે, ભૂલોમાંથી બહાર નીકળી આગળ પ્રગતિ સાધવા માટે આવી સજાના, બદલાના કે વળતરના કોઇ લેખાં-હિસાબ નથી આવડતા ! કઇ દશા ! સંસારના હિસાબ લેખાંમાં પાવરધા છો પણ કર્મના હિસાબ લેખામાં સરાસર અજ્ઞાન છે !

અને ખાધું પચાવવું એટલે, દા. ત. જરા વધારે ખાધું કે સારૂં ખવાયું હોય તે રાત્રે કાયાને અડધો કલાક કાઉસ્સગ્ગમાં રોકવાની, અથવા કાયાથી એવો બીજો કોઈ ધર્મ સાધવાનું વિચારવાનું. 'રસનો ત્યાગ કરી શકતો નથી, સારી રીતે પેટમાં પધરાવ્યું છે, ત્યારે હવે એનો બદલો ન લઉં, એ કેમ બને ?' એમ મનને થવું જોઇએ. એ માટે સારો માર્ગ તો બીજે દિવસે ઉપવાસ કે આયંબિલ કરવાનો છે. પણ એ જો ન બને તો ૫-૫૦-૧૦૦ ખમાસમણાં કે ૫-૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ તો કરાયને ?' એક જુઠું બોલાઇ ગયું તો દંડ રૂપે શું પ્રભુની એક—બને બદલે ૧૦-૧૫ સ્તુતિ ન બોલાય ? એનો

અર્થ એ નહિ કે 'મન થાય ત્યારે જુઠું બોલવું અને પછી પ્રભુની પાંચ પચાસ સ્તુતિ બોલી નાખવી !'. તાત્પર્ય એ છે કે પાપ થયા પછી પણ ધર્મને યાદ ન કરાય તો ધર્મી અને અધર્મીમાં ફેર શાનો ? જગત પાપ કરી ધર્મને યાદ નથી કરતું, પણ ધર્મી જગત તો રોજ પાપને ધોવાની પ્રવૃત્તિ કરે છે. એનું નથી ચાલતું એટલે પાપ કરે તો છે, પણ પાપને ધુએ છે. તવંગરનો તથા ગરીબનો દીકરો, બન્નેય રમે છે તો ધૂળમાં, પણ ગરીબના દીકરાના કપડાં અઠવાડિયેય ધોવાતાં નથી, અને મેલા દાટ રહે છે; જ્યારે તવંગરના દીકરાને સવારસાંજ રોજ બે વાર કપડાં બદલવા મળે છે. તેમ આત્મારૂપી કપડું વિષય અને કષાયરૂપી ધૂળમાં મેલું થાય છે; તે પાપનો મેલ સવાર સાંજ ધોવો જોઈએ. બે વખત પ્રતિક્રમણ (પાપથી પાછા વળવાનું) એ પાપ ધોવાની ક્રિયા છે. તમે બધા બે વખત પડિક્કમણું કરો છો ને ? વેઠીયા વેઠથી નહિ, પણ પશ્ચાતાપની ભાવનાથી ઓતપ્રોત થઈને કરો છો ને ? જૈન શાસનમાં જન્મ્યા એટલે તો તમે પેલા શ્રેષ્ઠિ પુત્ર જેવા થયા. તેથી તમને રોજ બેવાર મેલ ધોવાનું મળે, નિર્મળ થવાનું મળે. પણ નિર્મળ થવું હોય તો આ ભાગ્યની કદર કરો.

ખુમારી પચાવવાની વાત ચાલી રહી છે. પણ અનેક બાબતોમાં પચાવવાનું સમજવા જેવું છે.

• વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણે એક ડગલું પાછું ન ભર્યું, કપડાં ફગાવી દઈને સાધુપણું લીધું ! કેમ ? એક ગાથાનો અર્થ જાણવા ! આપણે લેવાનું હોય તો શાના માટે લેવાનું ? "મોક્ષ માટે !" કેવું સુંદર અને સર્વશ્રેષ્ઠ ધ્યેય ! છતાં એ માટે ય ચારિત્ર કેમ નથી લેવાતું ?

પ્રતિજ્ઞા એટલે પ્રાણ:-હરિભદ્ર પુરોહિતના આત્મામાં શું વસ્તુ હશે ? મારી પ્રતિજ્ઞા ! હું માનવ ! માનવીએ પ્રતિજ્ઞા પાળવી જ જોઈએ. એ સદ્‌ગતિનો જ માર્ગ છે. એમાં માર્ગાનુસારિતા છે. એ માટે

ઋદ્ધિવૈભવનો ભંગ થાય તો પરવા નહિ, પણ આવી આત્માની પુણ્ય પ્રતિજ્ઞાનો ભંગ ન થવો જોઈએ.' એ માટે ચારિત્રનું ગ્રહણ કર્યું. ચારિત્ર લઈ એવું ભણ્યા કે મહાન આચાર્ય બન્યા! જૈનશાસનની અજોડ વિશિષ્ટતા જાણ્યા પછી ખુલ્લંખુલ્લા એમણે જાહેર કર્યું "આ જિનાગમ! જગતમાં ક્યાંય જોવા ન મળે એવાં શાસ્ત્ર! એવું જ્ઞાન, મારી ચૌદવિદ્યા તો આની પાસે કુછ નહિ! પૂર્વોનું જ્ઞાન જો કે નષ્ટ થયું છે, છતાં ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ! જે આગમો મોજુદ છે, તેનાય આગમો જોઈને પોતે પોકાર કરે છે,-

**જૈન શાસનની વિશિષ્ટતા જે જિનાગમ, એ શું છે?:-**

અહો! જગત પર જો જિનાગમ ન હોત તો અનાથ એવા અમારૂં શું થાત? અમે જિનાગમથીજ સનાથ છીએ. આ યુગ કેવો? કેવળી હયાત નહિ, મનઃપર્યવજ્ઞાની નહિ, અવધિજ્ઞાની નહિ. આમાં જો આ જિનાગમ ન હોત તો અનાથ-રાંક એવા અમારૂં શું થાત? ' પ્રાણથી પણ કિંમતી અને પ્રિય ચીજ! અપૂર્વ નિધાન! ભવોભવ અજવાળનારી ઉમદા ચીજ! એજ અનંતકલ્યાણનું સાધન! માટે એજ ઉપાસ્ય અને આરાધ્ય! રાત દિવસ એજ સ્મરણીય અને ચિન્તનીય! જીવનમાં એ જ ભાવવા યોગ્ય! આત્માને એથી જ ભાવિત કરવા યોગ્ય! અને આવી અપૂર્વ વસ્તુ એમ મળે પણ શી રીતે? ત્યારે અહીં જો જગતને આરાધ્યા કરીએ તો ફરી કોણ જાણે ક્યારેય જિનાગમ મળે? જગતમાં બધું મળવું સહેલું છે, અને તે પાછું વારેવારેય મળી શકે છે; કિંતુ જિનાગમ વારેવારે તો શું, પણ એકાદવાર પણ મળવું મહામુશ્કેલ છે. આવા આ જિનાગમમાં અપૂર્વ સુખ અને અચિંત્ય ઉન્નતિ મેળવવા માટે શું શું નથી? કહો કે સુખ અને ઉન્નતિના સાચા રસ્તા જિનાગમે બતાવેલા છે. અહો! ખરેખર, જિનાગમ એ દીવો છે. જેમ અંધારી ગુફામાં ગમે તેવા રત્નોના

ઢગનાઢગ હોય પણ દીવા વગર એ શી રીતે દેખાય ? અને જો દેખવામાં ન આવે તો શી રીતે એની પાસે જઈ એને ગ્રહણુ કરી શકાય ? તેમ આ અંધકારભર્યા જગતમાં કે અંધકારભર્યા આત્મામાં ગમે તેવા રત્નો હોય, પણુ જિનાગમના દીવા વિના એ શી રીતે મેળવાય ? મોક્ષ છે, મોક્ષના ઉપાય છે, પરંતુ એ બધાનું સાચું ભાન કરાવનાર તો જિનાગમ જ છે. જિનાગમની ચક્ષુથી સાચું દર્શન કરી કરીને કેઇ આત્માઓ અલ્પકાળમાં આત્માનો મહાન કલ્યાણુ સાધી ગયા છે ! ભવના ભ્રમણુને ફોડી નાખ્યું છે ! અસંખ્યાસંખ્ય કાળના ભેગા થયેલા કર્મબંધનોને અતિ અલ્પકાળમાં જિનાગમના પ્રભાવે તોડી નાખ્યા છે !

**વર્તમાન વિષમકાળે તરવાના સાધન બેઃ**-એક જિનબિંબ અને બીજું જિનાગમ. એમાંય જિનાગમ એ જિનબિંબની જો ઓળખાણુ અને ઉપાસનાનો પ્રકાર બતાવે છે, તો જિનબિંબની ઉચ્ચ ઉપાસના કરી શકાય છે, તેથી જિનાગમની તો બલિહારી છે ! માણુસને ઘણુોય ધર્મ કરવો હોય, એ માટે કષ્ટ ઉપાડવાની તૈયારી પણુ હોય, ઉપાસનાનો અનુકૂળ સંયોગ પણુ હોય, પરંતુ જિનાગમ ન મળે તો એ શું સાધી શકે ? સાચેજ જિનાગમ જીવન સાર્થક કરવાનો એક સચોટ ઉપાય છે. આત્માએ ઠેઠ નિગોદમાંથી નીકળી આટલે ઉંચે સુધી ચઢવાની જે અપૂર્વ સુંદર સ્થિતિ પ્રાપ્ત કરી. અને મહાસદ્‌ભાગ્ય મેળવ્યું, એ સાર્થક તોજ થાય કે જો જિનાગમનું શરણુ લેવાય. મળેલી સંપત્તિને સાચી સાર્થક કરાવી આપનાર જિનાગમ છે. કેમકે સાચાં દાન અને ત્યાગને જિનાગમેજ બતાવ્યાં છે. તેમ આત્માની બીજી કાયાશક્તિ, વાણીશક્તિ, વિચારશક્તિ, વગેરેને ઉચ્ચ સંયમમાર્ગે વાળી ઉંચી સફળતા કરાવી આપનાર જિનાગમ છે. ખરેખર ! આવા જિનાગમના શરણુ વિના હું મહા અનાથ રહેત, અને તેથી મદ-અજ્ઞાનમાં સબડી; આ ભયંકર ભવાટવીમાં ભટકી ભટકી રવડી મરત."

શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજે તો જૈન શાસ્ત્રો પર શાસ્ત્રો લખ્યાં, વિચાર્યું કે "કાળ પડતો આવે છે, મૌખિક શાસ્ત્રો ભૂલાશે, ટાંચેલું વંચાશે." એમણે ચૌદશો ચુંવાલીસ શાસ્ત્રો લખ્યાં. કેટલા? ૧૪૪૪. તે માત્ર વાંચ્યા નહિ પણ સ્વયં રચ્યાં! કહો તો ખરા, કે તમે લખવાના તો નહિ, પણ એમાંથી વાંચવાનાય કેટલા?

**જૈનધર્મનો ડંકો બજતો હતો:–** વાંચો વાંચો, થોડાક પણ એમના શાસ્ત્રો વાંચો, ખૂબ વાંચો, વિચારો; જિનાગમ શું છે, એનો ખ્યાલ આવશે, કદર થશે, સત્પુરુષાર્થ ઉલસશે. એમના ભાણેજો જિનાગમ જાણ્યા પછી શાસનસેવાની ધગશમાં બૌદ્ધના માયારૂપી ખપ્પરમાં જાન હોમ્યા. કેમકે બૌદ્ધો એમને ઓળખી ગયા, અને ગભરાઇ ગયા. એ કાળે જૈનધર્મનો એવો ડંકો વાગતો હતો. એમાં "વળી જો આ અમારૂ રહસ્ય લઇને જાય, તો પછી જિનાગમની સહાયથી અમારા ડ્યા કાઢી નાખે," એમ બૌદ્ધોને લાગ્યું,

**માનવજીવનની વિશિષ્ટતા શાસનસેવામાં છે:–** માટે એ આ જૈનોને મારવા ઉઠયા. તો પ્રશ્ન થાય કે આવા સ્થાનમાં એ ગયા કેમ? એટલા જ માટે કે શાસનસેવાની ધગશ છે, કોડ છે, તમન્ના છે. મહાપુણ્યપ્રતાપે આવી કાયા મળી, બુદ્ધિ મળી, છતાં જો શાસનસેવા વિના મરાય, તો તુચ્છ પશુભવ કરતાં માનવભવની શી શાબાશી? ભયંકર વિપ્લવ જગાડનાર લક્ષ્મી પાછળ કે મળમૂત્રના ગાડવા તૂલ્ય એક સ્ત્રી પાછળ તો પશુ પણ ભટકે છે! કૂતરો કૂતરી પાછળ, ગધેડો ગધેડી પાછળ! માનવજીવનની વિશિષ્ટતા શાસનસેવા કરી લેવામાં છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સમરાદિત્યના ભવોમાં તાદશ ચિતાર જોયો. "વિરાટ કાળમાં ક્ષણવાર ગુસ્સો કે ગર્વ કરી લેવામાં શી વિશેષતા? કાંઈ જ નહિ, ઉલટી દીર્ઘકાળ સુધી વિકરાળ કર્મપરવશતા!" તેઓશ્રીએ પછી આ

'સમરાઈચ્ચ કહા' લખી. એમાં એમણે લખ્યું કે ભવ્યજીવોને આનંદ સંવેગ આપનારી આ કથા છે. પરમવૈરાગ્ય પેદા કરનારી આ કથા છે, ભવોભવના કામ અને કષાયને ઉપશમાવનારી આ કથા છે. જે ભાગ્યવંત આ કથા સાંભળશે તે અપૂર્વ કર્મ નિર્જરા કરશે! અપૂર્વ ગુણોની પ્રાપ્તિ કરશે!

અથવા સંવેગ-વૈરાગ્ય પામી [illegible] અધ્યવસાયોને નિર્મળ કરતા રહી

# પ્રકરણ : ૨

## મંગલ અને ચાર ચીજો

આચાર્યશ્રી કથાનો પ્રારંભ કરતાં પરમાત્મા શ્રી ઋષભદેવને, શ્રી મહાવીરદેવ તથા વચલા બાવીશ તીર્થંકરોને નમસ્કાર કરે છે. મંગલ પછી કથાને જિનાદેશ સાથેનો સંબંધ સૂચવે છે.

**અધિક મંગલઃ–** ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના નવ ભવનું અપૂર્વ ચરિત્ર આલેખતાં શાસ્ત્રકાર મહર્ષિએ ચોવીસ તીર્થંકરદેવને નમસ્કાર કર્યા. પછી સુરપુષ્પવૃષ્ટિને મંગળદાતા તરીકે કહે છે. તે આ રીતેઃ– ભગવાનને કેવળજ્ઞાન થયું, દેવોએ સમવસરણ રચ્યું, ભગવાન ચતુર્મુખ બિરાજમાન થયા, ગણધર-ભગવાનોને દીક્ષા આપી, ગણધર મહર્ષિઓએ ત્યાંજ દ્વાદશાંગીની રચના કરી, પ્રભુએ એ રચના પર પોતાની સહી-મહોર છાપ મારી અર્થાત્ અનુજ્ઞા આપી; અને ધર્મતીર્થની પ્રવર્તના કરી. એ તીર્થ પ્રવર્તનાના સમયે દેવો જે કુસુમવૃષ્ટિ કરે છે, તે તમારૂં મંગલ કરો, એમ ગ્રંથકાર આશિર્વાદ આપે છે. કેવો એ અદ્‌ભૂત કાલ ! કે જયારે પ્રભુની હયાતીમાં શાસનની અદ્‌ભૂત જયોતિ ઝલકતી હોય, ગણધરો સ્થપાય, વિશાળ પરિવાર સાથે પ્રભુ વિચરતા

હોય ! સમવસરણ મંડાતા હોય ! ધર્મ દેશનાના ધોધ વહેતા હોય ! ધર્મ પ્રેરણાના મેઘ વરસતા હોય ! રાજા-મહારાજાઓ, શેઠ-શાહુકારો પ્રભુના ચરણે સમર્પિત થતા હોય ! ધમધોકાર ધર્મના વેપાર ચાલતા હોય ! વાહ ! કેવો અદ્‌ભૂતકાળ ! શાસ્ત્રકાર કહે છે કે ભગવાનના મુખની વાણી એ અદ્‌ભુત સુખનું સાધન ! કુસુમવૃષ્ટિ એ સુંદર મંગલ ! વાણી કેવી ? સુરાસુરોના, ગણધરોના, વિદ્યાસિદ્ધ માનવોના સમૂહ વડે બહુમાનપૂર્વક નમસ્કાર કરાયેલી. કવિ કહે છે કે 'એ તમને સુખ આપો.' આ રીતે શુભકાર્યના આરંભે મંગલ કર્યું. મંગલ કરીને હવે કથાનું અનુસંધાન કરતાં કહે છે કે,

**જીવનમાં ઉતારવા જેવી ચાર વસ્તુ:**- ચાર વસ્તુ જીવનમાં ઉતારવા જેવી છે. એ ચાર વસ્તુ જો જીવનમાં ઉતારવામાં આવે તો જીવનના કલેશનો નાશ થઈ જાય; સર્વકલેશનો નાશ થઈ મુક્તિ મળે. મુક્તિ જેને જોઈએ તેણે આ ચાર વસ્તુ જીવનનાં જરૂર ઉતારવી જોઈએ, કઇ ચાર વસ્તુ ?

(૧) શ્રવણ કરવા લાયકનું જ શ્રવણ કરવું, તેજ સાંભળવું.

(૨) પ્રશંસા કરવા લાયક હોય તેની જ પ્રશંસા કરવી, તેનાજ ગુણ ગાવા.

(૩) તજવા જેવું હોય એને તજવાની જ વાત રાખવી. તે છોડી જ દેવું.

(૪) આચરવા લાયક હોય તેનો ખપ કરવાની જ વાત; તેજ આચરવું. અર્થાત્ સાંભળવા લાયક સાંભળવું, વખાણવા લાયક વખાણવું, તજવા લાયક તજવું અને આદરવા લાયક આદરવું. આ ચાર વાત કહી.

**સાંભળવા લાયક શું ?**:—પ્રશ્ન થશે:-સાંભળવું શું ? સાંભળવા લાયક શું ?

ઉત્તર:-શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવના વચન જ સાંભળવા લાયક છે. તેનું કારણ એ છે કે (૧) મનુષ્યનાં દેવનાં અને મોક્ષનાં સુખ પેદા કરનારાં તે છે. વળી (૨) તે સદ્દભૂત અર્થવાળા છે, અને (૩) જગતમાં પ્રતિષ્ઠિત યશવાળા છે. અહીં ત્રણ વાત કહી:-(૧) જગતમાં પણ સુખ મળે તે સર્વજ્ઞ ભગવાનના વચનને અનુસરવાથીજ. એમ કહો કે સર્વજ્ઞના વચનના પાલનથી સુખજ મળે (૨) બીજું, એ વચનોનો અર્થ સારભૂત છે, બાકી બધું અસાર છે. માનવજીવનમાંથી સારભૂત અર્થ કમાઈ જવા હોય તો સર્વજ્ઞ વચન જ પકડો. (૩) ત્રીજી વાત, એ વચનો સિદ્ધ યશવાળા છે; તેથી એ વચનના ગ્રાહક પણ યશસ્વી બને છે.

આપણને હાથમાં આ એક ત્રાજવું પકડાવ્યું. હવે એ હાથમાં રાખીને જોખી જુઓ. જે વચન સંભળાય તેને એક પલ્લામાં મૂકતાં જો એ સર્વજ્ઞવચનને અનુકૂળ હોય તો સાંભળવું, નહિ તો નહિ. ઘેર જાઓ છો. ઘરવાળા તમને કહે ' તમે બહુ ગમો છો.' તો ત્યાં જોવું કે એ સર્વજ્ઞના વચનમાં આવે છે ? ત્યારે પૂછો, ' અમે શા માટે ગમીએ છીએ ? ' ઘરવાળા કહેશે ' અમારી તમે બહુ કાળજી રાખો છો, સારી સગવડ સાચવો છો, જરાય કમીના આવવા દેતા નથી. જે ચીજ જોઈએ તે હાજર કરો છો, પછી કેમ ન ગમો ? ' હવે આમાં જોવાનું છે કે ત્રાજવામાં સામે એવું સર્વજ્ઞ-વચન છે કે ' પોતાના દુન્યવી સ્વાર્થ ખાતર સ્નેહ કરનાર એ આપ્ત નથી વિશ્વસનીય નથી, એનો સ્નેહ તકલાદી છે, પોકળ છે, ઠગારો છે.' તો હવે સ્નેહીનું જે વચન-' અમને તમે બહુ ગમો છો; ' એ સર્વજ્ઞના લેવલમાં ન ઉતર્યું; માટે રસથી અને વિશ્વાસથી સાંભળવા યોગ્ય નહિ. ત્યારે સામા સંભળાવે તો છે. તો એમને આસ્તેથી કહેવું કે "ઠીક છે....પણ એમાં બહુ રાજી થવાનું નથી. સમજી લેજો કે ગમવાનું ત્યાંસુધી, જ્યાંસુધી ખબર રખાય છે. અમારી પણ

એજ સ્થિતિ છે. તમે અમને સગવડને બદલે અગવડમાં મૂકો, તો રાગને બદલે અરુચિ થતા વાર નહિ. વાંધો પડે એટલે આકરો લાગે.”

વળી જગતમાં જોવામાં આવે છે કે કેટલીયવાર વધારે અંટસ જેટલી પોતાના માનેલામાં ઉભી થાય છે; તેટલી પરાયામાં નહિ ! પોતાના તરીકે ગણ્ડુ માનેલા જે હોય, તેજ અવસર આવે એક ક્ષણમાં વિરોધી થઈ બેસે છે. ! મહાન શાસનજ્યોતિ અને સમર્થવિદ્વાન પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ એક સ્તવનમાં કહે છે કેઃ—

“જિનકો અપના માનીયા, તીન દીના હો છિનમેં અતિ છેહ;
પરજનકેરી પ્રીતડી, મેં જાણી હો અંતે નિઃસનેહ
અનંત જિણંદશું પ્રીતડી.”

“ હે પ્રભુ ! જેમને મેં મારા માન્યા, તેમણે મને ક્ષણમાં મોટો છેહ દીધો છે. પરની પ્રીતિ અંતે સ્નેહભંગમાં પરિણમે છે, એ મેં બરાબર જાણ્યું.” કવિનું આ વચન ગંભીર છે. આંખ સામે દેખાય છે કે, પોતાના માનેલા કાકા-મામા, ફઇ-ફુઆ, પતિપત્ની, પિતા–પુત્ર પર ગાઢ સંબંધ હોય છે, તો ત્યાં અવસરે રાગમાંથી દ્વેષ થતાં વાર નહિ. ! પછી એ એવો છેહ દે કે સામુંય જુએ નહિ. ! એથી આગળ જુઓ કે જે રાગ, રતિ, વિશ્વાસ વગેરેને આપણા પોતાના ખાસ તરીકે હૃદયમાં ખૂબ મહલાવ્યા, તેણેજ ક્ષણમાં ભયંકર દગો દીધો. અર્થાત્ જેમના પર રાગ, હર્ષ અને વિશ્વાસ કર્યા હતા, ત્યાંજ વાંધો ઉભો થવાથી એ રાગે, અને એ વિશ્વાસે જ દ્રોહ કર્યો; અર્થાત્ અમને રોવરાવ્યા. આગળ જુઓ—

“ મેરા કોઇ ન જગતમેં, તુમ છોરી હો જિનવર જગદીશ.
પ્રીત કરૂં અબ કોનશું તુ ત્રાતા હો મોહે વીસવાવીશ !
અનંત જિણંદશું પ્રીતડી. ”

કવિએ રુદન કર્યું છે કે, ' હે નાથ ! જગતમાં તમારા વિના મારું કોઈ નથી, હવે પ્રીત કોની સાથે કરવી ? હવે તો તું જ મારે વીસે વસા રક્ષક છે. શરણુ છે, પ્રિય છે. " આ ઇકરાર તદ્દન સાચો છે. માણુસ લગ્ન કરીને પાછળથી આવેશમાં આવી, સહજ ક્રોધે કપાળ ફૂટે છે. પણુ પહેલાં તો લગ્ન કરીને ઘેલો થઇ અભિમાન-માયા-લોભ કરે છે, ત્યાં કામવાસનાના જોરમાં ખબર નથી કે સાકરને બદલે મીઠું લેવાય છે ! ડબા પર લેબલ સાકરનું છે; પણુ છે ડબામાં મીઠું. પછી તે નાખ્યું દૂધમાં ! પરિણુામ પામતાં જ એ દૂધના ફોદા કરે, એમાં શી નવાઈ ? એમ આ જગતના સ્નેહીઓ "પર સાચા વિશ્વાસુ સ્નેહીઓ " તરીકેના ખોટા લેબલ લાગેલા છે. અંદરમાં મોહ છે, સ્વાર્થાંધતા છે, એને ઉંચકીને આપણા હૃદયરૂપી દૂધમાં નાંખીએ તો પરીણુામે ફોદા થવાનું જ ને ? આ જીવ ઘેલો છે, એને પોતાનું કોણુ છે એનીય ખબર નથી. હવે તમારા ઘરવાળા ' તમે બહુ ગમો છો, ' એના કારણુમાં જો એમ કહે કે, " તમે અમને ધર્મમાં આગળ વધારો છો, પ્રેરણા આપી આપીને ધર્મ કરાવો છો. અમારા પરભવની, દીર્ઘ ભવિષ્યકાળની કાળજી રાખો છો, અમે તો અજ્ઞાન હતાં, પણુ તમારા સંબંધમાં આવ્યા ત્યારે તમે અમને બ્રહ્મચારી બનાવી દીધા ! અમને કોડ હતા કે મનમાન્યાં ખાનપાંન, અવલ રસવતી જાતે કરશું, ! પણ એ કોડને બદલે તમે અમને આંબેલ કરતા કરી દીધા. વિગયના ત્યાગી બનાવ્યા ! " તો આ વચન ત્રાજવામાં મૂકતાં સામે સર્વજ્ઞના વચનને અનુસરતું ગણાય, માટે સંભળાય તો વાંધો નહિ.

**બીજી વાત, પ્રશંસાકોની કરવી ?** :–ત્યારે વખાણુ કરવા લાયકમાં એજ સર્વજ્ઞ ભગવાનના વચનો અને એજ વચનોએ ભાખેલા સમ્યગદર્શન અને ચારિત્ર આવે. એના ખૂબખૂબ ગુણુ ગાવાના, અને એની પ્રશંસા કરવાની. પ્રભુભક્તિ, સામાયિક,

દાન, શીલ, તપ, ભાવ કે જે સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રમાં આવી જાય છે, એટલે એ પ્રશંસનીય છે. માત્ર એ દાનાદિ સર્વજ્ઞ વચને કહ્યા મુજબ જોઇએ. અહિંસા સત્ય વગેરે પણ સર્વજ્ઞે ભાખ્યા મુજબના હોવા જોઈએ, તો એનાં વખાણ કરવાના; તે સિવાયનાનાં નહિ. ઘરના માણસ પૂછે કે 'રસોઈ કેવી?' તેમાં દેખાય છે એવું, કે એમની રસોઈની અને એમની બહુ પ્રશંસા એ ચાહે છે, તો શું કરવું? પ્રશંસા કરવા યોગ્ય તો જિનવચન છે. તો કહેવું 'તમારી કાળજી સારી' એમ કહી પછી આગળ વધવું. વિરાગી બોલવામાં ઘેલો કે ઉતાવળીયો ન હોય. એકદમ જો કહી દે કે "રહેવા દોને'...વગેરે, તો સામેથી કહે 'ત્યારે, સારૂં ખાઓ છો શું કામ? આ અમે મહેનત અને કાળજી શું નકામી કરીએ છીએ?...' વગેરે કહેતાં ઓશીયાળા એવા કરે કે બીજુ કાંઈક તુત જગાડી મૂકે! માટે એમ નહિ, પણ 'તમારી કાળજી સારી.' એમ કહીને આગળ વધે, "પણ જુઓને આ તો રોજની વસ્તુ છે. એમાં કાંઈ આપણો નિસ્તાર નથી. કેમકે એ ષટ્કાય જીવનું સંહારખાનું છે, અને કાયાની માયા મૂકાતી નથી, એટલે આ વેઠ ચાલે છે, વળી કાયાની ભૂખ પણ કેવી! કદીય ભૂખ મટતી નથી, જાણે દુકાળમાંથી આવ્યા! રોજના ત્રણ ટંક ગણો તો કેટલા ટંક આ જીવનમાં જ ખાધું? ભૂખ મટી? ભૂખ ન મટાડે તેમ વેઠનો અંત ન આવે એવી જગતની ચીજોના ગુણ શા ગાવા? ભગવાને છ પ્રકારનો બાહ્ય તપ બતાવ્યો છે. વખાણ એના થાય. આ ઉત્તમ ભવ અને શાસન પામીને જાગ્રત રહેવા જેવું છે! અને એ જાગ્રતિથી પ્રશંસા કોની કરવી એનો વિવેક જાળવીએ તો બહુ બચી જઇએ."

**ત્રીજી વાત, તજવું શું?**:—તજવા જેવું તજવું જોઇએ. તજવા જેવું છે દુર્ગતિના કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. (યોગ એટલે મન-વચન-કાયાની દોડધામ) એની સાથે સાથે

લોક વિરૂદ્ધ કાર્યો તજવા જેવા છે. જેમ જેમ એ તજાય, તેમ તેમ સુખશાંતિનો અનુભવ થાય. સારામાં સારૂં ભોજન આવે, તે બહુ તો પા-અડધો-પોણો કલાક ચાવી ચાવીને ખવાય; ભાણાપર છ કલાક કાંઇ બેસી ન રહેવાય. તો કહો એનું સુખ કેટલું ? પણ રસપૂર્વક જે ખાય છે, એના સમયે સમયે થતા કારમા કર્મબંધનના પરિણામ ત્યાંજ જો જ્ઞાની બતાવે, તો એ વિપાક સાંભળતાં કંપારી છૂટે ! ત્રાસ થાય ! માટે એ રસ અને એ લોભકષાય તૂટે તેવું જ થવું જોઈએ. તેમજ અન્યકષાયો પણ ત્યજવા પુરુષાર્થ કરવો જોઈએ.

**દુનિયાને જીતાડીને મોહને હરાવવાનું મળે, એ ધન્યઘડીઃ-** કોઇએ ગુસ્સો કર્યો પણ આપણે ગમ ખાધી, અને સામો જીત્યો, એમ કરવામાં પણ જો પોતાનો ક્રોધ દબાય છે, પોતાનો મોહ ટળે છે, તો એના જેવો ધન્ય અવસર બીજો કયો ? આત્માને એમ થવું જોઇએ કે દુનિયાને જીતાડીને મોહને હરાવતો હોય એવો મારો સોનાનો સુરજ કયારે ઉગે ! મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અશુભ-પાપ-યોગથી જો બચ્યા, તો જાણો કે કર્મ પોતે મર્યા; નહિતર કર્મ વારંવાર આપણને મારશે. આ એક એક વસ્તુ એવી છે કે સૂક્ષ્મબુદ્ધિ વિના નહિ સમજાય, નહિ જચે. માનવજીવનમાં જો એ મિથ્યાત્વાદિ ત્યજાઈ જાય તો કુવાસનાનો અંત આવે અને ભાવી ઉજ્જ્વળ બની જાય.

**ચોથી વાત, આદરવું શું ?** :-જગતના કાર્યો મૂકી, સમ્યગ્દર્શન, સમ્યગજ્ઞાન, અને સમ્યક્ચારિત્રમાં આત્માને જોડવો જરૂરી છે. એનાથી દુર્ગતિનું દ્વાર બંધ થાય છે અને જીવનની નિશ્ચિતપણે સફળતા થાય છે. આત્માનો મહાન ઉદય થાય છે. સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્રનાં કર્તવ્ય માટે જ આ માનવનો અવતાર છે. બીજું-ત્રીજું કરવા માટેના ભવ તો બીજા અનેક છે પણ માનવભવની વિશિષ્ટતા આ વિશિષ્ટ કાર્યોનો આદર કરવામાં સમાયેલી છે.

જો સુખ જોઈએ છે, અને દુઃખ નથી જોઈતું તો આ ચાર વિના ન જ ચાલે. તેમાં સાથોસાથ આ ચારની વિરુદ્ધ વસ્તુ જીવનમાં હોય તે પણ ન ચાલે. જીવનમાં તે જ્યાં સુધી હોય, ત્યાં સુધી જીવને ચેન ન પડવું જોઈએ, અકળામણ થવી જોઈએ. તમને અવિરતિ-કષાય વગેરેમાં અકળામણ થાય છે ને? છતાં કોના વિશ્વાસે બેઠા છો? શ્રી સર્વજ્ઞનાં વચન મળે તો આનંદ થાય. કુવચન મળે તો અકળામણ થાય. દર્શન, જ્ઞાન, ચારિત્ર મળે તો આનંદ થાય. એને બદલે સંસારમાં સમય વેડફી નાખવો પડે તો કપાળ કૂટાય; 'હાય! અમૃતના વહેણને કાં ગટરમાં હોમી રહ્યો છું.' એમ થાય.

જો મિથ્યાત્વ, કષાય, અવિરતિ આદિમાં જવું પડે, તો ત્યાં કાળજે આઘાત લાગે છે? લાગે તો પછી જયારે રત્નત્રયીમાં પેસવાનું થાય, ત્યારે આનંદ આનંદ થાય. મોહનું પાત્ર ગમે તેવું રૂપાળું હોય તોય એને આદરવા પ્રશંસવા જેવું ન લાગે. તેથી પ્રભાતે પરમાત્માનું મુખ જોયું, ત્યાં એમ થાય કે, 'અહો! આ કેવું મુખ! કયાં પેલું નરકનો દરવાજો ખોલનારૂં મુખ, અને કયાં આ સ્વર્ગ-મોક્ષનો દરવાજો ખોલનારૂં મુખ!' વિવેક હોય તો આ વાત બને!

ચાર વસ્તુ કહી, તેમાં આ ચરિત્રગ્રંથનો સમાવેશ પ્રથમ વસ્તુ "સાંભળવા જેવું સાંભળવું," એમાં થાય છે. સર્વજ્ઞનાં વચનોથી સંકળાયેલ ઉત્તમ ચરિત્રવાળી આ કથા છે. અર્થાત્ આ કથા સર્વજ્ઞનાં વચનોથી ઓતપ્રોત છે, મહાન ગંભીર અર્થવાળી છે, ભવ્ય જીવોને રસ આવે એવી છે, ગમી જાય એવી છે. અભવી કે દુર્ભવી જીવોને આમાં આનંદ ન આવે.

**ચરિત્રગ્રંથની સુંદરતાઃ**—આ ચરિત્ર અદ્‌ભુત છે. મહાન વ્યાખ્યાતા સિદ્ધર્ષિ ગણિ મહારાજ આ ચરિત્રને સદ્દષ્ટાન્તોની

ખાણુ કહે છે. અવસરે અવસરે એટલા અપૂર્વ પ્રસંગો અને વૈરાગ્ય પમાડનારા અવાંતર કથાનકો આમાં મૂકવામાં આવ્યાં છે, કે જે વાંચતા—સાંભળતાં હૈયું હચમચી ઉઠે! જુદા જુદા હોદ્દા કે સ્થાન પર રહેલાઓએ અવસરોચિત શી રીતે બોલવું, શું વિચારવું, તે તથા વિકટ પ્રસંગોમાં પણ કેવી ઉમદા વિચારસરણી રાખવી, કેવી પ્રગતિ સાધવી ઈત્યાદિનું આમાં સારૂં શિક્ષણ મળે છે. દરિદ્રતા, અપમાન, દ્રોહ, વિરહ વગેરેના દુખિયારાને આ ચરિત્ર સુંદર આશ્વાસન આપે છે. ગ્રંથકારની ભાષા ઘણી જ મધુર, નૈસર્ગિક અને કાવ્યમય છે. આત્માનો વિકાસ કેટકેટલો ઉંચો ખીલવી શકાય, એનું સુંદર સ્વરૂપદર્શન આમાં મળે છે. તેમ જ આત્મવિકાસની પરવા ન રાખે તો કેટલા નીચા ઘસડાવું પડે, એ પણ જોવાનું આમાં મળે છે.

## પ્રકરણ : ૩

# કથા અને માનવ પ્રકૃતિ

હવે આગળ સામાન્ય રીતે કથા કેટલા પ્રકારની હોય છે, એના શ્રોતા કેવા હોય છે, એ બધું બતાવે છે. ગ્રંથકાર કહે છે કે, 'કથાની વસ્તુ ૩ પ્રકારની છે (૧) દેવતાઇ–દેવસંબંધી. (૨) દેવ તથા મનુષ્ય સંબંધી અને (૨) મનુષ્ય સંબંધી. આ દરેક કથા પાછી ચાર પ્રકારની હોયે છે. અર્થકથા, કામકથા, ધર્મકથા, અને સંકીર્ણકથા.

**અર્થકથા:**–જગતમાં પૈસા કેમ ઉપજાવવા એના અંગેનું વર્ણન જેમાં આવે તે અર્થકથા. એમાં શું શું આવે ? અનેક જાતના અસિ, મસિ, કૃષિના વેપારવણજો, ધાતુવાદ, રસાયણવાદ, શિલ્પ, કારીગરી, કળા, યાવત્ નોકરી–ગુલામી સુધીની વાત આવે. અર્થશાસ્ત્ર એ અર્થની–પૈસાની તમામ વાત કહે. પૈસા મેળવવા અંગે કરાતા વિચિત્ર પ્રકારના સામ, દામ, દંડ અને ભેદની વાત પણ અર્થ-કથામાં આવે. સામ એટલે દા. ત. ગુસ્સાખોર ઘરાકને પણ વેપારી શાંતિથી સમજાવે તે. દામ એટલે ચૂંટણીમાં ચૂંટાઇ આવવા માટે હજારો રૂપિયા ખર્ચે, તેમ ગવર્મેન્ટમાંથી ઓર્ડરો વગેરેનો લાભ

લેવા લાંચ આપે. દંડમાં દા. ત. રાજા વગેરે દંડ કરી પૈસા કઢાવે તે. ભેદમાં દા. ત. ત્રીજો ભાગીદાર પૈસા માટે બે ભાગીદાર-માંથી એકને ફોડે તે. આ રીતે સામ, દામ, દંડ, અને ભેદની નીતિથી પૈસા કેમ ભેગા કરવા, કયા કયા ધંધા કરવા, વગેરે પૈસા મેળવવાના તમામ પ્રકારની વાત જેમાં આવે તે અર્થકથા. એવી પાછી પૈસાને વ્યાજમાં વધારવાની, રક્ષવાની, સાવધાન રહેવાની બીજી અનેક વાત આવે. "સગી સ્ત્રીનો વિશ્વાસ ન કરવો." ત્યાં સુધીની વાત આવે. આ વાતોનું સંગ્રહસ્થાન કે એકાદી વાતનું વર્ણન તે અર્થકથા.

**કામકથાઃ**-જે કથામાં રૂપ, લાવણ્ય, વિષયોનાં વર્ણન હોય, તે કામકથા કહેવાય. એમાં કામના પાત્રોનાં વર્ણન હોય, એનાં શરીર, વય, અંગ, ઉપાંગ, અવયવ, હોંશિયારી, અક્કલ, અનુરાગ, કટાક્ષનાં વર્ણન હોય, કોઇને આધીન કરવો હોય તો કેવા પ્રેમપત્રો લખવા, કેવા સંદેશ મોકલવા, કેવા બનાવટી રીસામણાં કરવાં, કેવી સરભરા કરવી, ઈત્યાદિ એમાં આવે. નોવેલોની વાતો કામકથા છે. આજના નાટકના તથા સીનેમાના દેખાવો કામકથાને સારી રીતે પોષે છે. આજના છાપાંઓ તો હદ વાળી છે. કામકથા વિના એને ચાલે જ નહિ!

**ભયંકર મરણઃ**—આજના વિનાશક યુગમાં કયાં બચવાનું છે? મરવાનું જ છે. કેમકે આજે લોકજીવન અર્થકથા અને કામકથામય બની ગયા છે! તેમાં પાછી હોંશિયારી મનાઈ, એ અફસોસી મોટી છે. આયુષ્યના અંતરૂપ મોત તો એકવાર આવે; પણ અહીં તો અનેકાનેક અર્થ-કામકથા-માંથી પૂર્વના પવિત્ર સંસ્કારો (ભાવો)ના નાશરૂપી મોત પળે પળે થઈ રહ્યાં છે! આત્માના ભાવપ્રાણ જે સમ્યગ્જ્ઞાનાદિ, તેનો નાશ, એ ભાવમૃત્યુ છે. જેટલા પ્રમાણમાં આપણા સુસંસ્કારો ને પવિત્ર ભાવોનો નાશ, તેટલા પ્રમાણમાં આપણે મરી રહ્યા છીએ.

છતાં એમાં આજે જીવન મનાય–મનાવાય છે. મરણને જ જીવન તરીકે ઓળખાવાય છે!! પહેલાંય નાટકો હતાં પણ એ રંગરાગ તરીકે મનાતાં, મોહનો ચાળો ગણાતો. લોકો એ રીતે જ જોતા હતા. આજે એને જીવનોપયોગી મનોરંજન મનાય છે! આજે મહાન અર્થની જંજાળમાં પડેલા મોટા ઉદ્યોગપતિ ગણાય છે!

**હવે પોકાર પડે છે!**:–પણ પાછો ક્યાંક પોકાર પડતોય સંભળાય છે! સારા ન્યાયાધીશો અને મદ્રાસના નેતા રાજાજી જેવા કહે છે કે આજના સીનેમા નર્યા શૃંગારના અખાડા બની ગયા છે. કેવળ બિભત્સ વાંતો! પણ આ તો જ્યાં ગગન ફાટયું છે, ત્યાં સાંધવાનું કેમ બને? બને એમ નથી. થીગડું કામ લાગે તેમ નથી. એ સડો અટકે તેમ નથી કાયદા લાવવા પડે છે. 'અઢાર વર્ષ નીચેનાથી ન જોવાય;' પણ સમૂળગા જ બંધ કરોને! ના! રાખવું તો છે!

**સંતતિ નિયમનની ભયંકર સગવડ**:— જે પ્રજાના આચારનો નાશ તે પ્રજાની માનવતા પણ મરી પરવારી સમજવી. સદાચારી જીવન પર પ્રજાનું માનવજીવન છે. સદાચાર મર્યો તો પછી આપણે માનવ શાના? જંગલી પશુ! માનવ–આકારના શરીરથી બીજી રીતે તો પશુની જેમ વર્તાય તેમ નથી, પણ હૃદયમાં પશુજીવન ચાલુ છે! અને શહેરમાં તો કામ ચાલુ થઇ ગયું છે! ગમે તેટલી મોટી વયના (૧૮-૨૦) કોલેજના કુમાર–કુમારી, યુવક યુવતી સાથે ફરવા જાય છે. બર્થ-કંટ્રોલ (સંતતી-નિયમન) ના સાધનોએ એમને મોટી સગવડ કરી આપી છે! પછી એ મર્યાદા છોડે, દુરાચાર કરે, છતાં એને લજવાવાનો વખત ન આવે, તેથી પાપમાં શી કમી રહે? કેવી ભયંકર સગવડ! કયાંક વાંચવામાં આવ્યાનું યાદ છે કે એક વેપારીને કોઇએ પૂછયું 'તમારે ત્યાં સંતતિ–નિયમનનાં સાધનો

વધારે કોણ ખરીદે છે ? ' વેપારીએ કહ્યું ' કોલેજના યુવક-યુવતીઓ ! ' આજના માનવતાવાદના યુગમાં માનવતાની કેટલી ભયંકર દુર્દશા ?

**ભારતના ઘડવૈયાની આંખ છતાંય ખુલતી નથી:**— અજ્ઞાન ખેડૂતને ત્યાં પણ કેટલીય મર્યાદાઓ જળવાય છે. જયારે અહીં કેટલાય ભણેલાઓમાં જ મર્યાદારહિત-પણું, સાવ જંગલીપણું દેખાય છે ! આ કેળવણી ખરીને ? છતાંય ભારતના સમાજ—જીવનના ઘડવૈયાઓની આંખ ખૂલે તેમ નથી. ઉલટી સગવડ કરી આપે છે. સહશિક્ષણની વાત અહીં આર્યદેશમાં ચાલે ? આ તો તે દેશ છે કે જયાં પૂર્વે પંદર વર્ષનાં બાલક બાલિકા સંસારભોગમાં સમજતાં નહિ. આજે ૫–૬ વર્ષનાં બાલકો કુચેષ્ટા કરે છે. કોણે કરાવી ? વડેરાઓએ ! કેમ ? એના દેખતાં પોતે મોહ–ચેષ્ટાઓ કરી, સીનેમા અને હલકાં ચિત્ર દેખાડયાં. આ આર્યસંસ્કૃતિનું રક્ષણ, કે ભક્ષણ (નાશ) ?

**ધર્મકથા:**-ધર્મકથામાં ધર્મનું સ્વરૂપ આવે. એની પ્રાપ્તિ કેમ કરવી તેના ઉપાયો આવે. ક્ષમા, મૃદુતા, ઋજુતાદિ દસ પ્રકારના યતિધર્મનું, બાર પ્રકારના ગૃહસ્થધર્મનું, માર્ગાનુસારી ધર્મનું, ઈત્યાદિનું વર્ણન આવે. દાન, શીલ, તપ, અને ભાવધર્મનું વર્ણન આવે. ભાવશ્રાવક ભાવસાધુના ભાવગત લિંગ = લક્ષણના સ્વરૂપ-દર્શન પણ ધર્મકથામાં થાય.

**સંકીર્ણ કથા :**—જેમાં અર્થની કામની તથા ધર્મની ત્રણેય વાતો હોય તે સંકીર્ણ કથા કહેવાય. કાવ્યોમાં, લોકમાં, વેદમાં, સંકીર્ણકથા પ્રસિદ્ધ છે. ધર્મની વાતમાં બીજી વાત ભેળવી દેવાય તો તે સંકીર્ણ કથા બની જાય. જેમ વેદમાં કહ્યું-' **अपुत्रस्य गतिर्नास्ति** પુત્ર વિના ગતિ નહિ.' ત્યાં અબ્રહ્મનું સમર્થન થયું કે નહિ ? તેને પણ સંકીર્ણ કથા કહેવાય.

## શ્રોતાના પ્રકાર

**અર્થકથાનો પ્રેમી કામકથાના પ્રેમી કરતાં વધુ હલકો છેઃ**—આ કથાઓને સાંભળનારા શ્રોતાના ત્રણ પ્રકાર છે; જઘન્ય, મધ્યમ, તથા ઉત્તમ. જઘન્ય તે તામસ પ્રકૃતિના, મધ્યમ તે રાજસ પ્રકૃતિવાળા અને ઉત્તમ તે સાત્ત્વિક પ્રકૃતિના.

અર્થકથાના શ્રોતા જઘન્ય કોટિના જાણવા. કામ કથાના શ્રોતા હીનમધ્યમ કોટિના જાણવા. સંકીર્ણ કથાના શ્રોતા ઠીક મધ્યમ કોટિના જાણવા. શુદ્ધ ધર્મકથાના રસિયા ઉત્તમ કોટિના જાણવા.

જુઓ, કામ કરતાં અર્થને ભયંકર બતાવ્યો. અર્થની લગનીવાળાની લેશ્યા કામાંધ કરતાં વધારે કાળી હોય છે. કામી પણ જો પૈસાનો ખપી બને તો એ પણ એવો થાય એની ના નહિ; પણ અપેક્ષાએ જોતાં એકલા કામકામી કરતાં અર્થકામી વધુ દુર્ગુણી અને વધુ ભયંકર હોય છે.

**તામસ પ્રકૃતિની ઓળખાણ**:-જે લોકો તામસ પ્રકૃતિના હોય છે, તે અર્થકથામાં આસક્ત હોય છે. અર્થના પ્રેમીમાં ક્રોધ, માન, માયા, લોભ ભરચક હોય છે. એનાથી એની સદ્‌બુદ્ધિ સદા ઢંકાયેલી રહે છે. અર્થાત્ એને સારી બુદ્ધિ કે મતિ સ્ફુરતી નથી. અર્થનો કામી પરલોકદર્શનથી પરાઙ્મુખ હોય છે. અર્થાત્ પરલોકમાં પોતાનું શું થશે, એ તરફ તેની દૃષ્ટિજ હોતી નથી. માત્ર આ લોકનો જ રસ તેને હોય છે. આજનો મોટો માનવ સમુહ આવો છે કે એને પરલોકના પરમાર્થની કોઈ વાત સાંભળવાની ગરજ નથી! અને અર્થના કામી આત્મામાં જીવો પ્રત્યે નિર્દયતા હોય છે. એને તો પૈસાના લાભની સંભાવના માત્ર લાગવી જોઇએ. પછી એ હિંસા, આરંભ ક્રૂરતા વગેરે કરવામાં પાછી પાની નહિ કરે. સમજી રાખો કે અર્થનો

રસ એ દુર્ગતિમાં જવાનો સીધો રસ્તો છે, અર્થકથા એ સદ્-ગતિની આડે મોટી દિવાલ છે. અહીં શાસ્ત્રકારે અર્થકથાના પ્રેમીને તામસ પ્રકૃતિનો ગણાવ્યો છે, તેથી એનામાં કાળી લેશ્યાઓ હોય. પૈસા માટે એ શું ન કરે? એ કહી શકાય નહિ. કમાવાની આડે કોઇ આવે તો ઉખેડીને ફેંકી દે! બસ એક જ ધુન! પગ નીચે પૈસા દબાઉં! ગમે તેવું કાળું કામ કરતાં અર્થપ્રેમીના હૈયે ધડક નહિ! બજારમાં સેંકડો માણસો દલાલી કરતા હોય, ત્યાં ખેલો (Corner) કરનારો જાણે છે કે આ બધા નાના દલાલો રેંગડા પેંગડા છે. હું બજાર ઉંચકીશ કે તમામ સાફ થઇ જવાના છે; આમ જાણવા છતાં પણ એનું બધું હજમ કરી જાય ને? એ માને કે 'અમારી પાસે કેપીટલ છે, માન છે, આવડત છે, બજારને આંગળી પર નચાવી શકીએ તેમ છીએ. કોની પરવા છે?' આ એક ખેલામાં કેટલાયને સાફ કરવાની નિર્દયતાનું પિશાચી નૃત્ય અર્થના રાગને આભારી હોય છે. શાસ્ત્ર વચન છે-

**उत्तमा धर्मचिन्ता स्यात् कामचिन्ता तु मध्यमा ।**
**अधमा त्वर्थचिन्ता स्यात् परचिन्ताऽधमाधमा ॥**

અર્થાત્ 'જગતમાં ઉત્તમ કોટિની ચિંતા ધર્મચિંતા છે. ત્યારે કામની અર્થાત્ વિષયોની ચિંતા એ મધ્યમ કોટિની છે. પણ અર્થ (લક્ષ્મી)ની ચિંતા તો અધમ કોટિની ચિંતા છે, અને પરચિંતા અધમાધમ છે.' અહિં ધર્મચિંતા કહો, આત્મચિંતા કહો, તત્ત્વચિંતા કહો, એ બધું સરખું છે.

**ધર્મચિંતામાં શું ચિંતવવું ?**:-સર્વચિંતાઓમાં એક માત્ર ધર્મની ચિંતા જ બહુ ગુણકારી છે. તેમાં રાતને દિ' માણસ એ ખોજમાં રહે કેઃ—

મને ધર્મ ક્યાંથી મળે?

ક્યાં દાન કરવાનો અવસર છે?

શીલમાં કેટલું આગળ વધવું જરૂરી છે ?

તપ હાલમાં કયો કયો શકય છે ?

પ્રભુભક્તિનો કયાંય પ્રસંગ મળે એવો છે કે નહિ ?

કોના પર ક્ષમાધર્મ બજાવવાનો મોકો છે ?

કયાં કયાં નમ્રતા–મૃદુતા દાખવી શકાય એમ છે ?

મારો અહંભાવ, જાતનું ઘમંડ, પૈસાનો, બળનો, ઈત્યાદિ મદ, એ બધાને હું કયારે ભલીશ ?

આચાર્ય ભગવંત, કે સાધુ મહારાજ કયાં વિચરે છે ?

એમનો સત્સંગ કરવા કયારે જાઉં ?

એમની હિતશિક્ષાને કયારે અમલમાં ઉતારૂં ?

ઉત્તમ સમકિત હું કેવી રીતે નિર્મળ કરૂં ?

શ્રાવકના વ્રતો કયારે લઇશ ? પાપોનાં પ્રાયશ્ચિત કયારે કરીશ ?

ચારિત્રને પામવાને હવે મારે કેટલી વાર છે ?

આ બધા પ્રકારે ધર્મચિંતા કરી શકાય.

**જીવનમાં રચનાત્મક ધર્મચિંતાઃ—**ધર્મચિંતા હૃદયમાં જાગતી રહેવાથી માણસ આવેલી ધર્મની તક ઝડપી લે છે. પરંતુ ધર્મચિંતા કરવાની ગરજ જોઇએ. ગરજ હોય તો એ કરવી કાંઇ કઠીન નથી, તેમ મોંઘી પણ નથી. તમે હાલતાં ને ચાલતાં ધર્મચિંતા કરી શકો.

જમવા બેઠા ત્યાં મનમાં જો થાય કે ' જો જો ખાવામાં અભક્ષ્ય ન આવી જાય; ગણત્રીની ચીજોથી વધી ન જાય; રસદાર ચીજ બહુ ખાવાની લાલસા ન થઇ જાય; સુપાત્રદાન વિના ભોજન ન થાય; ખાવાની આ લપ કયાં સુધી ? દિવસના ટંક કેમ ઘટાડી દઉં ! ' તો આ ધર્મચિંતા થઈ ગણાય.

એમ બજારમાં કે દુકાન પર હો ત્યાં એમાંથી છૂટવાની ચિંતા; એ બધું રાખવું પડે ત્યાંસુધી એમાં અનીતિ ટાળવાની ચિંતા; નીતિધર્મ ન ચૂકવાની ચિંતા; પાપ પર અંકુશની વિચારણા; મળેલા લાભમાંથી પરોપકાર કે પરમાર્થ કરી લેવાની ધગશ અને અને વિચારણા, વગેરે ધર્મચિંતામાં જાય.

ત્યારે દુનિયામાં હરતા ફરતા અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે, અનેક દશ્યો સામે જોવામાં આવે છે. તે વખતે કર્મની, કાળની અને જગતની વિચિત્રતાની વિચારણા, ધર્મધ્યાનમાં ગણાય. એ ત્રણે કેવા કેવા અવિશ્વસનીય છે, એનું પાકું ચિંતન, ત્રણે કેટકેટલી હદ સુધી આત્મઘાતક છે, એની વિચારણા, ત્યાં પોતાના આત્માને નકામા રાગદ્વેષથી બચાવી લેવાની ચિંતા, –એ બધું ધર્મચિંતામાં જાય.

મિત્ર–શત્રુમાં મન એમ વિચારે કે ' જો જે ભાઈ, સાવધાન રહેજે, આ મિત્ર બહુ સ્નેહ દેખાડે છે, પણ એ સ્નેહનો ભરોસો નથી; કેમકે એ સ્વાર્થના પાયા પર છે, અને સ્વાર્થ કયારે નહિ નંદાય, એનો ભરોસો નથી. તેમ આ શત્રુ દ્વેષ કરે છે; પણ આપણે જો દ્વેષ કરશું તો આપણે દંડાશું. આ લોકો કલહ કરે છે, તેમાં ભલે એક સાચો હોય, અને બીજો જૂઠો, પણ એ ટંટો જડ વસ્તુ છે, એથી આપણે કોઈનો પક્ષ કરી ઉંચા નીચા થવાની જરૂર નથી. આપણે તો સામે આવ્યું તો જોયા કરો. જગતના ખેલ, કર્મની રમત, અને માનવજીવનમાં સંજ્ઞાની કારવાઇ જોવાથી આગળ જરાય વધવાનું નથી. ' આ રીતે જીવનમાં ધર્મચિંતા ઓતપ્રોત કરી શકાય, અને એ થાય તો જીવન ઉન્નતિના પથ પર આગળ વધ્યું ગણાય.

ત્યારે જગતના અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો પણ આંખ સામે આવ્યા કરે છે. ધર્મચિંતાનો અભ્યાસી અહીં મનને સાવધાન રાખવા

વિચારે છે, કે ઘડી પહેલા અનુકૂળ લાગતા સંયોગ, ઘડી પછી આપણું મન ફરતાં પ્રતિકૂળ ભાસે છે. અથવા જગતની વિચિત્રતાજ કોઈ એવી છે; કે આનું આજ બીજાને અત્યારે પ્રતિકૂળ લાગતું હશે."

**ધર્મચિંતામાં મગ્ન આત્મા પ્રભુને પ્રાર્થના કરે:—** કે 'હે નાથ, મને એવું હૃદયનું સત્ત્વ મળો કે આ બધી અનુકૂળ પ્રતિકૂળ ઘટનાઓની વચ્ચે હું અલિપ્તપણે પસાર થઈ જાઉં. કયાં મારે અહીં બહુ કાળ કાઢવાના છે? તેથી થોડા કાળ માટે એવું બળ આપો કે એ અનુકૂળ પ્રતિકૂળની કોઈ અસર મારા મન પર પડે નહિ; અને મન બીજી બાજુ તત્ત્વ-ચિંતનમાં રમ્યા કરે! જગતના ભાવોના (બનાવોના) તાત્ત્વિક સ્વરૂપ વિચારૂં; કે જેથી ગમેતેમ કરીને આ જીવનનો અલ્પ જેવો કાળ મનથી અસંગપણે.પસાર થઈજાય. બાકી અનુકુળ પ્રતિકુળમાં શું રાચવું રુસવું તું? ગમે તેમ તોય એ બધા અહીંજ રહેવાના અને એની ખતરનાક અસરો હૈયામાં સાથે લઇને મારે પરભવ જવું પડવાનું!"

ધર્મચિંતા સામાન્યથી બે પ્રકારની હોય છેઃ—એક બાદ-બાકીની, બીજી સરવાળાની. અર્થાત્ (૧) દોષો, દુર્ગુણો, પાપ વગેરે ટાળવા અંગેની; (૨) સદ્‌ગુણો, ધર્મ, કર્મક્ષય, આત્મશુદ્ધિ અને એની સાધન સામગ્રી વગેરેની અનુકૂળતા પામવા વિકસાવવા અંગેની.

**અશુદ્ધિ ટાળવાની ધર્મચિંતાઃ**—પહેલી ધર્મચિંતામાં જીવ વિચારે કે 'મારા આત્મામાં અહો! કેવા કેવા અને કેટકેટલા કામક્રોધાદિ દોષો ભર્યા છે! અરે! હિંસા, જૂઠ, અન્યાય, અનીતિ, દુરાચાર વગેરે કેટકેટલા દુર્ગુણો બેઠા છે! પૂર્વના અસંખ્ય જીવનોમાં બાંધેલા ભયંકર પાપના પુંજ હજીય કોણુ જાણે કેટકેટલા છુપાઇને બેઠા હશે? આ જન્મમાં પણ કુકર્મ, દુષ્કૃત્ય અને પાપસ્થાનક સેવીને મેં કેટકેટલાં પાપ

ઉપાર્જ્યાં છે ! ત્યારે, હવે એવી શી શી ધર્મ પ્રવૃત્તિ કરૂં કે જેથી આ મારા દોષ, દુર્ગુણ અને પાપનો વિધ્વંસ થઈ જાય ?'

**આત્મામાંથી અશુદ્ધિ દૂર કરવા નીચેના મુદ્દાઓ ખાસ ખ્યાલમાં રાખોઃ—**

(૧) પાપની પાછળ ભવભ્રમણની ભયંકરતાનો ખ્યાલ આવે.

(૨) પાપ પ્રત્યે તિરસ્કાર આવે, " આ ક્યાં મેં કર્યું " એવો પશ્ચાતાપ આવે,

(૩) આત્માની પોતાની પાપી જાત માટે "આવું કહેનારો હું કેવો નીચ !" એવી જુગુપ્સા આવે

(૪) આગળ વધીને પ્રાયશ્ચિતાદિ શુદ્ધિકરણ વિચારાય.

(૫) આત્મામાંથી એ પાપશલ્યના સમૂલ ઉદ્ધારની વિચારણા કરવાની.

(૬) એ માટે પાપથી બચવા પહેલાં કરતાં વધુ જાગ્રતિ રાખવાનું વિચારાય.

(૭) પાપબુદ્ધિના સ્થાને ધર્મબુદ્ધિની કર્તવ્યતા વિચારવાની.

**હવે ધર્મચિંતા કેમ કરવી. તેના કેટલાક રૂપકો જુઓઃ—**

**(૧) પાપની ભયંકરતાનો ખ્યાલઃ—**હે જીવ ! આ પાપમય વિચાર, વાણી કે વર્તાવ દ્વારા સેવેલાં પાપના કાર્ય—એ પરિણામે ભયંકર છે !' કેમકે એ મન બગાડે છે, આત્માને ઉચ્ચતામાંથી ભ્રષ્ટ કરે છે, આનાદિની કુટેવો, કુસંસ્કારો વગેરેને તે પોષે છે, સારા ઉંચા કાર્ય કરવા વગેરેના સત્ત્વનો નાશ કરે છે. કર્મના બંધ બંધાવે છે, આત્માને નિરાધારપણે દુર્ગતિના ભયંકર દુઃખમાં રીબાવા રીબાવીને શોષાવે છે. માટે પાપ એ બહુ ભયંકર છે.

**(૨) પાપનો તિરસ્કારઃ—**માટે પાપથી દોઢસો ગાઉ દૂર રહેવા જેવું છે. ! આ પાપોની દુષ્ટતા વર્ણવી શકાય એવી નથી. કેઈ જીવોના ભાવસંહાર કરી તે ફિટકારને પાત્ર બનેલા છે.

(૩) **પશ્ચાતાપઃ**—" અરે ! મેં એ પાપ કયાં બાંધ્યાં...મેં કયાં અખૂટ કર્મ ઉપાર્જ્યાં ! હવે એ કેમ કરી છૂટશે..."

(૪) **આત્મ જુગુપ્સાઃ**—હું પોતે જ કેવો અજ્ઞાન ! કેવો ખરાબ ! કેવો અધમ ! કે મેં આ દુષ્ટ કામ કર્યું ? ધિક્કાર છે મારી જાતને કે હું આટલો બધો નિઃસત્ત્વ બન્યો.ઉચ્ચતમ જિનશાસન, શ્રેષ્ઠતમ વીતરાગનું આલંબન અને પવિત્રસાધનાનો માર્ગ–એ બધું પામ્યા છતાં આવો હું નીચ કાર્ય કરનારો બન્યો.

(૫) **આત્મશુદ્ધિકરણની ચિંતાઃ**— " લાવ ગુરુમહારાજ પાસે જાઉં, પાપોનું પ્રાયશ્ચિત કરૂં, આત્માનું શુદ્ધિકરણ કરૂં, એ પાપ ધોવા ગુરુમહારાજ કહે તે મુજબ કરૂં "

(૬) **શલ્ય ઉદ્ધારની ચિંતાઃ**-હવે દિલમાંથી એ પાપબુદ્ધિને સમૂળગી વોસિરાવી દઉં. પાપથી બચવા હવે વિવિધ ઉપાય યોજુ. કે જેથી મને પાપની ભયંકરતાનો સદા ખ્યાલ રહ્યા કરે.

(૭) **પાપથી બચવા સત્પ્રવૃત્તિની ચિંતાઃ**—એ માટે પ્રતિપક્ષી એવા ધર્મના ક્ષમા—મૃદુતાદિ, કયા કયા સ્થાનો અને એવી કઇ કઈ દાન, શીલ, વગેરે ધર્મ પ્રવૃત્તિ આદરૂં ?...વગેરે ચિંતન ધર્મચિંતનમાં આવે.

**ગુણમયસ્થિતિ-પ્રાપ્તિની ધર્મચિંતાઃ**—ગુણોની, ધર્મની, કર્મક્ષયની, અને આત્મશુદ્ધિની વિચારણા ધર્મચિંતાના બીજા પ્રકારમાં આવે. એમાં આત્માના લાભનો વિચાર, એના ઉપાયોનું ચિંતન, સ્વજીવનમાં એને સારી રીતે વણી લેવા માટેની યુક્તિ–યોજનાની વિચારણા, ઇત્યાદિ કરવું જોઇએ.

ત્યાં મનને એમ થાય કે ' વાહ ! આ ક્ષમા, ઉદારતાદિ આત્મગુણો, અહિંસા–સંયમ–તપ વગેરે ધર્મ, જ્ઞાનાદિ આત્મસંપત્તિ, કર્મનો મહાન ક્ષય, અને આત્માની વધુને વધુ ઉજજવળતા,–એ બધું કેટકેટલું ઉપયોગી ! કેવું સુંદર સ્વરૂપવાળું !

જીવનને શોભાવનારું! અને પરિણામે પણ મહા સુખી કરનારું! તો એ દરેકના કેટકેટલા ભેદ બતાવ્યા? એ દરેક શું મારા આત્મામાં ન આવી શકે? આવી શકે તો એના ઉપાયો શા શા છે? એ માટે મારે કયા કયા સ્થાને જવું જોઈએ? કઈ કઈ પ્રવૃત્તિ આદરવી જોઈએ' ઈત્યાદિ ધર્મચિંતન કરવાનું.

**ધર્મ ચિંતામાં વિશેષ શું**:-ધર્મચિંતનમાં સામાન્યથી આ બે પ્રકાર ઉપરાંત ૧. સર્વજ્ઞ પ્રભુના આગમની અને આજ્ઞાની વિશેષતાનું ચિંતન પણ આવે. તેમ ૨. એ નાથનું જીવન તથા તેમના અતિશયો, ગુણો અને ઉપકારોનું ચિંતન આવે. એવું જ ૩. બીજા મહાપુરૂષોની ઉત્તમ સાધના, ઉચ્ચ ગુણો, અને તેમના ઉપકારનું ચિંતન કરવાનું.

આ ઉપરાંત ધર્મચિંતનમાં ૪. જગતનું સ્વરૂપ, કેવી કેવી રીતે ચૌદ રાજલોક રહેલા છે, ૫. ષડ્દ્રવ્યનુ સ્વરૂપ–એમાં જીવો કેમ છે, કેટલા, અને કેવા દુ:ખી છે, તે શાથી છે? ૬. જગતના વિષયોની ક્ષણભંગુરતા નિસ્સારતા અને આત્મઘાતકતા, ૭. મિથ્યાત્વ આદિ પાપોની સુલભતા, ૮. સંસારના કૃત્રિમ સંબંધો... વગેરેની વિચારણા આ બધું ધર્મચિંતનમાં આવે. ત્રણ લોકના તીર્થક્ષેત્રોનુંચિંતન દા. ત. સિદ્ધગિરિ પર આવી રીતે ચઢવાનું છે. ઉપર આ આ પ્રમાણે નવ ટૂંક છે. મનોરમ જિનબિંબો છે. એમ નંદીશ્વરદ્વીપ આવી રીતે સાત દ્વીપ, સાતસાગરને વીંટીને રહેલો છે. એમાં ચારે દિશામાં તેર તેર પર્વતો ઉપર જિનાલય અને રત્નમય જિનબિંબ છે...ઈત્યાદિ ચિંતન પણ ધર્મચિંતન છે. સુકૃતોનું અનુમોદન પણ ધર્મચિંતન છે.

**ધર્મચિંતાનો પ્રભાવ**:-એમ જુદાજુદા પ્રસંગમાંથી, ક્ષેત્રમાંથી પરિસ્થિતિમાંથી, કાળમાંથી કોઇને કોઈ જાતનો ધર્મ સાધી લેવાની, એની રીતરસમો જાણી લેવાની વગેરે વિચારણાઓનો ધર્મ ચિંતામાં

પ્રવેશ થાય. ધર્મચિંતા એ જ ઉત્તમચિંતા છે; એજ આદરણીય છે. કેમકે એ હૈયામાં સદા જાગતી રહેવાથી માણસ એને સફળ કરવા ચીવટ રાખે છે. પરંતુ જેને આમાંની કોઈ ધર્મચિંતા જ નથી, હૈયામાં ઉચાટ જ નથી, તાલાવેલી કે ઝંખના નથી, એને ધર્મની ચીવટ નથી રહેતી. એને કયાં શોધવા નીકળવાનું હતું કે ધર્મ કયાં મળે છે? જેને ચિંતા છે, એજ સ્વયં તક શોધે છે. બીજાને કહી રાખતો હોય છે કે, ' આવો ધર્મનો અવસર હોય તો મને કહેજો. ' ધર્મની ખૂબ ચિંતા હોય છે તો નજર સામે કયારેક ધાર્મિક–બિનધાર્મિક એમ બે અવસર આવે છે ત્યારે એ બીજો અવસર પડતો મૂકી ધર્મ—અવસરને પકડશે. ભરત મહારાજને છ ખંડના ચક્રવર્તી બનાવનારૂં ચક્રરત્ન પ્રગટ થવાનો અવસર આવ્યો, અને એ જ વખતે ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટવાનો અવસર આવ્યો, એમ બે અવસર સાથે ઉભા થયા. ભરત ચક્રવર્તી ધર્મચિંતાવાળા હતા તો ચક્રરત્નને પડતું મૂકી કેવળજ્ઞાનીને પૂજવા પહેલા ગયા! માનવ-જીવનની વિશેષતા હોય તો ધર્મચિંતાથી જ છે, પણ અર્થચિંતાથી કે પરચિંતાથી નહીં. આ હલકી ચિંતાઓથી તો અનાદિના કુસં-સ્કાર ઉલટા દૃઢ થાય છે. વળી જો માનવભવ બીજી ચિંતા-ઓમાં ગુમાવીએ તો તો પછી માનવ સિવાયનો બીજો કયો સારો ભવ એવો મળવાનો કે જયાં ધર્મચિંતા કરી શકાશે? એ તો એક માનવનો ભવ જ એવો ઉચ્ચકોટિનો ભવ છે કે જયાં ધર્મચિંતા બહુ સારી કરી શકાય; અને એથી ભાવી ભવોની પરંપરા સુધારી શકાય.

**ધર્મચિંતા અને અન્ય ચિંતાના અંતર:**–ધર્મચિંતા કરતાં કરતાં તો આત્માઓ કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા સુધીના દાખલા છે! ઝાંઝરીયા મુનિનું ખૂન કરનાર રાજા ત્યાંને ત્યાં ધર્મચિંતામાં જો ચઢી ગયો તો સઘળાં પાપકર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કુર્માપુત્ર, ભરત મહારાજા, પૃથ્વીચંદ્ર-ગુણસાગર, મરૂદેવા માતા વગેરે ધર્મચિંતામાં ચઢી ગૃહસ્થવાસમાં જ વીતરાગ સર્વજ્ઞ બન્યાને? તે સિવાય પણ સહેજ વૈરાગ્યની વિચારણા કરતાં કરતાં હનુમાનજી, સનત્કુમાર ચક્રવર્તી, રામચંદ્રજી વગેરે મહા ચારિત્રપંથે વિચર્યાના જ્વલંત દૃષ્ટાંતો છે. બીજા પણ દાન–દયા વગેરે ધર્મપુરૂષાર્થ પામ્યાના અનેક દાખલા બન્યા છે અને બને છે. ત્યારે ખૂબી તો એ છે કે અર્થચિંતા, વિષયચિંતા વગેરે કરવાથી આત્માનું તો નહીં, પણ અર્થ અને વિષયનું પણ કાંઈ સુધરતું નથી, ઉલટું જીવને દુર્ગતિમાં ભટકવાનું થાય છે. તો પછી ફોગટ એ ચિંતા શા સારૂ કરવી? ધર્મચિંતાનો આ સોનેરી અવસર વેડફી નાખવાની મૂર્ખાઇ કરનારા રખે આપણે બનીયે. એટલું સમજજો કે જૈનત્વની જો કદર હશે તો એમ થશે કે આ ભવમાં એવો મૂર્ખો હું ન થાઉં. અહીં તો ધર્મચિંતાની અગ્નિ ધખાઉં, કે જેમાં કેટલીય પાપવાસનાઓ પાપવૃત્તિઓ બળીને સાફ થઇ જાય. તેમ એ ધર્મ-ચિંતાની ગરમીથી મોહ–પ્રમાદની જડતા ભાગી જાય, અને તેજસ્વી ધર્મ પુરુષાર્થનું શૂરાતન પ્રગટે.

**કામચિંતા–વિષયચિંતાઃ**–ઇન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. તેમજ એ ગુણોના અધારભૂત પદાર્થો રેડીયો અને વાજિંત્રો, રત્નો ને રમણી, રસદાર માલમસાલા અને અત્તર સેંટ તથા પોમેડ! મુલાયમ વસ્ત્ર અને કોમળ શૈયાના સ્પર્શ! આ બધા ઇન્દ્રિયોના વિષયો છે. એની ચિંતા એટલે આસક્તિવાળી વિચારણા! એ વિષયચિંતા કહેવાય. “આ વિષય કેવો સારો! આ જરા ઉતરતો. આમાં બહુ મઝા આવે...બસ આપણને તો આનો શોખ! આપણે તો આનો ભોગ આવી રીતે કરવાના.” વગેરે વિચારણા કામચિંતાના ઘરની છે. આમાંય રાગદ્વેષની મલીન લાગણીઓ કામ કરે છે. કે જે ચીકણા કર્મબંધમાં પ્રબળ હેતુ છે.

આપણો પ્રસંગ ચાલે છે અર્થકથાના પ્રેમીની દુર્દશા

વિચારવાનો. અર્થકથાનો પ્રેમી તામસ પ્રકૃતિનો હોય છે. એના મનમાં ઘણી ઘણી અધમ વિચારણા આવે છે. એની ભયંકર લેશ્યા અને કષાયોના ઉકળાટની સ્થિતિ હોય છે. રાત ને દિવસ એ અર્થચિંતામાં રચ્યોપચ્યો રહે છે. સ્વાર્થબુદ્ધિની એનામાં બહુ તીવ્રતા હોવાથી એની વિચારસરણી, એની હાર્દિક વૃત્તિઓ, એના મનોરથો અત્યંત નીચ કોટિએ પહોંચી જાય છે. જો કે વિષયચિંતા કે કામચિંતાવાળા જીવોમાં કાંઇ ધર્મ-બુદ્ધિ નથી. છતાં પેલાના જેવા ક્રૂર પરિણામ, સંક્લિષ્ટ પરિણામ, અર્થાત્ અત્યંત કાળી વિચારસરણી એને નથી. અર્થચિંતાની ક્રૂરતા અહીં એક વણિકના દૃષ્ટાંતથી આપણે જોઇશું. એથી ખ્યાલ આવશે કે, અહાહા ! અર્થચિંતા આટલી બધી ભયંકર ! ! જો એના સ્થાને ધર્મચિંતા આવી જાય તો કેવું સારૂં ! એવી સુંદર ધર્મચિંતાની જ્યોતિ જગાવવા માટે સમરાદિત્ય કેવળી મહર્ષિની ધર્મકથા બહુ સમર્થ છે. એની ભૂમિકાની આ વિચારણા ચાલે છે. એ ભૂમિકા જો બરાબર સમજી લેશો તો પછી સમરાદિત્ય મહર્ષિની કથા કોઈ દિવ્ય રંગથી સંભળાશે, એમાંથી પોતાના જીવનમાં શક્ય એવી સાધનાઓ શોધી કઢાશે, અને પોતાના આત્માને એ સાધનામાં ચઢાવી દેવાની પ્રેરણા મેળવી, આત્મા પાસે એ સાધના કરાવી ઉત્તરોત્તર વિકાસ સાધતાં સમરાદિત્ય મહાત્માની જેમ કેવળજ્ઞાન સુધી પહોંચી શકાશે. અને કેવળજ્ઞાન મળી જતું હોય તો પછી બીજું જોઇએ છે પણ શું ? હવે જુઓ એ વણિકનું દૃષ્ટાંત.

## લક્ષ્મીદાસ શેઠનું દૃષ્ટાંત

મુંબઇ જેવા એક મોટા શહેરમાં લક્ષ્મીદાસ નામે એક મોટો ધનાઢ્ય માણસ રહેતો હતો. એનો વેપાર ધંધો ધમધોકાર ચાલતો, તેથી આવક પણ સારી હતી. પરંતુ લક્ષ્મી હોય એટલે લોભ થાય! મૂર્છા થાય! એમાં શું નવું છે ?

આ લક્ષ્મીદાસને પણ ચિંતા થઈ, 'ઘરમાં આટલું બધું ધન રાખી મૂકવું જોખમભર્યું છે. નથીને કોઇને ખબર પડી તો? અરે ઘરવાળીની બુદ્ધિ બગડી તો?' કેવી નીચી ક્ષુદ્ર વિચારસરણીમાં લક્ષ્મીદાસ તણાય છે!

**અર્થચિંતાની અધમ વિચારસરણી:**–એ આગળ વિચારે છે કે, 'તો પછી કોઈ શરાફને ત્યાં મૂકી આવું? રક્ષણનું રક્ષણ થાય અને વ્યાજનું વ્યાજ આવે. પરંતુ એમાં પાછું મોટું જોખમ છે. કે, શરાફ દેવાળું કાઢે તો? વળી મારી પાસે આટલું બધું ધન છે, એની સમોવડીઆઓમાં કે મિત્રમંડળમાં જાણ થઇ જાય તો? ચામ–જૂની જેમ પૈસા માટે વળગશે; મારૂં લોહી પીશે, માટે બીજો ત્રીજો વિચાર ન કરતાં ધનને જંગલમાં દાટી આવું. પણ જો બધું સોનું દાટવા જઈશ તો કેટલો મોટો ખાડો કરવો પડશે; કેટલું ઉંચકીને લઇ જવું પડશે, માટે એના કરતાં મારા ધનમાંથી બધું ઝવેરાત ખરીદી લઉં, તો થોડામાં પતે; અને કોઈની નજરે ચઢાય નહિ. ખાડોય માપસરનો જ કરવો પડે! એ ધન સાત પેઢી સુધી ચાલશે...બસ, બધું સરસ થઈ જશે!' આ બધી અર્થચિંતાની રામાયણ છે!

**ધર્મચિંતાની ઉત્તમ વિચારસરણી:**–ધર્મચિંતા હોત તો એમ થાત કે 'આટલું બધું ધન રાખી મૂકીને મારે શું કામ છે? લાવ કોઈ તીર્થયાત્રાનો સંઘ કાઢું! દર્શન, જ્ઞાન, ચારિત્ર, જે એક જ તરણતારણ છે, એની ભક્તિ નિમિત્તે ઉજમણું કરૂં! મોટો જિનેંદ્ર મહોત્સવ કરૂં! એ પ્રસંગે મોટમોટા પરિવાર સાથે આચાર્ય ભગવંતને તેડું. મોટા શણગારેલા મનોહર મંડપમાં એઓશ્રીની પાસે ધર્મદેશના કરાવું. હજારો જૈનજૈનેતર લોકો એ સાંભળે...કેઈ ભવ્ય આત્માઓ ચારિત્ર પામે, કેઈ શ્રાવકપણું પામે, કેઈ સમ્યગ્દર્શનને ગુણો પામે!! જૈનશાસનની ચોમેર વાહવાહ બોલાય, જૈનધર્મનો જયજયકાર વર્તાય! વાહ! કેવો

મહાન લાભ ! આ બધાનું શુભ નિમિત્ત હું થાઉં ! હું પણ દેશના સાંભળી ઉત્સાહી થાઉં તો દીક્ષા લઉં, નહિતર વ્રતો લઉં. એવા મોટા પ્રમાણુમાં સાધર્મિક ભક્તિ કરું કે જેથી કેટલાય જીવો ધર્મ-પુરુષાર્થી બની સ્વપરના ઉદ્ધારક બને !' વગેરે વગેરે. પણ અહીં લક્ષ્મીદાસ શેઠે તો અર્થચિંતા કરી અઢળક નાણું ખરચી ઝવેરાત ખરીધું. ઝવેરાત એકેકથી ચઢીયાતું હતું. જો અવસરે એને બહાર કાઢ્યું હોય તો બહુ કિંમત ઉપજે ! કેમકે રાજાઓને ત્યાંય એવું ઝવેરાત જોવા ન મળે ! ઝવેરાતને એમણે મજબૂત નાની પેટીઓમાં અને એ પેટીઓને મજબુત ડાબડામાં પેક કર્યું. બસ, પછી તો ડબાને કપડામાં લપેટી જંગલમાં દાટવા જવાની તૈયારી કરવા માંડી.

**કૃપણ છતાં આશ્ચર્યઃ**–શેઠને ભલાભાઇ નામે એક છોકરો હતો. તે એને "ભલીયા"ના નામે બોલાવતા. હવે અહીં ડાબડો જંગલમાં દાટવા જવું છે, તો છોકરાને સાથે લઇ જઇને બતાવી રાખવું જોઇએ. કેમકે નથીને શેઠનો દેહ પડી જાય, તો છોકરાને એ માલ મળી શકે. એમ તો શેઠનું કાળજું ઠેકાણે હતું ! એ કૃપણુમાં આશ્ચર્ય ગણાય. કેમકે કૃપણુને પહેલાં તો એ ડર લાગે કે "મારા જીવતાં જીવતાં જ જો આ છોકરાની બુદ્ધિ બગડી, અને મારી જાણુ બહાર કદાચ એ ધન ઉપાડી લાવે તો મારું શું થાય ? અરે મારું તો ગમે તે થાય પણુ ધનનું શું થાય ! માટે એને હમણાં બતાવવું નહીં." જાત કરતાંય ધનની ચિંતા !!

**કૃપણુની ભ્રમણાઃ**—ત્યારે પ્રશ્ન થાય કે 'કયારે બતાવવું ?' કહોને કે, 'મરવાનું આવે ત્યારે !' પણ આવા રાંકડા જીવને કયાં ખબર હોય છે કે 'મૃત્યુ આવવા કાળે તારામાં બોલવાની શક્તિ જ નહિ હોય તો ? અરે તે વખતે પણ 'હું હજુય જીવવાનો છું, પણુ મરવાનો નથી,' એવો દૃઢ વિશ્વાસ રહી ગયો તો ? છોકરો કયાંક બહાર ગયો હોય અને એટલામાં તું પરલોક ઉપડી

ગયો તો? ધન દાટેલું હતું તે રહ્યું, પણ છોકરાને તે ન જડ્યું તો?' આવી કાંઈ જ ખબર જાણે કૃપણને નથી હોતી!

**કૃપણની કાળી લેશ્યા:**—કૃપણતાની મોંકણ ભારે હોય છે! અર્થચિંતા ક્યાંય ધર્મ તો નથી સૂઝવા દેતી, પણ એવી કાળી વિચારણાઓમાં જીવને ડૂબાડૂબ રાખે છે કે જેમાં એ દુન્યવી દૃષ્ટિએ પણ મૂર્ખ ગણાય; અને એ આસક્તિમાં હૃદય રાતને દિવસ ક્રૂર વિચારોમાં રમ્યા કરે છે. દા. ત. અહીં જો મનમાંય એમ આવે કે 'નથીને કોઈ આ ધન તરફ દૃષ્ટિ નાખે તો?' ત્યાં એ આંખ લાલ કરીને, દાંત કચડીને ઝટ વિચારશે કે 'તો શું? એની ખબર લઈ નાખું, અને જો એ લેવા પ્રયત્ન કરે તો એનું માથું ફોડી નાખું! કદાચ જો એ સામો થવા આવે તો તો એવા લુચ્ચાને હું જાતે જાનથી મારૂં કે મરાવી નાખું.'

**જગતની લક્ષ્મી ભૂંડી કેમ ગણાય છે?:**— કારણ એ છે કે લક્ષ્મીનું આવવું-જવું આપણી ઇચ્છા પર નથી, અને છતાં આપણી પાસે એ રાતને દિ કાળી વિચારણા, ક્રૂર લેશ્યા, દુર્ભાવનાઓ, અને એનું સતત એકાકાર ચિંતન કરાવે છે. પછી એમાં અહીંય સુખ શાનું? શાંતિ શી? નિર્ભયતા ક્યાંથી હોય? અને પરલોકમાં તો સુખ-શાન્તિની વાતેય શી? ત્યાં તો આ જન્મની કાળી હિંસા વગેરે પાપોની વિચારણાના યોગે ભયંકર ત્રાસ વેઠવા પડે.

**શેઠ અને પુત્ર ઉપડ્યા:**— શેઠે જવાના સમયે પુત્રને બોલાવ્યો, 'અલ્યા! ભલીયા! ચાલ મારી સાથે. જો આજે લક્ષ્મી બીજે ક્યાંય મૂકવામાં ભરોસો નથી. મોટા વેપાર ખેડવામાં જોખમ છે, વ્યાજ ઉપજાવવામાં મૂડી જ જાય એવું લાગે છે. ઘરમાં રાખી મૂકીએ તો ચોરનો ભય છે. માટે એને જંગલમાં દાટી આવીએ!'

**ચોર પૂંઠે:**— જેવી અર્થની આટલી ચિંતા, એવી આત્મ-ગુણોની, અને ધર્મની ચિંતા થાય ખરી? થાય તો કેવુંક સુંદર મહાન કલ્યાણ થાય! લક્ષ્મીદાસે તો દાબડો ખેસમાં વીંટી બગલમાં માર્યો, અને ભલીયાને લઈને ઉપડયા જંગલમાં; પણ કમનશીબ બે ડગલાં આગળ! તે શહેરમાંથી એક લુચ્ચો માણસ આમની પૂંઠે પડી ગયો! વચમાં વચમાં શેઠ પાછું વળીને જોતા હતા; પણ આ એવો ચાલક ચોર હતો કે શેઠની નજરમાં ન ચઢાય એ રીતે ચાલતો હતો.

**લક્ષ્મીના દાસ લક્ષ્મીને જન્મભૂમિમાં વળાવે છેઃ**–બરાબર ભરજંગલમાં શેઠ થોભ્યા. એવામાં પેલો લુચ્ચો પણ ઝાડની ઓથે છૂપાઈ ઉભો રહ્યો, જુએ છે કે 'શેઠ શું કરે છે?' આમેય વહેમાયો તો હતો જ અને હવે શેઠની પ્રવૃત્તિ પરથી વાત કળી ગયો. શેઠે તો ત્યાં બેસી ચારેકોર નજર નાખી લીધી; અને હવે ખાડો ખોદવાની તૈયારી કરે છે. ધરતીરૂપી નગરીમાંથી બહાર ભૂલી પડેલી લક્ષ્મીને તેની પોતાની નગરીમાં પાછી પહોંચાડવા માટે આ લક્ષ્મીના દાસ તૈયાર થયા! શ્રીમંતને લક્ષ્મીપતિ કહેવાય છે, પણ તે આ નહિ, આ તો લક્ષ્મીદાસ!

**ચાલાકી શામાં:**— જમીન ખોદતાં શેઠને પાછો વિચાર આવ્યો, એટલે છોકરાને કહ્યું, 'અલ્યા ભલીયા! જા ઉઠ, મૂર્ખા! અહીં બેસી શું રહ્યો છે? જોઇ આવ ચારે બાજુ, કોઈ લુચ્ચો છૂપાયો તો નથીને? ઢોલામારૂને આટલીય ખબર નથી પડતી! વરસ વીસનો જાણે મોટો રોઝ થયો. ઉઠ જા, જલ્દી જોઇ આવ.' બસ, માનવ જીવનમાં આજ હોંશિયારીને? આ ચીવટ અને ચોકસાઇ આવે અને આત્માની ચીવટ કે ચોકસાઈ ભલે ન આવે, તો એ ઢોલામારૂ નહિ! તો એ રોઝ નહિ! હવે અહીં પેલો લુચ્ચો ગભરાયો 'શું કરવું? જો ભાગી જવા જઉં તો દેખાઈ પડું...જો ઉભો રહું તો ફરતો ફરતો ભલીયો આવે ને જોઈ જાય.

ઝાડ પર ચઢવા જઉં તોય દેખાઈ જાઉં. ત્યારે શું કરૂં?' ચોર વિચારમાં પડી ગયો. પછી એક તરંગ સ્ફુરતાં ખૂશી ખૂશી થઈ ગયો! 'પણ ફિકર નહિ, એક તુક્કો અજમાવું. બેટો ભલીયોય ભૂલમાં પડી જાય!' કહો, બુદ્ધિનો કેટલો પાવર છે? ત્યારે બુદ્ધિનો આજ ઉપયોગ કરવાનોને? મૂર્ખ માનવને એ ભાન નથી કે બિલ્લી કે શિયાળીયાના ભવમાંય ચાલાક બુદ્ધિ તો મળે છે, પણ એ બુદ્ધિનો ઉપયોગ શું? લુચ્ચાઇ રમવાનોજને? તો અહીં માનવના ખોળીયે પણ એજ કરવાનું?

લક્ષ્મીદાસ દિકરાને પુરૂં કહી દે, એ પહેલાં લુચ્ચાએ ત્યાંને ત્યાં જમીન પર શરીર લંબાવ્યું, અને મડદાનો આબેહૂબ દેખાવ કર્યો! બિચારા ભલાજી તો બાપાના વચનથી ચારે કોર તપાસ કરતા કરતા અહીં આવી પહોંચ્યા! મનમાં થયું તો ખરૂં કે આ કોણ સુતું છે, પરંતુ બરાબર જુએ છે તો લાગ્યું કે "આ અવ્યવસ્થિત પડ્યું છે, હાથ અને પગ અસ્તવ્યસ્ત છે, એક સીધો અને બીજો વાંકો..." આ તો બિચારા ભલાભાઈ! એમણે કલ્પના કરી "આ માણસ ઝાડ પરથી પડી ગયો હોય અને મરી ગયો હોય, એમ લાગે છે. મડદાનો આપણને શો ડર?' એમ કરી ત્યાંથી પાછા વળ્યા, આવ્યા બાપ પાસે. બાપ રાહ જોઈને બેઠા છે કે "ભલીયો બરાબર જગાના સમાચાર લાવે એટલે દાબડો કપડામાંથી કાઢી જમીનમાં દાટી દઉં." ત્યાં તો ભલીયાજી આવી રીપોર્ટ આપે છે, 'બાપુજી, ચારે બાજુ જોઈ આવ્યો, કોઈ દેખાતું નથી. એક જગાએ એક ઝાડ નીચે મડદુ પડ્યું છે, પણ આપણને મડદાનો શો ભય?'

'અરે ભલા! તેં બરાબર જોયું છે કે એ મડદુ' જ છે? જોજે કોઈ લુચ્ચો ઢોંગ કરી સૂતો ન હોય!'

'ના રે ના, બાપુજી! એ તો બિચારો કોઈ ઝાડ પરથી પડી મરી ગયો લાગે છે!'

બાપ કહે, 'તો એ લોહીલુહાણુ પડયો હશે?'

ભલીયો કહે, 'ના.'

'તો પછી એમ શાનો મરી જાય?'

'એ તો બાપુજી, મૂઢ માર લાગેલો. તેથી હૃદય સાવ બંધ પડી ગયું લાગે છે.' વિનયપૂર્વક ભલીયાએ એનું શાસ્ત્ર સંભળાવ્યું.

બાપ પૂછે છે, 'તે તેં બરાબર તપાસી જોયું હતું?"

ભલીયો આશ્ચર્યથી પૂછે છે, "તપાસીને એટલે શું મડદાને અડીને બાપુજી?"

'અરે મૂરખ! આ તું શા વેદ ભણાવા બેઠો? લાગે છે કે અડયા વિના જ માત્ર ઉપર ઉપરથી જોઇને આવ્યો છે! જા, જા, જા, બરાબર અડીને તપાસ કરી આવ. જો જે, એનું માથું હાથ-પગ અને જરૂર પડે તો આખું શરીર ઉંચકીને પછાડી જોજે. આતો લાખો કરોડોનું ઝવેરાત દાટવાનું કામ છે, બે-પાંચ રૂપિયાની વાત નથી. અને બે-પાંચ રૂપિયાની વાત હોય તોય તે એમ થોડું જ લૂંટાવી દેવાય?'

લક્ષ્મીની-અર્થની કેવી ભયંકર ચિંતા! ચિંતા હતી માટે જ કેવી ભારે તકેદારી! અને તપાસણી! કેવી ચીવટ અને ચોકસાઈ! એથી જ સામાનું માથું, હાથ-પગ અને આખું શરીર પછાડવા સુધીની કેવી નિષ્ઠુરતા? આથી જ અર્થચિંતા અધમ છે. ભલીયો બિચારો શું કરે? પાછો ઉઠીને ચોરની નજીક આવ્યો. લુચ્ચો અહીં મનમાં નક્કી કરી લે છે કે "માલ ઘણો છે, ભલે માથું પછડાય, ચિંતા નહિ; એતો માથું ફોડીને માલ લેવાનો છે." ભલીયે આવીને એને ફેરવી જોયો, હાથ ઉંચકી નીચે પછડાતો મૂકયો, એમ પગ, માથું અને આખુંય શરીર ઉંચકી જમીન પર પછડાતું મૂકયું, પણ ચોર તો બોલે જ શાનો! સળ-

વળે જ કોણ? ભલીયો વિચારે છે કે 'અહો! બિચારાને ગાઢ ચોટ લાગી મર્યો લાગે છે!' આવ્યો પાછો બાપ પાસે.

બાપને કહે, 'બાપુજી, એમાં કાંઈ નથી. એનું માથું તો એવું ભડાંગ કરતું પછાડ્યું કે જીવતો હોય તો ચમકી ઉઠે. આમાં કાંઇ જ થયું નહીં. સહેજ કંપ પણ નહિ તો! એ તો મરી ગયો છે.'

લક્ષ્મીદાસ બરાબર લક્ષ્મીના દાસ હતા! એટલે એમની શેઠાણી જે લક્ષ્મી, તે લક્ષ્મીબાના જતન કરવામાં પૂરા સાવધાન હતા! તેથી હજી ભલીયાના વચન પર વિશ્વાસ નથી આવતો. ઉલટા વહેમાય છે કે 'લોહી નીકળ્યું નથી...અને મડદું અખંડ છે. પછાડવા છતાં સળવળતો નથી, માટે કોક લુચ્ચો ન હોય?'

પુત્રને કહે છે 'અલ્યા ભલીયા, આ તો કોઇ લુચ્ચો લાગે છે.'

'બાપુજી, તમે તો બહુ વહેમી! મેં બરાબર જોયું છે. આખું શરીર પછાડ્યું છે.'

'અરે બચ્ચા, તને ખબર ન પડે.'

'તો હવે શું કરવું છે?' ભલીયો પૂછે છે.

બાપ કહે, 'લે આ ડંડો, જા જરા જઈને એને ઝુડી આવ. જીવતો હશે તો ઝટ ઉભો થશે. જો જે દયા-બયા ખાતો ના.'

**આત્મવિચારણા:**—આ સાંભળીને તમને મનમાં શું એમ થાય છે કે 'અહાહા! લક્ષ્મી! શો તારો પ્રભાવ! કેવી તારી નિષ્ઠુરતા, અને ક્રૂરતા! ખરું જોતાં શું આત્માની તું સગી છે? પરભવે તને થોડી જ સાથે લઇ જઈ શકાય છે? તેમ અહીં પણ સ્થિર રહેશે એવો વિશ્વાસ થોડો જ ધરી શકાય એમ છે? છતાં તારા ઉપરની જીવની કાળજી અને પ્રેમ-આદરને લીધે

જીવ કેટકેટલા ભયંકર કામ કરવા તૈયાર થાય છે? તારા લીધે જીવ કેવી કાળી લેશ્યાઓ અને ભયાનક વિચારસરણીમાં ચઢે છે? આ રીતે લક્ષ્મીની ઓળખાણ પડે છે? એના પ્રત્યે તિરસ્કાર થાય છે? સાચી ઓળખાણ થયા પછી લક્ષ્મી હાથમાં હશે છતાં વિવેક નહિ ગુમાવાય.

**ચોરનું ચિંતન:**–પેલો ચોર ડંડો મારવાનું સાંભળે છે ત્યાં ચોંકે છે. વિચારે છે કે 'વાહ! ત્યારે શું ડંડા ખાવા પડશે? માલ તો કોણ જાણે કયારે મળશે! અથવા મળશે કે કેમ, તે કહેવાય નહીં, અને માર પહેલો ખાવાનો? ખેર! પણ માર ખાયા વિના માલ ન મળે. માટે ડંડા તો ડંડા, ખાઇ લેવાદે. ધન હાથમાં આવ્યા પછી તો જરૂર પડયે આખા જગતને ડંડા લગાવી શકીશ.'

ભલીયો ડંડો લઇને પહોંચ્યો. ઉંધા પડેલા આ ચોરના ખરડામાં બે ચાર ડંડા લગાવ્યા, પણ અહીં સણસણે જ કોણ? કહો, સ્વેચ્છાએ માર ખવાય? હા, કમાણી લાગે તો સ્વેચ્છાએ પણ ખવાય! ભલીયાએ જોયું કે "આમાં કંઈ નથી. મારા બાપુ નકામા વહેમાય છે..." એમ કરીને આવ્યો પાછો. કહે છે–

'લ્યો સુડી આવ્યો, કાંઇ જીવ–બીવ નથી, એ તો ન હાલે કે ન ચાલે. આ નકામા તમે વહેમાઓ છો.'

બાપ કહે, 'બેટા ધીરો પડ, તને દુનિયાની ઓળખ નથી. આ તો ડંડા શું, પૈસા ખાતર તો ઘણુનાઘણુ ખાઇ લેવાય.'

"બાપુજી, ખાઇ તો લેવાય, પણ જરાક કંપારો—આંચકો કે એવું કાંઈક થાય કે નહીં?"

'ના દિકરા ના, પણ એ તો કહે કે તેં ડંડા માર્યા, પછી એના શરીરે લાલચોળ સોળ ઉઠી આવ્યા હતા?'

'તે તો મેં કાંઈ જોયું નહોતું.'

'જો ત્યારે ભલો ખરો ને?"

'પણ એ તો બાપુજી મરેલાનેય બહુ ગુડીએ તો શું સોળ ન ઉઠી આવે?'

'ભલા, હજી તું નાદાન જ રહ્યો! લે એમ કર, આ છરીથી એના કાન કાપી લાવ. જો જીવતો હશે તો કાન શાનો કપાવા દેશે?' અર્થચિંતા પાછળ હૃદયની કેટલી કઠોરતા!

પણ બિચારા લક્ષ્મીદાસને કયાં ખબર છે કે પોતે તો લક્ષ્મીનો દાસ હશે, પણ આ ચોર તો લક્ષ્મીએ ખરીદેલો એવો ગુલામ છે કે લક્ષ્મીના હુકમથી કાન પણ કપાવવા તૈયાર થાય! જો કે આ લુચ્ચો તો મનમાં વિચાર કરે છે કે 'હૈં હજી શું લક્ષ્મીદેવી મારી કસોટી કરી રહ્યાં છે? તે કાન કાપી લેવાની આપદા આવી? જીવતા જીવે કાન કેમ કપાવાય? લોકમાં પણ કાનકટ્ટા તરીકે હલકાઈ થાય...કાન તો ભાઈ...આપણે નથી કપાવવા;' પણ પાછો વિચારે છે કે 'પેલો કાન કાપનારો આવશે તો ખરો. તો શું હું એનો સામનો કરૂં કે અહિંથી ભાગી જાઉં? પણ હા...આ લોક પાસે માલ બહુ લાગે છે. તો ભલેને કાન કપાય; પછી લક્ષ્મીથી બનાવટી કાન કયાં નથી લગાડી શકાતા? ઉપરાંતમાં વૈભવનો પાર નહિ રહે! અહાહા...એ મઝા કયાં! અને કયાં આ સાચા કાનવાળી પણ કંગાળ ગરીબાઈ!' ઈત્યાદિ વિચાર કરી બરાબર ત્યાં જ પડી રહ્યો.

ભલીયો આવ્યો. બરડો જોયો તો લાલચોળ સોળ ઉઠી આવ્યા છે. વિચારે છે કે 'આ લાગે છે તો જીવતો, પણ હમણાં ખબર પડશે. મામાનું ઘર કેટલે? આ છરીથી ભાજીની જેમ કાન કાપવા જઈશ, ત્યાં જીવતો હશે તો ઝટ સળવળશે.'

**અર્થની લગનીમાં પશુતાનું પ્રદર્શનઃ**—જુઓ અર્થની પ્રીતિ માણસને કેટકેટલી ઉગ્ર ક્રૂરતાના કૂપમાં ઉતારે

છે ! આ ગુણીયલ છોકરો પણ બાપની પાછળ મહાદુર્ગુણી બનતો જાય છે ! આર્યદેશના પિતાને તો પુણ્યકર્મે સંસારરૂપી ચોરની પલ્લીમાંથી સ્વજનોને મુક્તિરૂપ ઘર ભેગા કરવાની સુંદર તક આપી છે; ત્યારે આ નાદાન બાપ ઉલટો છોકરાને લક્ષ્મી–લૂંટારણની મોહિની પાછળ ક્રૂરતાદિ દુર્ગુણોની ભયંકર ચોર પલ્લીમાં ઘસડી જાય છે ! એને એમ નથી થતું કે, 'હું તો મરી રહ્યો છું, પણ આ ગભરૂ બાળકને શા શારૂં મારૂં ?' જીવન જીવતાં માનવી માનવતાને વિકસાવવાના આદર્શ ભૂલે છે, ત્યારે સ્વાત્મામાં પશુતાનો વિકાસ સાધે છે ! શિકારી પશુની જેમ પોતાની ચોંટ પાછળ વધુને વધુ ઘાતકી, નિષ્ઠુર અને નિર્વિચાર બની જાય છે. માટે જ આ જગતમાં સાવધાન રહેવાની જરૂર છે કે 'આપણે કોઈ એવી ચોંટ પાછળ ન ઘસડાઈ પડીએ. સ્વાત્મામાં પશુતાના વિકાસક ન બનીએ. માનવતાને વધુને વધુ વિકસાવવાના આદર્શ, મનોરથ, યોજના અને અમલ ન ભૂલીએ.'

ભલીયાએ લુચ્ચાનો કાન પકડી એના પર સરરર...છરી મૂકી. ચોર પણ સમજી બેઠો છે કે, "જીવતા જીવે લક્ષ્મી મળતી હોય તો જીવતા જીવે કાન કપાવવામાં વાંધો નથી; અને લક્ષ્મી તો હવે આ મળી સમજોને ! આટલા કાન કપાવા દઉં કે તરતજ બાપ દિકરો નિશ્ચિંત થઈ ધન દાટીને રવાના થવાના, પછી તો બંદા એ ધન ઉઠાવીને બસ ! ન્યાલ થઈ જવાના !" લુચ્ચો એટલો અંદરથી કઠોર લાગણીનો બની ગયો કે ભલીયો કાન કાપે છે છતાં જરાય એ કંપતો નથી. નિષ્ઠુર ભલીયાએ તો જડબેસલાક કાન કાપી નાખ્યો ! પછી એ વિચારે છે કે, 'આ તો મરેલો લાગે છે, ત્યારે બીજો કાન કાપું કે કેમ ? પણ લાવને બીજોય કાપી લેવા દે, નહિતર તો વળી બાપુજી ચીકણા બહુ છે, તે કહેશે, 'કેમ, એકજ કાન લાવ્યો, જા બીજો લઈ આવ.'

તો પાછો ધક્કો રહેશે. આ જંગલમાં બહુ સમય ગુમાવવો સારો નહિ.' એમ કરીને છરીથી લુચ્ચાનો બીજો કાન પણ કાપી લીધો. લક્ષ્મી કયું પાપ ન કરાવે ?

**યોગ્ય ચિંતન:**—' હેં ! ત્યારે શું ચોરે કાન કપાવા દીધા ? ' એમાં આશ્ચર્ય શું થાય છે ? આ ચોર જેવો આપણોય જીવ પૂર્વના કોઈ ભવમાં પરાક્રમી હશે. એટલે જ એ વિચારવું જરૂરી છે કે, " અહો ધન ખાતર મેં ઘોર કષ્ટ સહ્યાં છે, તેય અનંતીવાર સહ્યાં છે; તો ધર્મ ખાતર આ માત્ર એકાદ ભવમાં થોડાંય કષ્ટ કાં ન સહું ? બસ આજથી મારો નિર્ધાર છે કે ભલે કષ્ટ લાગે, છતાં શોધી શોધીને ધર્મ કરી લઉં."

ભલો આવ્યો-બાપ પાસે, ' લ્યો આ કાન, નકામા વહેમાઓ છો. જીવતો માણુસ બબ્બે કાન આમને આમ કપાવા દે ? એક ટાંકણી ન ભોંકવા દે ટાંકણી. '

બાપ કહે, ' અરે પણ મૂરખ ! તારૂં ડહાપણુ રહેવા દે, આ કાન લોહીએ ખરડ્યા કેમ છે ? મડદામાં તે વળી લોહી હોતું હશે ? "

પણ છોકરો એમ તો દલિલબાજ હતો. તરત જ બાપને કહે છે, " હવે આટલા ઉતાવળા શું થાઓ છો ? એ તો મેં નહોતું કહ્યું કે, બિચારો ઝાડ પરથી તરતનો પડેલો હશે. તે તાજું મૃત્યું હોય તો એટલામાં શું લોહી સુકાઈ જાય ? '

બસ ! લક્ષ્મીદાસને હવે ભલીયા ઉપર ભારે ગુસ્સો આવી ગયો. એની આંખ આગળ એ દૃશ્ય ખડું થાય છે કે ' અહો આ કરોડોની મૂડી ! અને નથીને એ જો જીવતો નીકળ્યો તો મારી બધી જ મૂડી ઉપાડી જ જાય ને ? પછી દુનિયામાં શું આપણું મૂલ્ય, અને શું આપણું જીવતર ! ' કેમ જાણે જગતમાં જીવનું સાચું મૂલ્ય કે જીવતર હોય તો કરોડોની લક્ષ્મી ! અજ્ઞાનમૂઢ

જીવને લક્ષ્મી ખોવાઇ જાય એનું જે મહાન દુઃખ થાય છે, એવું લક્ષ્મી હાજર હોવા છતાં મહાપુણ્યનાં કાર્ય કરી નથી લેવાતાં. એનું કાંઈ જ દુઃખ લાગતું નથી!

બાપ ગુસ્સે થઈ ગયો, 'લાવ, હવે મને જાતે જવા દે. હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા......મોટો વીસ વરસનો ગધેડો પાકયો! બેવકૂફને અક્કલ તો જરાય આવી નહિ! પાછો ઉપરથી દલીલ કરે છે!'

બાપના આ વલણથી છોકરો દીન બની ગયો. ગળગળો થઇને કહે છે, "પણ બાપુજી! આમ કાં કરો? આપ જઇને શું વધારે કરશો? આ મેં એને ઉંધોચતો કર્યો છે, ડંડાથી ગુડયો છે, કાન કાપ્યા છે, એમાં કયાંય એ સળવળ્યો નથી. તેથી ચોક્કસ મરી ગયો લાગે છે. છતાં હજીય મને ફરમાવો કે શું કરૂં? હું તો અજ્ઞાન છું."

**સગાં કોને પરણેલાં?**:–બાપ કહે, 'તો પછી સમજયા વિના શું કુતર્ક કરવા શીખ્યો છે? લે આ છરી, જા એનું નાક કાપી લાવ.' આ સાંભળતાં લુચ્ચો ગભરાયો. એને એમ થયું કે, 'હાય! આ તો નાક જવાનો અવસર આવ્યો. કોણ જાણે આ ડોકરો કયારે છાલ છોડશે? અને નાક કેમ જવા દેવાય? લોકમાં નાક ગયા પછી કોડીની કિંમત! જિંદગીભર નાકકટ્ટા થઇને રહેવાનું. ઘેર ગઇ એવી લક્ષ્મી!' પણ વળી પાછો વિચારે છે કે, "આ લક્ષ્મી વિના મને કેટકેટલો ત્રાસ છે? પહેલો ત્રાસ ઘરવાળીનો! એ તો કેમ જાણે મારા કરતાં કુબેરદેવને જ પરણેલી છે! આખો દિ' એનો કટકટારો ચાલુ! 'લાવો પૈસા, લાવો પૈસા. બેસી શું રહ્યા છો?' આ અમે મરદ હોત તો હમણાં આ ભઠીયારૂ તમને સોંપી બજારમાં જઇ લક્ષ્મી કમાવી લાવત, અને બતાવત કે ખરી મરદાઈ હોય તો શું ન મળે? આ

તો હાડકાં હરામ રાખવા છે; અને પછી કહેવું કે પૈસા નથી મળતો. તોશું જોઈ મરદનો અવતાર લીધો છે ? ચુડીઓ પહેરો ચુડીઓ ! આજ તો રાંડીરાંડોએ ધન કમાઈ જાણે છે !" ઘરવાળીના આવા આવા ઠપકા વગેરેનો ત્રાસ કયાં ઓછો છે ?

જુઓ, લક્ષ્મી પાછળ જગતનો કેટલો ઉન્માદ છે ? શું જાણે આની ઘરવાળી એમ જ માની બેઠી છે કે હાડકાં આખાં હોય એને લક્ષ્મી મળી જ જાય; અને મરદાઈ કશામાં હોય તો તે લક્ષ્મી મેળવવામાં ! અજ્ઞાનને કયાં ખબર છે કે આજે ઘણુાય હરામ હાડકાના માણસો થોકબંધ રૂપિયા કમાય છે; અને ભારે મજૂરી કરનારા કેટલાય જીવો કુટુંબનો પૂરો રોટલોય નથી કાઢી શકતા !

**ખરેખરી મરદાઈ તો પ્રારબ્ધના પ્રહારો સામે અણુનમ રહેવામાં છે:**—ગરીબીમાં દીનતા નહિ, શોકનું નામ-નિશાન નહિ, પાપબુદ્ધિ કે પાપકાર્યનો લેશ નહિ, તો સાચી મરદાનગી છે, પણ આ લુચ્ચો કયાં એવી સાચી મરદાઇવાળો છે ? એ તો વિચારે છે, 'લક્ષ્મી વિના હું ઘણો દુ:ખી, એક તો બાયડીનો બળાપો. ત્યારે બીજી બાજુ દાણાવાળો, ગાંધી, ઘાંચી, કાછીયો, દૂધવાળો, મકાનમાલિક...ઈત્યાદિ બધાનાં ઉઘરાણાં ચાલુ છે. દમદાટી દે છે, 'લાવો પૈસા. નહિતર કોર્ટમાં ઘસડશું, માલમિલ્કત પર જપ્તી લાવશું.' ઉધારે નવા દૂધ, ઘી, તેલ, શાક, દાણા વગેરે આપવાની તો વાતેય નહિ, પણ ઉપરથી ટાંચ...હાય ! હાય ! સરકારી ટાંચ આવે તો ઘરવાળીનું, પેલા મણિયા, કણિયા, રણિયાનું અને ચંચી-મંછીનુ શું થાય ? ભાડતી ઘરમાંથી બહાર નીકળી રસ્તા પર ઉભા રહેવું પડે ! આ ત્રાસ આપણાથી ભોગવાય નહિં. એનાં કરતાં તો આ નાક જતું હોય તો ભલે જાય,' પણ લક્ષ્મી મળવી જોઇએ. લક્ષ્મી આવ્યા પછી તો બાદશાહ છીએ. લોકમાં પણ લક્ષ્મી વિનાના માણસો છતે નાકે નાકકટ્ટા કહેવાય છે. શ્રીમંત

સસરાને ત્યાં ગરીબ જમાઈ પ્રેમથી અમસ્તો જતો હોય, પણ પેલા શું સમજે? 'આ જમાઈ નાકકટ્ટો લાગે છે, બોલાવતા નથી તોય ઉઠી ઉઠીને આવે છે.' એમ લક્ષ્મીવાન ભાઇને ત્યાં જતાં ગરીબ ભાઈ, ધનાઢ્ય મિત્રને ત્યાં જતો ગરીબ મિત્ર, શ્રીમંત જતો આગેવાનને ત્યાં જતો ગરીબ આગેવાન, શ્રીમંતના સર્કલમાં રહેતો ગરીબ સ્નેહી સબંધી કે પિછાણવાળો, આ બધા નાકકટ્ટા લાગે છે. ત્યારે, ખરેખર જો નાક કપાયેલું હોય, પણ જો લક્ષ્મીવાન હોય તો લોક કહે છે, 'વાહ! શું શેઠે નાક રાખ્યું છે! શેઠ ભારે આબરૂવાળા. દેશપાર એમની ખ્યાતિ!' વગેરે વગેરે. આમ વિચાર કરી મનને મક્કમ કરી લુચ્ચો પડી રહ્યો, ત્યાં ભલાભાઈ પધાર્યા.

**તૃષ્ણાના પાપેઃ**—ભલીએ લુચ્ચાને મરેલો સમજે છે. તેથી એને એના પર છરી ચલાવતાં અરેરાટી થતી નથી. તૃષ્ણાભર્યું જીવન કેવું વિચિત્ર છે! જીવ તૃષ્ણાના વેગમાં દયાના સ્થાન પર ક્રૂરતા કરે છે. અને ક્રૂરતાના પાત્રભૂત જે તૃષ્ણાદિ આંતર દુશ્મનો, તેના પર સ્હેજ અરેરાટી તો નહિ, પણ ઉપરથી એ તૃષ્ણાને હોંશપૂર્વક કર્તવ્ય માની આદરે છે! એવામાં ભલીએ આવીને સીધા ચોરના શરીર પાસે બેસી, જોરથી એનું નાક પકડ્યું. ચોર સમજે છે, "હવે આ છેલ્લી આફત છે; અને **માલ તો મારે સાટે મળે**! એમાં જો આનાકાની કરી, તો જીવતા જીવે દરિદ્રતામાં મુઆથી ભુંડા છીએ. ત્યારે ઉપદ્રવ સહી લેવામાં કાંઈ મરી જવાના નથી. એક નાક જશે, પણ લક્ષ્મી તો હાથમાં આવશે. એથી તો બંગલો, બગીચો, રૂપસંદરી, પાલખી, પટાવાલા, ભોગવિલાસ, મોજમજાહ વગેરેનો પાર નહિ! અહાહાહા, શી મઝા! બસ જવા દે નાક..." એમ કહી શાંત પડી રહ્યો.

એક દુન્યવી અર્થની લાલસા લાગી છે તો ચોર કેટલું સહવા તૈયાર થાય છે! એમ જો જીવને સ્વકીય અનંત

સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની લાલસા લગની લાગી જાય, તો પછી કર્મના ઉપદ્રવ મન મજબુત બનાવી સહી લઈ કર્મનો અંત લાવવામાં આનાકાની થાય?

**નાક કાપ્યા પર સંતોષ, પણ ગફલતઃ**- ભલીએ છરી કાઢી, બિચારા ચોરનું નાક કાપી લીધું; અને લોહી ખરડયું નાક લઈને આવ્યો બાપ પાસે. કહે છે, 'જુઓ આ નાક કાપી લેવા છતાં જરાય ત્યાં સળવળાટ કે કંપ નહોતો. પછી એ મડદું જ ને? આ નાક બહુ જલ્દીથી કાપેલું તેથી બહુ લોહી-ખરડયું છે.' હવે તો બાપ પણ ભૂલ્યો. ભલીએ નાક કાપ્યા ઉપર સંતોષ માન્યો, કે 'જીવતો જીવ શાનું આટલું બધું કપાવા દે?' પછી તો નિરાંતે ધન દાટી, ઝાડ પાસે નિશાન રાખી બાપદિકરો ચાલી ગયા. એમના અદૃશ્ય થઈ ગયા પછી ચોરનું શું થયું એ તમને કહેવું પડે એમ છે? ના, કેમકે કદાચ ચોરની બાબતમાં નહિ સહી, તોય શાહુકારની બાબતમાં લક્ષ્મીની આગળ પાછળની બધી યોજના, ઝંખના, હિસાબ વગેરેમાં તમે એક્ષપર્ટ-નિષ્ણાત, અથવા બહુ અનુભવી છો. કહો, અધમ એવા અર્થનો પક્ષ અને ચિંતા જીવને કઈ કક્ષામાં ઉતારે છે? પરંતુ જીવ જો એ અર્થના પક્ષમાં અને ચિંતામાં ખોવાઈ ગયો તો પછી અવનતિનો હિસાબ નહિ રહે.

**ચોરીઃ**—ચોર ઉઠયો. વનસ્પતિથી નાકકાનના સ્થાને લોહી બંધ કર્યું. ખાડો ખોદી રત્નોની પેટી કાઢી કપડામાં લપેટી થયો ઘર ભેગો. એમાંથી રત્નો વેચી એણે ધીમે ધીમે મોટી દુકાન કરી, બંગલો લીધો, અને ચોરીનો ધંધો મૂકી દીધો.

તમે કહેશો કે જુઓ પૈસાએ એને કેવો લાભ કરી આપ્યો. ચોરી મૂકાવી દીધી! પણ એવું નથી, એણે જે ચોરી મૂકી એમાં ઉપરનું કારણ ભલે પૈસા દેખાય, પરંતુ અંદરનું કારણ એની

થોડી પણ લાયકાત, રાજભય, અને ચોરીના ધંધા પર જુગુપ્સા છે. નહિતર તો જગતમાં એવા કેટલાય છે કે જે છતે પૈસે ઘોર અનીતિ કરે છે.

**શેઠને ચોરનો વહેમ:—** હવે તો શાહુકાર બનેલા ચોરે બનાવટી નાક લગાવ્યું, કાન ઢાંકવા બુકાની બાંધી, અને મસ્ત થઇને શહેરમાં ફરે છે. જીવને પૈસાની હુંફ કેવી! પૈસાની ગરમી કેટલી? એકવાર બન્યું એવું કે કાર્યવશ પેલો લક્ષ્મીદાસ શહેરના આ ભાગમાં આવી ચઢયો, અને રસ્તામાં એણે આ માણસને જોયો. જોતાં જ થંભ્યો! આશ્ચર્ય પામ્યો કે 'આ શું? બુકાની બાંધેલી છે. નાક બનાવટી છે!' એના મનમાં શંકા થઇ, "અરે! આ પેલો લુચ્ચો તો નહિ હોય? ત્યારે શું એ ત્યારેય સાચે સાચ જીવતો જ હતો? તો એણે મારૂં ધન ઉપાડી તો નહિ લીધું હોય? હવે તો મારે જલ્દી તપાસ કરવી પડશે! પરંતુ એકવાર આનું નામ-ઠામ જાણી લેવા દે. પછી જંગલમાં જઈ હમણાં ને હમણાં તપાસ કરી આવું."

**ધર્મલગનીની પરીક્ષા:—** લક્ષ્મીની કેવી માયા છે? એના અંગેની વસ્તુ ઝટ ખ્યાલમાં આવતા વાર નહિ! પાછું એમાં જરૂરી ઉદ્યમ પણ તાબડતોબ કરી લેવાનું થાય છે. અહો! આ જીવને એ ધનને બદલે ધર્મની લેશ્યા અને લગની ક્યારે જાગવાની? ધર્મની લેશ્યા અને લગની જાગ્યાનું લક્ષણ આજ છે કે ધર્મ અંગેની અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુ ઝટ લક્ષમાં આવ્યા કરે, એને ઉપાર્જવા, સાચવવા, વધારવા જરૂરી ઉદ્યમ તત્કાળ સ્ફૂરે; અને તરત જ અમલમાં ઉતરે.

લક્ષ્મીદાસે લુચ્ચાની પૂંઠે પૂંઠે ફરી એના ઘરનો પત્તો મેળવ્યો. પછી બાજુમાં રહેનારને એનું નામ પૂછી લીધું. સાથે પૂછે છે, 'પણ ભાઈ! આ શેઠ બુકાની કેમ બાંધે છે?'

**ધનની તપાસઃ—** સામો ઉત્તર આપે છે, "શું ભલાભાઈ એટલીય ખબર નથી પડતી! આ તો કોઈ પરદેશી શેઠ અહીં રહેવા આવ્યા છે. તે કહે છે તો એમ કે કાને શરદી બહુ રહે છે, તેથી વૈદે બુકાની જેવું બાંધી રાખવાનું કહ્યું છે, પણ અમને તો વહેમ પડે છે, કે એ માટે કાંઇ આટલું જાડું બાંધવાનું હોય? લાગે છે કે કયાંક કાનની મોટામાં મોટી ખામી હશે, પણ મોટા માણસને કોણ વધારે પૂછી શકે?" કહો, દુનિયાએ લક્ષ્મીમાં કેવી મોટાઈ માની છે? પણ હવે શેઠથી ન રહેવાયું. ત્યાંથી સીધા જ શેઠ જંગલમાં ઉપડ્યા! નિશાન મુજબ ખાડો ખોદી જુએ છે તો માંહી એકલા કાંકરા ને ધૂળ છે...ધનબન કંઈ ન મળે! એ જોઈને આ લક્ષ્મીનો દાસ કયાં ઉભો રહી શકે? શેઠ ત્યાંના ત્યાં બેભાન થઈ ગયા.

**લક્ષ્મીની પાછળ રાક્ષસી વિચારણાઃ—** ભાનમાં આવીને કલ્પાંત કરે છે, 'અહાહા! આ શું થઈ ગયું? જરૂર ઝવેરાતનો ડાભડો એ લુચ્ચો લઈ ગયો, હાય મારૂં તો સર્વસ્વ ગયું! ત્યારે શું ખરેખર એણે જ ચોર્યું? પણ એમાં શી શંકા? બસ, એજ ચોર! હું કેટલો મોટો મૂર્ખો કે અહીં એવાની જાણમાં ધન દાટી ગયો. મને વહેમ તો પડતો જ હતો કે એને ધોકાથી મારતાં સોળ કેમ ઉઠયા, કાન અને નાક કાપતાં લોહી કેમ નિકળ્યું? એણે ધન માટેજ નાક-કાન કપાવા દીધાં; અને એ ધનથી હવે નાક કાનવાળો થઇને ફરે છે. ત્યારે હું તો છતા નાક-કાને, હાય! લક્ષ્મી જતાં નાક-કાન વિનાનો થઇ ગયો! આ બધી મોંકાણ ભલીઆએ ઉભી કરી હું તો કહેતો હતો જ કે એ...જીવતો હશે... પણ મૂર્ખ દિકરાએ માન્યું નહિ! હું પણ કેવો અક્કલનો અંધુરો અને ભોઠ કે જયારે એના નાક-કાન કપાવ્યા, ત્યારે સાથે સાથે ગળું ન કપાવ્યું.. એ કર્યું હોત તો બદમાશ પછી જીવવાનો જ કયાં હતો કે ધન લઈ જાત!!" શેઠ ભયંકર વિચારમાં ચઢયા. હવે

વળવાનું કંઇ નથી, પરંતુ રૌદ્રધ્યાનમાં ચઢી આત્માની ઘોર ખોદી રહ્યા છે. આ બધી વિચારસરણી શું બતાવે છે? અર્થનો અધમ પ્રેમ! તામસી અર્થચિંતા! આ વાણીઓ એમાં ખૂનના વિચાર સુધી પહોંચી ગયો. ખૂન ન થઈ શક્યું એનો ભારે ખેદ કરે છે. આ તો તંદુલીઆ મચ્છની દશા છે. એમાં સીધી નરકની વાટે જ ઉપડી જવાનું.

**કરવાનું ઓછું; બાંધવાનું ઘણું**:-કેવી કારમી લેશ્યા? તો શું જગતમાં લેવા મૂકવાનું પોતાના નસીબ મુજબ હોવા છતાં, પાપી વિકલ્પો, પાપી ધારણાઓ અને પાપી કૃત્યોની કાંઈ સીમા જ રાખવાની નહિ? આર્યદેશનું સંતાન અને ખૂનનો વિચાર? અને એ વિચાર પાછો મરે ત્યાં સુધી છૂટે નહિ? હા, લક્ષ્મીના ખેલ જ એવા છે! એની ઘોર કાળીલેશ્યા જીવને કેવાં સતતપણે લખલૂટ પાપોનો બંધ કરાવ્યે જ રાખે છે, એ અવર્ણનીય છે.

**રાજદરબારે**:- પછી તો એ પાછો આવીને ભલીઆ ઉપર ત્રાટકે છે. મારપીટ કરે છે! રાજદરબારમાં ફરીઆદ કરી પેલાને હાજર કરાવે છે, પણ મંત્રી હોશિઆર છે, ચોરની ચોરી પકડી પાડે છે. પરંતુ લુચ્ચો એક જ વાત રજુ કરે છે, "નામદાર મારા કાન અને નાક પહેલાં કાપ્યાં, પછી એનો માલ મેં ચોર્યો છે. પહેલો ગુન્હો એનો છે. છતાં એ મારા નાક-કાન પાછા લાવી આપે તો હું એનું ધન પાછું લાવી આપવા તૈયાર છું."

દરબારમાં સનસનાટી વ્યાપી ગઈ. રાજા પણ સમજ્યો કે આ કૃપણ લક્ષ્મીદાસ ભયંકર નિર્દય છે, તેથી એ લક્ષ્મીને લાયક નથી. પ્રગટપણે લક્ષ્મીદાસને કહ્યું, "એના નાક-કાન પાછા મેળવી આપો તો તમારી લક્ષ્મી પાછી આવે." લક્ષ્મીદાસ શું રાખ મેળવી આપે? કેસ નીકળી ગયો. લક્ષ્મીદાસ દુર્ધ્યાનમાં જીવન પુરૂં કરી, અર્થચિંતાની ભયંકરતાના પાપે મરીને સીધો નરકમાં પહોંચી ગયો.

અર્થચિંતા આવી ભયંકર છે. એ કંઇ મહાહિંસા, મહા-જૂઠું, મહાઅનીતિ કરાવે છે. એ માટે મહાક્રોધ, અને એની પાછળ મહાઅભિમાન, વગેરે જે એક સાથે અતિભયંકર પાપો કરાવે છે. તેનો હિસાબ નહિ !

**પરચિંતા ભયંકર**:-પરચિંતાને તો અધમાધમ કહેવાનું કારણ એ છે કે એમાં પારકી પંચાત, પારકાની ઘોર નિંદા, કંઇના ઘર ઉખેડવાની વાતો, પારકાની ઝીણી ઝીણી વાતોમાં પણ મોટી મોટી કુથલીઓ, કલ્પનાઓ, અને આગળ વધીને ભયાનક કુકૃત્યો... આવું બધું ઘણું થાય. માટે જ પરચિંતાના પડછાયે પણ જવાની જરૂર નથી.

**પ્રશ્ન**:-તો શું પરની સારી ચિંતાય ન કરવી ?

**ઉત્તર**:-પરની સારી ચિંતા એ પરચિંતા નથી, પરંતુ પરદયા છે; પર-ઉપકારની ભાવના છે. બીજા પ્રત્યે શુભ લાગણી છે. અહીં પરચિંતા કીધી તેમાં તો પરના નિકંદન સુધીની કાળી વિચારણા આવે છે. આજે ઘણાંને આ પરચિંતા, પરતપ્તિ, પારકા માટેની બળતરા બહુ વધી ગઈ છે. એનું પાનીયું હાથમાં આવ્યા પછી જરૂર પડયે એના પર આળ-અભ્યાખ્યાન, એની ગુપ્તવાતોનો જાહેર ફેલાવો વગેરે કરવામાં અટકાતું નથી. માટે જ જ્ઞાનીઓ કહે છે કે "**તમે તમારૂં જ જુઓ. બીજાનું જોવા જશો તો માર્યા જશો.**" એથી તમારા હૈયામાં ઉલટું રાગદ્વેષ, કષાયો, દુર્ધ્યાન, ઈર્ષ્યા, અસૂયા અને કુસંસ્કારોની વૃદ્ધિ થશે. આ અમૂલ્ય જીવન તો જોતજોતામાં સંકેલાઇ જશે, પણ આ પાપોનો દારુણ વિપાક કેટલાય ભવો ચાલશે. ત્યાં કોઈ ઉદ્ધરનાર નહિ મળે, કે ઉગરી શકાય એવું યોગ્ય જીવન પણ નહિ મળે. એ તો માત્ર એક માનવનો ભવ એવો ઉચ્ચભવ છે, કે એમાં પરચિંતામય અર્થ-ચિંતા અને વિષયચિંતા મૂકી એક માત્ર ધર્મચિંતામય જીવન બનાવી શકાય એમ છે.

**કામકથામાં કદરૂપતાઃ**–કામકથાના પ્રેમીઓ ખરી શત્રુભૂત ઇન્દ્રિયોને અનુકૂળ વર્તનારા હોય છે. ઇન્દ્રિયો માગે એટલું આપે ! જેમ પતંગીયું દીવાનું રૂપ જોઈ નાચ કરવા લાગી જાય છે, તેમ આ પણ જરા સારૂં રૂપ જોતાં હૈયાથી નાચવા માંડે છે. વટ-વહેવારમાં આબરૂદાર તરીકે રહેવું હોય, એટલે એક સરખું કદાચ પરરૂપ સામે તકાય નહિ, તેથી થોડું જોઈ આંખ ખેંચી લે, પણ આંખ જાય પાછી ત્યાં ને ત્યાં ! તુચ્છ વિષયોમાં રાચે ! એમ જગતના સારાં સારાં ખાનપાન જોઈ જીભ સળવળાટ કરે...જીભ માગે તે આપે, એમાં સુખ માને, એનામાં ત્યાગના ઉચ્ચમાર્ગની વાસના કયાંથી રહે ? વિવેકી બાલકના જેટલીય એનામાં અક્કલ નથી રહેતી. વિવેકી બાળકને પૂછો, 'આંબેલ કેમ કર્યું ? દૂધપાક, પેંડા-બરફી ખા ને ?' એ એની ભાષામાં કહેશે, 'ખાધેલું કેટલો કાળ બેસી રહેવાનું છે ? એટલા માટે આંબેલ તપ મૂકાય ? આજ ખાધું એટલે શું કાલ ખાવું નહિ પડે ?'

**ચોપડે શું લખાવાનું ?**:–પુણ્યના ચોપડે તપ લખાવાનો છે. પેંડા, બરફી નથી લખાવાના. ચોપડે દાન, શીલ, તપ, ભાવ લખાવાના છે; આહાર, નિદ્રા, વિષય કે પરિગ્રહ નથી લખાવાના. શાબાશી ધર્મથી મળશે; રંગરાગ અને ભોગથી નહિ. ગુણીયલ ધર્મથી બનાશે, રંગરાગથી નહિ.

**જગત સાથે તમારી તૂલના કરોઃ**–પરિગ્રહ ભેગો કરી રાખવાની ધૂનમાં શાબાશી નથી. એથી તો જીવ ભૂલો પડતાં થાય ફણીધર ! 'વાહ શું ગંડેરી !' કરતો આયુષ્ય બાંધે તો અવસરે જાય શેરડીમાં. ખંડવાના ઘઉં બહુ ગમતા હોય, તો મરીને જાય ઘઉંના ખેતરમાં. દૃઢ રાગથી પરિગ્રહ ભેગો કરી રાખ્યો હોય તો એના પર ફણીધર થાય ! એક ખેતરમાં કેટલા જીવ પૂરાય ? અસંખ્ય. કહો જો લીલુંછમ ખેતર જોઈ શો વિચાર

આવે છે? જગત જેને જોઈને કારમા પાપ બાંધે છે ત્યાં અપૂર્વ નિર્જરા થઈ શકે એમ છે. ભરચક પાકવાળું ખેતર જોઈ જગત શું વિચારે? 'કેવું સરસ ખેતર! કેવો સરસ પાક!' અને જેને સર્વજ્ઞનું શાસન સમજાયું હોય તે શું વિચારે? 'અહો આ એક ખેતરમાં લાખો જીવો કેદ પુરાયા છે! એમની પછી કાપણી એટલે કતલ થવાની છે!" જીવન તો જગતનું ગણાય અને જૈનનું ગણાય, પણ ફેર કેટલો? ઢોરને જોઈ વિચાર આવે કે "ભોજન પણ આનું પરાધીન! દુઃખનો પાર નહિ! ઢોર કદાચ નવરૂં પડે તોય ધર્મક્રિયા કે ધર્મવિચારણા કયાંથી લાવે? જયારે હું ધારૂં તે સમયે સમયનો સદુપયોગ કરી શકું. સમય અને સામગ્રીનો સદુપયોગ કરવા માટે જ આ માનવભવ છે. કર્મની પશુ કરતાં મારા પર કેટલી મહેર? મારામાં પશુ કરતાં કેવી વિશેષતા!" આવી શુભ વિચારણા થાય તો આત્મા મહાન બની જાય.

**વિષયોનો મોહ આત્માની પ્રગતિને રોકે છે:**—શુભ વિચારણા કોણ રોકે છે? વાતવાતમાં પરમાત્માને યાદ કરતાં કોણ રોકે છે? અવકાશ મળ્યો તો નવકાર ગણો! માર્ગમાં મંદિર આવ્યું, તો દર્શન કરો...પણ આ કરતાં કોણ રોકે છે? વિષયોની વધુ પડતી લત! પોતાની ઉત્તમ સ્થિતિનું વિસરણ! તુચ્છ શબ્દાદિ વિષયોના મોહથી ઉમદા તાત્ત્વિક–પારમાર્થિક વિચારણાને બદલે પાશવી વિચારણા મનમાં રમ્યા કરે છે.

**ભવભ્રમણ શાથી?:**— શાસ્ત્રે ઇન્દ્રિયોને ભાવરિપુ કહેલી છે. ભાવરિપુ એટલે વાસ્તવિક દુશ્મન. જગતનો દુશ્મન એ વસ્તુતઃ દુશ્મન નથી; જયારે આપણી ઇન્દ્રિયો–પાંચે ઇંદ્રિયો વાસ્તવિક દુશ્મન છે. એની ગુલામીમાં પરમાર્થનો કે સન્માર્ગનો, કોઈ જ વિચાર જીવ કરતો નથી. બસ, આંખ, જીભ, કાન, નાક અને સ્પર્શની જ રમત ચાલ્યા કરે છે. રમતીયાળ જીવ 'આ સુંદર,

આ ખરાબ,' એમ જડ પદાર્થોને સર્ટિફિકેટ આપ્યા કરે છે. 'આ ઠીક, આ વધારે સારું, આ હાઇક્લાસ,' એમ જગતને ટકા આપવામાંથી જ ઊંચો આવતો નથી. અને આ રીતે જગતને ટકા આપવામાં ટેવાયેલો જીવ પોતાને જ જગતમાં ભમાવે છે!

## પ્રકરણ : ૪

# મનુષ્યની ચાર કક્ષાઓ.

જેમ કથાના ચાર પ્રકારો આપણે જોયા તેમ તે કથાના ગ્રાહકોના પણ ચાર વિભાગ પડે:—ઉત્તમ, મધ્યમ, જઘન્ય અને અતિજઘન્ય.

**પ્રથમ બે કક્ષાના જીવોની દુર્દશા:**-અતિજઘન્ય તે સાવ નીચી કોટિના. એને પૈસાની વાત બહુ ગમે. અને જઘન્ય કોટિના માણસોને ઇન્દ્રિયના વિષયોની વાત બહુ ગમે. અર્થાત્ અતિજઘન્ય અને જઘન્યકોટિના મનુષ્યો પાર્થિવ સુખના જ અભિલાષી હોય છે અને તેથી તેઓ પોતાનું જ કાસળ કાઢનારી ઇન્દ્રિયોને તૃપ્ત કરવામાં આનંદ અને હર્ષ માને છે. પરંતુ ઇન્દ્રિયોના ક્ષણિક સુખોની પાછળ અનંતકાળ પર્યંત થનારી આત્માની ભયંકર બરબાદીને જોવાની તેમને ફુરસદ નથી હોતી! વૈષયિક સુખોના સ્વાદ પ્રાપ્ત કરવા માટે આખું જગત ઘૂમવું પડે તો તે ઘૂમવા તૈયાર હોય છે. એ માટે જગતની ગુલામી ઉઠાવવી પડે તો હર્ષ સાથે ઉઠાવે છે. એ ખાતર ઉત્તમ દેવ, ગુરુ, અને ધર્મના સંયોગોની ઉપેક્ષા કરવી

પડે તો તે કરવામાં ગભરાતો નથી! જીવની કેવી અજ્ઞાન દશા! કે અનંતકાળ થવા છતાં ઇન્દ્રિયોની જે ભૂખ નથી ભાગી, તેને કંગાળ જીવ મીટાવવા મથે છે! મીટશે? એક રૂપને જોવામાં કલાકો, દિવસો, મહિનાઓ, વર્ષો વાતાવો, તોય ચક્ષુ નહિ કહે કે "બસ, હવે ઘણું જોયું! હવેથી જોવાનું બંધ," અનંતવાર દેવલોક જોયા, ત્યાં એવું જોયું અને સાંભળ્યું કે આ મનુષ્યોના જગતમાં એવું જોવા-સાંભળવા ન મળે. છતાં ઇન્દ્રિયો હજુય ના પાડે છે? ના! સ્વર્ગની અપેક્ષાએ અહીં શું છે? કુચા જ ને? છતાંય ઇન્દ્રિયો ના પાડતી નથી, તે ઇન્દ્રિયોની પિશાચી રમતનું શું સૂચન નથી?

**પરિણામ કલ્પી શકાતું નથી:**—ઇન્દ્રિયરૂપી ઘોડાને નવીન વિષય સામે ઉભો રાખ્યો કે ઇન્દ્રિયનો ઘોડો જંગલીપણે કૂદવા માંડશે, જાણે લગામ જ નહિ! હલકી કોટિના જીવો ઇન્દ્રિયોને પરવશ પડેલા હોઈ ઇન્દ્રિયોને ખૂશ કરવા, હલાહલ ઝેર જેવા વિષયો સામે દોડયા જાય છે! એને માટે જે કરવું પડે તે કરવા તૈયાર હોય છે! જીવ વધારે પડતાં પાપ શા માટે કરી રહ્યો છે? ઇન્દ્રિયોને તૃપ્ત કરવા! નહિતર દૂધના કટોરે શા માટે બેસે છે? કડવા કરિયાતાના કપ ભરીને કેમ પીતો નથી? શા માટે લૂખાં ભોજન મૂકી ખાટીમીઠી અને તીખી-ખારી વાનગીઓ-પર જાય છે? કહો કે રસનાને રાજી રાખવા! જે રસનાએ અનંતકાળ રખડાવ્યા તેને રાજી રાખવાનો સોદો શ્રી જિનેશ્વરદેવ મળ્યા પછી કરવો એ ધનવાન બનીને લુંટાવાની મહાહીણભાગી દશા છે. જીવને સંસારમાં ભટકાવવા એક-એક ઇન્દ્રિય બસ છે, તો પાંચેય ઇન્દ્રિયોનું તો પૂછવું જ શું! તે પાંચે વેશ્યાઓને તૃપ્ત કરવા માટે અઢારેય પાપસ્થાનકનો બોજો ઉઠાવતા જીવનું અધઃપતન કયી ભૂમિકાએ જઈને અટકે તે કહેવું ઘણું ઘણું કઠણ છે.

**તૃતીય કક્ષાના જીવોનું જીવનધોરણઃ—** મધ્યમકોટિના જીવો સંકીર્ણકથાના રસિક હોય છે. અર્થકથા અને કામકથા એને ગમે ખરી, પણ સાથે ધર્મકથા પણ સારી લાગે. રસ્તે જતાં અર્થ-કામકથામાંય ઉભો રહે, અને ધર્મકથાનો અવસર પ્રાપ્ત થતાં તે પણ ચૂકે નહિ. એને શ્રદ્ધા હોય છે, "જગતમાં ધર્મથી બધું સારૂં થાય છે. ધર્મ નહિ ત્યાં સારૂં નથી." આવા. જીવોનું જીવનધોરણ એ પ્રથમ કોટિના જીવો કરતાં ઉન્નત હોય છે. તેઓ ઉભયલોકની અપેક્ષાવાળા હોય છે. જયારે અર્થકથાનો પ્રેમી તામસ પ્રકૃતિનો અને કામકથાનો પ્રેમી રાજસ પ્રકૃતિનો હોય છે. તામસ પ્રકૃતિ જીવને મૂઢ, મોહાંધ, અજ્ઞાન અને મિથ્યામતિવાળો બનાવે છે. રાજસ પ્રકૃતિ જીવને ધાંધલિયો અને રાગી બનાવે છે. ત્રીજા મધ્યમકોટિના જીવોમાં રાજસ પ્રકૃતિના અંશો તો પડ્યા હોય, પણ સાથે થોડા સાત્ત્વિક અંશો પણ પડ્યા હોય છે; ત્રીજી કોટિના મનુષ્યો કાંક સાત્ત્વિક એટલે એને 'દુકાન-બજાર પણ જોઈએ!' એમ 'મંદિર ઉપાશ્રય પણ જોઇએ!' એમ લાગે છે. કંઇક કામ પ્રસંગે સગાવહાલાને પણ તેડે, અવસરે સાધુ-સાધર્મીને પણ હર્ષભેર આમંત્રે. પરલોકની અપેક્ષા હોવાથી દુનિયાદારીમાં પૈસા ખર્ચે ખરા, પણ સાથે ધર્મ માર્ગે પણ સદ્વ્યય ચૂકે નહીં. આ લોકને સારો કરવા મથે ખરા, પણ પરલોકને ભૂલે નહીં! અર્થાત્ ઉભયલોકનો આદર કરે. 'દુનિયાની જંજાળ વિના ન ચાલે!' તેમ માનવા સાથે 'દુનિયાની જંજાળનું પાપ કાંક ઓછું કરવા ધર્મની સાધના પણ કરવી' એ એના હૃદયમાં બેઠેલું હોય છે. એટલે એ દુકાન-બજાર સાચવવા સાથે પ્રતિક્રમણ પણ કરે. પરંતુ જે હજુ તૃતીય કક્ષામાં નથી આવ્યા તેમનું વલણ જુદુ જ હોય છે! દુકાન ધંધામાં બરાબર રોજ હાજરી આપે, પણ પ્રતિક્રમણમાં દેવાળું! જો પૂછીએ, 'કેમ ભાઈ?'...તો કહેશે, 'સારૂં માનીએ છીએ, પણ બનતું નથી.' આનું નામ ઉભયલોકની

અપેક્ષા નહિ. ઉભયલોકની અપેક્ષા એટલે જેમ આ લોકની અપેક્ષા લાગી, એની જરૂર લાગી, તો એને લગતી ક્રિયા થાય જ છે, જોખમદારી લેવાય જ છે, તેમ પરલોકની અપેક્ષા લાગી એટલે પરલોકને લગતી ધર્મક્રિયા સહેજે થાય જ. ધર્મના અમુક અંગોની બાંહેધરી જોખમદારી રાખે તો પરલોકની પડી કહેવાય. પરલોક સુધારવાની જો ગરજ હોય, તો ધર્મમાં 'બનતું નથી,' એ બચાવ ન રહે.

**ધર્મ એટલે આત્માનું ગુણસ્પર્શન:—** થોડાઘણા સાત્ત્વિક અંશ આત્મામાં આવે એટલે ધર્મશાસ્ત્રકારોએ બતાવેલી પરલોક માટે હિત કરનારી ગુણભૂમિકા રચવાનું એને મન થાય. એ માટે શાસ્ત્રોક્ત ધર્મ-ક્રિયા કરવાનું મન થાય. અને એને આચરે. ધર્મ એ કંઇ વાતોડીયાપણામાં થોડો જ છે? દેખાવ કરવાનો થોડો જ છે? ધર્મ એ તો આત્માનું ગુણ-સ્પર્શન છે. આત્માને ધર્મની તાલાવેલી લાગે, 'કાંક કરી છૂટીએ'-એમ થાય, અવસરે ધર્મ માટે તન મન અને ધનના ભોગ આપવાની સ્થિતિ હોય તો કહેવાય કે, ધર્મ કર્યો! મધ્યમકોટિના જીવોમાં આ ગુણ સ્પર્શન-રૂપ ધર્મનાં દર્શન થાય.

**તુચ્છ ભોગોના બહુમાન-પ્રશંસા શોભતી નથી:—** મધ્યમ કોટિના માણસો ઉભયલોકની અપેક્ષાવાળા હોઈ, વ્યવહાર ન્યાય, નીતિનું ઉલ્લંઘન ન કરે, જેમ તેમ ન વર્તે કે ન બોલે. પરંતુ એને પરમાત્માના ધર્મની કાંઈ ખબર નથી; કે જગતમાં સારભૂત એક મોક્ષ છે. અને એ મેળવવાનો નિરવદ્ય (પાપ વગરનો) માર્ગ એક માત્ર ચારિત્રનો છે, આ જો એ સમજેલો હોત તો આ લોકની એ જરાય અપેક્ષા ન રાખત. પરંતુ એ નથી એટલે એમ માને છે કે 'આય ખરૂં ને તેય ખરૂં!' છતાં એટલું જરૂર સમજે છે કે "તુચ્છ ભોગોનું બહુમાન ન કરાય." હા, મોટા ભોગોની તૃષ્ણા એને ગઈ નથી; અંદર બેઠી છે, પણ એ ક્ષુદ્ર

ભોગના બહુમાન કરતો નથી. એવો આદર નથી કરતો કે વારે વારે એની કવિતા ગાયા કરે. આપણને ક્ષુદ્ર ભોગોની ગદ્ય કવિતા ગાતાં બહુ સારી આવડે છે! ખૂબી જુઓ, આપણને પરમાત્માની સામે ઊભા રાખ્યા હોય અને કહેવામાં આવે કે, "કોઈનું બનાવેલું સ્તવન નહીં ગાતાં, પોતાની મેળે પ્રભુના ગુણગાન બોલો! ભલે કવિતા રૂપે નહીં, (ગદ્ય) પાઠ રૂપે!" તો જીભ ચાલે? ના! કેમ?

સભામાંથી–શક્તિ નથી ને?

ઉ૦:—શક્તિ તો છે! આંખ સામે દુનિયાનું કોઈ સારૂ રૂપ ખડું કર્યું હોય, અને એના પર બોલવાનું કહેવામાં આવે તો પાંચ પચીસ લીટીઓ બોલી શકો છો. સરસ રૂપ ..જોટો ન મળે એનો! ભોગવનાર કેવો ભાગ્યશાળી! બસ જીવન સફલ!..." બોલતાં જીભ નથી અટકતી! જીવને વિષયની ગદ્ય કવિતા ગાતાં સારી આવડે છે; કેમકે રાજસ અને તામસ ભાવો જોરદાર છે, પણ ધ્યાન રાખો કે ક્ષુદ્ર ભોગોની કવિતા ગાવી શોભતી નથી.

ત્યારે આ સંકીર્ણકથાના પ્રેમીને–જેમ એકલી અર્થ-કામકથા ગમતી નથી, તેમ એકલી ધર્મકથા પણ ગમતી નથી. એનો રસ બંનેમાં હોય છે. તેથી તેની ગુણમય સ્થિતિ હોય છે ખરી, પણ અલ્પ પ્રમાણમાં.

**ઉત્તમકોટિના જીવોની વિશેષતા:**— ઉત્તમકોટિના જીવોમાં એકલો સાત્ત્વિક અંશ હોય છે. તેથી તે જીવોને માત્ર ધર્મકથા જ પ્રિય હોય છે. એમની વિરાગમય સ્થિતિ પણ પરાકાષ્ટાની હોય છે. તેમના અંતરમાં એ સતત ચિંતન ચાલુ હોય છે કે– "આ જગતમાં જીવના વારંવાર જન્મ...વારંવાર વૃદ્ધાવસ્થા... વારંવાર મરણ થાય! જીવની આ કેવી કદર્થના! જીવની ઇચ્છા ન હોય તોય ઘરડા થવું પડે, લાખ ઇચ્છા ન હોય તોયે મરવું

પડે, એ શાથી? એક જન્મના જ અપરાધે જીવને કેટકેટલી જડની વેઠ કરવી પડે?

**મોત જીવોને નચાવીને નાચે** છેઃ— શ્રી વિનયવિજયજી મહારાજ "શાંત સુધારસ ભાવના" ગ્રંથમાં કહે છે કે,

**प्रविशति वज्रमये यदि सदने, तृणमथ घटयति वदने;**
**तदपि न मुञ्चति हतसमवर्ती, निर्दयपौरुषनर्ती.**

**विनय! विधीयतां रे श्रीजिनधर्मशरणम् ,**
**अनुसंधीयतां रे शुचितरचरणस्मरणम् ।**

જગતમાં એક તો એવો નરવીર બતાવો કે જે મૃત્યુનો સામનો કરી શકયો હોય? ભલેને વજ્રના કિલ્લામાં પેસે! વજ્રનું ઘર બનાવ્યું હોય, એક પણ તડ પડે એવું ન હોય, છતાં મોત મૂકે? વજ્ર ભેદીને પણ જવાની તાકાત મોતમાં છે! અને થાકીને કદાચ 'ભાઈ! તું જીત્યો, હું હાર્યો...' એમ દુશ્મન સામે જેમ તણખલું મોંમાં લેવાય છે તેમ મોંમાં તણખલું લઈને મોતને 'ભાઈસાબ! મને બચાવો' એમ કહે, તોય એ નિર્દય એવા મૃત્યુને દયા આવે તેમ નથી. મોત જીવો પર નાચ કરનારૂં છે, તેમજ જીવોને નચાવનારૂં છે. જીવને એ અણધારી પળે 'નીકળ અહીંથી' કહે છે. ત્યાં જો જીવ કહે 'અરે પણ આ કાયા તો મેં પચાસ વરસથી પોષીને સાચવી રાખેલ છે!' તો એ જાણે ઉત્તર કરે છે કે 'તે કાંઈ હું જાણું કરૂં નહીં. અહીંથી નીકળ, નવી કાયા રચજે. તારે મજુરીઆને શું વાંધો?' એમ જીવોને નચાવતા મોતથી મુક્ત થવા ઉત્તમ કોટિના સાત્ત્વિક મનુષ્યો જિનધર્મના શરણે જાય છે.

**જગત અશરણ છેઃ શરણ માત્ર શ્રીજિન અને જિનધર્મ છેઃ**-જગતમાં જીવને શરણ કોનું? આધાર કોનો? જે જગત પર મૃત્યુનો પ્રભાવ અવિચ્છિન્ન છે, ત્યાં ગમે તેટલા છાતી કાઢીને ચાલો, પણ અંતે કોઈ આધાર ખરો? વજ્રના ઘરમાં પેસે તોય

મૃત્યુ ન છોડે! સંસારથી છોડાવનાર માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવ અને જિનધર્મ છે. એનું શરણુ કરો! જગત અશરણુ છે. જીવ જે જગતને મારૂં મારૂં કરી ફર્યો, અને જે જગતને સુધારવા જીવન આખું હોમી દીધું, એ જગત કોઈનું'ય થયું નથી, થતું નથી અને થવાનું નથી.એ જગતની ચાલ કોઈ સુધારી શકયું નથી. દિવસને રાત 'આ મારૂં, આ મારૂં...' બસ એમજ કર્યા કર્યું, તણુખલા જેવી ચીજ પણુ મારી તરીકે ગણી! કદાચ એ ખોવાઈ ગઈ અને ન જડી, કે તરત બૂમ મારશે 'મારી દાંત ખોતરવાની સળી કયાં ગઈ?...' તુચ્છ સળી પર ઝટ 'મારી'નો બિલ્લો મારી દીધો! શાસ્ત્ર કહે છે-"એ બિલ્લા ખોટા! તારા બિલ્લાને કોઇ ગણુતું નથી!" સગી આંખે જુએ છે કે સળી ગઈ. તારી હોય તો જાય જ કેમ? જો ગઈ તો તારી કેમ કહેવાય? તને કહ્યા વિના કે પૂછયા વિના જાય ખરી? વળી જયારે તારે ખાસ જોઈએ, ત્યારે જ જાય? એને તું તારી ગણે એ મૂર્ખાઈ નહીં? ભૂલ મા, કે જે જગતને તું 'મારૂં મારૂં' કરી રહેલ છે, તે જગત કોઈનું થતું નથી; તારૂં તો શું, પણુ ચક્રવર્તી સમ્રાટ રાજાઓનું પણુ થયું નથી. અવસર થયો કે એ કહેશે "ચાલ... નીકળ." કદાચ તું પૂછીશ કે, 'પણુ અહીં મારા વિના ચાલશે? તો કહેશે 'હા ચાલશે, તું નહીં તો તારો દિકરો!' બાપ મરે એટલે બોર્ડ ફરે! નાથાભાઈ પેથાભાઇને બદલે ભલાભાઈ નાથાભાઈનું બોર્ડ ચઢે!

**જગતને કોઈ સુધારી શકયું નથી; એ એના રાહે ચાલી** રહ્યું છે:—અનંતકાળ વીતવા છતાં જે જગતને અખૂટ બળવાળા ચક્રવર્તીઓ પોતાનું ન કરી શકયા (૧) તેને પોતાનું કરવાની જીવની ઘેલછા, (૨) તણુખલા જેવી ચીજથી માંડીને મહાન રત્નોના નિધાન સુધીનાને સારૂં માનવાની ઘેલછા, અને (૩) જગતને સુધારવાની લત કેટકેટલી સતેજ છે!! 'આ પાટલો જરા સુધારૂં, ભોજન સુધારૂં, જર-જમીન સુધારૂં, કપડું લત્તું સુધારૂં,

આ સુધારું, તે સુધારું...' બસ, બીજો વિચાર જ નથી! જે મનુષ્ય ભવમાં શ્રી જિનવાણીથી આત્માની રોનક ફેરવી નાખવાની અપૂર્વ તક મળી છે, એવા ઉત્તમકોટિના ભવને આ રાંક જીવડો જગતને સુધારવામાં ખરચી રહ્યો છે! પણ ખબર નથી કે જગતને કોઈ સુધારી શક્યું નથી! તો તું કંગાળ... શું સુધારી શકવાનો હતો? જગત એના રાહે ચાલી રહ્યું છે. કોઈના કહ્યામાં એ રહે છે? એને કોણ સુધારે? કોઈને દેખાય કે અમુક શેઠે મકાન સારું બંધાવ્યું, રંગરોગાન પશ્ચિમની પદ્ધતિએ કરાવ્યા...પણ એમાં શેઠે શું કર્યું? એ તો એના પુણ્યે કર્યું. એમ જો શેઠથી બધું થતું હોય તો અવસરે એજ મકાનમાંથી શેઠને બહાર ડીસમીસ થવું ન પડે! સમજો, વિચારો કે ઈચ્છાનુસાર શું સુધારી શકાય અને શું સુધારેલું લેખે લાગે; તો સમજાશે કે ઈચ્છાનુસાર આત્માનું સુધારી શકાય, અને આત્માનું સુધારેલું જ લેખે લાગે આ સમજાયા પછી જગતના સુધરવા—બગડવાની બહુ કિંમત નહીં અંકાય.

**સત્ત્વશીલતા શાના પર મપાય?** :–સાત્વિક પ્રકૃતિના જીવો આ લોકની એશઆરામીની પરવા ન કરે. જેની દૃષ્ટિ પરલોકની હોય તે આ લોકના ઉદાર કામભોગથી પણ ખેદ પામે. જેમ સારામાંસારૂં ભોજન પેટ ભરીને કર્યું હોય, પછી કોઈ કંઈ ખાવા આપે તો કંટાળો આવે છે, પણ એ કંટાળો ક્ષણિક હોય છે. તેમ સાત્વિક પ્રકૃતિના માણસને જગતના ઊંચા ભોગો પ્રત્યે પણ જન્મસિદ્ધ કંટાળો હોય છે. પછી એને સામાન્ય કામભોગોમાં તો કોઈ રુચિ જ ન હોય, એ સહજ છે. એક કવિ કહે છે,

**'पित्तलाभरणभारमावहति पामरी नरी,**
**सारमरकतहारभारमातनुते वराङ्गना।'**

ગોવાલણુ ઢીંચણુથી ઠેઠ નીચે પગની પાની સુધી પિત્તલના પાંચશેર ભારનાં ઘરેણાં ઘાલ્યાં હોય, તો પણ એ હર્ષથી ઘરમાંય આખો દિ ઠાઠથી ફરે છે અને બજારમાં ઠમઠમ કરતી ચાલે છે! ત્યારે મોટા ઘરની ઉત્તમ સ્ત્રીને હીરાનો અને મરકતમણિનો હાર પણ ભારરૂપ લાગે છે. વજનમાં કેટલો હોય ? પાશેર પણ નહિ ! છતાં એ ભારરૂપ લાગે છે. કયાંક જવું પડે અને પહેરેય ખરી, પણ આવીને તરત કાઢી નાખે, જયારે પામર સ્ત્રી ગોવાલણી એ પગે પાંચશેર ભાર હોવા છતાં એ પિત્તલીયા તુચ્છભોગ પર ભારે આસકત હોય છે !

**સાત્વિક મનુષ્યને ધર્મ જ ગમે, ધર્મકથા ગમે, અર્થ-કામ ન ગમે, એની કથા ન ગમે** :–સાત્વિક પ્રકૃતિના મનુષ્યને કામભોગ ન ગમે. એ પાપથી લેપાયેલો ન હોય. એ તો લગભગ પાપ-મુક્ત હોય. કાંસાના પાત્રની જેમ વિષયોનાં પાણી ગમે તેટલાં નજીક આવે, પણ એમને ચોંટે નહિ, ભીંજવી ન શકે. એને રાગદ્વેષ ન હોય. સારૂ થાય તો કહે, 'ધર્મનો પ્રભાવ !' નરસું થાય તો કહે, 'આ સંસાર એવો જ છે! સંસાર એટલે વિષમતા.' સાત્વિક મનુષ્ય સંસારના સ્વરૂપને સારી રીતે ઓળખે. એના અવિશ્વાસનીય સ્વરૂપનો એને પુરેપુરો ખ્યાલ હોય. એથી જ એને મુક્તિ ગમે, ધર્મ ગમે. સાત્વિક પ્રકૃતિના માણસને એકલી ધર્મકથા ગમે.

**આ કથા ધર્મકથા છે. એના ચાહક સાત્વિક જીવો હોય**:—ભગવાન સમરાદિત્ય કેવલી મહર્ષિના ચરિત્રમાં ભૂમિકા બાંધતાં ગ્રંથકાર પરમર્ષિ જણાવી ગયા કે સંસારમાં સાંભળવા જેવી ચીજ સર્વજ્ઞનાં વચનો જ છે. એ વચનોથી આ કથા સંકળાયેલી છે. આ શુદ્ધ ધર્મકથા છે. આ કથા સાત્વિક ગુણવાળા મનુષ્યને ગમશે. એવા કોણુ ? જેને જન્મ, જરા, મરણ પર બહુ ઉદ્વેગ થયો હોય, ક્ષમાદિ ધર્મની જેને બહુ લાલસા હોય, ક્રોધ,

માન, માયા, લોભને એ મૃત્યુ સમજતો હોય અને ક્ષમા મૃદુતાને એ જીવન માનતો હોય. એવાને જ ધર્મકથા ગમશે.

**કથારત્નની ઓળખાણ:**-શ્રી સમરાદિત્ય મહર્ષિના નવભવના સંબંધથી સંકલિત આ કથા છે. આ નવભવોની ગણત્રી મનુષ્ય-ભવોની અપેક્ષાએ કરેલી છે. બાકી વચ્ચેના દેવ વગેરેના ભવો પણ બીજા થયેલા છે; વસ્તુત : પ્રથમ ભવમાં પોતે ગુણસેન રાજા છે. ત્યારે અગ્નિશર્મા બ્રાહ્મણ કે જે તાપસ બનેલો છે, તેની સાથે પોતે સંબંધમાં આવે છે. પરંતુ પોતાનો સંબંધ મિત્રતાભર્યો છે, જયારે અગ્નિશર્માએ શત્રુતાનો પાયો નાંખ્યો છે; અને એ રીતે નવે મનુષ્યભવોમાં સંબંધોની સ્થિતિ રહી. છેલ્લા ભવમાં પોતે કેવળ-જ્ઞાની બન્યા છે. તે વખતે વેલંધરનામક દેવના પૂછવાથી તેઓશ્રીએ પોતાના પૂર્વભવો કહેલા અને તે કથાને સંગ્રહી લેતી સંગ્રહણી ગાથાઓ પરાપૂર્વથી ચાલી આવેલી, તે પરથી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ કથારત્નનું સર્જન કર્યું છે. કે જે કલ્પિત નથી. પરંતુ વાસ્તવિક છે.

**નવ ભવનો ક્રમ:**-પૂર્વાચાર્યોએ નવ ભવના નામ, ગામ, આયુષ્ય જણાવનારી ગાથાઓ રચી છે. તે આ શાસ્ત્રમાં દાખલ કરવામાં આવી છે. નવ ભવનો ક્રમ આ મુજબ છે. (૧) ગુણસેન રાજા તથા અગ્નિશર્મા તાપસ. (૨) સિંહરાજા તથા આનંદ: પિતાપુત્ર (૩) શીખીકુમાર તથા જાલિની : પુત્ર માતા. (૪) ધન તથા શ્રી : પતિપત્ની (૫) જય તથા વિજય : ભાઈઓ (૬) ધરણ તથા લક્ષ્મી : પતિપત્ની. (૭) સેન તથા વિસેન : પિત્રાઇઓ (૮) ગુણચંદ્ર તથા વાણવ્યંતર : મનુષ્ય-વ્યંતર. (૯) છેલ્લા ભવે સમરાદિત્ય કેવળી તથા ગિરિસેન ચંડાલ.

**એકની પરમોન્નતિ, બીજાની ભયંકર બરબાદી:**-ગુણસેનના ભવો એક પછી એક આ ક્રમે આગળ વધે છે : પહેલા ભવને અંતે

પહેલા દેવલોકે, પછી બીજાને અંતે ત્રીજે દેવલોકે, ત્યારબાદ પાંચમે, પછી સાતમે, નવમે, અગીયારમે, ગ્રૈવેયકે, અનુત્તરે, ને છેલ્લે મોક્ષ.

અગ્નિશર્મા, પહેલા ભવના અંતે વિદ્યુતકુમારદેવપણે, ત્યાંથી પછી સાતભવના અંતે ક્રમસર સાતેય નરકે. કોઈ નરકે બબ્બે વાર. કોઈ નરકથી છૂટી વચ્ચે ઘણા તિર્યંચના ભવો કરે છે, પણ એકથી સાતેય નરક એ વેઠે છે; અને છેવટે નવ ભવને અંતેય સમરાદિત્ય જયારે કેવળી થઈ અનંત મોક્ષ લે છે, ત્યારે એ ગિરિસેન ચંડાળ અનંતકાળ સંસારમાં રખડનાર બને છે! હવે ચાલો આપણે આ કથાના સંવેગ–વૈરાગ્યઉછળતા સાગરની સહેલગાહે નીકળી પડીએ!

# ગુણસેન અને અગ્નિશર્મા

## શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિનો પ્રથમ ભવ

શ્રી સમરાદિત્ય કેવળીએ સ્વમુખે કહેલી પોતાના પૂર્વભવોની આ કથા છે. પૂ.આચાર્યદેવ શ્રીહરીભદ્રસૂરીશ્વરજી મહારાજની પરિપક્વ પ્રતિભાએ એ કથાને શબ્દદેહ આપ્યો છે; કથાના શબ્દે શબ્દે હૃદયને હરી લે તેવી મધુરતા છે; પાને પાને જીવનની વિકટ સમસ્યાઓને ઉકેલતાં સરળ માર્ગસૂચનો છે, એથીય અધિક આત્મકલ્યાણના અસાધારણ કારણભૂત સંવેગ-વૈરાગ્યતા વહેણો વહી રહેલાં છે.

ગુણસેનની ગુણીયલતા...પ્રસંગે દૃષ્ટિગોચર થતી તેના આત્માની મૃદુતા, ઋજુતા, અને ભાવુકતા...એવી તો અહીં વ્યંજિત થઈ છે, કે એમાં પ્રવેશ કરતાં આપણી ભાવનાઓ આંદોલિત બને છે, કાયા રોમાંચ અનુભવે છે; હૃદય ધબકી રહે છે...આપણી જુગજુની વાસનાઓ પાણી પાણી થઈ વહી જાય છે !

જ્યારે અગ્નિશર્માની પ્રારંભિક જીવનસરણી આપણામાં એક જબ્બર સહાનુભૂતિ જગાવે છે. તેનું જીવનપરિવર્તન જાણે આપણને પણ એજ કર્તવ્ય અદા કરવા ઉભા કરી દે છે ! પરંતુ......જ્યારે વૈરાગ્યના સ્થાને વૈર પોતાનું સ્થાન જમાવે છે...અને ઉન્નતિના શિખરે બિરાજેલા આત્માને લાત મારી ભયંકર ભવોની ખીણમાં ગબડાવી દે છે......

ત્યારે ભાવુકહૃદય ચોંકી ઉઠે છે. અને ત્યાંજ દ્વેષ...વૈર... ને તિલાંજલી આપવા નિર્ણય કરી લે છે.

વિવેચનકાર વંદનીય મુનિરાજશ્રીએ અહીં જાણે સંવેગ વૈરાગ્યની નવી દુનિયા જ સર્જી છે; કાળના ગાઢ પડદાની આરપાર જઈ કથાના એક એક પ્રસંગને તેઓશ્રીએ ઝળકાવી દીધો છે. વિદ્વત્તા અને ભાવુકતાનો આવો સુમેળ વિશ્વમાં શું વિરલ નથી ?

—પ્રિયદર્શન

## પ્રકરણ : ૫

## જન્મ

**પ્રજા:—** જંબુદ્વિપના પશ્ચિમ મહાવિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. જો કે એ નગરમાં બીજી ઘણી શોભા હતી, પણ ત્યાંના લોકો વ્યસની હતા! પરંતુ વિદ્યાના વ્યસની હતા! લોભીઓ હતા પણ નિર્મલ યશ લેવા માટે! બાયલા હતા, પણ પાપ કરવામાં! "ધન-ધન" કરનારા હતા, પણ ધર્મધન માટે!

**વિદ્યાનું વ્યસન:**-વિદ્યાના વ્યસની એટલે વિદ્યાદેવીને સાધનારા. વિદ્યાદેવીને સાધવામાં નિંદા વિકથા ન ચાલે. પ્રમાદ સાથે તો દુશ્મનાવટ હોય. જરાય આરામ કે આનંદ નહિ. **सुखार्थिनः कुतो विद्या विद्यार्थिनः कुतःसुखम्?** સુખાર્થીને વિદ્યા કેવી? વિદ્યાર્થીને સુખ કેવું?

વિદ્યાના વ્યસની એટલે જયાં વિદ્યા મળે ત્યાં દોડે! એમાં વિકથા કે પ્રમાદમાં પડે નહિ...હા, નગર છે એટલે બધા જ ધર્મવિદ્યાના વ્યસની હોય, એમ નહીં, બીજી પણ વિદ્યાકલાના વ્યસનો હોય. પણ ધર્મની મર્યાદા ઓળંગનારા નહિ. મતલબ કે મૂર્ખની જેમ નિંદા, વિકથા, કુથલી વગેરેથી નગરજનો દૂર રહેતા.

આજે આશ્ચર્ય છે કે ગમે તેવો પંચમકાળ હોવા છતાં જ્ઞાન ઘણું મોજુદ છે; છતાં સમ્યગ જ્ઞાન નથી લેવાતું અને નિંદા વિકથા, કુથલી વગેરેનાં વ્યસનો વધી ગયા છે!

**યશનો લોભઃ**–વળી એ નગરના લોક યશના લોભીઆ હતા. યશ કોને મળે? અનુચિત પ્રવૃત્તિ ન કરે એને. યશનો લોભી ઔચિત્ય અવશ્ય જાળવે. દાનાદિને મુખ્ય કરે. ધર્મથી બંધાએલો રહે. કહેવાય છે જગતમાં 'ફલાણા ભાઈ સીધા સાદા!' ભલે એ બીજો ધર્મ ન કરતા હોય, પણ ઔચિત્ય જાળવતા હોય, નિંદ્યપ્રવૃત્તિ ન કરતા હોય, દાનાદિ આચરતા હોય, તો યશ ફેલાતાં શી વાર? અને ગમે તેવો ધર્મ કરતા હોય, પણ અનુચિત તથા નિંદ્ય પ્રવૃત્તિ હોય તો યશ ન રહે. આ નગરમાં તો લોક યશનું, તે પણ નિર્મલ યશનું લોભી હતું. એટલે કેવી સુંદર ઉચિતપ્રવૃત્તિવાળું હશે! તેમ પૈસા વગેરેના લોભી નહોતા, એ પણ સમજી શકાય તેવું છે. પૈસા વગેરેના લોભી ઉદારતા ન કરી શકે, ઔચિત્ય ન જાળવી શકે. પછી યશ ક્યાંથી મળે? જે નગરમાં આવું લોક વસતું હોય ત્યાં રહેવાની કેવી મજા! ત્યાં અધર્મી જાય તે પણ ધર્મ પામે! પાપી પુણ્યશાલી બને! આજના નગરોમાં ગામડેથી આવેલા ધર્મી પણ અધર્મી બની જાય છે!

**પાપમાં કાયરઃ**–વળી તે નગરના લોક બીકણ હતા. શામાં? પાપ કરવામાં. પાપમાં સદા ભીરૂ હોય તે મોટાં પાપ તો ન કરે, પણ નાના પાપમાંય એને રાજીપો કે ખુમારી ન હોય. વળી પોતાના જીવનમાં પાપ ન ઇચ્છે એટલું જ નહીં પણ બીજાના જીવનમાંય પાપ ન ઇચ્છે. એક પાપભીરૂતાનો ગુણ માણસને કેટલો જાગ્રત કરે છે! 'ફલાણાને મારા પર ગુસ્સો આવ્યો, પણ હું ગુસ્સે થઇશ, તો એનો ગુસ્સો વધશે. એ બિચારો વધારે પાપમાં પડશે.' એમ સામાની દયા ખાઈ પોતે ક્ષમા કરે. એવી રીતે મોહના

ચાળાથી દૂર રહે. કેમકે એથી સામો જીવ કામોદય-મોહોદયના પાપમાં પડે છે.

**ધર્મ એ ધન:**–વળી લોકને ધન બહુ ગમતું, પણ ધન કેવું? ધર્મરૂપી ધન. લેવામાં ઓછા ઉલ્લાસી, દેવામાં વધારે ઉલ્લાસી; ખાવામાં ઓછા ઘેલા, ખવરાવવામાં વધારે ઘેલા. બસ! 'ધર્મ એ જ મહાધન છે. એને ખૂબ ભેગુ કરૂં!' એ જ લગનીવાળા હતાં.

**ગુણસેનનો જન્મ:**–આ નગરમાં પૂર્ણચંદ્ર નામે રાજા હતો. તેને કુમુદિની નામે રાણી હતી. બંને ગુણીયલ હતા. કાળક્રમે કુમુદિનીરાણીએ એક તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો. પુત્રનું નામ ગુણસેન પાડયું. સાચે જ એ ગુણ સંપન્ન પુત્ર હતો. અનેક કલાઓ તેણે પ્રાપ્ત કરી. સારાયે નગરના માટે એ પ્રેમનું પાત્ર બન્યો. માત્ર એનામાં એક અવગુણ હતો, એ ક્રીડાપ્રીય હતો. એને કૌતક બહુ ગમતું. પુણ્યના જોર વખતે દુર્ગુણ હોય તો એને પોષણ મળે છે. જીવનમાં દુર્ગુણ હોય અને બીજી બાજુ પાપનો ઉદય હોય તો જીવ વધારે પાપ ન કરી શકે. કેમકે પાપ પાસે પાપ કરાવવાની સામગ્રી નથી. પણ રાજકુમાર ગુણસેનને તો પુણ્યનું જોર છે. એટલે કૌતુકનું પાપ કરવા માટે પાત્ર મળી જાય છે. એ પાત્ર છે પુરોહિતપુત્ર અગ્નિશર્મા!

**કોણ પુરોહિત? આર્યજીવન!:**—એ નગરમાં એક યજ્ઞદત્ત નામે પુરોહિત બ્રાહ્મણ રહે છે; ધર્મશાસ્ત્રો ભણેલો છે; લોકનીતિ અને વ્યવહારનીતિમાં કુશળ છે; બીજાઓને ધર્મના ક્રિયાકાંડ કરાવનારો અને ધર્મશાસ્ત્ર ભણાવનારો છે. એક ગુણ એનામાં ખાસ એ છે કે એ અલ્પ આરંભપરિગ્રહવાળો છે. ધ્યાનમાં રાખો, અલ્પપરિગ્રહને ગુણ ગણ્યો! જો ગુણને બદલે આજ વસ્તુને ખામીરૂપ ગણી હોત, તો તો લખત કે 'વૈભવ વિહોણો, નિર્ધન, એદી બ્રાહ્મણ હતો..."પણ એમ નથી લખ્યું; કિંતુ "અલ્પ પરિ

ગ્રહી" લખ્યું. ત્યારે શું રાજા પાસેથી કે બીજેથી એને પુરોહિત-પણાના એટલે કે ધર્મક્રિયાકાંડ કરાવવાના હિસાબે કાંઈ ધન મળતું નહીં હોય? મળતું જ હશે; પણ એનું હૃદય પ્રાપ્ત થતા દ્રવ્યમાં મૂઢ નહોતું. તે સમજતો કેઃ—

"હું જે આત્મકલ્યાણના ધર્મશાસ્ત્ર ભણ્યો છું તે જો પરિ-ગ્રહના ભાર નીચે એક કીડીની જેમ દબાઈ મરૂં તો શું કામના? મારી આર્ય-સંસ્કૃતિ ચારે ગતિમાં સનાતન આત્માના ગમનાગમનને સૂચવે છે. આજસુધીમાં તેમ અનંતાનંતવાર બન્યું છે. પણ શા કારણે? પાપની સામગ્રી મેળવી પાપની કાર્યવાહીમાં રચ્યાપચ્યા રહેવાના કારણે. ત્યારે જો પાપની સામગ્રી જ ઓછી રાખી હોય, તો એટલી પાપકાર્યવાહી અટકે ને? માટે પાપ સામગ્રી અર્થાત્ પરિગ્રહ બહુ ઓછો રાખું. એથી પાપની કાર્યવાહી તો ઘટે જ; સાથે બહુ પરિગ્રહના યોગે રાતને દિવસ જે કુવિચારોથી મન બગડેલું રહ્યા કરે તેનાથી પણ બચી જવાય, કેમકે અલ્પપરિગ્રહમાં તેવા કુવિચારો આવે નહિ અને મન બગડે નહિ. મહાપરિગ્રહ એ તો મનમાં ભયંકર બિગાડો લાવનારો છે, અને કાયાથી અઢળક પાપ કરાવનારો છે."

વળી 'અલ્પ આરંભ' એ પણ ગુણ ગણ્યો. આરંભ એટલે પૃથ્વી-પાણી વગેરે જીવની વિરાધનાવાળી પ્રવૃત્તિ. એ પુરોહિતના જીવનમાં ઓછી હતી. એ ગુણરૂપ છે. તમે તો એને એદી ગણો! કારણ કે તમારા મન પર પશ્ચિમાત્ય સંસ્કૃતિના અર્થાત્ વિલાયતી વિકૃતિના અંજામણ છે. એથી ઘોર આરંભમાં કેટલાય જીવોના કચ્ચરઘાણ અને એ આરંભની પાછળ જીવની પરભવે કેવી કરુણ દશા; એનો કોઈ વિચાર નથી! આ તમારો આંજનો સુધારો અને વિકાસ! તમારો આગળ વધેલો જમાનો! વૈજ્ઞાનિક યુગ! મહા આરંભ-સમારંભભર્યા ઉદ્યોગોની જે દોડધામ અહીં પણ સાચી શાંતિ કે સાચા સુખનો અનુભવ નથી કરાવી શકતી;

આ જન્મમાં એક સરખી નિશ્ચિત અનુકૂળતા નથી ટકાવી શકતી, તેમ મૃત્યુ પછી તો કાંઈ જ કામ નથી આવતી, અને જે દોડધામ સરાસર નિષ્ફળ જાય છે; એ દોડધામમાં જીવનની બરબાદી કે આબાદી ? વિકાસ કે બિગાડો ? અંતે અધઃપતન ! યજ્ઞદત્ત પુરોહિત સાચી આર્યસંસ્કૃતિને જીવનારો હોવાથી દુન્યવી આરંભ–સમારંભની વિપુલતામાં આત્માનું અધઃપતન અને મહા કિંમતી માનવ જીવનની નિષ્ફળતા માનતો હતો; તેથી એણે જીવનમાં આરંભ કરવાના પણ ઓછા જ રાખ્યા હતા. તમે તો જૈન એટલે પાણીના ટીંપે ટીંપે અસંખ્ય જીવ માનનારા. એમ પૃથ્વી–અગ્નિ–વાયુમાં, એવા તમને આરંભ પ્રત્યે કેટકેટલી ગ્લાની હોય ? તેથી જ જીવનમાં આરંભ અલ્પ અને તેય નછૂટકે જ થતા હોય ! પરિગ્રહ નામનું પાંચમું પાપસ્થાનક માનનારા તમે પરિગ્રહથી કેવા ગભરાઓ ? તેથી પરિગ્રહ પાપ ઓછું જ રાખવા મથોને ? એમ આરંભ અને પરિગ્રહની અલ્પતાના કેવા હિમાયતી છો ? ને એવા ન હો તો બનજો એવા. તમારે તો અલ્પતા જ નહિ પણ આરંભ સમારંભના અભાવવાળા બનવાનું છે.

આ યજ્ઞદત્તને અગ્નિશર્મા નામનો એક પુત્ર હતો.

**અગ્નિશર્માની વિટંબણા** :–આ અગ્નિશર્મા પુરોહિતપુત્રનું શરીર વિચિત્ર હતું. માથું ત્રિકોણુ, પેટ તુંબડા જેવું. છાતી બેસી ગયેલી, હાથ ટૂંકા, કેડ એક બાજુ ઊંચી, નાસિકા એકદમ ચપટી ! કાન ઉંદરના બીલ જેવા; સાથળ જાડી, પગ ટૂંકા અને પતલા, કેશ અગ્નિની જ્વાળા જેવા પીળા; ઇત્યાદિ વિષમતાવાળું શરીર હતું. કેવો પાપોદય ! એ કોનો વાંક ? બીજા કોઇનો નહિ પણ પોતાનો જ. જીવ પાપ કરતાં પાછું વાળી જોતો નથી ! મનથી, વાણીથી, ઇન્દ્રિયોથી અને કાયાથી અઢળક પાપો કરતો જાય છે, પછી ભવાંતરે દારૂણુ દશા સર્જાય એમાં શી નવાઈ ? અગ્નિશર્માનું આ કઢંગુ શરીર કેલિપ્રિય રાજકુમારને

કૌતુક કરવા માટે મજેદાર પાત્ર બન્યું. રોજ રાજકુમાર એને પકડી ગધેડે બેસાડે છે, માથે સુપડાનું છત્ર ધરાવરાવે છે, ફૂટેલું ઢોલ વગડાવે છે! બજાર વચ્ચે ફેરવી અને હાથે તાલીઓ પાડી છોકરાઓ પાસે બોલાવરાવે છે 'બોલો! મહારાજાધિરાજ કી જય! દેખો, આ મહારાજા!' છોકરાઓ એમ બોલે અને 'હુર્રે' કરતા પાછળ જાય! બિચારા અગ્નિશર્માનું તો કાળજું કપાઈ જાય છે. પણ શું કરે? આ તો રાજકુમાર છે! કહો એક માનવ આગળ પણ નથી ચાલતું, તો કર્મ આગળ નરકનિગોદમાં કે તિર્યંચપણામાં જીવનું શું ચાલે? અગ્નિશર્માને રાજકુમારની કદર્થનાનો પાર નથી. એક દિ', બે દિ',...રોજને રોજ આમ ચાલ્યું.

## પ્રકરણ : ૬

# અગ્નિશર્મા વૈરાગ્યના પંથે

**સુંદર વિચાર:**— અગ્નિશર્મા કંટાળ્યો, પણ રાજકુમાર ઉપર એણે દ્વેષ ન કર્યો. એના અંતઃકરણમાં વૈરાગ્ય ભાવ પ્રગટ્યો. એણે વિચાર્યું કે, "આ મારો જે પરાભવ થઈ રહ્યો છે તે પૂર્વે મેં ધર્મ નહિ કરવાને લીધે છે. જે આત્માઓએ પૂર્વે સારું પુણ્ય ઉપાર્જન નથી કર્યું હોતું, તેઓ બીજાને વશ પડી બહુ જનોના ધિક્કારને પાત્ર બને છે. મેં પૂર્વજન્મે ધર્મ સેવ્યો નથી, તો આ ભવે મારે આ ભયંકર દુઃખ સહવું પડે છે. વળી આત્મકલ્યાણ અર્થે તો મહાપુરુષોએ માત્ર ધર્મ જ અપનાવ્યો છે. તો હું અહીં પાછો જો ધર્મ નહિ સેવું તો જન્માંતરમાં શું મલશે? મહા પરાભવ અને વિટંબણા! બીજા જન્મમાં સુખ આપનાર એકમાત્ર ધર્મ જ છે, પરલોકમાં જતાં એક માત્ર જિગરજાન મિત્ર ધર્મજ સાથે આવે છે. તેથી હવે તો ધર્મ જ સેવું; જેથી પરભવે દુર્જનો તરફથી આવી મહાભયંકર વિટંબણા અને લોકની મશ્કરીનું દુઃખ મારે સહવું ન પડે. મારો પરાભવ ન થાય."

**અગ્નિશર્માને ધર્મબુદ્ધિ થઈ:—** અગ્નિશર્માને ધર્મ કરવાની લાલસા જાગી. પાપના ઉદયે જગત તરફથી તિરસ્કાર, ફિટકાર, અને ત્રાસ મળે છે તે વખતે અગ્નિશર્માને જગત પર દ્વેષ થવાને બદલે ધર્મભાવના જાગૃત થઇ! નહિતર તો કર્મભાવના એટલે કષાયો સહેલા થાય! એમ વિચાર થાય કે, 'શું આટલી બધી મશ્કરી? રાતવરત કુમારને ઠોકી દઉં!' અથવા 'ભાગી જાઉં... જ્યાં આવો જુલમ, ત્યાં કેમ રહેવાય! ગમે ત્યાં ચરી ખાઈશ... જરા ઠીક થઈશ તો બતાવી દઈશ એને'...આવું આવું થાય, પણ આર્યદેશનો એ પ્રભાવ હતો કે એ નગરજનો પાપના ભયવાળા હતા! પાપના ભયથી દુનિયાની બહુ કિંમત આંકનારા ન હતા! એ તો ધર્મરૂપી ધનના મમત્વવાળા હતા! તેથી કર્મ નહિ પણ ધર્મ વધારવાની બુદ્ધિવાળા હતા! તો પછી અગ્નિશર્માને શું કર્મ કરવાનું મન થાય? ના, ધર્મ કરવાનું જ મન થાય!

**પણ ખામી ક્યાં?:—** પણ ખામી ક્યાં? ધર્મ કરવાનો ખરો પણ શા માટે? એને જે ધર્મ કરવાનું મન થયું, તે આવા પરાભવ વગેરે ભવાંતરમાં ન સહેવા પડે માટે. આ ભાવનાએ એને ધર્મ કરવાનું મન થયું. પણ 'પરાભવનું કારણ ખુદ સંસાર છે. સંસાર છે ત્યાંસુધી પરાભવ રહેવાનો. કદાચ તપ કરવાથી શરીર વગેરે સારાં મલશે, પણ કર્મ તો ઉભાં જ રહેવાનાં! તેથી સંસારના જન્મ-મરણ ઉભા રહેવાના! સંસાર ફીટે નહીં ત્યાં સુધી પરાભવ જાય નહીં! તો ધર્મ કરવાની જાગૃતિ સંસાર ફેડી નાખવા માટે આવવી જોઇતી હતી, એ ન આવી! એટલી ખામી હતી. શાલિભદ્રને 'શ્રેણિક પોતાનો માલિક છે!' એ જેમ મનમાં ખૂંચ્યું, તે ઉપરાંત એનું મૂળ કારણ જે 'કર્મ અને સંસાર' એય મનમાં ખૂંચ્યું! તેથી સંસાર ત્યજી કર્મ ફેડવા ચારિત્ર લીધું! સ્થુલભદ્રજીને પણ નંદરાજાની મંત્રીમુદ્રા જેમ દગાખોર લાગી, તેમ તેજ હિસાબે કોશા વેશ્યા અને આખો સંસાર દગાખોર લાગ્યો! અને તેથી સંસાર છોડીને ચારિત્રપંથે હાલી નિકળ્યા હતા!

**અગ્નિશર્મા તાપસને નમી પડયો:—** અગ્નિશર્માને ધર્મ કરવાની જાગૃતિ આવી; એથી એ કોઈને કહ્યા વિના નગરમાંથી નીકળી ગયો. મુસાફરી કરતાં એક મહીને એ 'સુપરિતોષ' નામના તપોવનમાં આવી પહોંચ્યો. કેવું સુંદર નામ! સાંભળીને તમને તમારાં ઘર એવા બનાવવાનું મન નથી થતું? અન્યોન્યના આત્માની દયા અને ચિંતા કરનારા બનો તો તમારૂં ઘર પણ સુપરિતોષ બને! આ તપોવન તાપસજનોથી વસેલું હતું. એમાં તાપસોનો પ્રધાન આર્જવકૌડિન્ય નામનો તાપસ હતો. એ સૌનો ગુરુ હતો. અનેક તાપસો એની નિશ્રામાં હતા. બધા તાપસો આની એટલી બધી આમન્યા-વિનય પાળતા, કે જે આમન્યા-વિનય આજે આપણે શીખવો પડે. જયારે અગ્નિશર્મા આવ્યો ત્યારે આર્જવકૌડિન્ય ધ્યાનમાં હતો. એના જમણા હાથમાં રૂદ્રાક્ષની માળા હતી. મંત્રાક્ષરનો જાપ ચાલતો હતો, હોઠ ફફડી રહ્યા હતા. હોઠ ફફડવા જેટલી ક્રિયા ન ચાલે તો ચિત્ત કદાચ બીજે જાય; અને ચિત્તમાં બીજી વસ્તુ ઘૂસી જાય! અગ્નિશર્મા આ બધું જોઈ "અહો ધન્ય!" એવો ઉદ્‌ગાર કાઢતો, પોતાની જાતને ધન્ય માને છે તાપસને એ નમી પડ્યો! મનમાં વિચારે છે કે, "કયાં મશ્કરી કરનાર રાજપુત્ર! અને કયાં અપરાધીને પણ શાંતિ આપનાર આ કુલગુરુ!"

**મમતાળુ શબ્દો એ અમૃતસિંચન છે:**–તાપસનું ધ્યાન પુરૂં થયું. શિષ્યોને બોલાવી અગ્નિશર્માને બેસવા આસન અપાવ્યું. બેસાડીને પૂછે છે–'કયાંથી આવ્યો, ભાઈ!' તાપસે જયાં મમતાથી બોલાવ્યો, ત્યાં અગ્નિશર્માના હૈયાને કોઇ અનેરી ઠંડક મળી.

**મમતાળુ શબ્દો દિલના ઉંડાણમાં પડેલા ભયંકર ઘા ઉપર એક વખત તો અમૃતનું સિંચન કરી દે છે:**–શબ્દ માત્રથી વગર પૈસે પરમાર્થ કરી શકાય છે, છતાં આપણી કેટલી બેહદ ગમારી છે, કે આપણને આવો સસ્તો પરમાર્થ પણ કરતાં આવડતો

નથી. 'કેમ આવ્યો ?' એમ કઠોરતાથી જ પૂછતાં આવડે છે! મૃદુતા જાણે આવડતી જ નથી! પણ જો આગંતુક પ્રત્યે પ્રથમ જ મમતાથી વર્તો 'કેમ આવ્યો, ભાઈ?' તો એનું ભારે મન કેટલું હળવું બની જાય! એમાં પછી ભલે તમે એનું કામ કરો કે ન કરો, ભલે એ ખાલી હાથે પાછો જાય, પરંતુ એનું દિલ તો જરૂર આશ્વાસનનું અમૃત લઈને જ જશે! જ્યારે કઠોર વચન તો કષાયથી બળતા હૃદયમાં અમૃતના સિંચનને બદલે તેલ છાંટે છે.

**આર્જવ કૌડિન્યની ઉચ્ચ માનવતા**:–તાપસના ઉત્તરમાં અગ્નિશર્માએ પોતાની કરુણ કથની કજુ કરી. પરંતુ આર્યદેશના મહાતાપસે એને ઉત્તરમાં જે કહ્યું, તે જાણો છો? 'એ રાજકુમારો તો અભિમાની હોય છે, નાલાયક હોય છે. એવાનો તો રીતસર સામનો કરવો જોઈએ,' એવું કશું જ ન કહેતાં એ તો કહે છે, "ભાઈ, આમાં રાજપુત્રનો દોષ નથી, પરંતુ આપણા પૂર્વજીવનના કર્મોનો દોષ છે. ઉંધા કર્મ કરીને આવીએ તો જગતમાં સીધું ન મળે. મુસાફરીનો માર્ગ ઉંધો પકડીએ તો સ્ટેશન સીધું ક્યાંથી મળે? ખાવાની વસ્તુ ઉંધી ખાઇએ તો સીધી પુષ્ટિ કયાંથી મળે? દુઃખના હેતુભૂત કુપાયોને સેવીએ તો સુખ કેમ મળે? કર્મ ઉંધા હોય તો ફલ સીધા કયાંથી હોય?'

'જો ભાઈ! પૂર્વભવે ધર્મ ન કર્યો હોય એવા જીવો અહીં વિટંબણા પામે છે. ને અહીં ધર્મ જો નથી કરતા તો ભવિષ્યમાં વધુ દુઃખી બને છે. માટે ભાઈ, તું એક માત્ર ધર્મ જ કર. વળી જો આ સ્થાન રાજાઓના અપમાનોથી પીડિત માટે, દરિદ્રતા દૌર્ભાગ્યના કલંકથી કંટાળેલા માટે, ઇષ્ટજનોના વિયોગથી બળેલાઓ માટે મહાઆશ્વાસન અને રાહતનું સ્થાન છે. આ સંસારમાં દુઃખ સંગકૃત છે. સંસારના કોઈ પણ પદાર્થ સાથે સંગ કર્યો કે એની પાછળ અનેક વિટંબણા ઉભી થાય છે.

અર્થાત્ સંગ એટલે દુઃખને નોતરૂં આપ્યું! આ આશ્રમ એવા સંગથી મુકાવનારો છે. અહીં હૃદયને મહાશાંતિ મળે છે. તું સુખેથી અહીં રહી શકે છે."

**અગ્નિશર્માનો વિવેક** :-અગ્નિશર્મા તો રહેવા ખૂશી જ છે. એટલે એ બહુ જ નમ્રતાથી વિનંતિ કરે છે, 'જો આપની દયા હોય અને ઉચિત લાગે તો મને આપનું તાપસવ્રત આપવા કૃપા કરો.' એ સમજે છે, 'અહીં રહેવું હોય તો તાપસી-દીક્ષા સ્વીકારીને રહેવાય. મફતના રોટલા ન ખવાય. તેમજ વ્રત વિનાનું જીવન ધૂળધાણી છે. વ્રત પણ કૃપાથી મળે.' અગ્નિશર્મા આ વિનય ખાસ નિશાળમાં નથી શીખ્યો, પણ એ કાળનાં લોકજીવન એવાં વિનયભર્યાં હતાં. કુલગુરુ કહે છે,

**અગ્નિશર્મા તાપસ બને છે** :-"મહાભાગ! તારાથી વળી બીજો કોણ યોગ્ય? પણ અમારો નિયમ છે કે તાપસ-વ્રત આપવા પૂર્વે અમારા આચાર તને શિખવવા જોઇએ. એ શિખવ્યા પછી સારા મુહૂર્તે દીક્ષા આપી શકાય. તો તું આચાર શીખી લે, તેથી તને તાપસવ્રતનું પાલન શકય છે કે અશકય તે સમજાશે. ત્યારબાદ સારૂં મુહૂર્ત જોઇ તને વ્રત આપીશું." કેવી સુંદર મર્યાદા! એથી જ જીવનમાં સુંદર વ્રતપાલન થાય. સારી મર્યાદાના હિસાબે જ કોઇપણ સંસ્થા રીતસર ચાલી શકે. અગ્નિશર્મામાં ભારે અર્થીપણું હતું; હૃદયમાં ભારે પ્રેમ હતો; તેથી માનીને, ટૂંક સમયમાં જ તેણે આચાર શીખી લીધા; તાપસે એને સારા મુહૂર્તે દીક્ષા આપી. દીક્ષા લેતાં જ અગ્નિશર્માએ મહાઅભિગ્રહ કર્યો, ભીષ્મ પ્રતિજ્ઞા કરી.

**અગ્નિશર્માની ભીષ્મપ્રતિજ્ઞા** :— તાપસવ્રતને અંગીકાર કરી અગ્નિશર્માએ કુલગુરુની સમક્ષ નતમસ્તક બની કહ્યું: "પ્રભુ! આપની અનહદ કૃપાથી હું, આ મહાસુંદર જીવન પામ્યો છું. હવે મારી એક અંતરની ઇચ્છા છે, કે હું જિંદગી પર્યંત મહિના

મહિનાના ઉપવાસ કરૂં. મહિનાના ઉપવાસને અંતે એકવાર જ ભોજન કરી, બીજે જ દિવસથી પુનઃ મહિનાના ઉપવાસ પછી એક જ દિવસ પારણું ને એના પર માસખમણ...વળી પારણાનાં દિવસે હું એક જ ઘેર જઈશ, ત્યાં પારણું થાય તો કરીશ, નહિતર નહીં. એ ઘરે પણ એક જ વાર જઈશ." કેવો કડક અભિગ્રહ! કેવી મહા પ્રતિજ્ઞા! પાછું તે કાળનું જીવન નાનું નહિ! પરંતુ ક્રોડપૂર્વ* વર્ષનું! બહુ મોટું! અને પ્રતિજ્ઞા યાવજજીવની!

એમાં માસખમણના પારણે માસખમણો કરવાના! તમારી કલ્પનામાં આવે છે? સવારે ઉઠ્યા, ચાહ જરા મોડી થઈ તો આકુળા ઉતાવળા થઇ જાઓ છો ને? માથાભારે બૈરૂં મળ્યું હોય તો તો સીધો ટોણો મારે, 'થોડીવારમાં આકળા?' એ ટોણાથી ઉભા પણ થઈ જાઓ ને? પણ શા માટે? કાળી ચાહના એક કપની રાહ જોવા માટે! પરંતુ નોકારશીના બદલે પોરશી કરવાનું જીગર ખરૂં? અને અહીં અગ્નિશર્માને આ માસખમણો ક્યાં સુધી કરવાનાં? છ-બાર મહિના નહિ, વરસ નહિ, સેંકડો વર્ષ નહીં, લાખો પૂર્વ સુધી! એવા જંગી દીર્ઘકાળ સુધી માસખમણના પારણે માસખમણ!! જીવન કાંઇ બહુ આહાર પર નભતું નથી. આયુષ્યની બળવત્તરતા પર નભે છે. આહાર એ ટેકો ખરો, પણ આપણે માનીએ છીએ તેવો નહિ!

---

* એક પૂર્વ એટલે ૮૪ લાખ વર્ષ × (ગુણ્યા) ૮૪ લાખ વર્ષ, એટલે કે ચોર્યાશી લાખ લાખ વર્ષ બે–ચાર વાર નહિ, પણ ચોર્યાશી લાખ વખત જાય ત્યારે એક પૂર્વ થાય. એક વર્ષ–બે વર્ષ...એમ ૮૪ લાખ વર્ષ એકવાર વીત્યા પછી ફરી એકથી લઈ એક-બે એમ ૮૪ લાખ વર્ષ વીતે,બીજીવાર એમ ત્રીજીવાર,ચોથીવાર, હજારમીવાર, લાખમી વાર એ રીતે ચોરાશી લાખવાર ૮૪–૮૪ લાખ વર્ષ પસાર થાય ત્યારે એક પૂર્વનો કાળ થાય.

એવું વાંચેલું યાદ આવે છે કે અમેરિકામાં ત્રણ ઉંદર પર અખતરો કરવામાં આવ્યો હતો. એક ઉંદરને રોજ અનેકવાર ખવરાવવામાં આવતું; બીજાને આખા દિવસમાં એકી સાથે એક જ વાર ખવરાવતા, અને ત્રીજાને એકાંતરે ખવરાવાતું. (એટલે એક દિવસ કાંઈ જ નહિ ખવરાવવાનું અને બીજે દિવસે ખવરાવવાનું.) એકાંતરે જેને ખવરાવાતું તે સૌથી વધારે જીવ્યો, રોજ એક વાર જેને ખવરાવાતું તે એનાથી ઓછું જીવ્યો અને રોજ અનેકવાર જેને ખવરાવાતું તે સૌથી ઓછું જીવ્યો. આ આજના પ્રયોગે પણ શોધી કાઢ્યું છે, પણ તમને દિલમાં વાત બેસે તો ને!

**ધ્યાનમાં ચઢાય એટલે અંદરથી પ્રકાશ મળે.:**–અગ્નિશર્મા તાપસની તો ખ્યાતિ પ્રસરી. બધા જેમ જેમ સાંભળે છે તેમ તેમ બોલે છે, 'અહો!! કેવા મહાત્મા! શું પરાક્રમ! કેવી પ્રતિજ્ઞા!' પ્રજાજનોના મસ્તક ઝૂકી જાય છે. અગ્નિશર્મા ઉપવાસ કેવી રીતે કરે છે? સૂઈ સૂઈને નહિ! પરંતુ ઉદ્યાનમાં એક રમણીય ભાગમાં કે જયાં વૃક્ષો છાયા આપી રહ્યાં છે, જયા પુષ્પો સુવાસ પાથરી રહ્યાં છે, જયાં પરમશાન્તિ છાઈ રહેલી છે, ત્યાં એક શીલા પર અગ્નિશર્માએ આસન જમાવ્યું છે! પદ્માસને બેસી નાસિકાગ્રે દૃષ્ટિ સ્થાપી તેણે ધ્યાનદશા સિદ્ધ કરવા માંડી છે! પૂછશો નહિ કે ધ્યાનમાં એ શું વિચારતો હશે? કેમકે કંઈ નહિ ભણેલા માણસો પણ એવા છે કે ખુશીથી માત્ર 'ૐ' નો જાપ દિવસ અને રાત કર્યા કરે છે! ધ્યાનમાં ચઢાય એટલે અંદરથી પ્રકાશ મળે. જ્ઞાન અંદરથી ખૂલે તો બહારથી મળતું જ્ઞાન ખીલે, પણ એ માટે સંસારની માયા મૂકી અંદર લીન થવું જોઈએ! ધ્યાનમાં વિચારણાના અંગો કયાં થોડા છે? જીવનો, કર્મનો, આસ્રવોનો, એકેક પાપસ્થાનકનો, એની સામે એકેક ધર્મસ્થાનકનો, બાર ભાવનાનો જિન–આજ્ઞાનો, ચૌદ રાજલોકનો, ઈત્યાદિનો વિચાર કરી શકાય

એમ છે. મહાપુરુષોના એકેક જીવનના એકેક પ્રસંગનો, પરમાત્માના ગુણોનો, શક્તિનો અને ઉપકારનો વિચાર કરી શકાય. સ્થિર થઈ અંદરમાં જવું જોઇએ. જગતને ભૂલવાનો માનસિક યત્ન કરવો જોઈએ. માત્ર આત્માની દર્પણસમી અવિકારી શુદ્ધ અવસ્થા વિચારાય. નવપદજીના પદેપદ પર ચિંતન કરી શકાય. ધ્યાનનો અભ્યાસ કરવો છે? તો આવા-આવા ઘણા અવલંબન છે.

**અગ્નિશર્માની ખ્યાતિ:**— અગ્નિશર્માને ધ્યાન સાથે માસખમણનો અભિગ્રહ પાળતાં લાખો પૂર્વ પસાર થઈ ગયાં. મહાતપસ્વી તરીકે ચારેકોર એની ખ્યાતિ પ્રસરવા લાગી. લોકોનું તેના પ્રત્યે જબ્બર આકર્ષણ જામ્યું. પ્રજા અગ્નિશર્મા તપસ્વી પ્રત્યે જાણે પક્ષપાતી બની ગઈ ન હોય, તેમ તેના ગુણગાન ચારેકોર થવા લાગ્યા. શાસ્ત્ર કહે છે કે, જો કે ગુણ વિષે જે પક્ષપાત કરવાનો, તે મોક્ષ માટે જ કરવાનો છે, પણ એટલું સમજજો કે લોકમાંય કીર્તિ—સન્માન જોઈતાં હશે તોય તે ગુણના ઉપર પક્ષપાત કરવાથી મળશે. ગુણ તો અબુઝનેય આકર્ષે; તો પછી જાણકાર આકર્ષાય એમાં શી શંકા?

## પ્રકરણ : ૭

# ગુણસેન તપોવનમાં.

**પૂર્ણચંદ્રરાજા વનવાસમાં:**-પૂર્ણચંદ્રરાજાએ ગુણસેન કુમારના વસંતસેના સાથે લગ્ન કર્યાં. ક્રમે કરીને તેનો રાજ્યાભિષેક પણ કર્યો, અને પોતે કુમુદિની રાણી સાથે તપોવનમાં વાસ કરવા ચાલી નીકળ્યો. રાજા શ્રાવક નથી, ઈતરધર્મી છે, પણ આર્યદેશની બલિહારી છે કે અમુક ઉંમરે જ્યાં વ્યવહાર સંભાળનાર આવી મળે એટલે જગતની જળોજથા મૂકીને આત્મ—કલ્યાણાર્થે ચાલી નીકળવાનું. કદાચ સંભાળનાર ન હોય તો બીજાને ભળાવીને પણ ઉંમરે તો નીકળવાનું જ! માનવ માનવ તરીકે હોય તો છેલ્લા શ્વાસ સુધી પશુની જેમ સંસારને બાથ ભીડીને બેસી ન રહે. આજે તો બધું નવું બની રહ્યું છે. આર્યદેશની સંસ્કૃતિ જાણે મરી પરવારી છે! વીતરાગનું શાસન તો આઠ વર્ષે સંસાર મૂકવાનું કહે છે! જ્યાં સુધી સંસાર ન મૂકાય ત્યાં સુધી જીવ પોતાને ઠગાયેલો માને! શું સમજીને? ‘જીવનમાં કર્તવ્ય સંસારત્યાગ છે, સંસારસંગ નહીં.’

**ગુણસેનનું તપોવનમાં આગમનઃ**-રાજ્ય સિંહાસને બિરાજેલ ગુણસેન સારી રીતે રાજ્ય કરે છે. અનેક સામંત રાજાઓ એની સેવા કરે છે. એણે પોતાની રાજ્યસંપત્તિ વધારી. દશે દિશામાં એનો નિર્મલ યશ ફેલાયો. એક વખત પોતાની વસંતસેના પટરાણી વગેરે પરિવાર સાથે પ્રવાસે નીકળ્યો. ક્રમે કરીને વસંતપુર નગરમાં આવ્યો.આર્જવ કૌડિન્ય તાપસનો આશ્રમ આ નગરની નજીક હતો.

મોટા સ્વાગત સાથે મહારાજા ગુણસેન નગરમાં પ્રવેશ્યો. તે દિવસે નગરનું સૌ લોક મળવા આવ્યું. રાજા-પ્રજાનો પરસ્પરનો વ્યવહાર પત્યો. પછી નગરનું અવનવું પૂછતાં રાજાએ આર્જવ-કૌડિન્યના તપોવન સંબંધી સાંભળ્યું, એટલે એ જોવા એની તીવ્ર ઈચ્છા થઈ. બીજે દિવસે યોગ્ય સમયે રાજા પોતાના પરિવાર સાથે તપોવનમાં આવ્યો.

**તાપસકુમાર સ્વાગત કરે છેઃ**—રાજાનું આગમન સાંભળીને આર્જવકૌડિન્યે તાપસ કુમારોને સામે મોકલ્યા. ફળોની ભેટ મોકલીને રાજાનું કુશળ પૂછાવ્યું. એ તાપસો જૈન-ચારિત્રની કક્ષાએ નહોતા પહોંચ્યા, એટલે આ વ્યવહાર હતો. નહિ તો સંસારના ત્યાગીને સંસારમાં ફસેલા રાજાનીય શી ભક્તિ કરવાની હોય? ગુણસેન રાજાની આગળ આવીને મધુર શબ્દોથી તાપસકુમાર કહે છેઃ 'મહાશય! ચાર આશ્રમના ગુરુ અને સંરક્ષક એવા અમારા પુણ્યશ્લોક કુલપતિ આપને સુખ શાતા પૂછે છે.' ચાર આશ્રમ કયા? બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. ઇતરોમાં આ ચાર આશ્રમ મનાય છે. રાજા એ આશ્રમોની રક્ષા કરે છે અર્થાત્ ચારે અવસ્થામાં રહેલા જીવોનો ધર્મ-વ્યવહાર સાચવવામાં રાજા સહાયક બને છે. એટલે કે રાજા ધર્મને માન આપે, અધર્મીને શિક્ષા કરે; પણ આજે તો આશ્રમોની વ્યવસ્થા જ ક્યાં રહી છે? ને રાજાઓ તો નામના જ રહ્યા!

**રાજા કુલપતિ પાસેઃ—** તાપસકુમારના વિવેકભર્યાં શબ્દો સાંભળી મહારાજા ગુણસેનને ઘણો આનંદ થયો. વિશેષમાં એને લાગ્યું કે, 'મારી ચિંતા કરનાર આ કુલપતિ !'

રાજા તાપસકુમારને પૂછે છે, 'કયાં છે એ પવિત્રમૂર્તિ કુલપતિ ?'

તાપસો કહે છે, 'નજીકના તપોવનમાં.' રાજા તરત તપોવનમાં ગયો. કુલપતિને જોઇને મહારાજા ગુણસેનના હૃદયમાં ભક્તિ જાગી ! એક વખતના કૌતુકપ્રિય રાજાને અનેક તાપસોને જોઇને તથા આર્જવકૌડિન્ય કુલપતિને જોઇને હૃદયમાં ધર્મપ્રેમ પ્રગટ્યો. કુલપતિને તથા તમામ તાપસોને રાજાએ વંદના કરી; અને કુલપતિ આર્જવકૌડિન્ય પાસે બેઠો. રાજા કેટલો વિવેકી ગણાય ! તાપસોને વંદના કર્યા પછી કુલપતિ પાસે બેઠો. તમે પણ તેવો જ વિવેક સાચવો છો ને ? કે પર્છા આચાર્ય મહારાજને વંદન કરીને સીધા બેસી જાઓ છો ? ખરી રીતે બધાને વંદન કરી પછી બેસાય. તાપસ અને રાજા વચ્ચે વાતચીત ચાલી. શેની ? ધર્મની ! રાજા પાસે તાપસ કઈ વાત કરે ? રાજા શું સાંભળવાની અપેક્ષા રાખે ? સંસારના ત્યાગી પાસે ત્યાગની વાત સાંભળવા મળે. રાગની નહીં.

**ગુણસેનની પ્રાર્થનાઃ—** સમય થતાં ગુણસેન રાજા ઉઠવાની તૈયારી કરે છે. ઉઠતાં કુલપતિને વિનંતિ કરે છે કે પ્રભુ ! કાલે સકલ પરિવાર સાથે મારે ઘેર પધારી ભોજન કરવાનો લાભ મને આપો.'

કુલપતિ કહે છે, 'વત્સ ! એક અગ્નિશર્મા તાપસને છોડીને એ બની શકે.'

'કેમ પ્રભુ ?'

'રાજન્ ! એ તાપસ મહીને એકવાર જ જમે છે, તે પણ જયાં પારણા માટે જાય, જે ઘરમાં જાય, ત્યાં મળે તો ભલે, નહિ તો બીજે જતો નથી, અને એ ઘરમાંય બીજી વાર નહીં

જવાની એને પ્રતિજ્ઞા છે. પછી બીજે મહીને વાત જાય! આવી મહાપ્રતિજ્ઞાને એ તાપસ લાખો પૂર્વેથી વહન કરે છે. આ મહિનાનો તપ હજી પુરો થયો નથી; તેથી એના સિવાય તારી પ્રાર્થના કબુલાય.'

રાજા કહે છે: 'ઘણી કૃપા પ્રભુ! પણ કયાં છે એ મહાતપસ્વી તાપસ? હું તેમનાં દર્શન કરીને તો પાવન થાઉં.'

કુલપતિ રાજાની સાથે એક શિષ્યને મોકલે છે; રાજાને એ તાપસ બતાવે છે.

**ગુણસેન રાજા અગ્નિશર્માના દર્શને**—ગુણસેન રાજા ત્યાં ગયો, એણે અગ્નિશર્માને જોયો. આંબાના વૃક્ષ નીચે પદ્માસને બેઠેલ, નાસિકાના અગ્રભાગે દૃષ્ટિ સ્થિર કરી પ્રશાંતચિત્તે ધ્યાનસ્થ રહેલ. એને જોઈને રાજા ખૂબ જ ખુશ થયો. ત્યાં બેઠો. થોડીવાર બાદ અગ્નિશર્માએ પણ ધ્યાન પૂર્ણ કરીને મધુર શબ્દોથી રાજાનું સ્વાગત કર્યું.

**અગ્નિશર્માનું ઉત્તમ વક્તવ્ય:**—રાજાએ પૂછયું, 'ભદંત! જગતમાં ન જોયેલ, ન સાંભળેલ એવો આ મહાદુષ્કરકોટિનો તપ આપ કયા નિમિત્તથી કરવા તૈયાર થયા?'

"હે મહાભાગ, તું આ તપશ્ચરણનું નિમિત્ત પૂછે છે, તો સાંભળ, દરિદ્રતાનું દુ:ખ, બીજાથી પરાભવ, શરીરની વિરૂપતા અને કલ્યાણમિત્ર ગુણસેન રાજપુત્ર. આ ચાર નિમિત્તે આ તપનો કલ્યાણ વ્યવસાય પ્રાપ્ત થયો છે." પોતાનું નામ આવ્યું એટલે રાજાએ પ્રથમની ત્રણ વાત પડતી મૂકી. મનમાં એને થયું, "ગુણસેન એ તો મારૂં નામ. હું આજે રાજા છું. પ્રથમ રાજપુત્ર હતો... દરિદ્રતા વગેરે દુ:ખ તો કારણ બને એ સમજાય તેવી વાત છે, પણ હું શી રીતે આ મહાતાપસની તપશ્ચર્યામાં કારણ બન્યો?" એમ રાજાને શંકા પડી. પ્રગટપણે ગુણસેન પૂછે છે, "દરિદ્રતા વગેરે તો બને એ સમજાય, પણ ગુણસેન રાજપુત્ર શી રીતે કારણ થયો?"

અગ્નિશર્મા,"જગતમાં ત્રણ પ્રકારના જીવો હોય છે.ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. ઉત્તમ માણસો કોઈની પ્રેરણા વિના આપમેળે ધર્મ કરે છે. મધ્યમ માણસો બીજાની પ્રેરણાથી ધર્મમાં જોડાય છે. જયારે જઘન્ય માણસો તો પ્રેરણા મળવા છતાં ધર્મ આદરતા નથી."

શું કહ્યું? ઉત્તમ જીવને સહેજે ધર્મ સૂઝે છે. એને ધર્મ કરવાનું કહેવું ન પડે. તરત જ ધર્મકાર્યમાં લાગી જાય. એ સમજે છે કે, "જીવન ચંચળ છે, લક્ષ્મી ઠગારણ છે, કાયા કુટીલ છે, કુટુંબ એ મોહજાળ છે. ત્રણુના સદુપયોગમાં જીવનની શાબાશી છે. કંચન-કાયા-કુટુંબ ભયરૂપ છે. અજ્ઞાનજીવો એની મોહિનીમાં જ અનેક પાપસ્થાનક સેવીને દુર્ગતિમાં જાય છે. મારૂ એવું ન બને માટે જ ધર્મ ખૂબ કરૂં." મધ્યમ કોટિના જીવોને પ્રેરણા કરવી પડે. જઘન્યને તો પ્રેરણા કરો તોય ન સમજે. આપણો નંબર શામાં લાગે? ગુરુઓ તરફની પ્રેરણાઓ કેટલી મળે છે? અને આપણે એમાંની કેટલી પ્રેરણાને સફળ કરીએ છીએ? જઘન્ય જીવો પ્રેરણાનેય ગણતા નથી. તો સહેજે ધર્મ કરવાની તો વાતે ય શી?

અગ્નિશર્મા કહે છે, "મધ્યમ સ્થિતિના જીવને જે ધર્મમાં પ્રેરે તે સંસારમાં કલ્યાણમિત્ર છે. સંસારરૂપી કેદખાનામાંથી બહાર નીકળવામાં પ્રેરનાર કલ્યાણમિત્રનું કામ કરે છે."

રાજા વાતનો તાગ પામી ગયો. 'હું જ ગુણસેન રાજકુમાર ...આને ક્રૂર રીતે ખીજવતો હતો...એજ આજે મારા ગુણ ગાય છે.' છતાંય ફરી પૂછે છે: "ભગવન્! કલ્યાણબંધુભૂત એવા એ રાજપુત્રે તમને ધર્મ વિષે એવી તે શી પ્રેરણા કરી?"

અગ્નિશર્મા: "પ્રેરણા અનેક પ્રકારની છે. ગમે તે એક નિમિત્તે મને એણે ધર્મમાં પ્રેર્યો."

**ગુણસેનરાજા અનુમોદના કરે છે:**-રાજાનું ચિત્ત અગ્નિશર્માની ઉદાત્ત વિચારણા પર ઓવારી જાય છે! અને એનું હૃદય તાપસની

ખૂબખૂબ અનુમોદના કરે છે. "કેવો એનો ધર્મપ્રેમ! કેવી ઉદારતા! ન મારૂં અપમાન, ન મારી નિંદા, કાંઈ જ બોલતો નથી!" જગતમાં સજ્જનોને પરનિંદાનો ભારે ભય હોય છે. ભલે પોતાનું બગાડયું હોય પણ સજ્જન બીજાની હલકી વાત ન બોલે. હલકો માણસ હલકી વાત બોલે, હલકો વિચાર કરે. હલકો વિચાર હૃદયને કાળું કરે છે. કેમકે હલકો વિચાર ખૂદ કાળો છે. હાથે કરી કાળા કોલસા કપડે ઘસવાથી કપડું શું કાળું ન થાય?

**ગુણસેનનો સ્પષ્ટ ઇકરાર:**–અગ્નિશર્માની ઉચ્ચ આત્મસ્થિતિ જોઈ ગુણસેનનો હૃદયસાગર હિલોળે ચઢયો. પોતાની જાત અધમ લાગી. તેણે સ્પષ્ટ શબ્દોમાં પોતાની પાપી જાતને પ્રગટ કરતાં કહ્યું:"આપને કદર્થના કરનાર, મહાપાપ કરનાર...નાલાયક, એ ગુણસેન નહીં, પણ અગુણસેન હું પોતે જ છું મહારાજ!"

**અગ્નિશર્મા:** "એમ ન બોલ, તારૂં કલ્યાણ થાઓ! તું શાનો અગુણસેન! કે જેણે મને આ તપ-વૈભવ પમાડયો!"

માસખમણના પારણે માસખમણ ચાલુ હોય, લાખો પૂર્વ વીતી ગયાં હોય, દ્રોહી સામે આવ્યો હોય, સામો વળી પોતાની મેળે જ પોતાને નાલાયક કહે, એ વખતે એક હલકી વાત કે હલકો શબ્દ કાઢવાની વાત નહિ! આત્માને ક્ષમા અને ઉદારતામાં કેવો કેળવ્યો હશે! ધર્મની લગની છે, ધર્મનું અર્થીપણું છે, એ જાગ્યા પછી હલકી વાત ન હોય. મહર્ષિઓ તો ચંદ્રબિંબ જેવા હોય છે, એમાંથી અગ્નિ કદાપિ ન વરસે.

**પારણા માટે પ્રાર્થના:**–રાજાએ પૂછયું, 'ભગવન્! આપના તપમાં હજી કેટલા દિવસ બાકી છે?'

**અગ્નિશર્મા** કહે, 'પાંચ દિવસ.'

**રાજા:** 'આપની પ્રતિજ્ઞા કુલપતિ પાસેથી મેં જાણી છે. પારણાને પાંચ દિવસ બાકી છે, તો હું આગળથી પ્રાર્થના કરૂં

છું કે પારણાના ભોજનનો લાભ, આપને વાંધો ન હોય તો, મારે ત્યાં પધારી મને આપશો.''

હવે જુઓ કે આ મહાતાપસ અહીં કેવો હૃદયગ્રાહી ઉત્તર આપે છે!

**અગ્નિશર્મા પારણું સ્વીકારે છેઃ**—" મહાનુભાવ, કાલ કોણે દીઠી છે! સ્વપ્નતુલ્ય આ જીવલોક છે. એમાં કાલની ખબર નથી, તો પાંચ દિવસ પછીની શીય વાત?'' શું કહ્યું તાપસે? જીવલોક સ્વપ્ન સમાન છે. એમાં હમણાં જોયું તે પછી નહિ, આજનું કાલ નહિ, કોઈને સ્વપ્નું આવ્યું...ત્યાં કોકે ઢંઢોળ્યો, તો બધું જ જાય! ક્ષણવાર એમ થાય કે આ જગત પણ સ્વપ્નું છે! વિચારે કે, 'મહેલ બંધાવીશું, વાસ્તુ કરીશું, કુટુંબ સાથે રહીશું, મોજ કરીશું', પણ એ પહેલાં પોતે જ ચાલ્યો જાય! સ્વપ્ન તુલ્ય જગત છે. સ્વપ્ન ઉડતાં કશું જ નથી. સ્વપ્નસૃષ્ટિ સ્વપ્નના દર્શન સુધી જ ટકનારી! ઘડી પહેલાં જે સ્નેહીઓ અનુરાગવાળા હોય, તે પછી તેવા નથી દેખાતા. રાત્રે જેવા દેખાય તેવા પ્રભાતે નથી દેખાતા, પ્રભાતે જુદા જ દેખાય છે. 'તપને પચીસ દિવસ થયા છે; ચાલો હવે પાંચ દિવસ પછી પારણું થશે,' એવી આ તાપસને કલ્પના પણ નથી. સ્વપ્ન જેવા જીવનમાં કાલે વિઘ્ન નહિ આવે એની શી ખાત્રી?

રાજા કહે છે, 'સમજ્યો, આપ કહો છો એ તદ્દન સાચું છે. જો વિઘ્ન ન આવે તો તો મારે ત્યાં પારણાનું સ્વીકારો.''

અગ્નિશર્માઃ "ઠીક, તારો, આગ્રહ છે તો કંઇ વિઘ્ન નહિ આવે તો પારણું તારે ત્યાં રહેશે.''

રાજા હર્ષિત થઈ ગયો. "મહાતાપસના પારણાનો લાભ પોતાને મળશે,'' એનો આનંદ કેમ ન થાય? જગતમાં ગુણીયલ પુરૂષોના સન્માન અને ભક્તિ કરવાનું મળે કયાંથી!

## પ્રકરણ : ૮

# પ્રથમ પારણું ચૂકાયું.

બીજે દિવસે અગ્નિશર્મા તાપસ સિવાયના બીજા તાપસો રાજાને ત્યાં ભોજન કરવા ગયા. રાજાએ પણ બીજા તાપસોની ખૂબ સેવાભક્તિ કરી, અને કુલપતિ પાસે અગ્નિશર્માની અને એના મહાતપની ખૂબ ખૂબ પ્રશંસા કરી. તાપસો પાછા સ્વસ્થાને ચાલી આવ્યા. મહાતાપસના પારણાનો દિવસ આવ્યો. અગ્નિશર્મા પારણા માટે રાજમહેલ તરફ ચાલી નિકળ્યો. નિયત કરેલી વાત હતી; વિઘ્ન નહોતું; એટલે એ તો સીધો રાજમહેલે ગયો. બીજે જવાનું હતું જ નહિ. જયાં મહેલના પગથીએ ચડ્યો ત્યાં તો વાતાવરણ શૂન્યકાર જોયું! જુઓ ભવિતવ્યતા! એવી ભવિતવ્યતાની પરવશતામાં કે કર્મની પરાધીનતામાં માણુસ ગર્વ રાખી શકે ખરો, 'હું ધાર્યું કરૂં?' રાજકુલ આખું વ્યાકુલ થઈ ગયું હતું. રાજાના મસ્તકે ભયંકર પીડા ઉપડી હતી. મોટા મોટા નિષ્ણાત વૈદ્યો બેઠા હતા, ઉપચારો કરતા હતા. 'આ લેપ વટાવો, તે વટાવો, આ લગાડો, તે લગાડો, આ કરો, તે કરો.' એમ ઉપાય કહેતા અને કરતા—કરાવતા હતા. છતાં

કોઈ રીતે રાજાની પીડા શમતી નથી. મંત્રીઓ પણ શું કરે! સુરગુરૂ બૃહસ્પતિની બુદ્ધિને પણ તુચ્છકારે એવા મંત્રીઓ હતા, પણ આમાં શું કરે? જે જેમાં નિષ્ણાત હોય તે તેમાં કામ આવે, બીજે નહિ. જેણે સંસાર ડહોળ્યો હોય તે સંસારના નિષ્ણાત કહેવાય, ધર્મ સંબંધમાં એ નિષ્ણાતતા શું કામ આવે? પુરોહિતો શાંતિકર્મ કરતા હતા! વેદપાઠનો જાપ કપતા હતા, દેવને બલી અપાવતા હતા, મંત્રો જપતા હતા! રાણીઓનું અંતેપુર ઉદ્વિગ્ન હતું, એમના અલંકાર કે એમની માળાઓ વગેરે શુંગાર એમને એમ પડયા રહ્યા હતા. આંખમાંથી આંસુઓ વહી રહ્યા હતાં, હથેલીમાં મસ્તક મૂકી શોકમાં ગરકાવ થયું હતું. માત્ર રાણીઓ જ નહિ, રાજકુમાર-કુમારિકાઓએ પણ ક્રીડા છોડી દીધી હતી. ગાવાનું-નાચવાનું-ખેલવાનું વગેરે સઘળી આનંદની હીલચાલ બંધ થઈ ગઈ હતી. વાજિંત્રના અવાજ બીલકુલ બંધ હતા પ્રતિહારીઓ પણ શ્યામ મુખવાળા અને ખિન્ન મનવાળા બની ગયા હતા. રસોઈઆઓ વગેરે પણ કામ મૂકી એક સરખા શોકનિમગ્ન હતા. બધાય શોકસમુદ્રમાં ગરકાવ થઈ ગયા હતા. સર્વત્ર શૂન્યકારતા છાઈ ગઈ હતી.

**આપનો દેહ કરમાયેલો કેમ ?**:-અગ્નિશર્મા આ બધું જોઈ રહેલ છે. પણ પછી પગથિયે ઉભો રહી પાછો ચાલી નીકળ્યો. ન કોઇએ એને બોલાવ્યો, ન કોઈએ એને સત્કાર્યો.

એ તો સીધો ગયો તપોવનમાં. તાપસો કાયમની જેમ આજેય રાહ જોતા હતા. દરેક પારણા વખતે રાહ જુએ, પારણું કરીને આવે એટલે મોં પર જરા તાજગી દેખાય, એટલે તાપસો હરખાય. પરંતુ પારણા વિના આવેલા અગ્નિશર્માનો દેહ કરમાયેલો જ જોઇ દીલગીર થયા. ઉત્કંઠાથી પૂછે છે, ' શું પ્રભુ, પારણું ન થયું? દેહ આપનો કરમાયેલો કેમ?'

**અગ્નિશર્માની અદ્‌ભુત સમતા:**-અગ્નિશર્મા એનો સ્વસ્થપણે ઉત્તર આપે છે. દીનતાથી નહિ. જુઓ, એ મહાતાપસ કેવો સુંદર ઉત્તર આપે છે! એને લાખો પૂર્વના માસખમણ થયા છે, કાયાનો કેટલો ઘસારો પહોંચ્યો હશે! છતાં 'મને પારણું ન થયું, મહિનો ખેંચવો પડશે,' એવી લેશ પણ દીનતા નથી. તાપસોએ પૂછ્યું, 'આપ પારણું કરવા ગયા તો રાજાને ત્યાં ન ગયા?' એના ઉત્તરમાં અગ્નિશર્મા કહે છે, 'પેઠો તો હતો, પણ રાજા બિચારો બહુ માંદો પડી ગયો હશે, ત્યાં તમામ પરિવાર ઉદ્વિગ્ન શોકાતુર જોવામાં આવ્યો. એ મારાથી જોવાયું નહિ.' દયાળુને દુઃખીનું દુઃખ ક્યાં સુધી જોવું ગમે? 'મને એ ન ગમ્યું-મારાથી એ ન જોવાયું. માટે હું ચાલી નીકળ્યો.' પારણું ન થયાનું કોઈ રોદણું નથી! રાજાને ગાળ દીધી નથી, તાપસો સાથે પણ ચડા-ઉતરી કરી નહીં! ઘણીવાર એવું બને છે કે, દોષ કોઇનો હોય, અને પોટલો બીજાના માથે ચઢાવાય! અહિં તો તાપસ ખૂબ શાન્તિ અનુભવે છે.

વિચારવા જેવું તો એ છે કે આ અગ્નિશર્માને વીતરાગ પરમાત્માનું શાસન નથી મળ્યું, છતાંય કેવી સુંદર સમતા! તે વળી સમતા ખાધેપીધે નહિ, પણ એક માસના ઉપવાસના અંતે અને બીજું માસખમણ શરૂ થઇ જવાના પ્રસંગે! આપણે તો વીતરાગના અનુયાયી, તે પાછા ખાતીપીતી સ્થિતિમાં. છતાં અવસરે ખામોશ, સમતા અને સહિષ્ણુતા કેટલી?

**તાપસોની સમતા:**— અગ્નિશર્માએ કહ્યા પછી વળતા તાપસો પણ કહે છે, "એમાં શું સંદેહ? જરૂર રાજા માંદો પડી ગયો હશે, નહિ તો તપસ્વીજનની ભક્તિમાં સાવધાન એવો રાજા તમારી ભક્તિ કેમ ન કરે? અને આપના પર તો એમને બહુ માન છે. કુલપતિ પાસે આપની ખૂબ પ્રશંસા કરતા હતા.

એ અમે સાંભળી છે; એ આપની ભક્તિ કર્યા વિના ન રહે, પણ નક્કી માંદા પડયા હશે. ત્યાં શું થાય ?"

**તાપસના ગયા પછી રાજાની પીડા ટળી:-** તાપસોએ રાજા તરફ દિલસોજી બતાવી એ ઉપરથી અગ્નિશર્મા કહે છે, 'ગુરુજનના ભક્ત એવા એ રાજાને સારૂં (આરામ) થઈ થાઓ! મારે આહાર સાથે બહુ નિસબત નથી. હવે મારે એક મહિનાના ઉપવાસ છે.' ચંદનને ગમે તેટલું લસોટવામાં આવે પણ એ તો સુગંધ અને શીતલતા જ આપે! એ તો એજ આંબાનું વૃક્ષ, એજ શિલા, એજ પદ્માસન, એજ એકાગ્રતા, અને એજ ધ્યાન! અગ્નિશર્મા ધ્યાનમાં બેસી ગયો, અને અહીં રાજાની પીડા ટળી. જુઓ ભાવિભાવ! માણસ ગમે તેટલું ધારે કે 'હું આમ કરી લઉં, તેમ કરી લઉં' પણ આત્મામાં ગુપ્ત પડેલા કેવા કર્મ કયારે ઉદયમાં આવશે અને કેવી ઉપાધી કે અગવડ ઉભી કરશે એની જીવને કયાં ખબર છે? પછી ગમે તેવી ધારણા ધૂળમાં રગદોળાય છે! એ સૂચવે છે કે કર્મની પરવશતાનો અંત આણો.

**રાજા ચોંકી ઉઠયો:**—જેવી પીડા ટળી કે રાજા સફાળો ઊભો થઈ ગયો ને પરિવારને પૂછે છે,

'કોઈ તાપસ પારણા માટે આવેલ ?'

પરિચારકોએ કહ્યું: 'હા! કોઇ તાપસ આવ્યો હતો.'

'પછી ?'

'થોડીવાર ઉભો રહ્યો, કોઈએ બોલાવ્યો નહિ, એટલે એ ચાલ્યો ગયો.'

'અરરરરરરર!' રાજાને કમકમી આવી ગઇ. રાજાએ મસ્તક વેદના કરતાંય શત-સહસ્રગુણ કારમી પીડા મહાતાપસનું પારણું ચૂકાવવાથી અનુભવી.

**રાજાનો વિલાપઃ**—રાજા ભારે વિલાપ કરે છે: " અહો ! હું કેવો અધન્ય ! કેટલો હું હીણભાગી ! કેવો મહાલાભ ચૂક્યો ! કેવો હું પાપી કે તપસ્વીના દેહને આહારના અંતરાયથી પીડા કરનારો થયો ! અરે...મારે હાથે અનર્થ થયો ! મારે ઘરેથી નીકળ્યા પછી અહીં પણ બીજી વાર ન જ આવે; એટલે હું બોલાવું તોય નહિ આવવાના; અને બીજે તો જવાનું જ બંધ, એટલે બીજે ય નહિ જવાના. એટલે ઉપર બીજા એક મહિનાના ઉપવાસ ! અહાહાહા ! તપસ્વીના દેહને મેં કેટલી અશાતા ઉભી કરી..."

રાજાએ ઝૂરી ઝૂરીને આખો દિવસ અને રાત પસાર કર્યાં, સવારે ઉઠીને સીધો ગયો તપોવનમાં, કુલપતિનાં તથા તમામ તાપસોનાં એણે દર્શન કર્યાં, અને કુલપતિ આગળ બેઠો; પણ શરમનું માર્યું માથું ઊંચું થતું નથી. તાપસોએ તથા કુલપતિએ આશીર્વાદ આપ્યા. કુલપતિના તથા તાપસોના મનમાં રાજાએ પારણું ચૂકાવ્યા બદલનો કોઈ વિકલ્પ નથી. તેથી રાજાના ઉદ્વેગનું કારણ સમજી ન શક્યા. એટલે સહજભાવે પૂછે છે,

" કેમ આજે આટલી બધી વિચિત્ર દશા ! ઉદ્વિગ્ન કેમ ? તમને વાંધો ન હોય, છૂપાવવા જેવું ન હોય તો જરૂર કહો. " રાજાનું માથું નીચે નમેલું છે, દીર્ઘશ્વાસ લઇ રહેલ છે. વેદના અનુભવી રહેલ છે, પણ એને કુલપતિના દિલસોજીભર્યા વચનથી આશ્વાસન મળે છે, પણ જો કુલપતિએ કઠોર વચનથી રાજાની હાજરી લીધી હોત તો રાજાના હૃદયમાં રહ્યાસહ્યા લાગણીના તંતુ પણ તૂટી જાત. કોઇએ આપણી ભૂલ કરી હોય તોય એ દુઃખી થઈ, શરમાઈ, પસ્તાઈ, સંકોચાઈ સામે આવે ત્યારે ટોણા ન મરાય, ઠપકા ન દેવાય.

**આ તે આ ! તપસ્વીજનો આ જેવા છેઃ**–રાજા કહે છે, ' ભગવન્ ! આપથી છૂપું રાખવા જેવું શું છે ? ગુરુથી છૂપાવવા

જેવું શું હોય ? ગુરુથી છૂપાવવું હોય એ શા માટે ગુરુ પાસે આવે ? બાકી હું તો આવવા લાયક નથી !'

કુલપતિ કહે છે, 'તારો વિવેક સુંદર છે. તું લાયક જ છે, માટે તારી ઉદ્વિગ્નતાનું કારણ કહે.'

'ભગવંત ! આપની આજ્ઞા છે માટે કહું છું; નહિ તો આવા ક્રૂર આચરણને કરનારો હું બોલવા માટે લાયક કયાં છું ? મારે તો બોલવું એ મહાશરમભર્યું છે.'

'તપસ્વીજનો આગળ બોલવામાં શરમ શી ? શું ખબર નથી કે તપસ્વીજનો જગત માટે માતા સમાન હોય છે ?' માનું કેવું વાત્સલ્ય ? ગમે તેવો ગુનેગાર હોય, ગમે તેવું અકાર્ય કરનાર હોય, પણ બાળક દિલ ખોલીને મા આગળ વાત કરી શકે. બાળક કદાચ વાત ન કરે તોય મા તે મા મટતી નથી. તપસ્વીજનો પણ તેવા હોય છે. કુલપતિ કહે છે કે "રાજન્, ઉદ્વિગ્નતાનું કારણ કહે; એ નિવારી શકાય તેવું હશે તો તેને નિવારવાનો અમે પ્રયત્ન કરીશું."

**રાજાનો નિખાલસ ઇકરારઃ**-કુલપતિના આ સુંદર પ્રિયવચન ઉપર હવે ગુણસેન પોતાની પૂર્વની જુગજુની વાત યાદ કરીને કહે છે, 'હું હીણભાગી, અવિચારી કાર્ય કરનારો, મનુષ્ય જાતને ન છાજે તેવી આચરણામાં રકત, એવા મારાથી કંટાળીને આ મહાનુભાવ અગ્નિશર્મા તાપસ બન્યો... ગામ મૂકી અહીં આવીને મહા તપ તપનાર બન્યો...ત્યાંય મેં એનો કેડો ન મૂકયો, મેં તો પાછી દુર્જનતાની હદ કરી.'

**કુલપતિ અનુપમ આશ્વાસન આપે છેઃ**— રાજાએ કાંઈ ભૂલ કરી છે...એવું કુલપતિને ખ્યાલમાં જ નથી આવતું. જો કે એ મહાતાપસને પારણું ન થયાનું જાણતા જ હતા, પણ એમાં રાજાની ભૂલ જ દેખતા નથી. એટલે એ સંબંધી હૃદયમાં કાંઈ

છે જ નહિ. તેથી કુલપતિ કહે છે, ' હે રાજન્ ! એમ ન બોલ ! તારાથી તો એ તપવૈભવમાં આટલે ઉંચે પહોંચ્યો છે ! એનો ઉદ્ધાર થયો; એમાં તારી દુર્જનતા શી ? અમને તો તારામાં કાંઈ ખામી નથી દેખાતી. તો પછી તારે શા સારૂ ઉદ્વિગ્ન થવું પડે ? ' માનવતા પામીને હૈયાને કેવા નિર્મળ અને વિશાલ ઘડ્યા છે !

ઉત્તરમાં ગુણસેન કહે છે કે, ' ગઈકાલે એ મહાતાપસને પારણાનું આમંત્રણ મારે ત્યાં હતું. એ તો નહોતા માનતા, પણ પરાણે મેં સ્વીકાર કરાવ્યો હતો. એ મારે ત્યાં પારણા માટે પધાર્યા હતા, પણ પાપાત્મા એવો હું પારણું ન કરાવી શકયો. મારા મસ્તકમાં વેદના ઉપડી, હું મારી પીડાના ધ્યાનમાં રહ્યો. મેં એમને પારણું ચૂકાવી આહારનો અંતરાય કર્યો, મેં દુર્જનનો વર્તાવ કર્યો. '

કુલપતિ કહે છે, ' વત્સ ! આ શું બોલે છે ! જગતમાં જયારે પ્રાણીઓ તીવ્ર વેદનાથી પીડાય છે ત્યારે એ કાર્યાકાર્ય બધું ભૂલી જાય, એમાં એમનો દોષ નથી. બેભાન અવસ્થામાં કે અસ્વસ્થ અવસ્થામાં કરવા જોગ ન કરી શકાય, ન કરવા જોગ થઈ જાય, એ સ્વાભાવિક છે. એમાં તેં અંતરાય શો કર્યો ? ઊલટી એને તપની સંપદા વધી. બીજા માસખમણનો તપ મળ્યો. ' જે વાત અગ્નિશર્માના હૃદયમાં છે, જે વાત તાપસોના હૃદયમાં છે, તે જ વાત કુલપતિ રાજાને કહે છે, નહીં કે રાજાને મીઠું લગાડવા આ પ્રમાણે કહે છે; અને કુલપતિએ કહેલ વસ્તુ વિચારવામાં આવે તો જરૂર લાગે કે પોતાને જ કોઈ ચૂંકની, ચોટની, કે ગુમડાની તીવ્ર પીડા ઉપડી હોય તે વખતે અનુભવ થાય છે કે બીજું કશું યાદ આવતું નથી. ખૂબી એ જ છે કે માત્ર આપણા સ્વાર્થની દૃષ્ટિએ કોઈ વસ્તુનો વિચાર કરીએ, તેના કરતાં સામાની પરિસ્થિતિ જોઈને વિચાર કરીએ તો હૃદયમાં સજજનતા વિકસે છે, અને આપણી

સૌમ્યભાષા અને વાત્સલ્યભરી પ્રવૃત્તિના જાદૂઈ અંજામણુથી લોક આપણા પ્રત્યે આકર્ષાય છે.

**ગુણસેનના ઉદ્વેગનું નિવારણ:—**

કુલપતિ: 'વત્સ! તું ઉદ્વિગ્નતા ન કરીશ.'

ગુણસેન: 'મને પારણાનો અનુપમ લાભ મળ્યા વિના ઉદ્વિગ્નતા જાય શી રીતે?'

કુલપતિ પણ વિચારે છે, 'રાજા કહે છે તે વાત પણ ખરી. પારણું તો ન થયું, પણ પારણું કરાવ્યા વિના આની ઉદ્વિગ્નતા શી રીતે મટે?' એટલે કુલપતિએ કહ્યું: 'વત્સ, હવે જો નિર્વિઘ્નતા હશે, કોઈ વિઘ્ન નહિ હોય તો આવતું પારણું તારે ઘેર થશે.' રાજાને મહાન આનંદ થયો, પણ આ પારણાની વાત એમ કાંઈ નક્કી કરી નખાય નહીં, તેમાં ય પાછું આના જ ઘેર પારણું! એટલે કુલપતિએ અગ્નિશર્માને બોલાવ્યો. એ મહાતાપસનો હાથ પોતાના હાથમાં લઈને કુલપતિ કહે છે: 'મહાતાપસ! તારૂં પારણું ન થવાથી રાજાને બહુ ખેદ થાય છે. એ રાજાને ગઈ કાલે મસ્તકની પીડા ઉપડી હતી. એ પીડાની પરવશતામાં એને ભાન ન હતું એટલે એ પારણું ન કરાવી શકયો. એ તારી સેવા ન કરી શકયો એમાં એનો દોષ નથી. પરંતુ એ બહુ ઉદ્વિગ્ન બન્યો છે. એની ઉદ્વિગ્નતાનું કારણ તારૂં પારણું ન કરાવી શકયો એ છે તો એ ઉદ્વિગ્નતા ટાળવા તારે આવતું પારણું એને ત્યાં કરવા જવાનું મેં સ્વીકાર્યું છે. હવે મારા વચનથી તથા રાજાના તારા પરના બહુમાનથી આવતા પારણાનો તું સ્વીકાર કર.'

**અગ્નિશર્માની સાત્ત્વિકતા:**—અહીં અગ્નિશર્માની બેવડી કસોટી છે. એક તો પારણાનું જોખમ, અને બીજું ગુરુવચન! એમાં એકવાર તો તાપસ કટોકટીમાં મૂકાયો. ફરી પાછું ત્યાં જ પારણાનું ગુરુ કહે છે. જો ગુરુ પ્રત્યે વિનય બહુમાન ન હોય

તો તો એમ થાય કે ' ગુરુને કાંઈ વિચાર છે કે નહિ ? મારી પ્રતિજ્ઞાનો કાંઈજ ખ્યાલ નથી ? ફરી પારણું ચૂકાય તો ? તો શું, જાઓ ત્રીજા મહીનાના ઉપવાસ કરો...એમને શું ? એમને તો બોલી નાખવાનું કે પારણું અહીં કરજે. આ તો તલવારની ધાર પર ચાલવા જેવી પ્રતિજ્ઞા છે...' પરંતુ અગ્નિશર્માને આવો કોઇ જ વિચાર નથી આવતો. ગુરુવચનની કસોટીમાંથી એ બરાબર પસાર થાય છે. તેમ જ ભવિષ્યના ભયનો કે કાયરતાનો વિચાર પણ અગ્નિશર્માને નથી આવતો.માટે જ આ વખતના બીજા માસખમણના તપને તપવૈભવની વૃદ્ધિ સમજે છે. સમજજો કે કોઈ પણ પદાર્થ કે કોઈપણ પ્રસંગનું દર્શન જેવું કરવું હશે તેવું થઇ શકશે. માત્ર દૃષ્ટિ પર આધાર છે. પારણું ચૂકવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. હવે એ પ્રસંગને એમ પણ જોઇ શકાય, ' હાય ! કાયાને મળવાનું રહી ગયું, હવે ઉપર મહિનો ખેંચવો પડશે. ' અને એમ પણ જોઇ શકાય કે ' જેવી ભવિતવ્યતા...ચાલો બીજા માસના તપનો એટલે કે એક સાથે બે માસના તપનો લાભ મળ્યો. ' આ બીજી દૃષ્ટિ ! એક દૃષ્ટિ મિથ્યા, બીજી સમ્યક્ !

**સમતાની સમજણ:**–અગ્નિશર્મા કુલપતિને કહે છે, ' જેવી આપની આજ્ઞા, પણ રાજા શું કામ ખેદ ધરે છે ? પરલોકવિરુદ્ધ એણે મારૂં કાંઈ કર્યું નથી. કાંઈ બગાડ્યું નથી, અર્થાત્ મારો પરલોક બગડે એવું તેણે એકેય કાર્ય કર્યું નથી. ' કેવી અનુપમ કોટિની અગ્નિશર્માની સમતા ! માસખમણ પર પારણા વિનાનું બીજું માસખમણ શરૂ થઈ જાય, વળી સામે પારણું ચૂકવનારો જ આવીને ઊભો રહે, છતાંય વાત બની ન બની કરીને સમતાભરી વાત કરવી, એ કેટલું દુષ્કર છે ! નહિતર તો કહી શકાય કે ' બેસ બેસ હવે, મોટો ખેદવાળો જોયો તને ! અમારૂં કાંઈ ભાન છે ? તને મોટો ખેદ થયો. તેં તપસ્યા બહુ કરેલી ને ? એટલે તને બહુ ખબર પડે ! અમારાં શરીર લાકડાનાં

હશે...?' પણ આમાંનું કશું જ સંભળાવવાની વાત નહિ! એ અગ્નિશર્માની કેવી ગજબ સમતા! આપણે તો નોકારશી, આંબેલ, એકાસણામાં જરા વાંકુ-ચૂંકું થયું તો ધૂંઆપૂંઆ થઈ જઈએ! છતાં પાછા અગ્નિશર્મા કરતાં વડાઇ માનીએ કે, 'અગ્નિશર્મા જૈનધર્મ નહોતો પામ્યો, અમે તો જૈનધર્મ પામ્યા છીએ. એને વીતરાગ નહોતા મળ્યા, અમને દેવાધિદેવ શ્રીવીતરાગ મળ્યા છે.' પણ આ વડાઈની પાછળ જોખમદારી કાંઈ સમજો છો? અગ્નિશર્માએ તાપસપણામાં પણ જોખમદારી માની છે.

**ભોગથી પરલોક બગડે, ત્યાગથી પરલોક સુધરે:**-હવે અગ્નિશર્મા કુલપતિને કહે છે: 'ગુરુજી! પરલોકવિરૂદ્ધ એણે મારૂં કાંઈ નથી કર્યું.' અગ્નિશર્મા સમજે છે કે પારણું ન કરવાથી પરલોક કંઇ બગાડવાનો નથી. પારણું એ ભોગ છે. પારણું ન કરવું એ તપ-ત્યાગ છે. ભોગથી પરલોક સુધરતો નથી, ત્યાગથી પરલોક બગડતો નથી. ભોગ વખતે આદર્શ તરીકે જો ભોગને રખાય તો પરલોક બગડે. ત્યાગ વખતે આદર્શ તરીકે જો ત્યાગને રખાય તો પરલોક સુધરે. પારણું કરતા હોઈએ એ ભોગ છે, પણ એ વખતે આંખ સામે શું આવે? ત્યાગને? ભાણામાં દસ ચીજ આવી હોય, તેમાંથી બે દૂર થાય કે નહિ? તમે કહેશો 'પણ ત્રણ જ આવી હોય તો?' તો શું તેમાંથી એક ન છોડાય? રોટલી, દાળ અને શાક, ત્રણ ચીજ આવી, ત્રણમાંથી એકેય છોડાય એમ નથી; શાક વિના ગળે ઉતરે એમ નથી, એકલું શાક રાખ્યું, પરંતુ દાળમાં બોળ્યા વિના પણ ચાલે એમ નથી, એમ લાગે છે ને? તોય શાક અડધું કે ચોથા ભાગનું તો છોડાયને? રોટલી પાંચ આવી, એક ઓછી કરાય કે નહિ? એમે ય નહિ તો ચાર ચોપડેલી અને એક લૂખી રોટલી ખાવાનું બને કે નહિ? પણ એ ક્યારે બને? 'ભોગથી પરલોક બગડે, ત્યાગથી પરલોક સુધરે,' એમ અંતરમાં બરાબર લાગે ત્યારે.

'પરલોક ન જ બગડવો જોઈએ' એવું હૈયે સચોટ વસ્યું હોય ત્યારે. પરલોક ન બગડે, એ કાળજી આવ્યા પછી તો માણસ ક્ષમાશીલ, ઉદાર, અને લોલુપતા વિનાનો બની જાય છે! પછી એને આ લોકમાં બહુ ખાઈ પી લેવાની પડી હોતી નથી. આ લોકના સુખને એ તુચ્છ ગણે છે.

**અમીર તે ફકીર : ફકીર તે અમીર:**—યાદ રાખો, વર્તમાનમાં સુખ–વૈભવ મળયાના મીર થાય એ પરલોકના ફકીર થાય; ત્યારે વર્તમાનમાં સુખ-વૈભવ મળ્યા છતાં ફકીર થાય એ પરલોકના અમીર થાય. શાલિભદ્રનો જીવ પૂર્વભવમાં ખીરની થાળી મળી ત્યારે ફકીર થયો તો પરલોકમાં (શાલિભદ્રના ભવમાં) અમીર થયો. ત્યાંય નવાણું નવાણું પેટીઓ આવવા છતાં ફકીરી લીધી તો સર્વાર્થસિદ્ધદેવલોકની અમીરી મળી! ત્યાં નિર્લેપ રહી ફકીર રહેશે એટલે મહાવિદેહમાં અમીર થશે! અને ત્યાં ફકીરી લેશે એટલે સિદ્ધશિલા પર અનંતકાળ પર્યંત અમીર થશે!

અગ્નિશર્મા હૃદયથી કહે છે, 'રાજાએ મારા પરલોકને બગાડનારૂં કશું જ કર્યું નથી.' અર્થાત્ 'રાજાએ શોક–ઉદ્વેગ કરવા જેવું કાંઈ નથી.' તેમજ તાપસ બીજા પારણા અંગેનું ગુરુવચન 'જેવી આજ્ઞા' કહી માની લે છે. કેવુંક ગુરુસમર્પણ! કેવીક દુઃખી પર કૃપા!

## પ્રકરણ : ૯

# બીજું પારણું ચૂકાય છે.

**અગ્નિશર્માએ બીજું પારણું સ્વીકાર્યું:—** અગ્નિશર્માનો ઉત્તર સાંભળી રાજાને એમ થાય છે કે 'આની કેવી સુંદર મહાનુભાવતા ! ક્યાં આની ઉચ્ચતા, અને ક્યાં મારી અધમતા ? આ લોકમાં મશ્કરી કરીકરીને આને મેં ખૂબ પજવ્યો હતો, આજે એ મહાતાપસ છે. એના મહાતપના પારણાની ખબર પણ ન રાખી શક્યો, કેવો હું અધમ ! પાંચ દિવસ પહેલાં હું આવ્યો હતો ત્યારે મારી નિંદાનો એક અક્ષર પણ એ બોલ્યો ન હતો. ઊલટું હું દુભાતો હતો તો મને એણે ઠાર્યો હતો. મહાનુભાવ એ કે હું ? મહાનુભાવ કોણ ? જે પોતાની અગવડ–પ્રતિકૂળતા ભૂલીને દુભાતા આત્માને ઠારે તે. દુઃખી થતા બીજા આત્માને પોતે અગવડ વેઠીને પણ સગવડ આપવાની વૃત્તિ ધરાવે તે. પોતાને પ્રતિકૂલતા છતાં બીજાની અનુકૂલતા જોઈ ખુશ થાય તે. 'ચાલો, મને લાભ નહિ તો મારા ભાઈને સહી !' એમ વિચાર કરે તે. અગ્નિશર્મા તાપસે રાજાને મહાનુભાવ કહ્યો છે ત્યારે રાજા વિચારમાં પડી જાય છે.

અગ્નિશર્માએ કુલપતિએ કરેલો પારણાનો સ્વીકાર કબૂલ રાખ્યો. એટલે તાપસને પ્રણામ કરી રાજા નગરમાં પાછો વળ્યો.

**વિચિત્ર ઘટના બની:—** રાજા વસંતપુરનગરમાં પુણ્યના ઉદયથી મળેલા વિષય સુખોને ભોગવી રહ્યો છે. જયારે મહાતાપસ અગ્નિશર્મા દુષ્કર તપવિધિમાં આગળ વધી રહ્યો છે. બેય પોત-પોતાની સાધનામાં મશગૂલ છે. છતાં રાજા પારણાનો દિવસ આતુરતાથી ઝંખી રહ્યો છે. દિવસ પણ આવી લાગ્યો. રાજાને કોડ પણ છે કે 'આજે તો મહાતાપસની અપૂર્વ ભક્તિ કરી લઉં.' પણ અગ્નિશર્મા તપોવનથી નિકળી મહેલે આવે તે પહેલાં એક વિચિત્ર ઘટના બની.

મહારાજા ગુણસેન જયાં તાપસની ભક્તિના કોડમાં છે, ત્યાં જાસૂસો સમાચાર લઈ આવ્યા: "માનભંગ નામના એક રાજાએ મહારાજાના સૈન્ય પર રાત્રિના સમયે હલ્લો કર્યો છે. મહારાજાનું સૈન્ય પરાક્રમના ભરોસે વિષમ રસ્તે પેઠું હતું; અને રાત્રિના વિશ્વાસમાં ઊંઘતું હતું. ત્યાં જ અડધી રાત્રે માનભંગે હલ્લો કરી સૈન્યને હતપ્રહત કરી નાખ્યું છે. હવે મહારાજા જે કરે તે પ્રમાણ.'

આ તો રાજા! આવી વાત સાભળીને એક સેકંડ પણ શાનો થંભે? એને એમ થયું કે " અરે! એક નાનકડો ઠાકોર આવો દગાખોર? રાત્રે લડાઇ કરી? એ શું સમજે છે? આવો અન્યાય!' રાજાને જોરદાર ગુસ્સો આવ્યો.

**અર્થીપણું ક્યાં છે, એ તપાસો:—** ગઈ વખતે પારણું કેવા સંયોગોમાં ચૂકાયું એની રાજાને ખબર છે, ધ્યાન બહાર નથી; પણ જયાં આ વાત સૈનિકે આવીને મૂકી, એટલે યશોવાદનો પ્રેમી, જિતના ડંકાની તીવ્ર મુરાદવાળો રાજા એમાં એકતાન

થઈ ગયો. રાજાને તાપસનું પારણું યાદ હશે, પણ તત્કાલ પૂરતું શત્રુના વિચારમાં ચઢી ગયો. આનો એ અર્થ નથી કે પારણા તરફ બેપરવા છે. 'આ...તાપસ આવે એટલે પારણું કરાવું' એ ધ્યાન બન્યું રહ્યું હોય.

**યુદ્ધની તત્કાળ તૈયારી:—** રાજાના હોઠ ગુસ્સાથી ફફડી રહ્યા છે, આંખો ક્રોધથી લાલચોળ બની ગઇ છે, જમીનપર જોરથી પગ પછાડી રહેલ છે, પરિજનોને કહી રહ્યો છે; "જલદી હાથી–ઘોડાનું લશ્કર તૈયાર કરો, રથ બહાર કાઢો, પાયદલ લશ્કરને હાજર કરો, લડાઇની નોબત વગડાવો, શસ્ત્ર–સરંજામથી બધા સૈન્યને સજ્જ કરો. તરત તૈયાર થાઓ! વાર ન કરો!" હુકમ થતાંજ મહેલ પાસેના રાજવાડાના મેદાનમાં લશ્કર આવીને હાજર થઈ ગયું! મેદાન લશ્કરથી, હાથીઓથી, ઘોડાઓથી ભરચક ભરાઇ ગયું! જાણે વિકરાળ જમરાજની સેના મૃત્યુલોક પર ઉતરી આવી ન હોય તેવો દેખાવ બની ગયો! સૈનિકો પણ રાજાની જેમ ક્રોધથી ધમધમી રહ્યા છે!

**અગ્નિશર્માની પારણા માટે પધરામણી:—** યુદ્ધ માટે તૈયાર થઈને રાજા રથમાં બેઠો. આગળ મંગલકલશ (પાણીનો ઘડો) હાજર થઈ ગયો છે. મંગળ માટે વાજિંત્ર વાગી રહ્યાં છે. "મહારાજાને ઘણી ખમ્મા... મહારાજા વિજયવંતા થાઓ!" એ રીતે બંદીજનો નેકી પોકારી રહ્યા છે. એક બાજુ આ સ્થિતિ છે, તે વખતે અગ્નિશર્મા મહાતાપસ રાજવાડાના દરવાજે આવી પહોંચ્યો. મહેલ હજુ અંદર છે. તાપસ કેવી કલ્પનાએ આવ્યો હશે? ભૂલશો નહીં, "આ બે માસના ઉપવાસનું પારણું છે. જે રાજા એક વખત પારણું નથી કરાવી શકયો, પારણું ચૂકાવવાની ઇચ્છા નહોતી છતાં એમ બન્યું છે, માટે જરૂર એ આ વખત તો બરાબર જાગ્રત હશે' એમ જ ધારીને? પારણું ચૂકાયું તે બદલ જે રાજા કલ્પાંત કરી ગયો, ઝૂરી ગયો, 'પારણું

ન થાય ત્યાં સુધી ઉદ્વેગ ક્યાંથી ટળે?' એમ કહી ગયો, એ રાજા માટે સાવધાની ન કલ્પાય? પારણું થયું નહોતું, પણ આટલે લાંબે વખતેય રાજા માટે કેવું મનાય? તાપસ દરવાજે જરાક ઉભો રહ્યો.

ત્યાં શું જોયું? હાથીઓ ગર્જારવ કરી રહ્યા છે, ઘોડાઓ હેષારવ કરી રહ્યા છે, મંગલવાજાં વાગી રહ્યાં છે, બંદીજનો નેકી પોકારી રહ્યા છે. અગ્નિશર્મા તાપસે આવું દૃશ્ય પોતાના જીવનમાં જોયુંય ક્યાંથી હોય? રાજવાડામાં એટલી બધી લાવ-લશ્કરની ભીડ જામી છે કે બીજાને જોતાં ભય જ થાય.

અગ્નિશર્મા મહાતાપસ સ્હેજવાર ત્યાં ઉભો રહ્યો, પણ ત્યાં સત્કાર કરનાર તો કોઈ છે જ નહિ! કદાચ ધાર્યું હશે કે સત્કાર કરનાર તો અંદર મહેલના દરવાજે હોયને? આટલે દૂર ક્યાંથી હોય? તેથી મહેલના દરવાજે તો જવું જોઇએ. પણ ભય લાગ્યો કે 'હુ પેસું તો ખરો, પણ હાથીના એકાદ પગ તળે આવી જાઉં–કચરાઈ જાઉં... તો અહીં જ પૂરો થઈ જાઉં! એમ કચરાઇ મરવાની જરૂર નથી. બીજું (ત્રીજું) માસખમણ ભલે થાય!" એમ વિચારી અગ્નિશર્મા તાપસ પાછો વળ્યો.

**કેવી ભવિતવ્યતા**–યુદ્ધના પ્રયાણમાં સારૂં મુહૂર્ત જોવા માટે જોશીઓ ઉભા હતા, મુહૂર્તસમયની રાહ જોતા હતા. જ્યાં મુહૂર્તસમય થયો કે તેઓ બોલ્યા, "મહારાજ! અત્યારે પ્રશસ્ત મુહૂર્ત છે. મંગલ પ્રયાણ કરો."

પણ ગુણસેન કહે છે, "થોભો જરા! ઉભા રહો! આજે અગ્નિશર્મા મહાતાપસને પારણું છે, એ મહાતાપસે કુલપતિના વચનથી મારૂં આમંત્રણ સ્વીકાર્યું છે, માટે એને આવવા દો. એમને પારણું કરાવી, પછી પ્રયાણ કરીએ." યાદ તો છે પણ કેવી વિચિત્ર ઘટના! જો જો હોં, માત્ર મહેલના દરવાજે રહીને રાહ જોવાતી નથી, પણ તેથીય આગળ આવી મેદાનમાં રથમાં બેઠા

તાપસની રાહ જુએ છે. પરંતુ તાપસ ઠેઠ નાકાથી આટલે સુધી હયદળ, ગજદળ ઓળંગીને આવે તો ને ? એ તો રાજાના આ બોલ પહેલાં જ નાકેથી પાછો વળી ગયો છે. કેવી ભવિતવ્યતા !

**રાજા સાફ હૃદયે માફી માગીને વિનવે** છે:—ત્યાં એક માણસ કે જેણે અગ્નિશર્માને પાછો વળતાં જોયો હતો તેણે આગળ આવીને કહ્યું, "મહારાજ ! એ તાપસ તો હમણાં જ પાછો ગયો. કચરાઇ જવાના ભયથી આ દરવાજેથી હમણાં જ પાછો વળ્યો !'

'હેં !' રાજાને એકદમ વિદ્યુતઘાત થયો. સારથિને તરત હુકમ કર્યો, 'રથ જલદી તપોવન તરફ હંકાર.' કેવી—કેટલી ગરજ છે ? ગફલત ખાધી એ ખરૂં, પણ ઉપડતાં પહેલાં ભૂલ્યો નહિ. નગર બહાર મહાતાપસ પાસે આવી પહોંચ્યો. અને હાથ જોડી પગમાં પડી મહાતાપસને વિનવે છે, "ભગવન્ ! કૃપા કરી માફ કરો...પાછા વળો" સાફ હૃદયે ફરી વિનવે છે, "પાછા વળો ! પારણા વિના ન જવાય...હું આટલો વખત મારે અગત્યના કાર્યે જવાનું હોવા છતાં આપની રાહ જોતો ઉભો છું. એટલામાં તો મારા મુખ્ય માણસોની નજરમાંય આવ્યા વિના જ આપશ્રીનું પાછા ફરવાનું થયું છે; એ અમારૂં મહાન દુર્ભાગ્ય છે, પણ હવે આપ પાછા ફરો એવી મારી ખેદભરી પ્રાર્થના છે." તાપસને તો પ્રતિજ્ઞા છે, એ હવે શાનો પાછા વળે ?

પરંતુ તાપસના હૃદયમાં રાજા પર જરાય રોષ નથી, કે જાત માટે શોક નથી. તાપસે સ્વાત્માની કેળવણી કરી છે, સ્વાત્માને એવો મુલાયમ અને સ્નિગ્ધ બનાવ્યો છે, કે એમાં ક્ષમા, સમતા, નિસ્પૃહતા અર્થાત્ પુદ્ગલ પ્રત્યે બેપરવાઈ, પ્રતિજ્ઞાદઢતા વગેરે ગુણોના અદ્ભુત ઘાટ ઉતારેલા છે. એ હવે પ્રતિજ્ઞા કેમ જ મૂકે ? એ ખાવાનું ભૂલે છે, પ્રતિજ્ઞા નહિ.

ખાવાનું ભૂલે છે માટે કોઇ દુઃખ–દીનતા નથી. એવો કુદરતી કાનૂન છે કે, વધારે અર્થીપણાની વાતમાં ઓછા અર્થીપણાની વાત ભૂલી જતાં વાર નહિ. જો એક વાત આવતાં બીજી અગત્યની વાત ભૂલી જવાય, તો ભૂલાયેલી વાતનું અર્થીપણું ઓછું છે એમ કહેવાય. ઉપાશ્રયમાં બેઠા હો ત્યારે ઘર ભુલાય છે, કે ઘરમાં બેઠા હો ત્યારે ઉપાશ્રય ભૂલાય છે? પરમાત્મા આપણા તારણહાર છે, કાયા આપણું કાસળ કાઢનાર છે. છતાં પરમાત્મા પાસે કાયા યાદ આવે છે ને? કે કાયાની સેવા વખતે પરમાત્મા યાદ આવે છે?

કાયાની સેવા થઇ રહી હોય, સનલાઈટ સાબુ ચોળાઈ રહ્યો હોય, પફ–પાઉડર લગાડાઈ રહ્યો હોય, ત્યારે પરમાત્માને કેટલીવાર સંભાળો છો? સેવા પરમાત્માની કરવાની કે કાયાની? કાયાની સેવા તો અનાદિઅનંત કાળથી ચાલુ છે, હજીય ચાલુ રાખવી છે? સમજી રાખો કે આતો ગદ્ધાની જાત છે! એક વખત એની રાખ થશે, પણ જાતે રાખ થતાં પહેલાં આત્મામાં ભારે પાપ ભરી આત્માની રાખ કરશે.

ત્યારે પરમાત્માની સેવા વખતે તો કાયાને બિલકુલ યાદ કરો જ નહિને? કે બહુ યાદ કરો? તપ કરવાના દિવસે તપ ભૂલીને ખાવાનું યાદ આવે છે કે ખાવાના દહાડે ખાવાનું ભૂલી તપ યાદ આવે છે? ઓછા વધારે અર્થીપણાનું આ માપ છે. મગજમાં કોણ કોને ધક્કો મારે છે, એના પર માપ નિકળે. કોઈ લબાડ માણસ બહાર કોઇ સ્ત્રીને જોઈ આવ્યો; પછી પોતાની સ્ત્રી ગમે તેવી સારી હોય, ગમે તેવી સેવા કરતી હોય, તોય પેલી બહારનીને નથી ભૂલતો! કેમકે હૈયામાં ઘાલીને લાવ્યો છે! ઘરની સ્ત્રી વિશ્વાસપાત્ર હોય, પતિવ્રતા હોય, તોય એ પેલીને ન ભૂલે, એ કેમ? એને પેલીનું ભારે અર્થીપણું લાગ્યું છે. જેની બહુ ગરજ, જેનાપર બહુમાન, તેની આગળ બીજી વાતો ભૂલાતાં વાર નહિ!

**સાધુતાની સુવાસ:**—રાજાની માગણી પર અગ્નિશર્મા કહે છે, "તને મારી પ્રતિજ્ઞાની તો ખબર છે કે એક ઘેર એકવાર ગયો, ન મળ્યું તોય ઠીક. પણ એ ઘેર ફરી નહિ જવાનું. માટે આવો આગ્રહ રહેવા દે. તપસ્વીજનો પોતાની પ્રતિજ્ઞાના પાલનમાં સાચા હોય છે, દૃઢ હોય છે. પછી ભલે લાભ થાઓ કે ન થાઓ, પ્રાપ્તિ થાઓ કે ન થાઓ."

ઇષ્ટ ન મળવાથી તાપસને ખેદ નથી. આપનાર ન આપનાર પ્રત્યે એ સમાનવૃત્તિ ધારણ કરે છે. તેથી એને ખેદે ય નથી, કે રાજીપો પણ નથી. ત્યારે પ્રશ્ન થાય કે 'શું જડભરત જેવો છે ? કાંઇ ગતાગમ નથી ?' ના, જડભરત નથી ચૈતન્યવંત છે, ગતાગમવાળો છે, મહાગંભીર છે. આર્યદેશની સાધુતાની સુવાસ એના હૃદયમાં ફેલાયેલી છે. જગતના માન-અપમાન પર તોષ કે રોષ કરવાની દુર્ગંધને એના જીવનમાં સ્થાન નથી.

જીવનમાં સુખ અનુભવવાની સુંદરમાં સુંદર આ ચાવીઓ છે. એ ચાવીઓ જેની પાસે હોય, એને જગત શું કરી શકે ? એના સન્માન કરો કે અપમાન, લાભ આપો કે ન આપો, સારૂં કરો યા નરસું; એની કુંઈ જ કિંમત એ ન આંકે.

**પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા:**-અગ્નિશર્મા મહાતાપસ ગુણસેન રાજાને કહે છે, "તપસ્વીજનો, સાધુપુરૂષો પ્રતિજ્ઞાને પ્રાણના ભોગે ટકાવે છે, સત્ય કરે છે. પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા. વચન તે વચન." ત્રીજું માસખમણ શરૂ થવાનું છે છતાં કેવી ધીરતા ! માનો કે પ્રતિજ્ઞા મૂકે પણ તેથી લાભ શું ? ખાવાનું મળે એજ ને ? પરંતુ જગતમાં ખાવાની શી બહુ કિંમત છે ? થોડો વખત ખાવા ન મળ્યું તો શું મરી જવાય છે ? કદાચ મૃત્યુ ય થાય, તો પણ તે પ્રતિજ્ઞા ખાતર ને ? એવું ધન્ય-મૃત્યુ કયાંથી ?

પ્ર૦-પણ ખાવાથી શરીર ટટાર રહેને ?

ઉ૦–એકલું શરીર ટટાર રહે એની કિંમત છે? કે ટટાર શરીરથી સારો–નક્કર ધર્મ સધાય, સુકૃત સધાય અને મનોબળ વધે એની કિંમત છે? મનોબળ અને સુકૃતની કિંમત માનતા હો તો તે પ્રતિજ્ઞાનો ભંગ કરવાથી ન મળે. એ તો પ્રતિજ્ઞા અખંડ–અભંગ રહે તો મળે. કાયાના ભોગે પ્રતિજ્ઞા પાળવાની, માનપાનના ભોગેય પ્રતિજ્ઞા પાળવાની, પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા! એ પાળવાની જ! સારી પ્રતિજ્ઞા લઈને એને અખંડ પાળવી એ જ જીવનને અજવાળવાની ઉત્તમ રીત છે. એથી વધીને બીજી કોઈ સારી રીત નથી.

**બીક જાય તો પૂર્ણતા જાગે:–**' શરીર ટકાવી લેવું, અને પછી સારો ધર્મ કરવો,' એ વાત ખોટી છે, પ્રતિજ્ઞા ટકાવવી એ જ સારો ધર્મ છે. કંટકેશ્વરીએ કુમારપાળને કહ્યું: " ત્રિશૂળ મારીશ." કુમારપાલ શું કહે છે? ' ચિન્તા નહિ. હું મરીશ પણ બોકડો બચશે ને?' ત્રિશૂળ માર્યું. શરીર કદરૂપું થઈ ગયું. હવે શું થાય? કુમારપાળ વિચારે છે, ' લોક નાદાન છે; સવારે શું કહેશે?' ' જોયું ધરમ કર્યાનું ફળ? દેવીને એક બોકડો ન અપાયો તો એનું ફળ જુઓ!' આમ લોકો જૈન-ધર્મની નિંદા કરશે. ત્યારે શું કરવું? દયાની પ્રતિજ્ઞા મૂકી દેવી? ના. સવાર પડે તે પહેલાં બળી મરવું. પ્રતિજ્ઞા ખાતર મરવા વગેરેની બીક જાય, તો પૂર્ણતા જાગે. પણ ઘણીવાર માણુસ વેવલો બને છે. કહે છે, ' અત્યારે ધર્મને ગૌણ કરો. અવસરે સારો કરીશું.' પણ અત્યારે જે ધર્મને મૂકી નિર્બળ થવાનું કરે છે તે પાછળથી શું સારો ધર્મ કરશે?

**રાજાનો પશ્ચાત્તાપ:–**જયારે મહાતાપસે પોતાની પ્રતિજ્ઞા પ્રાણાંતે પણ પાળવાનો નિર્ણય જાહેર કર્યો, ત્યારે મહારાજા ગુણસેન અતિ ગદ્‌ગદ્ બની ગયો, અને તાપસના ચરણોમાં પડીને વિનવે છે, 'પ્રભુ! મારા પ્રમાદ આદિથી મને શરમ આવે છે! તમારા

જેવા તાપસને મેં પીડા કરી એ મને બહુ ખટકે છે...મારૂં કાળજું કપાઈ જાય છે...આપને તીવ્ર તપથી જે શરીર પીડા છે, એથીય કોઈ ગુણી મને શરીરપીડા થઈ રહી છે... આ પીડા મને બાળી રહી છે...મેં પૂર્વે આપનું એક પારણું તો ગુમાવ્યું......આ બીજુંય ગુમાવ્યું...... કેવું ભયંકર પાપ!' રાજાના હૃદયમાં ભયંકર સંતાપનો અગ્નિ સળગી રહ્યો છે, હૃદય ચીરાય છે, વાણી રૂંધાય છે; આગળ વધીને એ કહે છે, 'હું જાતનો મહાપાપી મનુષ્ય છું, જાણુવા છતાં બેભાન રહ્યો. આપ સકલલોકના દુઃખીજનોના દીનદયાળ છો, અકારણવત્સલ છો, મારા દુઃખની ગમે તે રીતે શાંતિ કરો.' રાજાની આંખમાંથી આંસુ વહી રહ્યાં...આવો ઘોર સંતાપ રાજાને થાય તે તેના મહાયોગ્યતાવાળા જીવદળને સહજ જ છે. મનુષ્યને રોજ ચાર ટંક ખાવા જોઈતું હોય, એમાં એક ટંક આઘો પાછો થાય તોય ધુંઆપૂંઆ થઈ જાય છે. તો અહીં આ મહાતાપસને એક નહિ, બે નહિ પણ બે માસના ઉપવાસ છે! એમાં વળી રાજાએ માસખમણનો ત્રીજો મહીનો નક્કી કર્યો! એ રાજાને પોતાને શું પોતાની જુલમગિરિ ન લાગે?

રાજાની અતિ દુઃખિત અવસ્થા જોઇ અગ્નિશર્માને થાય છે, 'રાજા કેવો સુશીલ! રાજા કેવો મહાનુભાવ!' અનુભાવ એટલે પ્રભાવ; મહાનુભાવ એટલે મહાન પ્રભાવવાળો આત્મા! કોણ કોને મહાનુભાવ કહે છે? મહાનુભાવ કોણ? તપસ્વી કે પ્રમાદી? જે હૃદયનો સાચો મહાનુભાવ હોય તેજ બીજાની મહાનુભાવતા જોઈ શકે છે. પરંતુ જે હૃદયનો સાચો મહાનુભાવ ન હોય, તે જાતે તેવા તરીકે ખપવા ઈચ્છે, તો પણ એને બીજાની મહાનુભાવતા ખટકે છે! અંદર ગુણનો પ્રકાશ હોય તો બહાર આરોપણ થાય. અંદર મહાનુભાવતા હોય તો એ બહાર દેખાય. અંદરમાં જે સારા બન્યા હોય તે જગતને સારૂં જોઇ શકે. અંદર સારો ન હોય એ બીજાને સારા ક્યાંથી જોઈ શકે?

**તાપસનું કરુણાભર્યું હૃદય:**—તાપસ પોતે મહાનુભાવ હતો, એટલે એને રાજા મહાનુભાવ લાગ્યો. એ વિચારે છે કે, ‘ આ રાજા કેટલો ઊંચો ! મારૂં પારણું ન થયું તે માટે આટલો બધો ખેદ અને દુઃખ ધરે છે ! ગુરુજનની શુશ્રૂષા માટે એનો કેટલો બધો અનુરાગ છે ! મને લાગે છે કે હું પારણું નહીં કરૂં ત્યાં સુધી એનું દુઃખ દૂર નહિ થાય. ’ તપસ્વીના સંપર્કમાં જે આવે એના હૃદયનાં દુઃખ ઉભા રહે તો તપસ્વીને એમાં ખામી લાગે છે. સામો અપાત્ર હોય તો તો એની ખામી, પરંતુ પાત્ર એવા જીવના હૃદયનું દુઃખ શમવું જોઈએ. એ શમાવવાનો ઉપાય ચિંતવવો જોઈએ. રાજાને તાપસ કહે છે: ‘ તું હૃદયમાં ફોગટ દુઃખ ધરે છે. તું કામમાં હતો, હું વધુ ન રોકાતાં ચાલી નીકળ્યો, મારૂં પારણું ન થયું, તેમાં આટલું બધું દુઃખ ? પારણું ન થયું એ માટે તારે કોઈ દુઃખ ન ધરવું. ’

અગ્નિશર્માએ લાખો પૂર્વવર્ષ માસખમણમાં પદ્માસનને વીતાવ્યા હશે, ધ્યાનની ધૂન જમાવી હશે, એમાં શું ચિંતવ્યું હશે ? ‘ આવા આવા કસોટીના પ્રસંગો આવે તોય ઉંચો–નીચો ન થાઉં, પારણામાં બીજાની ગફલત થાય તોય પરમ શાંતિ રાખું, પ્રસન્ન ચિત્ત રાખું ’...આવું આવું તાપસે ચિંતવ્યું છે ! એનો આ પ્રતાપ છે કે અત્યારે પોતાના દુઃખને ભૂલી રાજાના દુઃખની ચિંતા કરે છે. કટોકટીના પ્રસંગે આત્માએ સમાધિ જાળવવા ખૂબ અગમચેતી રાખવાની જરૂર છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. એ તો પહેલેથી જ સમાધિના અભ્યાસ કર્યે જવા જોઈએ, હવે જુઓ રાજા શું કરે છે.

## પ્રકરણ : ૧૦.

## ત્રીજું પારણું પણ ચૂકાયું.

**કોમળ વાતાવરણ સર્જો**:–લાખો પૂર્વ સુધી કોમળ હૃદયના વાતાવરણમાં રહેલો અગ્નિશર્મા, પોતાનું દુઃખ ભૂલી રાજા પર દયાળુ બન્યો. આથી આપણે પણ એ સમજવાનું છે કે, એવા અવસરે આપણી પીડા ભૂલી આપણે સામાના પર દયાળું બનવું હોય, તો તે પૂર્વે એની તૈયારી તરીકે આપણી આજુબાજુના વાતાવરણમાં કોમળ ભાવો રાખવા જોઈએ. આશ્ચર્ય એ છે કે બબ્બે માસખમણની તપશ્ચર્યા ઉપર ત્રીજું નક્કી થયું છે છતાં કેવા પરમાર્થના શબ્દો, વૃત્તિઓ અને વિચારો તાપસના જીવનમાં મઘમઘે છે! તાપસ કહે છે: "રાજન્! તારૂં દુઃખ નકામું છે. તારી શાંતિનો એક ઉપાય છે." રાજા શાંતિનો ઉપાય માગે, એની રાહ ન જોતાં તાપસ પોતે જ ઉપાય બતાવે છે.

**ધન્ય ધીરતા! ધન્ય કરુણા! ધન્ય આત્મા!** :—

રાજા: "મારે એ તો જોઇએ જ છે."

રાજામાં તો ઉપાય પૂછવા માટે બોલવાની હામ નથી. કેમકે ગઈ વખતે દુઃખ નિવારણ તરીકે પારણું જ માગી લીધું હતું, પણ હવે અગ્નિશર્મા પોતે જ ઉપાયનું કહે છે; ત્યારે રાજાના હૈયે જરા નિરાંત વળે છે. ગુરૂસ્થાને બેઠેલા, પૂજ્યના હોદ્દે ચડેલાના હૃદયમાં ક્યાં સુધીની કરુણા જોઇએ ? સામો સંકોચાય તો એના સંકોચનો લાભ ન ઉઠાવાય, પણ સંકુચિત પર વધારે કરુણાવાળા થવું એ સાચી ઉદારતા છે.

અગ્નિશર્મા: " રાજન્! હવે ત્રીજા માસખમણના પારણે જો વિઘ્ન નહિ હોય તો એ પારણું તારે ઘેર કરીશ."

બબ્બે પારણાં જે રાજાએ ચૂકાવ્યાં છે, તે રાજાને ત્યાં જ પાછું ત્રીજું પારણું કબૂલ કરે છે! એ કેવી ગજબ ધીરતા! કેવી અજબ દયાળુતા! સમજવાનું છે કે આટલી બધી ધીરતા, સમતા, ઉદારતા, દયા અને વાત્સલ્ય તો દાખવી શકાય કે જ્યારે અદ્‌ભુત આત્મ-બળ જીવનમાં જાગતું હોય.

આવા તપમાં આવી ધીરતા અને આટલી કરુણા આપણા જીવન માટે શું શીખવે છે ? આત્મા ધારે તો ભયંકર તકલીફમાંય ધારેલી ધીરતા, ઇચ્છેલી સ્થિરતા, મનમાની ઉદારતા, અને ઉત્તમ કોટિની દયા રાખી શકે, પણ એનું જીવને અર્થીપણું નથી, એજ ખામી છે. ક્યાં એમ લાગે છે કે એ બધું કમાયો તો સાવ જીવન હારી ગયો ? અગ્નિશર્મા તો જાણે છે કે, આટલી બધી ઘોરતપની સાધના પછી, આટલી પીડા પછી, આ જીવનમાં ઉદારતા તથા દયા જતી ન કરાય. આ આર્યદેશમાં જન્મ્યો છું માટે એને બરાબર સાચવું.

**રાજા નગરમાં પાછો વળ્યો:**—તાપસના ચરણોમાં પડી ગુણસેન કહે છે: "આપે જે મારા દુઃખનો ઉપાય કહ્યો તે બહુ સુંદર છે. મને એ બહુ ગમ્યો. ખરેખર! તપસ્વીજનો જ નિર્મલ

ચક્ષુવાળા હોય છે. એ શું ન જોઈ શકે? આપે મારા પર અત્યંત ઉપકાર કર્યો છે. આપનો મહાન ઉપકાર અને આપની અકારણ વત્સલતા આપના તપસ્વીપણાના દેહને શોભાવનારા મોંઘેરા આભૂષણ છે.”

“ હવે હું વિનંતિ કરૂં છું કે આપ તપોવનમાં પધારો. ત્યાં હું નથી આવી શકતો. કેમકે અતિઉગ્ર પ્રમાદના કલંકથી દૂષિત એવો હું કુલપતિને મોં શું દેખાડું ? હવે જયારે આપ પારણે પધારશો ત્યારે દર્શનથી આનંદ પામીશ, ભક્તિનો લાભ ઉઠાવી, વંદન કરી આત્માને કૃતાર્થ કરીશ.” વિવેક બજારમાં નથી મળતો ! હૃદયચક્ષુ ખૂલે તો વિવેક મળે. હૃદય-ચક્ષુ બંધ હોય તો કયાંથી મળે? વિવેક ખૂલવાથી રાજા પોતાની કલંકિતતા અને તાપસની મહાનુભાવતા જુએ છે.

કુલપતિ કદર કરે છે:–રાજા સ્વસ્થ થઇ નગરમાં પાછો ફર્યો. મનને ખેદ થવાથી લડાઈમાં પોતે જવાનું માંડી વાળ્યું, અને સેનાપતિને જવાનો હુકમ કરી દીધો. હવે રાજા મહિનો પૂર્ણ થવાની આતુરતાપૂર્વક રાહ જુએ છે.

તાપસ ગયો તપોવનમાં. બધા તાપસો એને ફરી વળ્યા. શરીરમાં તાજગી ન જોઈ. દેહ એવોને એવો જ કરમાયેલો દીઠો. બધાને આશ્ચર્ય થયું. એ બધા પૂછે તે પહેલાં જ અગ્નિશર્મા તાપસે કુલપતિને બધા તાપસોના સાંભળતાં બધો હેવાલ કહી દીધો: પોતે ગયો, ત્યાં મેદાનમાં લડાઈ અંગેની તૈયારી થતી જોઈ, હાથીના ગર્જારવ...ઘોડાના હેષારવ...સાંભળ્યા, મહેલ દૂર હતો, મેદાન આગળ હાથી–ઘોડાની ધમાલમાં ચગદાવાની બીકે પાછો વળ્યો. રાજાને ખબર પડી. અત્યંત દુઃખ અને ગભરાટમાં રાજા પૂંઠે આવ્યો. નગરમાંથી નિકળતાં મને મળ્યો. પાછા ફરવા બહુ આગ્રહ કર્યો પણ તેમ બનવું અશક્ય હતું, તેથી ભારે કલ્પાંત કરવા લાગ્યો.

એને બહુ દુઃખ થતું જોઈ એનું દુઃખ ટાળવા મેં આવતું પારણું વિઘ્ન ન નડે તો એને ત્યાં કરવાનું કબુલ્યું છે, હવે આપ કહો તે પ્રમાણ!"

કુલપતિ કહે છે, " **वच्छ! साहु कयं** બહુ સુંદર કર્યું, બહુ સુંદર કર્યું," એમ કહીને કુલપતિએ અગ્નિશર્માની પીઠ થાબડી.

**અનુમોદન-અભિનંદન-પ્રોત્સાહન શું કામ કરે?:-** કુલપતિ પોતે અનુમોદના કરે, પછી બીજા તાપસો કરે એમાં નવાઈ શી? "અહો મહાતાપસ! તમે તો તપોવનની શોભારૂપ છો, અલંકારરૂપ છો, મહાત્મા છો, શી તમારી અજબ વીરતા! શી ધીરતા! શી ઉદારતા!" તાપસો પણ સમજે છે, " ગઈકાલ સુધી ખાધું હોય અને આજે જરા મોડું મળે તો ધૂંઆપૂંઆ થવાય છે, અને આ? ૬૦-૬૦ દિવસના ઉપવાસે બબ્બે પારણા જે રાજાને ત્યાં ન થયા, તેના પર દયા કરી ત્યાં જ ત્રીજું પારણું કબૂલવું; ધન્ય છે!" બધા તાપસો એકી સાથે અગ્નિશર્માને નમ્યા. ધર્મસાધનામાં જીવ ચડતો હોય એને યોગ્ય અનુમોદન-અભિનંદન-પ્રોત્સાહન મળે તો એનો ઉત્સાહ અને સંવેગરંગ ખૂબ ખૂબ વધી જાય છે. બીજું એ પણ છે કે તાપસોને રાજા પ્રત્યે અજુગતો વિચાર નથી આવતો.

**ગુરુસ્થાનની જવાબદારી:—** જે તાપસજીવન સ્વીકાર્યું છે, એમાં આવા અવસરે જગતના ગુસ્સાખોરી કે દીનતા-ક્ષુદ્રતાના ચીલે ન ચાલતાં તાપસ-ધર્મના ક્ષમા, સમતા અને ઉદારતાના ચીલે જ ચાલવું જોઈએ, ને એમાં જ તાપસજીવનની સાર્થકતા છે, શોભા છે, મહત્તા છે; એવું કુલપતિ સચોટપણે માને છે. જીવનના ઉચ્ચ હોદ્દાના હિસાબે લાયકી અને ખામોશી ન રખાય તો જીવનની કિંમત શી? જન્મોને ખાવાની જે કિંમત નથી તે કિંમત પ્રતિજ્ઞા પાલનની, અને અપરાધી ઉપર પણ હૈયાના

હેત વરસાવવાની છે. માટે જ અહીં આવા મહાતાપસના સ્નેહાળ ગુરુને એમ નથી થતું : 'હાય ! મારા શિષ્યને પારણું ન થયું! રાજા કેવો નાલાયક ! પાછું આગામી પારણું એને ક્યાં ?' આવું કાંઇ થતું નથી, પણ એમ થાય છે : 'વાહ ! શિષ્યે પારણા માટે ફરી રાજગૃહમાં પ્રવેશ ન કર્યો અને નવું માસખમણ સંકલ્પી, પ્રતિજ્ઞા અખંડ રાખી ! ધન્ય છે એને ! બિચારા રાજાને પણ હવેના પારણાની કબુલાતથી સંતોષ્યો, તે ઠીક કર્યું !' એમ માનીને કુલપતિએ અગ્નિશર્માને શાબાશી આપી હતી.

**આંતરિક વલણ તપાસોઃ—** આપણા મનક્ષેત્રમાં કયા વલણ પર વિચારણા જન્મે છે તે જોવું જોઇએ; જો કષાયનાં વલણ હોય તો કાઢી નાંખી, શાંતિ, મૃદુતા, નિસ્પૃહતા, મૈત્રીભાવ, પરગુણાનુરાગ વગેરેનાં વલણ ઘડી રાખવા જોઇએ. એ વલણ ઉપર સાચી વિચારણાનો પાક જન્મશે. ભૂલશો નહિ, કે મન દિવાન છે, આત્મા રાજા છે; રાજાના આંતરિક વલણો જોઇને દિવાન તે મુજબ વર્તે છે. ઉપરથી ભલે રાજા ઉપલકીયું વલણ બતાવે, પણ દિવાન એના હિસાબે નહીં કિન્તુ આંતરિક વલણના હિસાબે વર્તવાનો. તેમ અહીં આત્માના આંતરિક વલણ મુજબ મન ચાલે છે. માટે જો તે વલણને શુભ કરવામાં આવે તો મનમાં વિચારણા પણ શુભ ચાલવાની. કોઇપણ પ્રસંગે સારી વિચારણા કરવા માટેની આ સુંદર ચાવી છે. 'પહેલાં વલણ તપાસો. તે હલકું હોય તો બદલીને સારૂં કરો.' જેમ અહીં રાજા પ્રત્યે કુલપતિનું વલણ અધમ નથી પણ ઉત્તમ છે. તેથી એને વિચારણા સહેજે સારી જાગે છે ! જો પિતાને પુત્ર પ્રત્યે સારૂં વલણ હોય છે, તો પુત્ર તરફથી આવતી અગવડને કે એના હાથે થતા નુકશાનને પિતા સારા અર્થમાં લઈને પુત્ર માટે સારી વિચારણા કરે છે.

**મહારાણી પુત્રરત્નનો જન્મ આપે છે:**—અગ્નિશર્માનું ત્રીજું માસખમણ પણ પુરૂં થયું. પારણાનો દિવસ આવ્યો. રાજાએ પણ ઠેઠ સુધી સેંકડો મનોરથ કરી પારણું યાદ રાખ્યું છે. આમાં કોણ ધારે કે કાંઈ વિઘ્ન ઉભું થશે? એમ ચોક્કસ લાગે કે 'હવે તો પારણું અચૂક થવાનું, કેમકે રાજા એ માટે તલસી રહ્યો છે.' પરંતુ ભાવિભાવ બળવાન છે. ભવિતવ્યતા જ કોઇ એવી છે કે પારણાના દિવસે જ રાજાને ત્યાં ખાસ પ્રસંગ ઉભો થયો.

ગુણસેન રાજાની રાણી વસંતસેનાએ પુત્રને જન્મ આપ્યો. ત્યાં હાજર રહેલી પરિચારિકાએ અત્યંત આનંદમાં આવી જઈને પ્રફુલ્લિત વદને રાજાને વધામણી આપી : 'મહારાણી વસંતસેનાએ પુત્રરત્નને અત્યંત સુખપૂર્વક જન્મ આપ્યો છે, કે જે પ્રજાના મહાન ભાગ્યોદયને સૂચવે છે, અને આપની મહાન ઉન્નતિમાં સંકેત ભૂત છે.' રાજા કદાચ મહાતાપસના આજના પારણાના દિવસના વિચારમાં હશે, પરંતુ પુત્રજન્મની વધામણી મળે એટલે પૂછવાનું જ શું? વધામણી સાંભળીને એને તો એકાએક હર્ષના ઉછાળામાં આખા શરીરે રોમાંચ ખડા થઈ ગયા. પરિચારિકાને ત્યાંને ત્યાં જ પોતાનાં કડાં, બેરખાં અને કુંડલનાં આભૂષણ ઇનામમાં આપ્યાં, અને આ પ્રમાણે આજ્ઞા કરી: "વસુંધરા! મારી આજ્ઞાથી નજીકમાં રહેલા દરવાનોને કહે કે, કાલઘંટા વગડાવીને રાજ્યમાં સર્વ બંધનોને છોડી નાંખો, અર્થાત્ કેદીઓ વગેરેને છોડી મૂકો; ઘોષણા કરવા પૂર્વક કલ્પનાતીત મહાદાન અપાવો. જિતશત્રુ વગેરે રાજાઓને પુત્ર-જન્મના મંગળ સમાચાર પહોંચાડાવો; લોકોને ખબર આપો કે મહારાણી સાહેબાએ પુત્રરત્નને જન્મ આપ્યો છે. નગરમાં અપૂર્વ ઉત્સવને ઉજવો."

**લહાવા શાના લૂંટાય છે?**:-પુત્રજન્મના કેવા લહાવા

લૂંટાય છે! કે એના સમાચાર મળતાં જ રત્નનાં આભૂષણ ઈનામમાં દઈ દેવાય! પ્રભુ પધારતાં રાજા મહારાજાઓ ને અને શેઠ શાહુકારોને એવો આનંદ થતો; અને એની વધામણી લાવનારને મનમાન્યાં મોંઘેરા ઇનામ અપાતાં.જેને જેનો પ્રેમ, તે તેની આગળ મહાન લક્ષ્મીની પણ કિંમત આંકતો નથી. ત્યારે જ્યાં પ્રેમ નથી, ત્યાં સત્તર બહાનાં હેઠળ લક્ષ્મી નથી છૂટતી. આજે ધન-વ્યયનો કઇ બાજુ ઝોક છે તે પરથી કોના પ્રત્યે પ્રેમ છે, તેનું માપ નિકળે છે. કહો તો ખરા, કે જાત-ભોગ અને કુટુંબભોગની ખાતર સામગ્રી-સરંજામ કેટલો રાખ્યો છે? અને દેવભક્તિ તથા ગુરુભક્તિ માટે કેટલી સગવડ-સામગ્રી રાખી છે? કે પછી "દહેરાસરમાં બધી સગવડ હોય છે, અને ગુરુ મહારાજને તો દોષિત ખપે નહીં." આ સમજી રાખ્યું છે ને? પણ મહાનુભાવ! દેરાસરમાં જેણે સગવડ રાખી હશે તેને લાભ થશે, પણ તેથી તમને શો લાભ? અરે, લાભ તો પછી, પણ ફરજ કે કૃતજ્ઞતાની દષ્ટિએ પણ થોડી પૂજન-સામગ્રી લઇ જવાનું દિલ થવું જોઈએ. "જે પ્રભુએ મને આટલું બધું આપ્યું છે, એમને થોડું પણ ન ધરૂં?" આ કૃતજ્ઞતાનો વિચાર છે. "હું પ્રભુનો ભક્ત છું, તો મારી ફરજ છે કે પ્રભુની મારા જ દ્રવ્યથી ભક્તિ કરવી." આ ફરજનો વિચાર છે. ત્યારે ગુરુભક્તિ માટે રસોઈ ન થાય, પરંતુ આપણા અર્થે કરેલી રસોઈ ગુરુને વહોરાવ્યા વિના મોંમાં શી રીતે પેસે? જમતાં પહેલાં ગુરુ કેમ યાદ ન આવે? કેમ તેડવા ન જવાય? એમ આપણા ઘરમાં પડેલ, કપડું, કાગળ, દવા, વગેરેનો લાભ કેમ ન લેવાય? શાસ્ત્રમાં વિધિ છે કે ગુરુને વહોરવા બોલાવી લાવ્યા પછી લાભ લેવાની વસ્તુઓના નામ ગણાવે. 'ભગવંત! આ છે, આ છે, આછે;...' એમ કહે. એવી રીતે ગુરુના પ્રવેશ-ઉત્સવ, સ્વર્ગદિનની ઉજવણી વગેરેમાં ધનવ્યય કરી શકાય છે. ગુરુ કહે તે પુસ્તકો લખાવવામાં, શાસ્ત્રોની સંઘવાચના કરાવવામાં

દ્રવ્યવ્યય કરી શકાય છે. અહીં તો ગુણસેન રાજાએ પુત્રજન્મની ખુશાલીમાં મહોત્સવ મંડાવ્યા, મહા દાન દેવરાવ્યાં, કેદીઓને છોડાવ્યા.

જયાં નગરમાં રાજપુત્રના જન્મની ખબર પડી, કે ચારે તરફથી સામંત રાજાઓ, અમલદારો, અને નગર શેઠીયાઓ રાજમહેલમાં આવે છે ને જાય છે. નોકરો ઇનામ અને યાચકો દાન લઈ રહ્યા છે. આખા વસંતપુરમાં અને વિશેષ રાજવાડામાં માનવોના જુથનાજુથ આનંદ કલ્લોલમાં મસ્ત છે. રાજા પણ મળવા–મૂકવામાં અને ગાનતાન જોવામાં મસ્ત છે.

**અગ્નિશર્મા પારણા માટે પધારે છેઃ**— ત્યાં અગ્નિશર્મા તાપસ તપોવનમાંથી નિકળી ઠેઠ રાજમહેલ આગળ આવી ઉભો. રાજમહેલમાં સૌ ઉત્સવમાં લયલીન છે, ત્યાં આવેલા તાપસનું કોણ ધ્યાન રાખે? એનો ભાવ પણ કોણ પૂછે? વચન માત્રથી પણ કોઇએ તાપસનો સત્કાર કર્યો નહિ! ‘આવ્યા? આવો બેસો,’ એટલુંય કોઇએ કહ્યું નહિ.

## પ્રકરણ : ૧૧

# અગ્નિશર્મા ભૂલે છે.

**અગ્નિશર્મા કષાયને પરવશ બને છે:**—આજસુધી સમતાભાવને ટકાવી રાખનારો અગ્નિશર્મા હવે ધુંધવાયો. અહીં એના અશુભ કર્મનો ઉદય થયો અને એ આર્ત ધ્યાનમાં ચડ્યો! ત્યાં હવે બહુ રાહ ન જોતાં, સૌને ઉત્સવમસ્ત જોઈ તરત પાછો વળી ગયો, પણ આ પાછું વળવાનું, 'હશે! પારણું ન થયું તો કાંઈ નહિ! રાજાને ત્યાં કાંઈક પ્રસંગ હશે...' એ વિચાર પર નહોતું. આ પાછા વળવાનું તો ભયંકર ક્રોધ-કષાયના ઘરનું હતું. પૂર્વે બાલપણમાં ગુણસેનકુમારે અગ્નિશર્માની મશ્કરી કરેલી હતી. તે પ્રસંગની સાથે અગ્નિશર્માએ હવે કડી જોડી. પોતાના હૃદયમાં ભયંકર કષાય-અગ્નિ સળગાવ્યો. જુઓ, લાખો પૂર્વોનો અદ્ભુત માસખમણી તપસ્વી હવે સહેજવારમાં ગુસ્સાથી સળગી ઉઠ્યો. એમાં એક નિમિત્ત ગુણસેને રાજકુમારાવસ્થામાં કરેલી મશ્કરી બની. એ સૂચવે છે કે ક્યારેય પણ કોઈની સાથે વૈર-વિરોધ કે એનું બગાડવાની કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. યાવત્ કોઈનીય નિંદા સરખી પણ ન કરવી જોઈએ, નહિતર

અવસરે એજ વસ્તુ ભવિષ્યમાં કોઈ મહાન અનર્થ બનવામાં નિમિત્તભૂત બની જાય છે.

**વિચારણાનો વળાંક બદલાય છેઃ—** અગ્નિશર્માનું હૈયું ધમધમી ઉઠયું. એ ભાન ભૂલ્યો, અને ભયાનક વિચારો કરવા માંડ્યો: 'અહો! તે રાજાની બાલ્યાકાળથી માંડીને હજી સુધી મારા પર કેવી વૈરની ગાંઠ છે! જુઓ તો ખરા, કે માયાવી એવા તેણે કેવુંક ગૂઢ કપટભર્યું આચરણ કર્યે રાખ્યું! મારી પાસે તેવા તેવા પ્રકારનું મીઠું મીઠું બોલી પારણું મનાવતો ગયો, પણ એણે કરવાનું તો ઉંધું જ રાખ્યું! પારણાનો સત્કાર કરવાને બદલે અપમાન અવગણના કર્યે ગયો! કેવી શઠતા! કેવી લુચ્ચાઈ!' અગ્નિશર્મા હવે પહેલા પારણાથી જ કલ્પના કરે છે કે 'રાજાએ શઠતા પૂર્વક ઈરાદાથી જ પારણું મનાવ્યું અને ચૂકાવ્યું.' જીવને માનસિક વિચારસરણીમાં સીધા ચાલવાનું કે વાંકા ઉતરવાનું બીજું કોઈ નથી કરાવતું, પોતે જો વિશુદ્ધ વલણ અને પવિત્ર તથા ઉદાર હૃદયવાળો હોય છે તો સીધી વિચારણા ચાલવાની, પણ પોતે જો કષાયગ્રસ્ત બન્યો તો વાંકી વિચારણા ચાલવાની.

**ભાવના:**-અગ્નિશર્માની ધીરજ ખૂટી. એ ક્રોધાન્ધ બની ગયો. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ તેનું પૃથક્કરણ કરતાં તેનાં બે કારણ જણાવે છે, (૧) અજ્ઞાન દોષ અને (૨) પરમાર્થથી અભાવિત હૃદય.જીવને અજ્ઞાનદોષથી પોતાની કુપ્રવૃત્તિનું કેવું ભયંકર પરિણામ આવશે તે દેખાતું નથી. અજ્ઞાન દોષથી કુળને કલંક, સ્થાનને કલંક વગેરે લાગવાની પરવા નથી રહેતી. ત્યારે પરમાર્થથી ભાવિતતા એટલે શું? પ્રભુનું શાસન મળ્યું છે તો હૃદયને શાસનના પરમાર્થથી ભાવિત કરવું જોઇએ. વૈદો દવા બનાવવામાં, ભસ્મો તૈયાર કર્યા પછી એને કુંવરના પાઠા વગેરેની ભાવના આપે છે. ભાવના અપાયા પછી એ બે ચીજો વૈદ પણ જુદી ન પાડી શકે. એ તો જેની ભાવના જેને આપી તે તેમાં એકમેક થઇ ગઈ! એમ પ્રભુ-

શાસનના તત્ત્વોથી હૃદયને ભાવિત કરવું એટલે તત્ત્વોને હૃદયમાં એકમેક કરવાનાં તે પ્રથમ શ્રદ્ધા દ્વારા, પછી પ્રવૃત્તિ દ્વારા.

**ભાવનાના બે અંશઃ**–એક વૃત્તિ અંશ, બીજો પ્રવૃત્તિ અંશ. હૃદયને જ્યાં કોઇ વૃતિ ધરવાની, માન્યતા ધરવાની વાત આવે તો સહજભાવે તત્ત્વને અનુસારે જ એની માન્યતા ચાલે. આત્માના પ્રદેશે પ્રદેશે પ્રભુઆજ્ઞાનો શ્રદ્ધારસ એકમેક થયો હોય અર્થાત્ પ્રભુઆજ્ઞા જે જે વિષયમાં જે જે સ્વરૂપ બતાવે તે તે વિષયમાં તે તે સ્વરૂપને અનુરૂપ હૃદયની માન્યતા રહે. પ્રભુએ સંસારને આત્માનો અપકારી કહ્યો છે, તે હિસાબે શ્રદ્ધા કરનારને સંસાર એ આત્માનો ભયંકર દુશ્મન દેખાય, અને મોક્ષ એ આત્માનો અનુપમ મિત્ર દેખાય. જ્યાં જ્યાં દુઃખ અને ત્રાસ દેખે, ત્યાં જોને એમ થાય કે "જો સંસાર છે તો દુઃખ કેમ ન આવે! સંસાર એટલે ત્રાસ જ આપે, ત્રાસ ન આપે એ સંસાર નહિ. મોક્ષ–સુખ જ આપે. મોક્ષમાં સુખની કમીના નહિ. સુખની કમીના હોય તો એ મોક્ષ નહિ. પાકી પરતંત્રતા સંસારમાં, સંપૂર્ણ સ્વતંત્રતા મોક્ષમાં."

**જાગ્રત આંતરભાવનાં વલણઃ**— જિનવચનથી ભાવિત બનેલા આત્માને પકવાન્નમાં આનંદ નહિ કે, લુખામાં શોક નહિ. કેમકે પકવાન્નને એ ઝેર સમજે છે. લુખાઅન્નને અમૃત તુલ્ય માને છે. દીકરો સારો ભણેલો થાય તો એને થાય કે પ્રભુનું શાસન અજવાળશે, મહેનત લેખે લાગી; પણ કદાચ મરી જાય તો એને થાય કે 'બિચારો મારે ઘેર આવી ધરમ કર્યા વિના ગયો, એ ખોટું થયું! એ ઉપડી ગયો છતાં અમારી આંખ ઉઘડતી નથી...' પૈસો આવે તો માને કે 'પરમાર્થ કરી શકાશે,' જાય તો માને કે "માથાફોડ ઓછી થઇ! પૈસા હોત તો પાપકર્મ બંધાત! ક્રોડ નમસ્કાર એને! "આંતરભાવ જાગતો હોય તો કેવાં કેવાં વલણ મન અખત્યાર કરે એના આ કેટલાક દાખલા છે. આ ક્યારે

બને ? આત્મા જિનવચનથી હૃદયને શ્રદ્ધા દ્વારા ભાવિત કરે ત્યારે. આત્માના પ્રદેશે પ્રદેશે શાસનના તત્ત્વો એવાં ભાવિત કરવાં જોઇએ કે આત્માની વિચારસરણી તેને અનુરૂપજ ચાલે! એનું નામ તત્ત્વોની શ્રદ્ધારૂપ ભાવના.

**અનંત સંસારના આંધણ મૂકે છે:**–અગ્નિશર્માએ આત્માને પરમાર્થથી ભાવિત કર્યો નહોતો અને મિથ્યામાર્ગમાં પડયો હતો. તેથી રાજાનો ભયંકર ગુનો ગણી એના પર તીવ્ર વેરની લાગણી ઊભી કરી. અગ્નિશર્માને કષાયે પકડયો. એની પરલોકની વાસના ફીટી ગઇ. ભૂખ જોરદાર લાગી. બુભુક્ષા અર્થાત્ ભૂખ એ પહેલો પરિષહ છે. પરિષહ જીતે અને આત્મા હારે એ અશુભ, પરિષહ હારે અને આત્મા જીતે એ શુભ. શુભ કે અશુભ ગમે તે અધ્યવસાય થઇ શકે. ડહાપણુ હોય તો વિચારે કે, "ભલે રાજા ગુનેગાર હો, પણુ મારી ગુલામી કેવી છે? હું અન્નનો કીડો...ભૂખ લાગી...ભલે લાગી, છતાં એક પણુ અયોગ્ય વિચાર ન કરૂં, રાંકડી ભૂખ ખાતર શુભધ્યાનનો ધર્મ ન મૂકું," એમ થાય તો પરિષહ હારી જાય, આત્મા જીતી જાય. પણુ નોકારશી આગળ પોરિસીની વાતમાં ધુંઆપૂંઆ થાય ત્યાં શું થાય? અગ્નિશર્મા પર ક્ષુધા–પરિષહે વિજય મેળવ્યો. રાજા પર તેણે ભયંકર ગુસ્સો ઊભો કર્યો. 'શું અમે તપસ્વી એટલે દુબળા, માટે રાજા અમારી મશ્કરી કરે ? એટલું બધું એને અભિમાન? તપસ્વીઓને એ શું સમજે છે?' આમ વિચારતાં અગ્નિશર્માએ ઘોર નિયાણું કર્યું! કે જે નિયાણાથી અનંત સંસારનાં આધણુ મૂકાયાં. અજ્ઞાન તથા ક્રોધને વશ થઇ અગ્નિશર્માએ રાજાની વિરૂદ્ધ ઘોર નિયાણું કર્યું. જિંદગી સુધી માસખમણુની ભીષ્મ પ્રતિજ્ઞા માત્ર એક ભવ માટે હતી, જયારે નિયાણું ભવોભવ માટે કર્યું! એટલે શું સમજયા ? ભવસાગરથી તરવાની વસ્તુ લીમીટેડ સમય માટે; અને ડૂબવાની વસ્તુ અમર્યાદિત કાળ માટે! કેવું અજ્ઞાન!

**નિયાણું શું કર્યું?** :-અગ્નિશર્માએ એવું નિયાણું કર્યું: 'અત્યાર સુધી સારી રીતે કરેલા તપનું જો કોઈ ફળ હોય તો તે ફળરૂપે આ રાજાનો ભવોભવ હું વધ કરનારો થાઉં." કેટલી ક્રૂરલેશ્યા! કેવી ક્રોધની અંધતા! આ નિયાણાથી અનંત સંસારના આ ભવમાં આધણ મૂકાયાં! અગ્નિશર્મા મિથ્યામાર્ગમાં પડ્યો હતો ત્યારથી ભય તો ઊભો જ હતો, ભલે એને નહોતો દેખાતો, પણ તત્ત્વજ્ઞાનીની દષ્ટિએ તો દેખાતો હતો. 'ભવોભવ એના નાશ માટે મારો જન્મ થાઓ,' એવા નિયાણાથી અગ્નિશર્મા તાપસે ભયંકર કતલ ચલાવવાની વૃત્તિ આત્મસાત્ કરી. જ્ઞાની કહે છે, "ક્રોધ ક્રોડ પૂર્વના ચારિત્રને ક્ષણમાં બાળી દે છે. ભસ્મીભૂત કરી નાંખે છે."

**ભૂખ બહુ ભૂંડી**:-અગ્નિશર્માને ભયંકર ગુસ્સો આવ્યો, એનું એક કારણ એ હતું કે એને ભૂખ ભારે લાગી હતી. ભૂખ ભયંકર ચીજ છે. કંઈ અનર્થોનું એ સર્જન કરે છે. બહારથી કોઇ ભૂખ્યો આવ્યો હોય, એને તરત ઠપકો ન અપાય. એ વખતે દોષ ન કઢાય. જોરદાર ઠપકો આપવો હોય તોય સારી રીતે જમાડ્યા પછી આપવો જોઇએ. ભૂખમાં એક પણ આકરા શબ્દ પર મન બગડતાં વાર નહિ. હા, ભૂખ જો કાબુમાં હોય, ભૂખની પ્રત્યે જીવની તેવી ગુલામી ન હોય, તો મન બગડે. માટે તો જ્ઞાનીઓએ અનાદિની આહાર-સંજ્ઞાને કાપવા અને ભૂખની ગુલામી ટાળવા આરાધનાની સુંદર વિધિ કહી છે. અનશન, ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ...ઉપરાંત ગુરુભક્તિ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ વગેરે. આ તાપસને પ્રભુ-શાસન મળ્યું હોત તો તો આહારસંજ્ઞાને નાબુદ કરવાનો રસ્તો હાથ આવત, પણ એ ભાગ્ય નહોતું. તાપસ ભૂખની મથામણમાં પડ્યો, ને કષાયે ચઢ્યો. એની પરલોકદષ્ટિ નીકળી ગઈ. ધર્મશ્રદ્ધા નાશ પામી. સર્વ દુ:ખોના કારણભૂત વૈરભાવ જાગ્યો. એણે લાખો પૂર્વોના તપને ક્ષણમાં બાળી નાખ્યો.

નિયાણું કરી અગ્નિશર્મા એના અનુમોદનમાં ચઢયો. એ વિચારે છે : 'સ્નેહીનું ઇષ્ટ અને શત્રુનું અનિષ્ટ જે ન કરે, એણે માતાનું યૌવન બગાડનારો જન્મ લીધાથી શું ?' એ કયાં સુધી કષાયે ચઢયો ? 'આ પાપી રાજા મારા કોઈ પણ ગુના વિના મારો બાલ્યકાળથી દુશ્મન છે ! માટે હવે તો હું એનું ખરાબ કરવાનો.' આમ વિચારી નિયાણું કરી ક્રોધ–દાવાનળથી સળગતા ચિત્તમાં અનેક વિકલ્પો કરતો આશ્રમમાં આવી પહોંચ્યો. હવે અગ્નિશર્મા એટલો બધો કષાયથી ઘેરાયેલા મનવાળો બન્યો છે કે પૂર્વની બધી વિધિ ભૂલે છે. અહાહા ! કષાયો આત્માને કેટલો ખરાબ કરે છે ! કદી વિનય–મર્યાદા ન ચૂકનારો એ તાપસ આજે કુલગુરુને મળ્યા વિના, તાપસોને મળ્યા વિના, સીધો જ શિલા પર જઈ બેસી ગયો. લાખો પૂર્વની જિંદગીમાં કદી વિનય ન ચૂકનારને કષાયે ભાન ભૂલાવ્યું !

**કષાયના ભયંકર વિકલ્પો**:–અગ્નિશર્માને હવે ચેન પડતું નથી. હવે તો એકજ કાળી વિચારસરણીમાં એ તણાયો છે. એટલા બધા ભયંકર અને ક્રૂર વિચારોમાં એ ચઢયો કે પૂર્વની પોતાની બધી પવિત્ર સ્થિતિ જાણે ભૂલી જાય છે ! કયાં એની પૂર્વે બંને પારણા ન થવા વખતની સમતામય અને રાજા પ્રત્યેની ઉદારતાપૂર્વકની મહાગુણસમૃદ્ધ સ્થિતિ, અને કયાં અત્યારની અસહિષ્ણુતા, ભયંકર ક્રોધાન્ધતા, રાજા પ્રત્યે વૈર અને ભવોભવ મારવાની કાળી લેશ્યા ! જ્ઞાનીઓ સાચું જ કહે છે કે 'ક્રોધેક્રોડ પુરવતણું સંયમ ફળ જાય...' અગ્નિશર્માએ લાખો પૂર્વના મહાતપને તથા સમભાવને ગુસ્સાથી હતપ્રહત કરી નાખ્યો. આ જગતમાં ક્ષમા અને સમતા જે અતિ દુર્લભ છે, તે આણે સુલભ કરેલા, છતાં પાછા દુર્લભ કરી નાખ્યાં; અને ક્રોધાદિ વિકારો, જે સુલભ હતા, તેને અતિસુલભ કરી લીધા ! જીવને પોતાનેજ પોતાની સુલભ થતી ગુણસંપત્તિની પરવા ન હોય અને તેથી પોતે

જ એને દુર્લભ કરી નાખે, તો શી રીતે બચે? બીજું કોણ બચાવે? માણસે સમજવું જોઈએ કે હાથમાં હીરામાણેકનું ઝવેરાત આવ્યા પછી એની પર ત્રાટકનારા, ત્રાપ મારનારા તો અનેક મળવાના, પણ તેથી શું પોતાનું ઝવેરાત ઉછાળી નાખવું કે લૂંટાઇ જવા દેવું? ના, એ સ્થિતિમાં તો એનું વધુ રક્ષણ કરવું જોઇએ. તેમ અહીં આપણી ક્ષમા, સમતા અને ઉદારતા પર આક્રમણ કરનારા અનેક જાગે, પરંતુ આપણે તો આપણી ગુણસંપત્તિ બરાબર સાચવવાની. બીજાના અપરાધ પર આપણે આપણું ગુમાવવાનું નહિ.

**અગ્નિશર્માનું આંતરિકયુદ્ધઃ-** અગ્નિશર્મા શિલા પર બેસી વિચારે છે, 'અહો! તે રાજાની મારા પર કેવી શત્રુતા! નહિતર સર્વે તાપસોની મધ્યે કેમ હું જ એને મશ્કરી માટે મળ્યો? મારી ખાસ પ્રતિજ્ઞા સમજીને, કપટી એવો એ મારૂ જ ટીખળ કરે છે! પણ ટીખળ કરનારો એ મૂઢ છે...જો અનાથ, દુર્બળ, બીજાથી દબાયેલા અને મરી રહેલા જીવોની મશ્કરી કરવી માનવંતાને પણ માન પમાડતું નથી; તો પછી શત્રુમિત્રને સમાન ગણનારા અને પરલોકહિતની કરણીમાં રક્ત એવા તપસ્વીજનોની મશ્કરી તો વિશેષે કરીને માન પમાડનારી ક્રિયા નથી. મેં એનું શું બગાડયું હતું કે મારા જેવા તાપસને આમ વારંવાર મશ્કરીનું પાત્ર બનાવે છે? અમે તાપસ છીએ, નિરાધાર અને દુર્બલ છીએ એમ સમજીને એ આમ વર્તે છે એમ? હું બતાવી દઈશ એને કે જગતમાં તપસ્વીની મશ્કરી કેમ થાય છે...ખબર પાડી દઈશ એને...હું...નહિ સહન કરૂ...હવે એનું કપટ, એની મશ્કરી, એનું અભિમાન નહિ ચલાવી લઉં...ભવોભવ એનો હું વધ કરીશ....

"પણ હા, એ મારી આટલી કદર્થના કેમ કરી શકે છે? હું આહારનો સંગી છું માટે ને? જો મારે આહારની જરૂર જ

ન હોત તો એ મારો શું પરાભવ કરી શકત? તો હવે પરાભવના નિમિત્તભૂત એવા આહારથી મારે સર્યું...હવે મારે યાવજ્જીવ ઉપવાસવ્રત હો. આ જીવનના અંત સુધી એકલા મહાઉપવાસની હું પ્રતિજ્ઞા કરૂં છું."

**શી સાવધાની રાખશો?**:–અગ્નિશર્મા તાપસ કેટલા રૌદ્રધ્યાનમાં ચઢી ગયો છે! સમજી રાખજો કે વિષયની લાલસા કે કષાયની લાગણીને હૃદયમાં નથી પેસવા દીધી ત્યાંસુધી જ સ્વસ્થતા છે, ત્યાંસુધી જ સદ્‌વિચારણા, સમાધિ, સમતા સદ્‌બુદ્ધિ વગેરે જીવંત છે, ત્યાંસુધી જ ઉદારતા, ગંભીરતા, અને માનવતા ઈત્યાદિ ગુણો જાગ્રત છે, ત્યાં સુધી જ આત્મા કર્મબંધથી બચેલો છે, સન્માર્ગ પર ચાલનારો છે, અને સદ્‌ગતિની સાધનાવાળો છે. પરંતુ જ્યાં ઈન્દ્રિયોના વિષયની લોલુપતા કે ક્રોધાદિ કષાયની આગ હૃદયમાં સળગી કે અજંપા, અસ્વસ્થતા, અને હાયવોય શરૂ થયાં જ સમજો. પછી સદ્‌વિચારણાદિ બધું અલોપ થઈ જવાનું. ભયંકર વિચારણા, ઉકળાટ, દુર્બુદ્ધિ, ક્ષુદ્રતા, તામસભાવ વગેરે હૃદયનો કબજો લેવાના. પરલોકની પરવા નહિ રહે, અને તેથી કર્મબંધનનો પાર નહિ રહે. ઉન્માર્ગગમન અને દુર્ગતિ–સાધના સુલભ બનાવવાના. શાથી આ બધું? આત્માની પોતાની જ અવળચંડાઈથી. નહિતર દુશ્મને ખરાબ કર્યું તો કર્યું, આપણે આપણા પોતાના પ્યારા આત્માને શા માટે ખરાબ કરવો? ઉચ્ચ માનવભવ છે, આત્મરક્ષાનો અતિ દુર્લભ અવસર મળ્યો છે, આત્માને બચાવી લો. અગ્નિશર્મા ચૂકયો, અને એણે પોતાના જ અનંત સંસારના આધણ મૂકયાં.

**તાપસોનો અગ્નિશર્મા સાથે વાર્તાલાપ**:— અગ્નિશર્માને પોતાના સ્થાને આવીને બેસી ગયેલો જોઈ તાપસો ઝટ એની પાસે ગયા. જોયું કે પારણું નથી થયું લાગતું, પૂછયું, 'ભગવંત! બહુ

ક્ષીણદેહવાળા દેખાઓ છો. પુષ્પ, વિલેપન વગેરે, સત્કાર પણ નથી દેખાતો. તો શું હજી પણ આપનું પારણું ન થયું?'

તાપસ કહે, 'ના, ન થયું.'

'કેમ ન થયું, શું રાજાના ઘરમાં ન પેઠા?'

'પેઠો હતો.'

'તો પછી પારણું કેમ ન થયું?'

અગ્નિશર્મા પહેલાં તો તાપસો સાથેની પ્રશ્નોત્તરીમાં રાજાનું સારૂં બોલતો. પ્રથમ રાજાના માથાના દુઃખાવાથી ન થયું, પછી લશ્કરની ધાંધલથી ન થયું, પણ આ પારણું કોઈક ઉત્સવના લીધે ન થયાનું ન કહેતાં, અગ્નિશર્મા બોલ્યો, 'રાજા મારો બાલ્યકાળથી વૈરી છે. મારો કાંઇ ગુનો નહિ, હું નિર્દોષ હોવા છતાં એણે પૂર્વે પણ મારી મશ્કરી ખૂબ કરી છે, અને અહીં પણ હજી એની વૈરવૃત્તિ શમી નથી. એ મિથ્યાભાષી છે, એ હૃદયનો માયાવી છે. ખોટો વિનય કરી કરીને મને હેરાન કરવા એણે પારણા મનાવરાવ્યાં છે. હું એના કપટને ન સમજ્યો; તેથી ભોળેભાવે મેં એની પ્રાર્થના સ્વીકાર્યે રાખી, પણ એની ઉપહાસ કરવાની જ બુદ્ધિ છે. મને આમંત્રી આમંત્રી, બહાના ઊભાં કરીને મારો પરાભવ કર્યે રાખ્યો. મારૂં પારણું જાણી ઉત્સવનું બહાનું ઊભું કર્યું.'

ક્રોધને પરવશ પડેલો કયું પાપ ન કરે? અસત્ય પણ બોલે. રાજાએ બહાનું ઊભું નથી કર્યું. પુત્રજન્મનો ઉત્સવ સાચો જ હતો છતાં ક્રોધી તાપસ ઊંધું દેખે છે, ઊંધું બોલે છે.

પેલા તાપસોને મહાતાપસ પ્રત્યે ભક્તિ છે, સહાનુભૂતિ છે, એટલે ખોટું ન માને, પણ રાજાની ગુણીયલતાને પણ જાણે છે, તેથી એકદમ હા જી હા નથી કરતા. તાપસો બોલ્યા,

"ભગવન્! તપસ્વીજન પર પ્રેમભાવવાળા એ ગુણસેન રાજામાં એ પ્રમાણે સંભવતું નથી, પણ માણસ જાત વિચિત્ર અભિપ્રાયવાળી છે; તો શું ન સંભવે? કષાયને કોઈ અપાત્ર નથી!" વાત વિણસેલી જાણી તાપસો તરત જ કુલપતિ પાસે પહોંચ્યા અને અગ્નિશર્માનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

**કુલપતિ શું કરે છે?** :—કુલપતિ ગભરાયો; સંભ્રમમાં ઉઠીને અગ્નિશર્મા પાસે આવ્યો. અગ્નિશર્માએ બેસવા આસન આપ્યું.

કુલપતિ: 'વત્સ! તારૂં પારણું હજી પણ ન થયું...ખરેખર એ ગુણસેને યોગ્ય ન કર્યું.'

અગ્નિશર્મા: 'ભગવંત! રાજાઓ પ્રમાદી હોય છે, અને અસલતો મને આહારની ગુલામી છે, તો પીડા છે ને? તો તેના ઘરે જવું પડે ને? હવે મેં ઇચ્છા જ મૂકી દીધી છે. હવે જાવજજીવ આહારનો મારે ત્યાગ છે. માટે વિનંતિ કરૂં છું કે મને આ સંબંધમાં ફેરવવાનું કાંઈ કહેશો નહિ.'

ખોટા મમત્વે ચઢ્યા પછી ગુરુની આજ્ઞાને પણ અપવાદવાળી કરવી પડે છે, મર્યાદિત કરવી પડે છે. ગુરુની કોઈપણ આજ્ઞા સ્વીકારવી હોય એણે કાંઈ પણ મમત્વ કે હઠાગ્રહ ન રાખવો જોઈએ. કુલપતિ સમજુ છે. એ કહે છે, 'જયારે તેં અનશનની પ્રતિજ્ઞા જ કરી છે, તો હવે મારે એ સંબંધમાં બીજી આજ્ઞા કરવા જેવું રહેતું નથી. પ્રતિજ્ઞા એ પ્રતિજ્ઞા! તપસ્વીઓ સત્ય પ્રતિજ્ઞાવાળા હોય છે, પણ એક વાત કહું છું કે તારે ગુણસેન પર ગુસ્સો ન કરવો.'

કુલપતિ જિનમતમાં નથી છતાંય શિખામણ કેવી સોનેરી આપે છે! 'ગુસ્સો ન કરતો'...કેવો વિવેક! કેવી જાગ્રતિ! કેવો પરલોકભય! આ આર્યધર્મની આસ્તિકતાનો પ્રભાવ છે.

કુલપતિ: "વત્સ! ગુણસેનનો દોષ આપણે શા માટે જોવો જોઈએ? જગતના પ્રાણી કર્મને પરવશ પડેલા છે. જીવોને જે કાંઇ થાય તે પોતાના જ પૂર્વકર્માનુસાર થાય છે. પૂર્વકર્મ સારાં હોય તો ફળ સારૂ આવે. પૂર્વકર્મ ખરાબ હોય તો ફળ ખરાબ આવે. આપણું સારું-નરસું થવામાં બીજા તો નિમિત્ત માત્ર છે. બાકી સારૂ-નરસું કરનાર તો પૂર્વનાં કર્મ છે! તો તપસ્વી એવા તારે બીજાનો દોષ શા માટે જોવો જોઈએ?" કુલપતિનો કેવો દિવ્ય ઉપદેશ છે! પરલોકની એને કેવી ભારે કાળજી છે! આત્માને શાન્તિ આપનારી કેવી સરળ વિચારધારા છે! તાપસજીવનને છાજતી કષાયત્યાગની કેવી તકેદારી છે!

**કષાય કરવાનો હક નથી:**— તપની મનાઈ નથી, તપ કરાય તે ઘણું સુંદર છે, પણ તપ કરનારને કષાય કરવાનો હક નથી. કપાય કરવામાં બચાવ મળે એમ નથી. કષાયથી તપ વિનાનો જેમ ડૂબે, તેમ તપ કરનારો પણ ડૂબે. માટે જ તપસ્વીને કષાય કરવાનો હક નથી. જ્ઞાન સારૂં, પણ જ્ઞાન પ્રાપ્ત કરનારને અભિમાન કરવાની સત્તા નથી. ગુણવાનપણું રૂપાળુ પણ તેથી અયોગ્ય વર્તાવ કે અનુચિત પ્રવૃતિ કરવામાં જરાય લાયકી નથી. કુલપતિએ એક મહાન હિતોપદેશ આપી સ્વસ્થાને સિધાવ્યું. વડિલ કેવા હોય? આશ્રિતના આત્મહિતને પોતાનું ચાલે ત્યાંસુધી જરાય વાંધો ન આવવા દે.

**રાજાને પસ્તાવો:**— તાપસના ગયા પછી રાજાને ખબર પડી કે, "પારણાની વેળા ગઈ, તાપસ અત્યાર સુધી ન આવે એ ન બને. હું કેટલો અધન્ય! આમંત્રણ તો મારૂ હતું, એટલે મહાતાપસને આજેય મેં પારણું ન કરાવ્યું? ખરેખર મંદભાગીને ત્યાં ધનવૃષ્ટિ ન થાય," તપાસ કરાવી, પત્તો લાગ્યો, 'અગ્નિશર્મા આવેલો ખરો, પણ પુત્રજન્મોત્સવમાં સૌ રોકાયેલા તેથી કોઈએ મહાતાપસનો સત્કાર ન કર્યો. તેથી તાપસ ચાલ્યો ગયો...' ગુણસેન વિચારે છે,

“મેં મહાતાપસને આહારનો અંતરાય કર્યો. કેવું ભયંકર પાપ...ત્રીજું પારણું ગયું...પુત્રજન્મોત્સવ બીજા માટે ઉત્સવ હતો પણ મારે તો મહાઆપત્તિરૂપ બન્યો.” આત્મામાં રહીસહી યોગ્યતા તે ભૌતિક વિશિષ્ટતાને ભયંકર અનર્થરૂપ અને આપત્તિ-રૂપ મનાવે છે, કે જે વિશિષ્ટતા પરમાર્થમાં અંતરાયભૂત થતી હોય છે. રાજામાં યોગ્યતા છે, એથી તાપસની ભક્તિ કરવાની જે પરમાર્થક્રિયા, એમાં અંતરાયભૂત બનેલી પુત્રસંપત્તિને રાજા આપત્તિરૂપ માને છે. અહીં જોવાની ખૂબી એ છે કે કોમલ હૃદય-વાળો, સજ્જન દિલવાળો, અને શાંત મનવાળો રાજા જાતને ગુનેગાર માનવા છતાં આંતરિક વિશુદ્ધિમાં ઊંચે ચઢે છે; ત્યારે હૃદયને કઠોર કરનારો, દિલને દુર્જન બનાવનારો અને મનને કષાયયુક્ત કરનારો મહાતપસ્વી ગુનેગાર ન હોવા છતાં નીચે ગબડે છે!

## પ્રકરણ : ૧૨

# તપોવનના અવનવા.

**રાજા તપાસ કરવા સોમદેવને મોકલે છે:—** મહાતાપસને પારણું ન કરાવી શકવાથી મહારાજા ગુણસેન અતિ વ્યાકુળ બની ગયા. મહાદુઃખી બનેલા એ પોતાની જાત પર ધિક્કાર વરસાવે છે, 'અરે! ધિક્કાર છે મને, કે પ્રમાદી એવા મેં તાપસને ધર્મમાં અંતરાય કર્યો! લાખો પૂર્વથી ભિષ્મપ્રતિજ્ઞાનું અસ્ખલિત પાલન કરનાર મહાતાપસને ત્રણ–ત્રણવાર પારણું ચૂકાવી, મેં કઈ સ્થિતિમાં મૂકયો?' આમ શોકાગ્રસ્ત થયેલો રાજા હવે પૂર્વની જેમ જાતે તપોવનમાં જવાની હિંમત કરી શકતો નથી, પણ ત્યાં શી સ્થિતિ છે, તે જાણવા પોતાના વિશ્વાસુ સોમદેવ નામના બ્રાહ્મણ–પુરોહિતને મોકલે છે.

**ક્રોધ ભળે એટલે સમતા ટળે:—** રાજાના હુકમથી અજાણ્યા માણસ તરીકે સોમદેવ ઉદ્યાનમાં આવીને અગ્નિશર્માને જુએ છે. એની પાસે ઘણા તાપસોનો પરિવાર બેઠેલો છે. એણે જાવજજીવનું અનશન કરેલું છે. પર્વત પાસેની નદીના કિનારે અગ્નિશર્મા બેઠેલો છે. નદીનો કિનારો ઠંડો છે, પણ અગ્નિશર્મા દ્વેષથી બળતો

છે ! જાણે ભડકા નીકળતા હોય તેવી વાતો કરી રહ્યો છે ! હવે સમતાભાવ ગયો છે. તપ-સાધનામાં કષાયાગ્નિ પેસે તો સાધના હતી ન હતી થઈ જાય ! લાખો વર્ષના દીર્ઘકાળ સુધી સાચવેલી સમતા સમાધિ પણ ચાલતી થઈ જાય. તપ કરીને કષાયને ઠારો.

**સોમદેવની કુનેહ:—** સોમદેવ આવીને વિનયથી અગ્નિશર્માને નમન કરીને અજાણ્યા તરીકે ઊભો રહ્યો. એને જોઇને અગ્નિશર્માએ કહ્યું, 'સ્વાગત હો તને ! બેસ,' હવે ક્યાં શુભધ્યાન છે? એટલે એને ફુરસદ છે ! સોમદેવે બેસીને ડાવકા મોંએ પૂછયું, 'ભગવન્ ! આપનો દેહ ઘણો દુર્બળ અને અતિક્ષીણ થઇ ગયો દેખાય છે ! બહુ જ ઘસાઇ ગયો છે! એમ કેમ ?'

અગ્નિશર્મા કહે છે: 'નિસ્પૃહી અને બીજા પાસેથી આહાર મેળવી લેનાર તપસ્વીઓના અંગ કૃષ જ હોય !'

પહેલે તબક્કે અગ્નિશર્મા ઉકળાટ નથી કાઢતો, પરંતુ કૃશતાનું વાસ્તવિક કારણ દર્શાવે છે. વાત પણ સાચી છે કે તપ કરનારા તપસ્વીઓના અંગ કાંઈ પહેલવાન જેવા લષ્ટપુષ્ટ થોડા જ હોય ? તપસ્યા કરવી અને નિ:સ્પૃહતાથી આજીવિકા-વૃત્તિ બીજેથી મેળવવી, ત્યાં કાયાને તાગડધિન્ના ન હોય. કાયાની તપથી થતી કૃશતા વિષયના ઉન્માદને, વિકારોના તોફાનને અને હૈયાની કઠોરતાને અટકાવે છે.

સોમદેવ કહે છે, 'જરૂર આપ નિ:સ્પૃહી છો, પણ નિ:સ્પૃહતા ધનમાં-ધાન્યમાં કે સંપત્તિ ઈત્યાદિમાં રખાય; પરંતુ ધર્મકાર્યમાં ઉપકારક એવા આહારમાં ન રખાય. આહાર વિના કાયા ટકે શી રીતે ? ધર્મ કાયાથી કરવો છે તો કાયાને આહાર તો આપવો જ પડે ને ? અને નિ:સ્પૃહીને બીજા પાસેથી આહાર મેળવવો રહ્યો, તેથી મળ્યા પર આધાર ખરો; પરંતુ અહીંના લોક કંઇ એવા નથી કે જે અતિથિનો સત્કાર ન કરે. એમાં ય

આપ જેવા મોક્ષમાર્ગ પર આરૂઢ થયેલા, શત્રુ-મિત્રની પ્રત્યે સમાનપણે વર્તનારા, ઘાસના ગંજ અને હીરાના ઢગને એક-સરખા તરીકે જોનારા અને સંસારસાગરમાંથી પાર ઉતરવા અન્યને જહાજ સમાન બનેલા એવા આપની ભક્તિ ન કરે એવો અહીંનો લોક નથી. આપ જેવા તપસ્વીની આગળ તો લોક આહારના ઢગ ખડકે. પછી આહારની ઉપેક્ષા કેમ?' સોમદેવ તાપસનો રાજા સંબંધી અંદરનો અભિપ્રાય જાણવા લોકની વાત લાવી મૂકે છે; ત્યારે, સન્માર્ગ ચૂકીને કષાયને પરવશ બનેલા જીવો આવા કુનેહવાનને પોતાનું પેટ આપી દે, એવું અગ્નિશર્મા કરે છે!

**અગ્નિશર્મા પેટખુલ્લી વાત કહી દે છે:**—અગ્નિશર્મા કહે છે કે, 'વાત સાચી, લોક બહુ સારી ભક્તિવાળો છે, પણ એક ગુણુસેન રાજાને મૂકીને.'

સોમદેવ અજાણ્યો થઈ પૂછે છે, 'હેં! રાજા ગુણુસેન? શું કહો છો? કેમ એણે શું કર્યું? સંભળાય છે તો એવું કે રાજા મહાન ધર્મતત્પર છે...'

નિંદક બનેલો આત્મા સામાની આવી ખૂબી ભરેલી ઉલટી વાતોથી એવો ફસાઈ જાય છે કે પેટનો ઉભરો સામાની આગળ ખાલી કરે જ! ન કરવાની વાતો કરે! ઠીક સ્થાન મળતાં નિંદકથી ન કરવાની વાતો કર્યા વિના રહેવાય નહિ. ગંભીર જ એમ ન કરે. સમુદ્રને ગમે તેટલો વલોવોને, પણ એ તો ગંભીર જ રહેવાનો! સ્વયં ઉછળી નહિ પડે, કે રત્નોને બહાર ઉછાળી નહિ દે! ગંભીર માણસો બીજાના દોષ ન કહે કે ન સાંભળે. બીજો કહેવા આવે તોય સાંભળે જ નહીં. એ સમજે છે કે-'પોતાના દોષ ઉલેચવામાંથી તો પરવારાતું નથી, અરે ઉલેચવાની વાત તો દૂર છે, કિન્તુ પોતાના દોષ તપાસવામાંથીય ઊંચા નથી અવાતું, ત્યાં વળી બીજાના દોષ ક્યાં જોવા?'

**સોમદેવની સમયસૂચકતા:**—અહીં તો ગંભીરતા ગુમાવી બેઠેલા અને કષાયથી કલુષિત ચિત્તવાળા બનેલા અગ્નિશર્માએ સોમદેવને કહ્યું: "રાજા શાનો ધર્મમાં તત્પર, કે જે તપસ્વીજનો પર કાળો કેર વર્તાવી તેમને મારી નાખતો હોય ?...રાજા મારા પર દીર્ઘકાળથી ભયંકરતા ગુજારતો આવ્યો છે...હજુ પણ એ રાજા તપસ્વી એવા મને મોત પમાડવા મથી રહ્યો છે..."

અગ્નિશર્માના ક્રોધથી ધમધમતાં વચનો સાંભળી સોમદેવ વિચારે છે: 'અહો! તાપસ કોપાયમાન થયેલો છે; અને આ મોટા ડાભના ઘાસથી રચેલા સંથારા પર એ બેઠેલો છે; તેથી લાગે છે કે જરૂર એણે રાજાથી ખૂબ જ કંટાળો પામીને અણુ-સણુ સ્વીકાર્યું હોય...હવે જો હું એને વધુ પૂછવા જઈશ તો જરૂર એ મહારાજા વિષે ન સાંભળવાનું મને સંભળાવશે, અને બિચારો નાહક ભયંકર ક્રોધના પાપમાં પડશે...માટે હવે એને વિશેષ ન પૂછતાં હું બીજેથી જ સર્વવૃત્તાંત જાણીને મહારાજાને કહીશ.' એમ વિચારી સોમદેવ તાપસને પ્રણામ કરી ત્યાંથી નિકળી ગયો.

સોમદેવ કેવો સમયને જાણનારો છે! એણે અગ્નિશર્માના થોડાક બોલ પરથી જ પરખી લીધું કે "તાપસ કોપાયમાન છે! એટલે એને વધુ છંછેડવામાં મઝા નહિ..." માટે ત્યાંથી એ તરત જ ચાલ્યો ગયો. આ વિણસેલી પરિસ્થિતિમાં જો પૂછવા જાય તો માત્ર એને પોતાના માલિક રાજાનો અવર્ણવાદ જ સાંભળવો પડે, અને એ વફાદાર સેવક કેમજ પસંદ કરે? જેણે જેનું લૂણ ખાધું છે, જેણે જેનો ઉપકાર લીધો છે, અથવા જેને જેના ઉપર સાચું બહુમાન છે, એ એના અવર્ણવાદ, એની નિંદા સાંભળવા હરગીજ તૈયાર ન જ હોય. સાચો શિષ્ય ગુરુની નિંદા જરાય ન સાંભળે. સાચો ભક્ત દેવની નિંદા સુણવાનું જરાય પસંદ ન કરે. અહીં સોમદેવ જુએ છે કે આ તાપસ હવે રાજાની નિંદા ગાશે, તેથી ત્યાંથી પાછો વળી ગયો.

આમાં બીજો પણ એક મુદ્દો એ છે કે એવી વાતમાં તાપસ બિચારો અધિક ગુસ્સામાં ફસી ક્રૂર વિચાર–ઉચ્ચારમાં ચઢે એ નુકશાન વળી જુદું; ડાહ્યા માણસે એવું નિમિત્ત શા માટે આપવું? દયાળુ માનવની એ ફરજ છે કે જેણે સુધરવાની પાત્રતા ગુમાવી છે એવા પાપી જીવોને, કમમાં કમ, વધુ પાપનું નિમિત્ત ન આપવું, એટલું જ શા માટે, કોઇ પણ જીવને કષાય થાય, દુર્બુદ્ધિ થાય એવા વાણી વર્તાવ ન જ આચરવા જોઈએ. સોમદેવ તાપસને કંઈ જ વિશેષ ન પૂછતાં, નમન કરી બહાર નિકળી ગયો. આ પરથી શું સમજાય છે? એ જ કે આપણે આવા જ કોઇ પ્રસંગમાં મૂકાઇ જઇએ તે વખતે પૂર્ણ સાવધાન રહેવાનું. સમજાય કે સામો જીવ ક્રોધમાં ફસાયેલો છે, એ વખતે એની પાસે ઊભા રહેવામાં પુરૂં જોખમ! એવા કષાયમાં ચઢેલો જીવ શું ન બોલવાનું બોલે, શું ન કરવાનું કરે, તેનો કોઇ હિસાબ નહીં, તે આપણે સાંભળીયે તો, વખત છે કે, આપણે પણ આત્મભાન ભૂલી જઈ કષાયને રવાડે ચઢી જઇએ, અને સ્વપરને નુકશાન કરનારા બનીએ.

**અપરાધીનું પણ બુરૂ ન ચિંતવાયઃ**—નદી ઉતરતાં સોમદેવને બીજો તાપસ મળ્યો. સોમદેવે એને અગ્નિશર્માના સંબંધમાં પૂછ્યું. આંખમાં આંસુ સાથે તાપસે અગ્નિશર્માના અનર્થની બધી વાત કરી! આને પણ ખટકે તો ખરૂં ને? કેમકે આ પણ તાપસ છે. તાપસ એટલે પાપ ધોઈ નાખવા તપ તપનારો. જેને પાપ જ ધોવાં હોય, એ નવાં પાપને શાનો આવકારે? એને અગ્નિશર્માનું ક્રોધપાપ પસંદ નથી. તેમજ પોતાના આશ્રમનો મહાતાપસ રાજાની નિંદા કરે તે આ તાપસને ખટકે છે. દુનિયાના પાપીની કે નિર્દયની પણ નિંદા કરવી એ તાપસજીવનને ન શોભે એમ આ માને છે. જો જો હોં, અહીં જૈનશાસન નથી, છતાં આર્યદેશના અન્યમતના તપસ્વીમાં પણ આ મર્યાદા છે કે અપરાધી પર પણ

દયા વિના બીજું ન ચિંતવવું. ત્યારે આપણે તો સર્વશ્રેષ્ઠ જૈનશાસન પામેલા છીએ ને? તો આપણામાં તો મર્યાદા આથીય ઊંચી જોઇએ ને? ગુણની કેળવણી કરવાની જરૂર છે. સતત ગુણઅભ્યાસ જો ચાલુ રહે તો ઘણું આગળ વધાય, અને માનવ ભવ પામ્યાની અપૂર્વ સફળતા થાય.

**વાંક કાઢો તો પોતાના કર્મનો કાઢોઃ—** પેલો તાપસ સોમદેવને મધ્યસ્થ ભાવે કહે છે, "એ સાચી વાત છે કે દરેક વખતે રાજાથી પારણું ચૂકાયું એ ખોટું થયું, પરંતુ કર્મના ખેલ ભારે હોય છે! ત્યાં ગુણસેનનુંય શું ચાલે?" **આપણાં કર્મ જ વાંકા હોય ત્યાં બીજાના વાંક કાઢે શું વળે?** એટલું સમજાય તો જગતનાં દુઃખ દુઃખરૂપ ન લાગે. કર્મ વિના કોઇને દોષ દેવાની જરૂર નથી. પછી તો કર્મ શિવાય કોઈ દુશ્મન જ ન લાગે. તો કોઈની સાથે ખટખટ કે કલેશ થાય પણ શાનો? દેખીતા ગુનેગારને ઉપરથી જો આશ્વાસન અપાય તો દુર્જન પણ સજ્જન બની જાય! સોમદેવ તપોવનમાંથી નીકળી નદી ઉતરીને રાજમહેલમાં આવ્યો.

**રાજાને ગુસ્સો નહિ પણ બહુ દુઃખ થયુંઃ—** સોમદેવે રાજાને તપોવનના ખબર આપ્યા, પણ રાજાને તાપસ પર જરાય ગુસ્સો નથી થતો. એને તો પોતાના નિમિત્તે તાપસને ભારે કષ્ટ થયાનું દુઃખ થાય છે. 'હું કેવો અધર્મી કે મેં મહાતાપસને અંતરાય કરી કલેશમાં મૂકયો...ચાલ, જઇને બને તો શાંત કરી આવું...' રાજાને અસહ્ય ચિંતા થઈ. પુત્રજન્મોત્સવનો આનંદ બાજુએ રહ્યો. કહો કે પુત્રજન્મોત્સવ એને મહાઆપત્તિરૂપ થયો. કેમકે એમાં એ તાપસનું પારણું ભૂલ્યો.

**ગુણસેન ક્ષમા યાચવા તપોવનમાં જાય છેઃ**—હવે ગુણસેન રાજા સકલ અંતેપુર તથા પ્રધાનમંડળને લઈ પગે ચાલીને આવ્યો

તપોવનમાં. શા માટે ? ક્ષમા માગવા માટે. હવે ફરી પારણાનું નિમંત્રણ કરવાની હોંશ નથી. પરંતુ જે ભયંકર ગફલત થઈ છે તેની માફી માગવી છે. રાજાના આગમનની કુલપતિને ખબર પડી. કુલપતિ ગભરાયો. એને લાગ્યું કે 'રાજા અગ્નિશર્મા પાસે ન જાય તો ઠીક.' માટે એને રોકવા રાજાની સમીપ આવ્યો. આ બાજુ રાજાના આગમનની ખબર કોઈ તાપસે અગ્નિશર્માને આપી, તે સાંભળી અગ્નિશર્મા ક્રોધથી ધમધમી ઉઠ્યો અને હવે ઉદ્ધત જેવા બનેલા અગ્નિશર્માએ કુલપતિને પોતાની પાસે બોલાવી ઉચિત સત્કાર ભૂલીને નિષ્ઠુરપણે કહી દીધું કે, "અરે અરે, આ શું ? નિષ્કારણ વૈરી એવા એ અધમ રાજાનું મોં પણ હું નહિ જોઈ શકું. એને ગમે તે કહીને બહારથી જ રવાના કરો. એ પાપાત્માનું મોં પણ મારે નથી જોવું !" કુલપતિ વિચારે છે, કે 'અહો મારો એક વખતનો મહાતાપસ શિષ્ય આજે કષાયથી પકડાઈ ગયો છે. માટે ઉગ્ર કષાયથી કુલષિત મનવાળા એવા એની નજરે રાજાને ન જ ચઢવા દેવો, એ ઠીક છે.' કુલપતિ આર્જવકૌડિન્ય કઇ દયા ખાય છે ? પારણું થયું નથી, ભૂખ્યો છે, એ દયા ન ખાતાં કષાય અગ્નિશર્માને પકડીને ભવમાં ભમાવે નહીં...એ દયા ખાય છે! તમને તમારા કુટુંબ પર કઇ દયા છે ? મનુષ્ય થઇ જીવનમાં કષાય કરે તો કયાં જાય ? ભવસાગરના તળીયે ! અગ્નિશર્માને કષાય વધે નહીં, રાજાને પણ અધર્મ થાય નહીં માટે કુલપતિ ઊઠીને રાજાને રોકવા રાજાની સામે થોડેક જાય છે. વડીલ એનું નામ! સામો જીવ દુર્ગતિમાં રવાના થઇ જાય એવી કાર્યવાહી કરવા દે એ મુરબ્બી વડીલ ન કહેવાય. દુર્ગતિમાં ઢસડી જનારા કષાયોમાં સહાય કે પ્રેરણા કરે તે વડિલ શાનો ?

**કુલપતિને તો બન્નેને સાચવવા** છે:– કુલપતિ સામે આવ્યો. પરિવાર સહિત રાજાને જોયો. રાજા ઉદ્વિગ્ન હતો, કાયા કરમાયેલી હતી. કુલપતિને રાજાએ વિનયસહિત પ્રણામ કર્યા.

પરિવારે પણ નમન કર્યું. કુલપતિએ ધર્માશિષ આપીને કહ્યું, 'મહારાજ! આવો બેસીએ!' રાજાને જવું હતું તો અગ્નિશર્મા પાસે, પણ હવે શી રીતે જવાય? રાજા જમીન પર બેઠો અને કુલપતિ નિર્મલ શિલા પર બિછાવેલા ઘાસના આસન પર બેઠો.

કુલપતિ કહે છે, "મહારાજા! પરિવાર સાથે આટલે દૂર પગે ચાલીને અત્યારે અનુચિત આગમન કેમ કર્યું?"

રાજા, "ભગવન્! અમે તો અનુચિત કરનાર જ છીએ. અમારે નવું અનુચિત શું હતું? અથવા મારા જેવા નરાધમને આ જ ઉચિત કરવાનું હતું કે પ્રમાદથી મહાતાપસને મારીને એમના ધર્મમાં અંતરાય કરવો! મારે ત્યાં પારણું નક્કી કરાયલું છતાં મેં ભાન ન રાખ્યું. એમણે મારા નિમિત્તે જાવજ્જીવનું અનશન કર્યું... તપસ્વીજનનો નાશ કરનારો હું અધમ છું... હૃદયમાં સદ્ભાવ જગાડ્યા વિના કપટભરી વાત કરીને શું વિશેષ? ક્યાં છે તે મહાનુભાવ અગ્નિશર્મા તાપસ? તેમને હું વંદન કરું, અને તેમના દર્શનથી પાપકર્મકારી એવા મારા આત્માને પવિત્ર કરું..." રાજા અતિ ગદ્‌ગદ્ સ્વરે બોલે છે.

કુલપતિ: "રાજન્! આટલો બધો સંતાપ ન કર. તપસ્વીઓનો તો એ આચાર છે કે અંતકાળે અનશનવિધિથી દેહ છોડવો. કાંઈ તારા પરના કંટાળાથી એણે અનશન નથી કર્યું!"

રાજા: "ભગવંત! બહુ શું કહું? તો પણ હું તે મહાનુભાવને મળું..."

અહીં કોઈને પ્રશ્ન થાય કે કુલપતિએ આપેલો આ ઉત્તર માયારૂપ નથી? ના! સામાના આત્માની દયાથી કહેલા એ શબ્દો દોષરૂપ માયાના નથી. કુલપતિ વિવેકી છે. એની ઉમદા ભાવના એ છે કે રાજાને ઉદ્વેગમાં ન રાખવો. નિમિત્ત પામીને કોઈ આત્મા કષાયમાં તણાય એવું લાગે તો એવું નિમિત્ત સજ્જનને ન

આપવું. સામો અયોગ્ય વર્તાવ કરે એવું નિમિત્ત ન આપવું જોઇએ. કુલપતિએ તો રાજાને તથા અગ્નિશર્માને બેયને સાચવવા છે. રાજા ઉદ્વેગમાં ન પડે એની કેટલી સાવધાની રાખી છે! અંતર તો કુલપતિ રાજાને શું રોકડું ન પરખાવે, કે 'જોઈ તારી સદ્‌ભાવના...દંભ રહેવા દે.' અથવા શું "ભલે અગ્નિશર્માં રાજાને સુણાવી દે..." એમ ન થાય? પણ ના. એથી તો અગ્નિશર્મા પણ વધુ કલેશમાં પડે, અને રાજાય કલેશમાં પડે! સજજન કુલપતિ એવું કેમ થવા દે?

રાજા અગ્નિશર્માના દર્શને જવા ઇચ્છે છે, પણ રાજાને જવા નથી દેવો એટલે કુલપતિ કહે છે, 'રાજન્! અત્યારે એ ધ્યાનમગ્ન છે માટે જવું રહેવા દે! મહાતાપસને ઈષ્ટધ્યાનમાં અંતરાય શા માટે કરવો! વળી કોઈ બીજી વાર અવસર જોજે!" અંતરમાં એ છે કે 'ન અગ્નિશર્માંને કષાય થાય, કે ન રાજાનું બગડે.' રાજાએ હવે તાપસ પાસે જવાનો આગ્રહ છોડી દીધો, અને કુલપતિની આજ્ઞા માગીને પાછો વળ્યો.

**ભક્તિના આગ્રહમાં ઘેલછા ન જોઇએ:**–ચરિત્રોમાં આલેખાતા પ્રસંગો જીવનમાં વિવિધ પ્રસંગે કેમ જીવવું, તે શિખવે છે. તમે આચાર્ય મહારાજના કે માસખમણવાળા મુનિને દર્શન કરવા આવ્યા. ત્યાં તરત ને તરત જ દર્શન કરવાનો આગ્રહ ન રખાય. કદાચ એવું હોય તો દર્શન પછી પણ થાય, દૂરથી પણ થાય.

**બાલ તાપસકુમાર રાજાની પાસે:**–રાજા ગુણસેન દુઃખિત મનવાળો બની ગયો; કુલપતિને પ્રણામ કર્યા, અને રડતા હૃદયે નગર તરફ પાછો વળે છે. ત્યાં એક કરુણાભર્યો બાલ તાપસકુમાર રાજાની સન્મુખ આવ્યો. તેની આંખમાં ભય અને કરુણા બંને દેખાતાં હતાં. અગ્નિશર્માએ પ્રગટ કરેલી રાજા પ્રત્યેની વૈરભાવ-

નાથી એ તાપસકુમારનું કુમળુ દિલ દ્રવી ઉઠયું હતું..." તાપસ જીવન અને વૈરવૃત્તિ ? ..." ઉગતા તાપસે અગ્નિશર્માની બદલાયેલી જીવનસરણી રાજા પ્રત્યેના પ્રેમથી રાજાને કહી દીધી. ગુણસેનની ગુણસુવાસમાં આ બાલતાપસ એક ભ્રમરની જેમ આકર્ષાઇ ગયો હતો. બે–ત્રણ વખત આશ્રમમાં રાજાના આગમનથી, રાજાનો કુલપતિ અને તાપસો પ્રત્યે પ્રેમ...ભકિત...આદર...બહુમાન આ તાપસકુમારે જોયેલાં છે. અગ્નિશર્માના ત્રણ ત્રણ પારણાં ચૂકાવ્યા બદ્દલ રાજાનું રડી ઉઠેલું અને કરુણ આક્રંદ કરી રહેલું હૃદય આ તાપસકુમાર ઓળખી ચૂકયો છે, તેથી એ ગુણીયલ રાજાને આગામી ભયમાંથી બચાવવાના ઈરાદાથી અગ્નિશર્માની હકિકત કહી રહ્યો છે.

આ એક સત્ય હકિકત છે, કે બીજાના હૃદયમાં આપણા પ્રત્યે પ્રેમ...વાત્સલ્ય...કરુણા...તો જ પ્રગટે કે જયારે આપણા જીવનમાં મધુરતા, નમ્રતા અને નિખાલસતા વણાઇ ગયેલાં હોય. ગુણસેનમાં પ્રસંગે પ્રસંગે આપણને શું દેખાય છે ? કુલપતિ સાથેના વાર્તાલાપમાં કે અગ્નિશર્મા સાથેની વાતચીતમાં ગુણસેનમાં ભારોભાર મધુરતા, નમ્રતા અને નિખાલસતા નીતરી રહી હોય છે. તો જ કુલપતિ અને તાપસોના હૃદયમાં ગુણસેન પ્રત્યે પક્ષપાત છે! પ્રેમ છે! આદર અને લાગણી છે! જયારે અગ્નિશર્માએ મધુરતાને છોડી કઠોરતાને અપનાવી, નમ્રતા અને નિખાલસતાને ત્યાગી ગર્વ, વૈર અને વક્રતાને સ્થાન આપ્યું, તો ઘોર અને ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં...કુલપતિ અને તાપસ વગેરેને માટે પ્રીતિનું પાત્ર ન રહ્યો.

**રાજાનું આંતર નિરીક્ષણઃ**–અહીં તો બાલ તાપસકુમારના કથન પર રાજાને અગ્નિશર્મા પર કંઈજ રોષ કે રીસ ન આવતાં એ આંતર નિરીક્ષણ કરવા પ્રેરાય છે; 'અહો ! હવે ફરીથી આ આશ્રમમાં આવવાનું મારે શું પ્રયોજન છે ? વારંવાર કુલપતિને શા માટે મારે સંતાપ કરાવવો ?... હવે તો મારે આ નગરમાં

રહેવું પણ યોગ્ય નથી; જો રહું તો વળી એ મહાત્મા અગ્નિશર્મા સંબંધી ન સાંભળવા જેવું સાંભળવું પડે... હવે તો મારૂં હૃદય પણ ભાંગી ગયું છે...અહો ! હું કેવો મહાઅપરાધી ! એક મહાતપસ્વીનો હું કેવો વિડંબક બન્યો ! બસ સર્યું હવે અહીં રહેવાથી...' એમ આંતરમંથન કરી લઇને જવાનું નક્કી કરે છે.

સમરાદિત્ય કેવળી મહર્ષિ બનવાની ભૂમિકા આવી જ ગુણ-મય સ્થિતિમાં સંભવી શકે છે. સ્વદોષદર્શન અને પરગુણોનો અનુરાગ, આ બે મહાન ગુણો ગુણસેનમાં જીવનસ્પર્શી થયેલા આપણને જોવા મળે છે, અને એના બળ પર જ એની ભવાંતરમાં ક્રમશ: ઉન્નતદશા સર્જાય છે.

**વસંતપુરના બે માસઃ**–ખૂબી જુઓ કે વસંતપુર નગરમાં રાજા લગભગ બે માસ રહ્યો, એમાં કેવી કેવી અવનવી ઘટનાઓ બની ગઈ! રાજાનો કોઈ બૂરો ઇરાદો ન હતો; છતાં ભવિતવ્યતા એવી કે જેના હિસાબે અગ્નિશર્મા ભાન ભૂલ્યો...વૈરાગ્યને બદલે વૈરભાવનાને પનારે પડી ગયો ! લાખો પૂર્વ જેટલાં વર્ષો પહેલાંનો ભૂતકાળ ગુણસેનકુમાર દ્વારા થયેલો પોતાનો ભયંકર પરાભવ એ એની આંખ આગળ તરવરી ઉઠયો...ધુંધવાઈ રહેલો કષાય–અગ્નિ ભડકી ઉઠયો...અને ભવોભવ ગુણસેનના ઘાતક બનવાનો ભયંકર આત્મઘાતક સંકલ્પ કર્યો.

આમાં કોના આત્માનું બગડ્યું ? ગુણસેનનું બગાડવા પહેલાં પોતાના જ આત્માનું બગડયું. લાખો પૂર્વો સુધી કરેલી ઘોર-ઉગ્ર તપશ્ચર્યાથી જે મોક્ષસુખની પરંપરા પ્રાપ્ત થાત, તેના સ્થાને અનંતસંસારનો પાયો નખાયો, અને ગુણસેન માટે ભવોભવનો એક વૈરી ઊભો થયો.

વસંતપુર જવા પૂર્વે ગુણસેનને આ ભયાનકતાની ગંધ પણ હશે ? ના ! છતાંય સ્વપ્નતૂલ્ય બે માસનો કાળ કેટલો શ્રાપ વર્ષાવ-

નાશિ બની ગયો ? આથી એ સૂચિત થાય છે કે આપણા જીવનમાં કોઈ આવો ક્રૂર કાળ આવે એ પહેલાં એવી સુંદર અને સમ્યગ્ ધર્મઆરાધના કરી લેવી જોઈએ, કે જેથી આપણો આત્મા ગુણબળીયો બની જાય, અને એવા કટોકટીના સમયે સમાધિ જાળવી શકે.

અગ્નિશર્માના અધઃપતનના જો કોઇ મૌલિક કારણો હોય તો તે બે છે. એક તો એનું દુર્ભાગ્ય અને બીજો અસત્ પુરુષાર્થ. દુર્ભાગ્યના હિસાબે એને શ્રી જિનશાસનનો રુડો સંયોગ પ્રાપ્ત થયો નહિ, અને મહાન તપ કરવાના ફળ તરીકે રાજાનો ભવોભવ ઘાતક બનવાનો કુ-સંકલ્પ કર્યો, આ અસત્પુરુષાર્થ. આમ દુર્ભાગ્ય અને અસત્ ઉદ્યમે એના માટે સંસારની ખીણ ખોદી. જ્યારે ગુણસેનનું સદ્ભાગ્ય કેવું જાગે છે, અને સત્ પુરુષાર્થમાં કેવો વેગશીલ બને છે તે હવે આપણે જોઈશું.

# પ્રકરણ : ૧૩
## રાજધાનીમાં પુનરાગમન

**ગુણસેનનું ક્ષિતિપ્રતિષ્ઠિત નગર તરફ પ્રયાણઃ–** જ્યોતિષીઓના કહેવા મુજબ બીજેજ દિવસે શુભમુહૂર્તે રાજા ગુણસેને પોતાની રાજધાની તરફ પ્રયાણ કર્યું. વિશાળ પરિવાર સાથે સતત ચાલતાં એક મહિનામાં તો તે લ્હાવ–લશ્કર સાથે રાજધાનીમાં આવી પહોંચ્યો.

ચાર માસના અંતે પોતાના પ્રિય મહારાજા પધારતા હોવાથી પ્રજાએ શહેરને શણગાર્યું. શેરીએ શેરીએ તોરણ બાંધ્યા... રસ્તાઓ પર સુગંધી–જલ છાંટ્યાં... ગૃહાંગણોમાં સાથિયા પૂર્યા... ગગનચૂંબી નગરપ્રાસાદોને ફૂલમાળાઓથી સુશોભિત કર્યા...મોટા આડંબરપૂર્વક મહારાજાનો નગર પ્રવેશ થયો.

જો જો હોં, ગુણસેનને પાછા ફરવામાં કંઈ બહુકાળ ગયો નથી! આયુષ્યના એ કાળમાં જવા–આવવાનો ૧–૧ માસ અને અને બે માસ વસંતપુરના, એમ ચાર માસ એટલે આંખનો પલકારો! છતાં પ્રજા ભવ્ય પ્રવેશ-મહોત્સવ કરે છે! હૃદયમાં ગુણસેન પ્રત્યે પ્રેમ છે, ઉછળતો આદર

છે, તો બે માસ શા માટે, બે દિવસે પણ મહારાજા પાછા ફરતા હોય તો એનું એ સ્વાગત કરે! જેના પ્રત્યે મનુષ્યો પ્રેમને ધારણ કરતા હોય છે એના માટે પુનઃ પુનઃ અભિનંદન... પુનઃ-પુનઃ સ્વાગત સત્કાર...પુનઃપુનઃ ઉત્સવ-મહોત્સવ વગેરે કરવામાં જાતની કૃતાર્થતા માને છે; જીવનનું માનવંતું કર્તવ્ય સમજે છે. પરંતુ આજે જયારે દેવ, ગુરુ અને ધર્મના ભાવુકજીવો દ્વારા થતા સ્વાગત-સન્માન, અને તે અંગે થતા ઉત્સવ-મહોત્સવ...વગેરેને વાંકી દૃષ્ટિથી જોવામાં આવે છે, એમાં અકર્તવ્યતા અને અનાવશ્યકતા કહેવામાં આવે છે, ત્યારે તે જોનાર-કહેનારનું હૃદય આપણે સમજી શકીએ ને? વસ્તુસ્થિતિ એ છે કે અનાદિના જડ-રંગી જીવમાં કેઈ અપવિત્ર પ્રેમ, અસત્ આદર અને બહુમાન ચાલ્યાં આવે છે, એને નિવારવા માટેના આ ઉપાય છે કે દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે પવિત્ર પ્રેમ, સમ્યગ્ આદર અને આત્મતારક બહુમાન જાગ્રત રખાય.

**વિજયસેન આચાર્યભગવંતની ભવ્યતા:-** અહીં એક ખૂબી જુઓ, કે રાજા લોકમાન પામવા જેવો ભાગ્યશાળી છે એના કરતાં વિશેષ ભાગ્યશાળી તો એના નગરપ્રવેશના દિવસે જ વિજયસેન નામના એક મહાન આચાર્ય મહારાજની વિશાળ શિષ્ય પરિવાર સાથેની પધરામણી પામવામાં છે. આચાર્ય મહારાજ સંયમજીવનમાં સ્વ-પરને ઝીલાવતા અત્રે માસકલ્પ વિહારના ક્રમે પધાર્યા છે.

જૈનશાસનના મહાન આચાર્ય-પદે બિરાજેલા એ પુણ્ય-પુરુષમાં અનેકાનેક અસાધારણ વિશેષતાઓ હતી. પ્રથમ તો તેઓ સમસ્ત દ્વાદશાંગીને ભણી ચુકેલા હતા; અર્થાત્ સમસ્ત શ્રુતસાગરનું તેઓશ્રીએ અવગાહન કરેલું હતું. તેથી તેઓની અપ્રતિમ જ્ઞાનપ્રભા ઝળકી રહેલી હતી. જ્ઞાનની બલિહારી છે, એમાંય શ્રુતકેવલીપણું એટલે તો કેવી અનુપમ વિશેષતા! પંચાચારની પ્રભાવના કરવાના મોંઘેરા કર્તવ્યને બજાવવા આચાર્યને જ્ઞાનસમૃદ્ધિ

વિપુલ જોઇએ, એ સમજાય એવું છે. આચાર્ય મહારાજને તો શારીરિક સંપત્તિ પણ સર્વાંગસુંદર હતી. એમનું ઉભરાતું યૌવન, અદ્‌ભુત રૂપ અને લાવણ્ય તથા મહાન તેજસ્વિતા, એ પણ પૃથ્વીતલ ઉપર જિનશાસનની પ્રભાવના કરવામાં મહાન સાધન-ભૂત હતા. એટલા માટે જ એવા પાર્થિવ સૌંદર્યને ગુણ ગણવામાં આવ્યો. ધરતીને પણ આવા દેહધારી આચાર્યશ્રી શણગારભૂત હતા. સૌંદર્યનું ધામ યૌવન પણ જયાં પૂર્ણકળાએ ખીલેલું હોય, એની સાથે આત્માની જબરજસ્ત જ્ઞાનપ્રતિભા ઝળકી ઉઠેલી હોય, ત્યાં કેવીક અદ્‌ભુત શાસન પ્રભાવના થાય ! કેટલાય ભવ્યજીવો તેમના પ્રત્યે આકર્ષાય ! અને કેવીક સુંદર ધર્મસાધના કરી જાય ! આ બધું કલ્પનામાં લાવો તો ભૌતિક સિદ્ધિઓ તમને આની આગળ તૃણુવત્ લાગશે. આવા આચાર્યશ્રીનાં દર્શન સકલ જનલોકને આનંદદાયી હોય એમાં શી નવાઈ ? તેમનાં દર્શન કરો કે આનંદ જ મળે ! ચંદનનો લેપ કરો કે શીતળતા જ મળે ! પુષ્પની પાસે જાઓ કે સુગંધી જ મળે ! એમ આમના દર્શન પામનારા આનંદ જ પામી જતા. આચાર્યમહારાજની મુખમુદ્રા પર ઝળકતા સૌમ્ય સૌન્દર્યની અને નિર્દોષ પ્રસન્નતાની બલિહારી હતી. એની પાછળ એમનું ઝળકતું સંયમ, સ્વાધ્યાય અને સમચિત્તતાથી ભાવિત આત્મત્વ કેવુંક ઝળકતું હશે!

એટલું જ નહીં, તે મહાપુરુષ ધર્મરકત મનુષ્યોના વિશ્વા-સનું અજબ સ્થાન હતા ! આશ્વાસનના અમૃતની મીઠી પરબ હતા ! અને જયાં આવી લોકપ્રિયતા પ્રાપ્ત થઇ હોય ત્યાં તેમનું વચન કોણ આદેય ન કરે ! તેમની વાણી પુષ્પના રસની જેમ ભવ્ય જીવોરૂપી ભ્રમરો વડે હૃદયના ભારે આનંદપૂર્વક પીવાતી હતી. જિનશાસનના સારને નિજના આત્મામાં એ સૂરિદેવે પરિણત કરી દીધો હતો. તેથી એમનું હૃદય ક્ષમાથી ભર્યુંભર્યું હતું. અરે અધિક કહેવાથી શું ? તેઓશ્રી સકલ ગુણ-

રત્નોની ખાણ જ હતા! ઉત્તમ રાજ–વંશમાં ઉત્પન્ન થયેલા, રાજકુમારપણામાંથી સંયમી બનેલા એ સાધુ-રત્ન પૃથ્વીને પાવન કરી રહ્યા હતા.

**સૂરીશ્વરજીના ગુણોનું રહસ્ય**:–આચાર્ય ભગવંત સમસ્ત-શાસ્ત્રજ્ઞાનમાં પારંગત હતા. સમસ્તશાસ્ત્ર એટલે કે ઠેઠ બારમું અંગ દૃષ્ટિવાદ, કે જેમાં ચૌદ પૂર્વ સમાય! આત્મા, કર્મ, મંત્ર, તંત્ર, વિજ્ઞાન,–બધું એમાં આવે! વયમાં તો હજી યુવાનીનો પ્રારંભ છે, ત્યારે જ્ઞાનપ્રાપ્તિ માટે દીક્ષા લઇને કેવો એક-તાન બનીને ભગીરથ પુરૂષાર્થ કર્યો હશે! જ્ઞાનના આઠ આચારોનું કેવું અદ્‌ભુત પાલન કર્યું હશે! ગુરુના વિનય–બહુમાન વગેરેમાં કેટલી તત્પરતા રાખી હશે! પાછું આના ઉપરાંત વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાનરૂપ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને એ ધરનારા છે. એ જેમ તેમ નથી મળતાં, પરંતુ જબરજસ્ત કોટિના ત્યાગ, તપસ્યા અને નિર્મળ ચારિત્રથી મળે છે. અવધિજ્ઞાનથી જીવ દૂર દૂરના પ્રદેશ સુધીની અને ભૂત–ભાવિકાળ સંબંધી રૂપીવસ્તુ જાણે સામે જ ખડી હોય તેમ એને પ્રત્યક્ષ કહી શકે. ત્યારે મનઃપર્યાય-જ્ઞાનથી અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના સૂક્ષ્મમાં સૂક્ષ્મ મનને પ્રત્યક્ષ જોઈ શકે. આવા જ્ઞાન માટે એવી જ ઉચ્ચ આરાધના જોઇએ ને? આચાર્ય ભગવંત રાજકુમારપણાની સહેલ-સાહ્યબી મૂકી આ સાધના કરનાર બન્યા છે, એ વાત ભૂલશોનહિ! સુલક્ષણો અને સદ્‌ગુણોએ કરીને એવા પ્રશાંત અને દર્શનીય છે કે પ્રેક્ષકને દર્શન માત્રથી આનંદ પમાડી દે છે.

**વિશ્વાસદાયિતાઃ**—પાછું એમણે પ્રાપ્ત કરેલી આ વિભૂતિ જોઈ લોકોને વિશ્વાસ પડે છે, 'ભાઇ! ધર્મની સાધના નકામી નહિ જાય. જુઓ, ધર્મના પરલોકનાં ફળ તો બહુ ઊંચા મળવાનાં છે જ, પરંતુ અહીં પણ એવા રૂડાં ફળ સૂરિજી મહારાજે મેળવ્યાં છે, જે પ્રત્યક્ષ દેખાય છે.' આમ ધર્મની સફળતા મનમાં

સચોટ ઠસાવી દે છે, એવા આ સૂરિપુરંદર છે; ધર્મના સુંદર ફળના એ દૃષ્ટાન્તરૂપ છે.

**આદેયતાઃ-** એમણે જીવન મહાધન્ય બનાવ્યું છે. વાતેય સાચી! રાજા મહારાજાઓને પણ જ્યાં ચરણે નમવાનું મન થાય, એવું એમનું જીવન કેટલું શ્રેષ્ઠ અને ઉપાસનીય કોટિનું બન્યું હશે! એવા જીવનમાં સુખશાંતિની કોઈ કમી નથી! માત્ર મોહ અને અજ્ઞાનતા જીવને એમ મનાવ્યા કરે છે, કે લક્ષ્મી, વિષયો, સગવડ, સત્તા, સાહ્યબી કે માનઆબરૂ ન હોય તો સુખ શું? આચાર્ય મહારાજનું વચન પરમ આદેય છે; કેમકે એ ગુણમૂર્તિ છે અને નિઃસ્વાર્થ ઉપકારી છે. તેથી એમના વચનને લોક હોંશથી ઝીલે છે, સ્વીકારે છે!

**ક્ષમાઃ-**ક્ષમાના તો એ કુલઘર છે! એટલે ક્ષમાએ એમનામાં જાણે પોતાનું ઘર સમજી વાસ કર્યો છે. માણસને પોતાના ઘરમાંથી કોણ ઉઠાડી મૂકનાર છે? એમ અહીં ક્ષમાને આ આત્મઘરમાંથી કદી નીકળી જવું પડે એમ નથી. તાત્પર્ય એ છે કે આચાર્ય ભગવંતે ક્ષમાને આત્મસાત્ કરી છે; આત્માને ચોળ મજીઠના રંગે ક્ષમામય કરી દીધો છે. બીજા પણ અનેક ગુણો એઓશ્રીમાં ઝગમગે છે. એમનો પુણ્યોદય પણ મહાન છે.

**નિર્વિકારતાઃ—**આચાર્ય મહારાજ હજી તો યુવાનીના પૂર્વ ભાગમાં હોવા છતાં વિકારોથી રહિત છે. યુવાની તો વિકારોનું ઘર ગણાય. લોહી થનગનતું હોય તેથી ગુસ્સો અને રોફ જાગતાં વાર નહિ. રોફની પાછળ અહંભાવ, મહત્વાકાંક્ષા અને ઉછાંછળાપણું પણ હોય. નવા વીર્યની ઉત્પત્તિ સહેજે કામવાસનાને ઉત્તેજિત કરે, એ વળી હાસ્યમશ્કરી અને ચેનચાળાને જગાવે. ઘડીમાં આનંદ અને ઘડીમાં ઉદ્વેગ થતાં વાર નહિ. તેમજ દીર્ઘદૃષ્ટિ પણ ઓછી, એટલે ગંભીરતા ઓછી. આ

ગુસ્સો અને રોફ, માનાકાંક્ષા, કામની વાસના, હાસ્યમશ્કરી અને ચેનચાળા, હર્ષ અને શોક, આ બધું શું છે? વિકારો! અને વિકાર એટલે શું? સમજો છો? વસ્તુમાં બે જાતની ફેરફારી થાય; સારી અને નરસી. સારી ફેરફારીને સંસ્કાર કહેવાય. ખરાબ ફેરફારીને વિકાર કહેવાય; બિગાડો કહેવાય. માનવ જેવો મહાન ભવ પામીને તો આત્માને સંસ્કારી કરવાનો હોય, વિકારી નહિ. સંસ્કારમાં શાંતતા, નમ્રતા, ગંભીરતા, કામવિજય, સમભાવ વગેરે આવે, પણ જુવાની દીવાની. એ તો જાણે વિકારોની મેન્યુફેક્ચરીંગ કંપની! ત્યારે આશ્ચર્ય એ છે કે આચાર્ય ભગવાન યુવાનીમાં પણ વિકારોથી રહિત હતા. કેવુંક આત્મબળ! અને આત્મવિવેક! વિચાર આવે છે? માત્ર સાંભળવા જ આવ્યા છો કે જીવનમાં ઉતારવા માટે? રાજકુમાર હતા, હોં કે! કઈ ઉંમર, અને કેવી સાધના? સાધનાથી કઈ કમાણી? આપણાથી શું એમાંનું કાંઈ બને એવું નથી? કે બનાવવું જ નથી? બનાવવું હોય તો ભારે ઉદ્યમ અને અથાગ ગરજ જોઇએ.

**ઉદ્યાનની મનોહરતા:**–આચાર્ય ભગવંત અશોકદત્ત શ્રેષ્ઠિના 'અશોકવન' નામના ઉદ્યાનમાં શ્રેષ્ઠિની અનુજ્ઞા માગી બિરાજેલા છે. અશોકવન શ્રી જિનમંદિરથી સુશોભિત બનેલું છે.

અહીં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ આપણને અશોકવનની મનોહરતા બતાવે છે. પરંતુ કેવળ કોરી મનોહરતા જ ન બતાવતાં તેઓ આપણને સાથેસાથે આધ્યાત્મિક ઉપમાઓ પણ બતાવે છે. પૂ. હરિભદ્રસૂરિજી મહારાજની આ એક ગજબ વિશેષતા છે, કે તેઓ માત્ર મનને ઉપલકીયો આનંદ આપનાર વર્ણન કરીને નથી અટકતા; પરંતુ ઠેઠ હૃદયના ઉંડાણમાં ઉતરીને આત્માને જગવી દે એવાં વર્ણન–વિવેચન કરે છે.

**આજનું સાહિત્ય:**–આજના યુગમાં ભૌતિક લેખકો અને પુસ્તકો ઘણાં વધી ગયાં! દિનપ્રતિદિન નવનવું સાહિત્ય બહાર પડતું

જાય છે, પરંતુ તે વાંચતાં દેહમંદિરમાં બેઠેલા ચેતનદેવને વૈરાગ્યાદિની ઝણઝણાટી લગાડી દે એવું સાહિત્ય કેટલું? વાંચીને આત્મા પાપથી ધ્રૂજી ઉઠે એવું કેટલું? વીતરાગદેવના શાસનપ્રત્યે ભારે અનુરાગ કરાવી દે, સત્કર્તવ્યોને અદા કરવા ભગીરથ પુરુષાર્થની તાલાવેલી લગાડી દે, એવું કેટલું? આધ્યાત્મિક ભાવને ઉછળતો કરી દે એવું કેટલું?

આજે તો મનની ભૂરી વાસનાઓને સંતોષવા માટે જ જાણે કેટલાક લેખકોએ લઇ કલમ ને ઘસવા માંડયું છે! અરે, જેને શિષ્ટ સાહિત્ય ગણવામાં આવે છે તે બધામાં ક્યાંય વાસનોત્તેજકતા, પુદ્‌ગલપ્રીતિ અને વિલાસ તરફ આકર્ષણ ન જ આવે એવું ખરૂ? અને નીતરતી તાત્ત્વિકતા, આધ્યાત્મિકતા, સત્યતા કે સાત્ત્વિકતા જ દેખાય એવું ખરું?

તમારા ઘરોઘરમાં આવા સાહિત્યનો પ્રચાર થઈ ચૂકયો છે ને? તમારા પુત્રપુત્રીઓ કામવાસનાને ગલીપચી કરે તથા સ્વચ્છંદતા, ભૌતિકતા અને ઉદ્ધતાઇને પોષે એવી નવલકથા–નવલિકાઓ, લાલ—પીળાં માસિકોને અઠવાડિકો વાંચે છે ને? પણ સમજી રાખો કે આ બધાથી ઉગતી પ્રજાનું માનસ દિવ્યતા નહિ, માનવતા નહિ પણ પશુધર્મની દિશામાં ઘડાઇ રહ્યું છે. સંસ્કૃતિને નામે વિકૃતિના ખાડામાં ધકેલાઇ રહ્યું છે! આત્મવાદને બદલે જડવાદના ચીલે ચઢી રહ્યું છે.

**આજના તબક્કે લેખકોની કર્તવ્યદિશાઃ**—આજે તો એ કાળ આવી લાગ્યો છે કે જયારે અનાદિના વિકારોભર્યા કુસંસ્કારોથી પીડિત ભવ્ય જીવોની ભાવદયા કરવા જેવી છે. કેમકે આજે પાર્થિવ વિજ્ઞાન અને સંશોધનના પાયાપર અલમસ્ત બનેલા ગોઝારા ભૌતિકવાદે આર્યપ્રજા ઉપર પણ પોતાની ઘેરી છાયા પ્રસારી દીધી છે! એક તો અનાદિની એ ભૌતિક રાગની

ભૂતાવળમાં અજ્ઞાન જીવ અથડાતો તો હતો જ; એમાં આજની નવીન ભૌતિક શોખ-સગવડો અને પ્રચ્છન્ન દુરાચારભરી જીવન પદ્ધતિ લલચાવનારી મળે, પછી ઉન્માદમાં શું બાકી રહે? આવા વિષમ અવસરે લેખનની મહાન શકિત પામેલાને તો આ એક ઉચ્ચ સોનેરી તક મળી છે કે એ એવાં લેખ, નિબંધ, સંવાદ, કથા કે કાવ્યાદિનાં સર્જન કરે કે જેનાથી એના વાચકો પાર્થિવ પ્રેમ અને ભૌતિક ભોગોને ભયંકર લેખે, ઉચ્ચ કોટિની આધ્યાત્મિક ભાવનાના ભવ્ય સરોવરમાં ઝીલતા બને; સ્વાર્થાંધતાની નાગચૂડમાંથી છૂટી પરોપકારના પુનિત પંથે વિહરે; અસત્ય-અનીતિના વિષ વમી સત્ય અને ન્યાયી વૃત્તિના અમૃતપાન કરે; ભોગવિલાસના નશા ઉતારી સંવેગ વૈરાગ્યની સ્વસ્થતા પામે...! આવું થાય તો એ જીવોનું કેટલું ઊંચું કલ્યાણ સધાય? એમના સંપર્કમાં આવનારનુંય કેટલું હિત સધાય? આજે દુનિયા જયાં ભાનભૂલી બને છે ત્યાં પવિત્ર આર્યસંસ્કૃતિના વારસા પામેલા લેખકોએ પાવન લેખિની દ્વારા દયાપાત્ર જીવોના ઉદ્ધારક પુરુષાર્થ આદરવાની જરૂર છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ભૌતિક ઉદ્યાનનું વર્ણન આધ્યાત્મિક ઉપમાથી કરે છે, તે વાંચી આર્યમાનવનું હૃદય પ્રફુલ્લિત બને છે.

**ઉદ્યાન કેવું હતું?**:—ઉદ્યાનમાં આંબાના વૃક્ષોની મનોહર ઘટા છે. જેમ નીતિબળીયા રાજામાં અનીતિનું છિદ્ર ન જડે તેમ આ વૃક્ષઘટામાં પણ પોલાણ જણાતું નથી. વાવડીના કિનારે ઉગેલાં વૃક્ષો તો એવાં નીચું મુખ રાખીને રહેલાં છે કે, જેમ સત્પુરુષો પરસ્ત્રીના મુખદર્શનથી ડરીને પોતાનું મુખ ઢાળી દે! અતિમુક્ત પુષ્પની લતાઓ વન-ઉદ્યાનમાં આડી અવળી નીચે પથરાયેલી પડી છે, કે જે સત્પુરુષોનાં ચિંતનોની યાદ આપી રહેલી છે! દરિદ્ર અને કામીપુરુષોના હૃદયો જેમ અનેકવિધ ચિંતાઓથી ઘેરાયેલાં હોય છે, તેમ ઉદ્યાન પણ અનેકવિધ લતાગૃહોથી ઘેરાયેલું છે. વળી જેમ

વ્રતધારી સાધુ–પુરુષ વિષયમાં આસક્ત હોય તો શોભે નહિ, તેમ આ ઉદ્યાનમાં લીંબડાનાં વૃક્ષ શોભતા નથી. પરંતુ કસુંબાથી રંગેલા વસ્ત્રવાળા નવીન વર (પતિ)ની જેમ લાલ અશોક વૃક્ષો શોભી રહેલાં છે. વધારે શું કહેવું? જીવલોકના મનોરથો જેમ ઘણા વૃત્તાન્તોથી ભરેલા હોય છે, તેમ આ ઉદ્યાનના વૃક્ષો પણ ઘણી ઘણી વિગતો અને વિશેષતાઓથી ભરેલાં છે.

**ઉપમાઓમાં છુપાયેલાં રહસ્યોઃ**—(૧) ગ્રંથકાર મહર્ષિએ ઉદ્યાનને આધ્યાત્મિક ઉપમાઓ આપી તે કાળની આર્યપ્રજાની મર્યાદાઓ વર્ણવી છે. એમાં પહેલી મર્યાદામાં માણસ જે નીતિમાન હોય, પ્રામાણિક હોય, ઈંગ્લીશમાં જેને સ્ટ્રેઈટ ફોર્વર્ડ (Straight forward) કહે છે, અર્થાત્ જે ન્યાય સંપન્નતા–સરળતા–નિખાલસતા–ઔચિત્ય વગેરે ગુણોવાળો હોઈ સીધાવર્તાવવાળો હોય, તો એનામાં દૂષણો નહિ જડે. દુશ્મનને પણ એનામાં છિદ્ર શોધવું મુશ્કેલ પડશે. માટે જ કહેવાય છે કે 'તમે સીધા રસ્તે નિર્દોષ માર્ગે જીવન જીવે જાઓ, પછી તમારે કોઈનાથી ડરવાની જરૂર નથી.'

(૨) બીજી વાત એ કહી કે આર્ય માણસ પરસ્ત્રીના દર્શનથી બીએ. રખેને પરાયી સ્ત્રી નજરે ન જેવાઈ જાય, માટે નીચે મુખે ચાલે, બેસે. આજે આ ડર કયાં દેખવા મળે? ત્યારે એટલું સમજો કે પરસ્ત્રીદર્શનમાં લુબ્ધ થયેલ મનુષ્યોનો દૃષ્ટિદોષ એને એટલો બધો હલકી વિચારસરણીવાળો બનાવે છે, એનો તાત્ત્વિક તથા સાત્ત્વિક ભાવનાઓથી રહિત બનાવે છે, કે પછી એને પાશવી વૃત્તિઓમાં ચઢી જતાં વાર લાગતી નથી. આર્યને તો અજાણભાવે પણ પરસ્ત્રી દર્શન થઈ જતાં હૈયે ઈલેકટ્રીક–શૅાક જેવું લાગે!

(૩) વળી, કામી પુરુષો બિચારા ચિંતાતુર રહે છે; કેમકે એની વાસના શાંત થતી નથી. તેથી 'કામના પાત્રને કેવી રીતે રીઝવું, જુદા જુદા વૈષયિક આનંદ કેવી રીતે લૂંટું...' એની ગડમથલ

એના મગજમાં ચાલ્યા જ કરે છે. આ સૂચવે છે કે ચિંતાઓની આ ગુલામી ટાળવી હોય તો કામી ન બનો, સંયમી અને તૃપ્ત બનો. તો જ પેલી ચિંતાઓ અટકશે; અને પરમાત્માની ચિંતા, તત્ત્વની ચિંતા, વગેરેને માટે અવકાશ રહેશે.

(૪) 'વ્રતધારીઓ, સાધુઓ વિષયાસક્ત ન શોભે.' એમ કહીને સાધુતાની જવાબદારી બતાવી. જો તમે સાધુ છો, તો વિષયની આસક્તિની દુર્ગંધ તમારા ચંદનસમા હૃદયવનમાં ન શોભે. શું કહ્યું ? સાધુતાની જવાબદારી સૂચવે છે કે આંખ, જીભ વગેરેના વિષયો તરફ આકર્ષણ હવે શોભે જ નહિ. 'હું સાધુ છું' એવો ખ્યાલ મનને વિષયાસક્તિથી દૂરજ રાખે.

**પાવન પધરામણીઃ—** આ બાજુ રાજા ગુણસેન પ્રવેશ-ઉત્સવમાં દરબાર ભરીને બેઠો છે; ત્યાં પોતે પૂછે છે કે, 'કોઈએ હમણાં કાંઈ નવીન જોયું કે સાંભળ્યું છે ?' એ વખતે એક કલ્યાણક નામનો રાજપુરુષ રાજાને કહે છે કે, 'હા નામદાર ! આજે આપણા નગરના 'અશોક' ઉદ્યાનમાં માસકલ્પ નિમિત્તે શ્રી વિજયસેન આચાર્ય પધારેલા છે; કે જેઓ ગાંધાર દેશના રાજા સમરસેનના પુત્ર લક્ષ્મીસેનના પુત્ર થાય. તે ચારિત્ર અંગીકાર કરીને મહાન આચાર્ય બનેલા છે, તે પોતાના શિષ્ય-પરિવાર સાથે પધારેલા છે. તેમને મેં જોયા. અહો ! મહાન ગુણોને ધરનારા એ દિવ્ય પુરુષ છે ! જાણે સકલ દર્શનીય વસ્તુના દર્શન માટેનો વસંતોત્સવ ન હોય ! અર્થાત્ એકજ સ્થાને એમનામાં ઘણું ઘણું જોવા યોગ્ય મળે છે, જેથી નેત્ર ઠરે છે ! વળી લાવણ્યના તેજઃપુંજથી ચાર દિશાના પટને પ્રકાશિત કરનારા છે ! સર્વે અંગો તેજસ્વી છે; સૌન્દર્યથી શોભતા છે. સર્વ પ્રકારની એટલી બધી ઉચ્ચકલા પામેલા છે, કે સર્વકલાએ સંપૂર્ણ ચંદ્રની સમાન શોભે છે. હજી તો યૌવન ખીલેલું હોવા છતાં કામ-ક્રોધાદિના વિકારથી

તેઓ રહિત છે. એમણે કુસુમબાણુ (કામદેવ) ને જીતી લીધેલો છે. એને દૂર ભગાડી દીધો છે! આમ કામને જીતી લેવા છતાં તપ કરનારા છે! તપની અદ્ભુત શોભાને ધારણ કરનારા છે. વળી સર્વ સંગના ત્યાગી હોવા છતાં સકલ લોકને ઉપકારી છે. અહીં પ્રશ્ન થાય કે પાસે કાંઇ ન હોય તો ઉપકાર શો કરે ? પણ ખરેખર! આચાર્યદેવ ધર્મોપદેશથી મહાન ઉપકાર કરી રહ્યા છે! એ તો મૂર્તિમંત ધર્મ જ છે! ધર્મે જ જાણે એમનો દેહ ધારણ ન કર્યો હોય! મહારાજા! એમનું કેટલું વર્ણન થાય ? અવર્ણનીય ગુણોના એ નિધાન છે! એવી એ પુણ્ય વિભૂતિના આજે મને દર્શન થયાં!'

રાજા:—'ઓહો! તું મહાન પુણ્યશાળી! એવા મહર્ષિના દર્શનથી નયણાંને નિર્મળ કર્યાં...સફળ કર્યાં! હું પણ કાલે એઓશ્રીના દર્શન–નમસ્કારથી પાવન થઈશ!' કલ્યાણકે કરેલા સૂરિદેવના વર્ણનથી રાજા તેઓશ્રી પ્રત્યે ખૂબજ આકર્ષાઇ ગયો. ગુણાનુરાગ જ એનું નામ કે બીજાનો ગુણાનુવાદ સાંભળતાં વેંત હૈયું નાચી ઉઠે!

રાજા અન્યના સુકૃતની અનુમોદના કરે છે, જાતે સત્સંગના સુકૃતની અભિલાષા કરે છે. અગ્નિશર્મા રાજાનો મારક બનવા બેઠો હતો. વિજયસેન આચાર્યદેવ રાજાના તારક થનાર છે. રાજા મારક પાસેથી ખસી આવ્યો છે, અને હવે તારક પાસે જવા નિર્ણય કરે છે.

## પ્રકરણ : ૧૪

# સંસાર પર ખેદ શાથી ?

**સૂરિદેવના દર્શને:**—રાત્રિ પસાર થઇ. બીજે દિવસે સવારે સર્વપ્રાભાતિક કાર્યો પતાવી રાજા 'અશોકવન' તરફ જવા નિકળ્યો. ટૂંક સમયમાં જ તે પોતાના પરિવાર સાથે ઉદ્યાનમાં આવી પહોંચ્યો.

ત્યાં અત્યંત પ્રાસુક ભૂમિભાગમાં તેણે આચાર્યદેવને ચારિત્રની સાધનામાં મગ્ન થયેલા જોયા. અનેકાનેક શ્રમણોથી તેઓ પરિવરેલા હતા; અને તેથી શરદપૂર્ણિમાનો શશી અનેક તારાગણથી શોભે તેમ આ સૂરિદેવ પણ શોભી રહેલા હતા.

પૂર્ણિમાના ચન્દ્ર જેવા શીતળ અને નિર્મળ ! યુવાવસ્થામાં હોવા છતાં નિર્વિકાર અંગ ! આ ભવ્ય વિભૂતિને જોઈ રાજાની આંખ હર્ષનાં આંસુથી ભિંજાઈ ગઈ. લાખો પૂર્વ પ્રમાણ વર્ષોના જીવનમાં રાજાએ આ દશ્ય પહેલ વહેલું જોયું ! અગ્નિશર્માને જોયેલો, પણ ત્યાં માત્ર એની ઘોર તપસ્યા પરજ એ ઓવારી ગયેલો, જ્યારે અહીં તો એ હજુ આચાર્યના વિષયમાં કંઇ વિશેષ વાત જાણતો નથી, છતાં તેમનાં દર્શનમાત્રથી એ અપૂર્વ આનંદ અનુભવે છે ! તેમનો પવિત્રતાનીતરતો સંયમ-દેહ...તેમની

સાધુજીવનની કરણીમાં નિમગ્નતા...સમ્યગ જ્ઞાન–દર્શન અને ચારિત્રમાર્ગની અખંડ આરાધના...આ બધાની તોલે ઇતર તપસ્વી હો કે ગમે તેવો ત્યાગી હો...પણ શી રીતે આવી શકે ?"

આચાર્યદેવને જોઇને રાજાને તો કાંઇ કાંઈ થઈ ગયું ! આખાય શરીરે રોમરાજી વિકસ્વર થઇ ગઈ. હૈયે હર્ષ માતો નથી, એટલે જાણે પાણી પાણી થઇને આંખવાટે ગળે છે ! હર્ષાશ્રુથી ભરેલી આંખે જમીન પર ઢીંચણ મૂકી બે હાથની અંજલિ જોડી મસ્તક નમાવીને વિનયસહિત રાજાએ આચાર્યશ્રીને વંદના કરી. પણ આચાર્યશ્રીએ ત્યાં ગુણસેનને "આવો...બેસો,' એવો આવકાર ન આપ્યો ! કેમ ?

**ગૃહસ્થની વૈયાવચ્ચની સાધુને મનાઈ છે. શા માટે ?** પ્રભુનું સાધુપણું એટલે ? રાજાનેય 'આવો, બેસો,' એવું સ્વાગત કરવાનું નહિ. જૈન સાધુને ગૃહસ્થની વૈયાવચ્ચ કરવાની મનાઈ છે. કોઇ કહે કે 'વૈયાવચ્ચ જરા કરીએ તો એ ધર્મ કરશે,' પણ આમ કહેનારને ખબર નથી કે એ તો ધર્મ કરશે ત્યારે કરશે પણ સાધુ જો સેવા કરે તો પહેલાં એ એનો ધર્મ ગુમાવે ! 'તું સાધુ થઇને વૈયાવચ્ચમાં ઉતર્યો કે એને તારો ધર્મ આપતાં વાર લાગવાની; ઉપરથી એનો સંસાર તને વળગતા વાર નહિ લાગે !' સાધુ પાસે કેટલાક ગૃહસ્થો તો આવું આપવા જ આવે છે ! સાધુનું લેવા નહિ. છેલ્લે કાંઈ નહિ તો હોશિયારી તો કરે જ, 'સાહેબ, દુનિયામાં આમ ચાલે છે....વખત ખરાબ...લોકોને બહુ દુ:ખ ! રાજ્યતંત્ર કેવું ખરાબ !' આમ કહીને સાધુને ક્રોધ કષાયની લ્હાણી કરે ! શાસ્ત્રે તો ગૃહસ્થને સાધુ માટે તપેલા લોઢાના ગોળા જેવા કહ્યા છે, તપેલા ગોળાને જ્યાં ગબડાવો ત્યાં જો એ બાળે નહિ તો એ તપેલા લોઢાનો ગોળો નહિ તેમ આરંભ અને પરિગ્રહધારી ગૃહસ્થરૂપી ગોળાને ગમે ત્યાં મૂકો, એ આરંભમાં સંકળાયેલો હોય એટલે એને આસક્તિ રહેવાની. આવા ગૃહસ્થની

વૈયાવચ્ચ સાધુ કરે એટલે એ પોતાના સંયમ-માર્ગથી ખસે. દા. ત. ગૃહસ્થ કહે-' સાહેબ, જુઓને હવે છોકરી મોટી થઈ પરણાવવી તો પડેને?' જો સાધુ કહે-' હા ભાઈ!' તો આનો શું અર્થ? અબ્રહ્મમાં સંમતિ! ' હા ભાઈ!' કહે કે સાધુ નીચો ઉતર્યો સમજો!

**'ધર્મલાભ'ની જડીબુટ્ટીઃ**-અહીં તો આચાર્ય મહારાજે નમસ્કાર કરતા રાજાને 'ધર્મલાભ'ની આશિષ આપી. કેવી આશિષ છે આ? ગ્રંથકાર કહે છે કે ધર્મલાભનો આશીર્વાદ શરીર અને મનના અનેક દુઃખોનો નાશ કરનાર, અને મોક્ષસુખ-રૂપી વૃક્ષના બીજ સમાન છે. સાધુ પાસેથી જે 'ધર્મલાભ' મળે, એ આપણા શારીરિક રોગો અને માનસિક કુચિંતાઓને દૂર કરી નાખે. પણ એ માટે શ્રદ્ધા જોઈએ. નિકાચિત કર્મનો ઉદય હોય તોય મુંઝાવાનું નહિ. સમજવાનું કે ધર્મલાભના પ્રતાપે હવે રોગ વધતો નથી, રોગના બીજાં ત્રીજાં લફરાં ચાલતાં નથી; અને રોગ સીધેસીધો રવાના થાય છે. ધર્મશ્રદ્ધા આ એક સરસ કામ કરે છે, દિલને એવું આશ્વાસન આપે છે કે 'ધર્મના પ્રતાપે મારે વ્યાધિ વધી નહિ, આપત્તિ ઓછેથી પતી...' એથી મન શાંત રહે છે, સદ્ભાવના વધે છે, અને સદ્ભાવના ખરેખર નવાં પાપથી બચાવી પૂર્વના પાપના નાશમાં ખૂબજ સહાયક થાય છે.

આચાર્ય ભગવંત પાસેથી ધર્મલાભ પામીને રાજાએ બાકીના સાધુગણને વંદના કરી, કે જે અઢાર હજાર શીલાંગના ભારને વહન કરનારા હતા અને સિદ્ધિવધુના અત્યંત રાગને લીધે એનો સમાગમ કરવાની ભારે ચિંતાથી દુર્બળ બની ગયેલા હતા. વંદના કરી રાજા આચાર્ય મહારાજ પાસે બેઠો.

**સંપત્તિશાળીનો ત્યાગમાર્ગ ભોગીને ચમત્કાર પમાડે છેઃ-** આચાર્યશ્રીના સર્વાંગસુંદર લાવણ્ય અને ઉત્તમ ચારિત્રથી મુગ્ધ થઈ

રાજાગુણસેન વિનયપૂર્વક પૂછે છેઃ– ' પ્રભુ ! આપની શરીર–કાન્તિ કહે છે, કે આપના સકલ મનોરથ સંપૂર્ણ થયા હોય. તો પછી આપને સંસાર પર આવો ખેદ થવાનું શું કારણ કે આપે આવો કઠિન ત્યાગમાર્ગ લીધો ?'

ગુણસેન સંસારી હતો, એટલે કે સંસારનો રાગી હતો, તેથી એણે સંસારનો પક્ષ કર્યો. પોતે ધર્મી હોત તો તો એમ કહેત કે ' સંસાર તો ત્રાસથી ભરેલો છે, એમાં સહેજે આપને આ ત્યાગમાર્ગ સુલભ થયો, પણ અમને કેમ દુર્લભ?' આચાર્યદેવને રાજા આગળ કહે છે,

'આપને એવી સર્વોત્તમ રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઇ ચૂકેલી હતી, કે આપના ચરણોમાં કેઈ રાજા–મહારાજાઓ ઝુકતા હતા ! તેમના નમેલા મસ્તકો પર રહેલા મુકુટોની મણિ–પ્રભા આપના ચરણોની કાન્તિમાં અભિવૃદ્ધિ કરતી હતી...છતાં આપે આ લોકના સુખની લેશપણ ઈચ્છા વિનાનો આવો કઠોરવ્રતનો માર્ગ કેમ સ્વીકાર્યો ? સંસાર પર નિર્વેદનું એવું કયું કારણ મળ્યું ?' સંપત્તિશાળીના ત્યાગ ભોગીને આશ્ચર્ય કરાવે છે !

**સંસારમાં નિર્વેદનું કારણ તો ડગલે ને પગલે મળે છેઃ–** આચાર્યશ્રી કહે છે, કે "રાજન્ ! તું સંસારમાં ખેદનું, કંટાળાનું, અર્થાત્ નિર્વેદનું કારણ છે પૂછે? સંસારમાં નિર્વેદનાં કારણો તો બહુ સુલભ છે; ડગલેને પગલે મળે છે. શું સંસારના નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવોમાં જન્મ, જરા અને મૃત્યુ વિનાનું કોઈ સુખ છે ? જન્મ્યો તે નક્કી મરવાનો, સુખ કયાં ટકયું ? સંસાર જાણે કહે છે કે "તું ગમે તેવો ઈન્દ્ર કે ચક્રવર્તી હો, તારો પટો પૂરો થયો કે મર ! મર્યો કે જા બીજે ! ત્યાં રીબાઇને જન્મવાનું, રીબાઈને જીવવાનું, અને રીબાઇને મરવાનું !"

દેવ જેવાને અસમાધિથી રીબાઈ રીબાઈને મરવાનું! એક વખત મહાસમૃદ્ધિમાં મ્હલાવનારી કર્મસત્તા હવે કરુણ રીતે ઉઠાડી મૂકવાની ક્રૂરતા કરે છે! છ છ મહિના સુધી દેવને પાણી-વિહોણી માછલીની જેમ તરફડાવે છે! કયાં સુખસમૃદ્ધિના ઉત્સવ, અને કયાં મૃત્યુ પામી સ્વર્ગમાંથી ભ્રષ્ટ થવાની આગાહીના શોકાતુર ઉદ્વેગ! સુખની પથારી અસંખ્ય વર્ષોની પથરાયેલી છતાં શું? અંતે મરવાનું સુખે નહિ, પણ તરફડી તરફડીને! દેવોની જો આ સ્થિતિ, તો આપણી? ૫–૫૦ વર્ષના ટૂંકાશા જીવનમાં લહેર શી? લહાવા લૂંટવાના શા?

**મૃત્યુથી ત્રાસ લાગે છે?**:–આચાર્ય મહારાજ આગળ વધીને કહે છે, 'હે ગુણસેન! શું નારક–તિર્યંચ–મનુષ્ય–દેવમાંથી કોઈ એવો સાંભળ્યો કે જેને મરણ આવ્યું જ ન હોય? ના, કોઇ જ નહિ. મૃત્યુ માથે ભમવા છતાં જીવને લહેર કરવી સુઝે છે એ કેવી કારમી અજ્ઞાન દશા! પારધીની જાળમાં ફસાઈ પડવાની ભીતિવાળા હરણિયા પણ 'એક દિ' મરવાના તો છીએ જ; તો ભલે નિરાંતે ઘાસ ચરો' એવું કરતા નથી; તો માણસ શું હરણિયાથી ભૂંડો, કે 'ખાઈ લે, પી લે, મરવાનું તો છે જ...' એવું કરે છે? હરણિયા સદા ગભરાતા રહે છે, ઉત્ત્રસ્ત થઈ દોડે છે, 'રખેને કાંક વાઘ વરુના સપાટામાં કે પારધીની જાળમાં ફસાઇ જઈશું!' એમ ભયભીત રહીને લહેરથી ચારો ચરતા નથી. તો માણસને માટેય શું છે? મૃત્યુ એ પારધીની બિછાવેલી જાળ છે, સમયની નોટિસ વિનાની જાળ છે! જીવ એમાં ફસાય એટલી વાર છે! ફસાવાનું નક્કી છે. છતાં માણસની નજરે એ ન દેખાય, અને માણસ લહેરથી લક્ષ્મી, લાડી, વાડી, ખાનપાન અને માન–મોજમાં ડૂબ્યો રહે એ કેવું! જેની પૂંઠે એ પાગલ થાય છે એમાં માલ પણ શો છે અને સાથે આવવાનુંય કયાં છે? પેલા દેવના લાડી, વાડી, ગાડી, આગળ તો અહીંનું કૂચા છે, છતાં

એના રાગમાં મૃત્યુ ભુલવાનું ? મૃત્યુ તો જન્મ્યા એટલે લખાઇ જ ગયું. કહો કે જન્મવાનો ગુનો કર્યો માટે જ મૃત્યુની ફાંસીની સજા અંકે લખાઇ ગઇ છે.

હવે શું કરવું ?:–હવે તો ડહાપણ એ જ છે કે નવા જન્મ કરવાના ગુના ન થાય એ માટે એના કારણભૂત રંગરાગ અને વૈભવવિલાસ મૂકી ભગવાન જિનેશ્વરદેવે ભાખેલા ત્યાગમાર્ગે વૈરાગ્ય અને વિરતિના કલ્યાણ પંથે વિહરવાનું સાધી લેવાય. આ તક આયુષ્ય પૂરૂં ખતમ થયા પહેલાં છે, પછી નથી. ત્યારે ક્યારે અહીંથી જવાનું છે એ જાણો છો ? ના, તો–'હજી તો બહુ જીવવાનું છે' એ આશાએ જ ધર્મને વાયદે રાખ્યો છે ને ? સંસાર રોકડિયો અને ધર્મ ઉધાર ? જે સંસાર મૃત્યુ પછી કૂચા કાઢી નાખે એવો છે, જીવના આંતરડા ખેંચી નાખે એવો છે, એ રોકડિયો ? અને જે ધર્મ મૃત્યુ પછી જીવને આબાદ બનાવનાર છે, શીતળ છાયા આપનાર છે, વણમાગ્યે અણચિંતવી સગવડ-સાહ્યબી આપનાર છે એ વાયદે ? પૂછવાનું મન તો થશે કે, કે

પ્ર૦–ત્યારે સંસાર કેમ રોકડો પતાવવાનું મન થાય છે ?

ઉ૦–એનું કારણ એ છે કે સંસારનાં સુખો માત્ર ખરજવાને ખણવાના આનંદ જેવાં છે, પણ સાચા આનંદ નથી, એનો જરાય ખ્યાલ નથી. અગર ખ્યાલ છે તો હૈયે જચતું નથી, પણ કહો તો ખરા કે ખરજવું ખણવાનું સુખ કેવું ? ખણજ ઉપડી, એને મિટાવવા સહેજ ખણ્યું; કૃત્રિમ આનંદ લાગ્યો, પણ ખણ્યું માટે ખણજ વધુ જોરમાં ઉપડી, તે હવે જોરથી ખણ્યું, સુખ તો માણ્યું, પણ પછી દશા કઈ ? હવે વધુને વધુ ખણજ ! અને ખણવાનું ચાલુ રાખો તો દશા શી ? ચામડી ફદફદી ઉઠે ને ? બસ, જીવને ખરજવાની જેમ વિષય–તૃષ્ણાની ચળ ઉપડે છે. માટે 'પૈસા જોઇએ'–તૃષ્ણાથી ચળ ઉપડી. પછી પૈસા લાવ્યા એ ખણ્યું

કહેવાય. પરિણામ ? અધિક ધનમૂર્ચ્છા અને વિષયભોગની તૃષ્ણાનું મોટું ખરજવું ઉપડે ! હવે એને ખણવા કે પોષવા જાઓ એટલે બાર વાગ્યા સમજો. અહીં જીવન છે ત્યાં સુધી એ ખરજવું અને એ ખણજ–ખણવાનું ચાલુ ! એના પરિણામે તૃષ્ણા–મૂર્ચ્છાના ગંગાપૂરમાં તણાઈ ભવસાગરમાં ખોવાઈ જવાનું થાય કે બીજું કાંઈ ? જે સુખ સાચું નથી, સ્વાભાવિક નથી, જે આવીને ચોક્કસ રોવરાવીને જાય છે, જે ભાવી અનંતદુ:ખની ખાણ છે, એમાં રાચવું એ પાગલતા નથી ?

આચાર્ય મહારાજ ગુણસેનને કહે છે,

**નિર્વેદ ન કરાવે એવી કોઇ ચીજ જગતમાં છે ?:**–'રાજન્ ! સંસારમાં નિર્વેદનું કારણ પૂછે છે ? સંસારમાં એવી કઈ ચીજ છે કે જે નિર્વેદ ન કરાવે ? સંસારમાં બહુ વિશ્વાસ રાખ્યો હોય ત્યાં પણ દગો થાય છે ! અને પારાવાર અફસોસ થાય છે ! કોઈની પૂંઠે પડેલા જીવને અંતે પશ્ચાત્તાપ ન કરાવે એવી કઈ ચીજ છે ? નીરોગી રહેનારાય અવસર આવ્યે પસ્તાય છે, અને રોગી થનારાય પસ્તાય છે ! શકોરૂં લઈ માગી માગીને જીવન ચલાવનારાય રૂએ છે, અને છ ખંડનું સામ્રાજ્ય ચલાવનાર પણ અંતે રૂએ છે ! અસંખ્ય કાળ દેવતાઈ લહેર કર્યા પછીય રોવાનું ઊભું ! એમ થાય 'બહેતર હતું દેવતાઈ માયા, સુખ–સગવડ ન મળી હોત તો સારું થાત. આ તો આંધળાને આંખ આપીને ખૂંચવી લીધી !' આ શું ? પારાવાર અફસોસ ! જગતમાં ઠામ ઠામ અફસોસના શબ્દો સાંભળવા મળે છે. મનુષ્ય જેવા ઉચ્ચ પ્રાણીનેય ડગલેને પગલે અફસોસ ! શું આથી સંસાર પર કંટાળો ન આવે ?

**જેણે માયા મૂકી એનો સંસાર ટળી ગયો:**– જ્ઞાની જે મનુષ્યપણું મહાસમુદ્રની મધ્યમાં રહેલા ચિંતામણિ રત્ન જેવું

કહે છે, એ ઝટ મળે ? અલ્પ પુણ્યે મળે ? કદાચ મળી ગયું, તો કર્મ લૂંટારાની વચમાં ટકે ? આયુષ્ય ચંચળ છે. તેમાંય પાછું આજનું આયુષ્ય સોપક્રમ એટલે સાઠ વર્ષે સો પૂરાં થતાં વાર નહિ ! ઉપઘાત લાગતાં ખલાસ ! કહો જો, આથી નિરાંત થાય કે અજંપો ? 'જીવ્યાથી જોયું ભલું,' એમ ધારી મન અને ઈંદ્રિયો રૂડા રૂપાળા દેખાતા જડ પદાર્થો તરફ શું જોઈને દોડે છે ? જ્ઞાનીઓ કહે, છે, કે એ વિષયો ક્રોધાંધ થયેલ સર્પની ભયંકર ફણા જેવા છે. ફણા દેખાય રળીયામણી, પણ ડંખ એવો મારે કે ભયંકર મૃત્યુ સુધીની કારમી પીડા આવે ! તેમ રળીયામણા દેખાતા કર્મ ભોગોરૂપી ડંખ એવો મારશે, કે એ દીર્ઘકાળની અનેક મૃત્યુ સુધીની ભયાનક વેદના, ત્રાસ અને રિબામણ આપશે ! કેમકે આત્મામાં એનું ઝેર બરાબર વ્યાપી ગયું હશે. ચક્રવર્તીને નરક ! એટલે શું ? અહીં માત્ર મોજમજાહ કરનારને નરક. તિર્યંચના કારમા દુઃખ ! એ શું ? એ જ કે સંપત્તિ અને કામ–ભોગોનું ઝેર વ્યાપ્યું ! એ બધી માયા છે, માટે જ્ઞાનીઓ કહે છે, કે 'માયા બહુ કારમી.' સોનાની કંઠી પર મમત્વ છે; ધારો કે અહીં મૂકી તમે આઘાપાછા થયા અને કોઈ લઇ ગયો; તો શું થવાનું ? મમત્વ એ ફણીધર છે. માળા કોઈ ઉઠાવી ગયો, એટલે મમત્વના ઝેરમાંથી ગુસ્સો થાય; કેઈ ક્રૂર વિકલ્પો ઉઠે કે 'જો હાથમાં આવે તો હરામખોરને મારૂં, જેલ ભેગો કરાવું !' આ તો હજી મોહનું ઝેર છે હોં, કર્મના ઉદયનું ઝેર નથી. એ તો પછી ચડવાનું છે ! એ ચડશે ત્યારે તો દુર્ગતિની ભારે રિબામણ ઊભી થશે. માયા ભૂંડી ! જે જીવે એને મૂકી દીધી, એ જીવનો સંસાર ટળી ગયો ! એ મુક્તિનો શાશ્વત સ્વામી બની ગયો ! જેને માયા મૂકતાં ન આવડે પણ વધારતાં આવડે, તે સંસારમાં ભયંકર રીતે ફસાય, અને પોતાનો જ દુર્ગતિમય સંસાર લાંબો કરે !

**માયા કારમી રેઃ**–માયા ક્યાં સુધી ? બધું શેઠના હાથમાં !

અરે, દેવ–ગુરૂ–ધર્મ પણ શેઠના હાથમાં! મંદિરમાં શેઠ ન આવે ત્યાં સુધી દેવની પૂજા કે પખાલ ન થાય! શેઠ આવે ત્યારે પખાલ થાય! કોઈ પૂછે, ‘કેમ પખાલ નથી થયો?’ તો ‘આંગી છે, લોક દર્શન કરવા આવે ને?’ એવા કે બીજા કોઈ ઉંડા પૂજારી ભણાવે! દેવ આ રીતે હાથમાં અને ગુરુ પણ હાથમાં! બીજા-ત્રીજાને કહે, ‘કામ હોય તે મને કહોને. ગુરુ પાસે આમ કરાવી આપું! મહારાજ આપણું માને...’ ગુરૂ ભકતોના હાથમાં! અને ધર્મ? ધરમ ખાતાનો શેઠ વહીવટ કરતા હોય, ગાદી મળે, એટલે ધર્મ પણ શેઠના હાથમાં. એમ થાય કે ‘અમે પણ કાંક છીએ! ચાર માણુસ અમારો ભાવ પૂછે છે.’ પછી ધરમના કાયદા પોતે ઘડે, બે પૈસા મળ્યા હોય અને દેવ,ગુરુ તથા ધર્મ હાથે ચઢે,પછી બાકી શું? પણ ખબર નથી કે એ બધું ક્યાં સુધી? જીવન પુરૂ. થયા બાદ શું? પોતે માને કે દેવ–ગુરૂ–ધર્મ મારા હાથમાં! અને ભાઈ સાહેબ દુર્ગતિના હાથમાં! પછી સંસાર સમુદ્રનું તળીઉં જ દેખે ને?

**લક્ષ્મી વેશ્યા જેવી** છેઃ–આચાર્યશ્રી રાજાને સંસારમાં નિર્વેદનું કારણ કહે છે, ‘ક્યાં નિર્વેદ થાય એવું નથી? ઋદ્ધિ વિજળી સમાન છે! ક્યારે ચાલી જાય એ કહેવાય નહિ. વળી એ સતી નથી, પણ વેશ્યા જેવી છે! સતી પતિને છોડીને જાય નહિ. કદી પિયર જવું પડે તો પતિને ખૂશ કરીને જાય. પતિની આજ્ઞાથી જાય. વેશ્યા તો લાત મારીને નીકળે. લક્ષ્મી બધું લૂંટીને જાય. ધર્મબુદ્ધિ તથા સમતા સમાધિને પણ લઇને જાય. ઋદ્ધિ–સિદ્ધિને પોતાના માન્યા પછી જરા એનો વિચાર કરતો બેઠો હોય ત્યારે હવે એની પાસે નવકારવાળી મૂકો જો. તો કહેશે ‘મૂકોને હમણાં!’ દાન વગેરે ધર્મની વાત કરો તો એ મોં બગાડશે. આ કોણ કરાવે છે? વેશ્યા જેવી લક્ષ્મી!

**લક્ષ્મી એ માખીનો વાઘ છેઃ**–વળી એ એના કહેવાતા ધણીને

એમને એમ ન છોડી જાય, પણ ચૂસી ચૂસીને મૂકે. જીવનું પુણ્ય સાવ નીચોવી લે! ગુણ બધા ભરખી જાય! પછી જીવને કૂચા જેવો કરી ફેંકી દે! માખીના વાઘ હોય છે ને? કેવા? ધૂળ જેવો રંગ હોય એનો, એટલે બિચારી માખીને ખબરેય ન પડે. વાઘને ઉડતાં ન આવડે, પણ માખીને દેખે ત્યાં કૂદકો મારે. માખી સાવધાન હોય તો ઉડી જાય, પણ સાવધ ન હોય તો પેલો વાઘ પોતાના બે ડંખથી માખીને એના પગથી એવી પકડે કે મનુષ્ય જેવો મનુષ્ય એને છોડાવી ન શકે. માખીને પૂર્ણ ચૂસી લઇને પછી મરેલી મૂકે, માખીનું ખોખું એમ જ દેખાય. એમાં જરાય ફેર ન જણાય; પણ મરી ગઈ હોય! તેમ આ લાલપીળી લક્ષ્મીનું જગત પણ જીવરૂપી માખીને જયારે છોડશે ત્યારે પૂરો ચૂસીને છોડશે. શરીર તથા પાંચ ઇંદ્રિયો, લક્ષ્મી અને લાડી એ બધાં શું કરી રહ્યા છે? આત્માનું મોટું પુણ્યધન અને ગુણરૂપી મૂડી લૂંટી રહ્યા છે. કહો જો, એવી એ લક્ષ્મી, કુટુંબ, વિષયો વગેરેના સંસાર પર કંટાળો ન થાય? પોતીકું ઉપલકીયું ડહાપણ મૂકી દો અને જ્ઞાનીના વચનાનુસાર ઊંડા ઉતરી વિચારો તો આ સમજાય.

**લક્ષ્મી ટકે એ આશ્ચર્ય:-** સાવધ બની લક્ષ્મીને કહી દો કે 'તને કુભારજાને ઓળખું છું. તારી સહાયથી ઉજળાં કાર્ય કરીશ, કાળાં કામ નહિ કરૂં. જવું હોય તો ભલે જજે, અહીં કોઈ તારી કાણ–મોંકાણ કરનાર નથી. મારા જ્ઞાનીઓએ ચક્રવર્તીની ઋદ્ધિને, અને ઇન્દ્રના સિંહાસનને પણ અનિત્ય કહ્યાં છે, તો તું કોણ માત્ર?' કહો, આવડશે કહેતાં? લક્ષ્મીના ઠગારા સ્વરૂપને સમજતા હો તો સવારે તિજોરીમાં લક્ષ્મી દેખતાં આશ્ચર્ય થાય કે 'આ ઠગારણ કેવી રીતે ટકી ગઇ? બજારમાં નફો શી રીતે થયો, ખોટ કેમ ન આવી?' એ આશ્ચર્ય થાય. આજ તો લક્ષ્મી જાય તો આશ્ચર્ય લાગે છે! કેમ? કદીએ જવાની નહિ હોય માટે? અથવા કહીને જવાની હશે માટે? કેવાં ઊંધાં આશ્ચર્ય!

**લક્ષ્મી એ મવાલીનો સંગ છે:**- સમજતા નથી કે લક્ષ્મી માત્ર ઠગારી જ નહિ પરંતુ બગાડનારી પણ છે. લક્ષ્મી ન હોય ત્યાં સુધી માણુસ સારો હોય છે, પણ જેમ મવાલીનો સંગ થાય તો છોકરો બગડી જાય છે, એમ લક્ષ્મીના સંગથી માણુસ બગડે છે. પહેલાં ઘણી વાતે સારો હોય, પણ શ્રીદેવી પધાર્યા પછી મા-બાપથી જુદો રહે છે! ભાઇબહેન સાથે લડે છે! નાતીલા સાથે અભિમાની વર્તાવ કરે છે! ગુરુને દબાવે છે! સાચાના જૂઠા કરે છે!...બોલો બોલો કેટલું ? આ બધો બિગાડો જ ને? તો આવી લક્ષ્મીના સંસાર પર કંટાળો ન આવે?

**ક્યાંથી આવ્યા?:**- વિજયસેન આચાર્યમહારાજ કહે છે કે 'હે રાજા ગુણુસેન! માણુસ જો એટલો જ વિચાર કરે કે 'કયા કારણે મારો અહીં જન્મ થયો અને અહીંથી ફરી પણ મારે કયાં જવાનું છે,' તો તે સંસાર પરથી ઉભગી જાય એવું કેમ ન બને?' આટલો વિચાર પણ સંસાર ઉપર ખેદ ઉપજાવનારો છે. જગતમાં જન્મ પામનારા તો અગણિત જીવો દેખાય છે, એમાં જયારે મોટા ભાગને દુ:ખમય અને પાછું અજ્ઞાનતાભર્યું પાપમય જીવન મળ્યું છે, ત્યારે આપણુને એની અપેક્ષાએ સુખમય જીવન, વિચારક જીવન મળ્યું છે! તો એ શું એમજ મળી ગયું? સંસાર એના સ્વભાવે કેવા કેવા જન્મ અપાવે છે એ જોઈએ છીએ ને? અથવા એનો અર્થ એ વિચારવાનો છે કે 'મારો અહીં જન્મ જ કેમ થયો? શા માટે આ વેઠભર્યું, ચિંતાભર્યું અને ત્રાસભર્યું જીવન જ જોઈએ?' પણ સંસાર ચીજ જ એવી છે કે કયાં જાઓ? સંસારના ચક્રમાં તો જન્મ-મરણુની સાયકલ અવિરત ચાલ્યા જ કરે છે! જો એ ન જોઈએ તો સંસારને ઓળખી, અવગણી અને એની લત મૂકી એનાથી છૂટવાનું કરો. કોને ખબર છે કે પૂર્વના કેવાય ભવમાંથી અહીં આવ્યા હોઈશું? નવાઈ નથી કે ત્યાં પણ સાંસારિક ખાન-

પાન, આરંભપરિગ્રહ, અને વિષયાસક્તિના કેઇ મનોરથો ઘડ્યા હશે, મહેનત કરી હશે અને આખુંય જીવન તન્મય બનાવ્યું હશે; પણ એ બધા પછી પાછું અહીંનું જીવન કેવું ? એવું જ ને ? માટે જ એવા સંસારી જીવન પર ખેદ થાય એવો છે.

**ક્યાં જશો ?:–** અહિંથી ક્યાં જવાનું છે એ વિચાર પણ ખેદ કરાવે એવો છે; કેમકે ચાલુ જીવન પણ પૂર્વની ઘરેડનું હશે તો પરિણામે હવેનાં નવાં જીવન વેઠ, ત્રાસ અને ચિંતામય જ મળવાના. માટે આજ સુધી ગમે તે બન્યું, પણ હવે જો આવા જન્મ ન જોઈતા હોય તો જન્મના મૂળ કારણભૂત સંસારનાં હેત મૂકી દેવા જોઇએ. હેત એટલે સમજયાને ? સંસાર પરથી નિશ્ચિન્તતા ઉઠાવી લઇ જાગતા અને અકળાયેલા બની જવું જોઇએ. જેથી એ સંસારની લપમાંથી છૂટવાનું કરાય.

દયાળુ સૂરિજી મહારાજ કહે છે, 'મહાશય ! સંસારમાં મનુષ્યપણું તો પામવું દોહિલું છે ! જેમ કોઈ મોટા સમુદ્રની અંદર રહેલું રત્ન પામવું ઘણું ઘણું મુશ્કેલ, એમ આ વિરાટ સંસારસાગરમાં માનવજન્મ પ્રાપ્ત કરવો ઘણો ઘણો મુશ્કેલ છે ! પુણ્યાઈ તો જોઇએ જ છે, પણ મનુષ્યની સંખ્યા બહુ અલ્પ, અને મનુષ્ય બનવાના ઉમેદવાર ઘણા ! તો એમાંથી કેટલા ચૂંટાય ? વળી એ ન ભૂલતો કે નથી ને કદાચિત્ ચૂંટાયા તો ખરા, પણ જો એ ધ્યાન ન રાખ્યું કે માનવ જન્મ તો ચિંતામણિ સમાન છે, તો પણ પાછા ભવમાં ભૂલા પડી જતાં વાર નહિ લાગે. ચિંતામણિ રત્ન માગ્યું આપે છે, પણ એની ઉપાસના કરી એવો એવો ઉપયોગ કરાય તો. એના બદલે જો એને બજારમાં વેચી મમરા ખરીદે તો પછી માગ્યું મળવાની વાત ગઈ ! એમ માનવજીવનથી ધર્મઉપાસના કરી તો કલ્પનામાં ન આવે એવું મળે એમ છે. પરંતુ એના બદલામાં જો જીવનનો ઉપયોગ વિષયોરૂપી મમરા ખરીદવામાં કર્યો તો ઉપડી ગયા સમજો.

**જીવન ચંચળ:**–એકબાજુ માનવભવ ચિંતામણિ રત્ન સમો છે, ત્યારે બીજી બાજુ જીવનનો ભરોસો નથી, ઘાસના અગ્રભાગ પર રહેલું પાણીનું ટીંપુ જોરદાર પવનના ઝપાટામાં કેટલું સલામત? એવું આ જીવન પણ બિનસલામત છે; ચંચળ છે. કયારે આ જીવન નહિ તૂટે એનો કોઇ ભરોસો? કહો જો, જીવનનો અંત શું ગર્ભમાં આવે કે બાળવયમાં? જુવાનીમાં યા વૃદ્ધાવસ્થામાં? કંઈ પત્તો નથી. રવિવારે મરાય કે શનિવારે? સવારે કે બપોરે? ઘરમાં કે બહાર? જાગતાં કે ઊંઘતા? સાજા સારા હોઈએ ત્યારે મોત આવે કે બિમારીમાં? ટાઇફોઈડમાં કે ન્યુમોનિઆમાં? કોઇ નિયમ નથી કે કયારે મૃત્યુ આવે! એ જ સૂચવે છે કે જીવન મહાચંચળ છે. એવું જીવન પાપભર્યું હોય, જીવવું પડતું હોય, મરતાં મૂકવા પડે એવા પૈસા–પરિવારમાં જતું હોય તો ખેદ ન કરાવે?

**કામભોગ ભયંકર:**–ઇન્દ્રિઓને મનગમતા પદાર્થો અને એના ભોગવટા પણ કોપાયમાન સાપની ભયંકર ફણા જેવા વિકરાળ છે. મોહમૂઢતાથી વિષયો અને ભોગ, એ રૂપરંગે તથા સ્વાદમાં સારા લાગે, પણ અંદરખાને ભયંકર વિષભર્યા છે. અહીં સદ્‌બુદ્ધિ અને સદ્‌ગુણોને મારી નાખનારા છે તથા પરલોકમાં ઘોર દુર્ગતિની વેદનાઓ આપનારા છે! સારૂં સારૂં જોવાનું મળ્યું કે જીવ સદાચારના નિયમ ભૂલે છે! સારાં ખાનપાન મળ્યાં કે ત્યાગ–તપસ્યા ભૂલે છે! ધન મળ્યું કે ધર્મ ભૂલે છે! એકેક ઈન્દ્રિયની પાછળ જીવો કરુણ મોત પામે છે. કાંટે ભરાવેલી માંસપેશી ખાવા દોડનારો માછલો પછી કયાં? માછીમારના હાથમાં! હાથણીના ચિત્ર તરફ દોડનારો હાથી ખાડામાં! દીવાની જયોતમાં લોભાનારો પતંગીયો બળીને સાફ! સંગીતના સ્વાદમાં હરણિયો શિકારનો ભોગ! કમળની સુગંધિમાં ફસાયેલો ભમરો સાંજ પડે કમળમાં જ સીલપેક! એકેક ઇન્દ્રિયના વિષયમાં

આ ખુવારી, તો પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાં માનવની કઈ દુર્દશા !

**સમૃદ્ધિ ચંચળ:-** ત્યારે, ઋદ્ધિસમૃદ્ધિ જીવને બહુ ગમે છે, પણ એ મઝા કેટલા કાળની ? શરદ ઋતુના મેઘ જેવા ચંચળ, જેવા આવ્યા કે ગયા, એવી સમૃદ્ધિ આવી કે ગઈ સમજો ! હાથીના કાન જો સ્થિર તો લક્ષ્મી સ્થિર ! વિજળીનો ઝબુકો જેવો ક્ષણિક એવા વૈભવ ક્ષણિક ! બજારમાં બધું સરસ છે એમ માની નિરાંતે સૂઈ જનારા લખપતિઓ બીજે જ દિવસે બજાર ઉથલી પડતાં ભિખારી બની જાય છે ! અથવા 'ઠીક થયું ધન ખૂબ મળી ગયું' એમ માની હોંશમાં રહેનારના ખૂન પણ થઈ જાય છે ! વારસામાં મળેલો મોટો દલ્લો આગમાં, ચોરીમાં, કે ગુમાસ્તાની ઘાલમેલમાં સાફ થઈ જાય છે !

**તપશ્ચરણ વિના દારુણ વિપાક:-** આચાર્યદેવ ફરમાવે છે કે "આવા બધા ધનમાલ અને કામભોગના ભવાંતરે ભયંકર વિપાક આવે છે. જો તપસ્યા અને ઉત્તમ ચારિત્ર ન સાધ્યા તો તિર્યંચ-નરક વગેરે દુર્ગતિઓને વિષે દુઃખનો પાર નથી રહેતો. એમાં જીવ-હિંસામય આરંભ-સમારંભ, કૂડકપટ, જૂઠડફાણુ, અનેક પ્રકારના રાગદ્વેષ અને ક્રોધાદિ કષાયો, મૂર્ચ્છા, તૃષ્ણા અને આસક્તિ... ઈત્યાદિ અપરંપાર પાપ કરે છે ! પછી એના ફળમાં પાપોની પરંપરા અને દુઃખ આવીને ન ઊભાં રહે તો બીજું શું આવે ? એ તો ઈંદ્રિયનિગ્રહનાં તપ તપે, ધર્મકષ્ટનાં તપ તપે, તેમજ ધનત્યાગ, મોહત્યાગ, સંયમસ્વાધ્યાય, જ્ઞાનધ્યાન, દેવ-ગુરુસેવા વગેરે ઉત્તમ ચારિત્ર આરાધે તો પાપથી બચે, તો દુર્ગતિના દુઃખથી બચે. જીવને તારણહાર તપસંયમ છે, અર્થકામનો સંસાર નહિ.

**સંસાર નાટક:-** 'હે રાજન્ ! આ સંસાર એક નટના નાટક જેવો છે. જેવી રીતે નાટકમાં અનેક પ્રકારના ભયના, રોગ-શોકના, સંયોગ-વિયોગના પ્રસંગો દેખાડવામાં આવે છે, એ પ્રકારે આ સંસારમાં ભય, રોગ, શોક, ઈષ્ટ-અનિષ્ટના વિયોગ

સમાગમમાં દુઃખની જવાળાઓનું ભભૂકવું વગેરે અનેક પ્રસંગો બને છે. તો એવા નાટકતૂલ્ય આ સંસારમાં કયો સુજ્ઞજન ધીરજ રાખે? કોણ આવા સંસાર પર પરમાર્થતા અને આદરણીયતાની આસ્થા રાખે?'

**મોક્ષ અને મોક્ષના ઉપાયઃ**– પ્ર૦–" પણ પ્રભુ! ધીરજ–આસ્થા ન રાખીને પણ શું થઈ શકે? સંસારમાંથી થોડા જ ખસાય એવું છે?"

ઉ૦–" મહાનુભાવ! સંસારથી પર, નિરાળું એવું શાશ્વત સ્થાન મોક્ષપદનું છે. ત્યાં ગયા પછી જન્મ–મરણ, દુઃખ-દારિદ્ર વગેરે કાંઈ જ રહેતું નથી. એટલે જ એ મેળવવા સંસારમાં હવે અધીરાઈ હોવી ઘટે. સંસારથી જે અધીરો થઈ જાય એ મોક્ષના તરફ મીટ માંડે, અથવા કહો કે જયારે મોક્ષ જેવું સુખમય શાશ્વત સ્થાન છે, તો શા માટે એ પ્રાપ્ત ન કરી લેવું?"

પ્ર૦–"ભગવન્! મન તો ઘણુંય થાય, પણ શું એ મળે એવું છે?"

ઉ૦–" હા, જેમ મોક્ષ જેવી ચીજ છે, તેમ મોક્ષ પામવાના ઉપાય પણ છે. તે ઉપાય પણ ગમે તેવા મનુષ્યે કહેલા નહિ, કિન્તુ પરમમુનિ વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવોએ ફરમાવેલા છે. એ સુસાધ્ય છે. સંપૂર્ણપણે એ સાધ્ય તો માત્ર માનવજીવનમાં જ છે; અનંત કલ્યાણદાયી છે. આત્માને સ્વતંત્ર, સ્વસમૃદ્ધિ-માન અને અવિનાશી બનાવનારા છે. તો શા માટે એવા પુરુ-ષાર્થ છોડી આત્માને પરતંત્ર, દરિદ્ર અને મરણશીલ બનાવનારા સંસારમાં પુરુષાર્થ–પરિશ્રમ વેડફી નાખવાની મહામૂર્ખાઈ કરવી? સત્પુરુષોએ તો મોક્ષનું લક્ષ રાખી મોક્ષના ઉપાયોમાં જ પ્રયત્ન કરવો જોઇએ.

*

## પ્રકરણ : ૧૫

# શ્રી વિજયસેનાચાર્યની આત્મકથા

ભગવંત વિજયસેનાચાર્ય ગુણુસેનને કહે છે, "રાજન્! તું હવે સમજી શકે છે કે સંસાર એ જ વૈરાગ્યનું કારણ છે. છતાં મારા સંસારત્યાગમાં જે પ્રબળનિમિત્ત તું જાણુવા ઇન્તેજાર છે, તે હવે હું કહું છું. તે તું ધ્યાન દઇને સાંભળ."

**મિત્રના મૃત્યુથી ભારે ખેદ:—** હું ગંધારદેશનો રહેવાસી હતો; અને ગંધારપુર નગરનો લોકપ્રિય વિજયસેન નામે રાજકુમાર હતો. મારે સોમવસુ પુરોહિતનો પુત્ર વિભાવસુ મિત્ર હતો. મને તે ખૂબ જ પ્રિય હતો. મારૂં એ બીજું હૃદય જ હતો એમ કહું તો ચાલે. અમે અમારો જીવનકાળ આનંદથી વીતાવે જતા હતા, ત્યાં અચાનક મિત્ર વિભાવસુ ભયંકર રોગનો ભોગ બની ગયો. દૂંક સમયમાં તે પરલોક ચાલ્યો ગયો; પરંતુ મિત્રના મૃત્યુથી મારી સ્થિતિ ઘણી જ વિષમ બની ગઇ. મારા હૃદયમાં મિત્ર–વિયોગના દુ:ખનો દાવાનળ સળગી ઉઠચો. રાતને દિવસ હું મહાન પીડા અનુભવતો હતો. મને મૃત્યુ પર ફિટકાર છૂટચો. પરંતુ...જે મૃત્યુ મોટા ઈન્દ્રો અને દેવોને પણુ

પલવારમાં ઉપાડી જાય છે, તેની આગળ એક માનવ પ્રાણી શું વિસાતમાં! મૃત્યુની ભયંકરતા વિચારતાં હું કંપી ઉઠયો.

**ચાર મુનિવરોની પધરામણીઃ**—પરંતુ એ અરસામાં જ એક ઘટના બની આવી. મારા અંગત માણસોએ આવીને મને શુભ સમાચાર આપ્યા, કે "નગરબહારની પર્વતગુફામાં ચાર મુનિ-મહાત્માઓ વિહાર કરીને પધાર્યા છે; અને તેઓ ચોમાસાના ચાર માસ ત્યાં જ સ્થિરતા કરવાના છે."

"મારા તે પુરુષો મારી આંતરિક ભાવનાઓ જાણતા હતા; મને શિષ્ટ પુરુષો પ્રત્યે અત્યંત પ્રેમ છે; એ સમજીને મને તરત એ સમાચાર આપી ગયા."

અહીં સમજજો કે રાજકુમારના એ પુરુષો કેવા હશે! રાજકુમારની આંતરિક રુચિને પિછાનીને તેઓ વર્તન કરનારા છે, તો તેઓ રાજકુમારની પ્રીતિનું પાત્ર બનેલા છે. કૌટુંબિક-જીવન કે લોકોત્તરજીવન જીવનારા જીવોને આથી એક સુંદર માર્ગદર્શન મળે છે. વડિલો કે પૂજ્યપુરુષો પ્રત્યે આપણે શી રીતે વર્તન કરવું તેનો સુંદર બોધપાઠ આપણને અહીં શિખવા મળે છે, અને જો આપણે વડિલો કે પૂજ્ય પુરુષોનો આંતરિક અભિ-પ્રાય જાણીને એમને અનુકૂળ વર્તન રાખીએ તો જરૂર આપણે તેમની પ્રીતિ, તેમનો પ્રેમ અને તેમની કૃપાના પાત્ર બનીએ; અને જો આ રીતે જીવન જીવાતાં હોય તો શું સ્વર્ગનો આનંદ આપણે અહીંયા જ પ્રાપ્ત ન કરી શકીએ?

**"હું મુનિઓના વંદને ગયો."**:- આચાર્યદેવ કહે છે, "એ સમાચાર મળતાં જ મને ઘણો આનંદ થયો અને તરત તે મહાત્માઓને વંદન કરવા પર્વતગુફામાં ગયો. ત્યાં મેં તે મુનિ-ભગવંતોને હર્ષિત વદને વંદના કરી. તે મહાત્માઓ તો

સ્વાધ્યાય–ધ્યાનમાં નિમગ્ન હતા! તેમને જોતાં જ મેં શરીરે રોમાંચ અનુભવ્યો."

**આપણે અને મહાત્માઓ:**-આપણે જેમ ચૌદ-રાજલોકના મધ્યમાં છીએ, તેમ મહાત્માઓ પણ ચૌદ રાજલોકના મધ્યમાં છે. પરંતુ આપણે આપણી જાતને ભૂલી જગતની ચિંતા કરીએ છીએ, જગતના પદાર્થોની તૃષ્ણા અને રાગદ્વેષથી કલુષિત વિચારણાઓ કરીએ છીએ, જયારે એ મુનિ–મહાત્માઓ ચૌદરાજલોકમય વિરાટ વિશ્વને ભૂલીને પોતાના પ્યારા આત્માની સંભાળ લઇ રહ્યા છે! તપ, ત્યાગ અને જ્ઞાન–ધ્યાનમાં લીન થઇ ગયેલા છે. બહારના જગતથી સાવ નિરાળા બની તેઓ એક જ પોતાના સાધુ-જીવનના કર્તવ્યોને બજાવવામાં એકતાન બનેલા છે! હવે આપણી પામર સ્થિતિનો જરા ખ્યાલ કરો. જગતની જંજાળ ફોગટ માથા પર લાદીને જીવન પુરૂં કરી રહ્યા છીએ કે નહિ? પરંતુ જગતની જંજાળ ઓછી કર્યા વિના આત્મચિંતા થઈ શકશે નહિ.

'**(મેં) મુનિવરની અમૃતમય દેશના સાંભળી:**-" રાજા ગુણસેન એકતાન થઈ વિજયસેનાચાર્યનો વૃત્તાંત સાંભળી રહ્યો છે. આચાર્યદેવ આગળ કહે છે, "મેં વંદના કરી; તે કરુણાસાગર મુનિવરોએ મને "ધર્મલાભ"ની શુભાશિષ આપી. હું તેઓશ્રીની પાસે વિનયથી બેઠો અને તેમના વિહારની સુખશાતા પૂછી. ત્યારબાદ નિષ્કારણબન્ધુ એવા એમણે મને અમૃતમય દેશના સંભળાવી. શું એમની વાણીની મધુરતા! આંતરને ભેદી નાખે તેવાં તેમનાં વૈરાગ્ય વચનો જાણે સાંભળ્યા જ કરીએ તેમ થયું! ત્યાં મેં થોડીકવાર તેઓશ્રીની ઉપાસના કરી, પાછો હું નગરમાં આવ્યો."

મુનિવરો ગૃહસ્થો સાથે ટેલ–ટપ્પામાં પડે જ નહીં. એ તો પોતાના જ્ઞાન ધ્યાનમાં જ મસ્ત હોય. પરંતુ જુએ કે કોઈ અર્થીજીવ આવ્યો છે, તો તેને આત્મકલ્યાણના બે શબ્દો કહે

પણ ખરા! જગત સાથે કંઈપણ નિસ્બત ન ધરાવતા હોવા છતાં આ મુનિવરો જગત પર કંઈ વૈરવૃત્તિવાળા ન હતા, કે જગત પ્રત્યે તિરસ્કાર કરનારા પણ ન હતા, જગતના સમસ્ત-જીવો પર તેઓ ભાવકરુણાને ધરનારા હતા. તેથી ધર્મોપદેશમાં તેઓ હમેશાં ઉદ્યત હતા. જગતથી નિરાળા એટલે જગતની રાગદ્વેષમય જંજાળથી અલિપ્ત હતા.

**"હું સમકિત પામ્યો"** :- ઉત્કંઠિત બનેલો ગુણસેન રાજા પૂછે છે, "પ્રભુ! પછી શું થયું?"

"મહાનુભાવ! મેં જયારે જાણ્યું કે એ ચારે મહાત્માઓ ચોમાસાનો સમસ્તકાળ મહિના-મહિનાના ઉપવાસથી પસાર કરે છે, એ જાણતાં તો હું ખૂબ જ તેમના પ્રત્યે ભક્તિ-પ્રેમવાળો બની ગયો. મારા આત્મામાંથી તે વખતે જ મિથ્યાત્વ પલાયન થઈ ગયું અને શુદ્ધદેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે અવિહડ-રાગ પ્રગટ્યો. મારી શ્રદ્ધા વધતી જ ચાલી...હું રોજ એ ગિરિ-ગુફામાં જતો અને તે મહાત્માપુરુષોની સેવા-સુશ્રુષા કરતો. મને એ મહાત્માઓ પ્રત્યે એટલી બધી ઝુકાવટ થઈ ગયેલી, કે સતત મારા ચિત્તમાં તેઓ જ રમ્યા કરતા! અને એમ કરતાં કરતાં તો ચાર મહિના ક્યાં પસાર થઈ ગયા તેની કંઈ ખબર પણ ન પડી."

**સારૂં નિમિત્ત સરકી ગયા પછી શું કરી શકશો?** :- જો જો, સારૂં નિમિત્ત જીવનમાં કેટલું મહાન પરાવર્તન આણી દે છે! ઉપાદાન આત્મા તો એનો એજ છે; પરંતુ આ નિમિત્ત મળવા પૂર્વે આત્મામાં કાંઇ ઠેકાણું નહોતું. ત્યારે નિમિત્ત મળ્યા પછી અનુપમ ધર્મશ્રદ્ધા અને ધર્મોલ્લાસ પ્રાપ્ત થયો. પછી એ ધર્મશ્રદ્ધા વધે જાય છે. જેમ ઉપાદાન-કારણ વિના કાર્ય ન સીઝે તેમ નિમિત્ત વિના પણ કાર્ય નથી સીઝતું, એ ઠામઠામ દેખાય

છે. જેમ પાણીમાંથી ઘડો બન્યો નથી જાણ્યો, તેમ માટી સો વર્ષ એમજ પડી રહે, તોય એનો ઘડો થયો જાણ્યો છે? ના. એ તો નિમિત્તભૂત કુંભાર આવે, ચાક ઉપર ચઢાવે, 'તો ઘડો થાય છે. આ શું સૂચવે છે? એજ કે સારૂં નિમિત્ત મળ્યા પછી સારૂં કાર્ય કરવામાં વિલંબ ન કરો. નિમિત્ત સરકી ગયા પછી કાર્ય શું થઈ શકવાનું હતું? કેઇક માણસો 'સંઘ કાઢું, સારૂં કામ કરૂં,' એમ વિચાર કરતા રહી ગયા, અને પૈસા વેપારમાં ગુમાવી નાખ્યા! એ તો નિમિત્તની હાજરીમાં શુભકાર્ય સાધી લેવું જોઈએ. મહામુનિઓના મહાતપને જોઇને વિજયસેન રાજ-પુત્રનો આત્મા પીગળી ગયો. એને એમ થયું, કે "સ્વેચ્છાએ આવી કઠોર સાધના? શા માટે? એ માટે જ, કે પૂર્વે અનિ-ચ્છાએ પરાધીનપણે તો આ જીવે હદપારનું વેઠયું છે, તેય એક એ વાર નહિ. અનંતવાર! વર્તમાનમાંય કેઇ જીવોને અનિચ્છાએ કારમા દુઃખ વેઠવાં પડે છે. પણ એ વેઠેલું બધું નિષ્ફળ ગયું અને જાય છે! ત્યારે ઇચ્છાપૂર્વક ત્યાગ-તપ અને સંયમના કષ્ટ સહવાનું બધું સફળ થાય છે! વાહ! જીવનને એ મહામુનિઓ ધન્ય કરી રહ્યા છે! એ મહાન ભાગ્યવંતા છે! અદ્ભુત આત્મ-પુરુષાર્થી છે! સંસારના કાંઠે આવી ગયા છે!" ઇત્યાદિ વિચારણાએ અને મહાત્માઓ પાસેથી મળતી તત્ત્વોની સમજ રાજકુમારના મિથ્યાત્વને હટાવી તેના આત્મામાં સમ્યક્ત્વરત્નનો પ્રકાશ પ્રગટાવ્યો, શ્રદ્ધાનાં બીજ વાવ્યાં! વળી દિનપ્રતિદિન શ્રદ્ધાને સિંચીને પુષ્ટ કરી.

**"વહેલી પ્રભાતે હું મુનિવરોને વંદન કરવા ચાલ્યો:-"** સહે-લાઇથી મળેલા મુનિસેવાના અણમોલ અવસરને વંદન-પર્યુપાસના વગેરે આરાધનાથી રાજકુમારે સાર્થક કરવા માંડ્યો. એમાં સદ્-ગુરુપર શુદ્ધગુણોનો અનુરાગ થાય, સ્વાર્થરાગ, દષ્ટિરાગ કે સ્નેહ રાગ નહિ, પણ શુદ્ધ ધર્મરાગના ઘરનો ગુણાનુરાગ થાય, તો

પછી બાકી શું રહે? રોજ શ્રદ્ધા વધે! અને શ્રદ્ધા જેમ જેમ વધે તેમ તેમ આત્મા પરમાત્માની વધુ નિકટ આવવાનું કરે!

વિજયસેન આચાર્ય કહે છે, કે "ચાર મહિના જોતજોતામાં નીકળી ગયા, ચોમાસું ઉતર્યું, છેલ્લી રાત્રિ છે. મનમાં એમ થયું, કે 'પ્રભાતે મહાતપસ્વી મુનિઓ તો વિહાર કરી જશે. ફરી તે પુણ્ય-પુરુષોના દર્શન ક્યારે મળે? જીવ આજસુધી અનંતકાળ તો અંધારે અટવાયો હતો; એમાં આ મહાન પ્રકાશ મલી ગયો! પણ તે હવે જાય છે, તો લાવ છેલ્લે છેલ્લે પેટ ભરીને મુનિ-વરોનાં દર્શન કરી લઉં.' એમ વિચારી રાત પુરી નહોતી થઈ, છતાં મધુરી રાતે ઉઠ્યો. ભગવંતના દર્શનનિમિત્તે નગર બહાર નીકળ્યો. થોડેક ગયો, ત્યાં તો એક મહાન આશ્ચર્ય જોયું!"

જોજો, આશ્ચર્ય બહુ જ સુંદર છે! મહા મંગળકારી છે! પણ એ જોવા મળે કોને? ભાગ્યશાળીને! એમતો એવાય હીનભાગી જીવ હોય છે કે જે સમવસરણ જેવા મહાન ચમત્કારિક મંગળ નિમિત્તને પામવા છતાં પણ નિષ્ફળ કરે છે, પણ જે સફળ કરી શકે એમ હોય છે, એવાનેય એવી સારી સામગ્રી મહાન પુણ્યના ઉદયે મળે છે, અને તો જ ઉન્નતિ સાધી શકે છે.

**દેવોનું આગમન:**-વિજયસેન આચાર્ય મહારાજ કહે છે કે, "નગર બહાર નીકળી જોઉં છું તો ત્યાં નજીકમાં રહેલો ગાંધાર પર્વત ગાજી રહ્યો છે! સુગંધીથી મઘમઘતો પવન વાવા લાગ્યો છે! પૃથ્વી હાલી ઉઠી! ગગનાંગણુ મહાન પ્રકાશથી ઝગમગ થઈ રહ્યું! જયજયારવનો ધ્વનિ વિસ્તરાઈ ગયો! આવું અદ્ભુત, રોમાંચક અને પ્રસન્ન વાતાવરણ જોઇ કોને હર્ષ ન થાય? મારૂ તો દિલ હલી ઉઠ્યું. આમેય ગુરૂજીને વાંદવાનો હર્ષ તો હતો જ; એમાં હવે વૃદ્ધિ થવાથી હર્ષનો પાર રહ્યો નહિ. ઉત્સુકતા પણ ઉભરાઈ ઉઠી. મને થયું કે 'લાવ, કાંઈક આશ્ચર્યકારી ઘટના લાગે છે, તો જલદી જલદી જાઉં...વહેલો પહોંચી જાઉં,...' એમ કરી

ત્વરાથી પગલાં ઉપાડચાં. જ્યાં ગન્ધારગિરિની ગુફા પાસે પહોંચ્યો, ત્યાં જઈને જોઉં છું તો જમીન પરનો ઘાસ–કચરો સાફ થઈ ગયો છે! જમીન સપાટ બનાવી દેવામાં આવી છે! એના પર સુગંધીમય પાણીનો છંટકાવ કરી દેવામાં આવ્યો છે! પુષ્પોના ગુચ્છ પાથરી દેવાયા છે! આકાશમાંથી દેવો ઉતરી આવ્યા છે! એ દેવો ચારેય મુનિમહાત્માની સ્તુતિ કરે છે: 'અહો! ભગવંત, આપનું મનુષ્યપણું સફળ અને સુલબ્ધ થયું! આપે રાગ–દ્વેષ–મોહ વગેરે આંતર વિકારોને ક્ષય પમાડી દીધા! કર્મ-શત્રુની સેનાનો આત્મા ઉપર અનાદિ કાળથી હલ્લો હોવા છતાં એને હવે કાયમ માટે આપે હરાવી દીધી! આપ તો હવે સંસાર-સમુદ્ર તરી ગયા! શાશ્વત શિવસુખની સિદ્ધિ આપે હાથ કરી લીધી!"

હવે આ બધામાંથી પદાર્થોના પૃથક્કરણ કરો. ચરિત્રના પ્રસંગોમાંથી ખરું તો એ કરવાનું હોય છે. કોરી કથાના શોખીન ન બનતા. કથાનુયોગમાંથી તો ચરણ–કરણ અને દ્રવ્યાનુયોગ મળે. પણ કયારે? બારિક અને વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવે તો. ચાલો આપણે કેટલાક મુદ્દાઓ પર બારિકાઈથી વિચારણા કરીએ.

**(૧) સાચો ભાગ્યોદય ધર્મ નિમિત્ત પામવામાં છે.:—** અહીં રાજકુમાર વિજયસેનનો ભાગ્યોદય જુઓ. દુનિયામાં અનેક પ્રકારના ભાગ્યોદય દેખવામાં આવે છે; પણ આ ભાગ્યોદય બધાને ટપી જાય એવો છે. જે ચાતુર્માસમાં સમ્યક્ત્વ, તેજ ચોમાસાના અંતે મહાન સંવેગ–વિરાગને જન્માવે એવો અલૌકિક પ્રસંગ જોવા મળે, એ કેવી ગજબ પુણ્યાઈ! મહર્ષિઓની ભક્તિમાં દેવો ઉલટી પડચા છે, ત્યાં પૃથ્વી, પવન અને પર્વત હર્ષોલ્લસિત થઈ જાય, એમાં શી નવાઈ?

**(૨) ધર્મની મહાન તાકાત:—** આ સૂચવે છે કે આમ સ્વતંત્ર એવી કુદરત પણ ધર્મને પરતંત્ર બને છે! કુદરતી

મહાસ્થિર એવા ઇન્દ્રોના સિંહાસન પણ પ્રભુના કલ્યાણક આદિથી ધ્રૂજી ઉઠે છે! નહિતર દુન્યવી કયી વસ્તુ કે કયો પ્રસંગ એને સહેજ પણ કંપાવી શકે એમ છે? એ તો એક મહાધર્મની જ તાકાત છે. માટે જ ધર્મ પર આસ્થા સ્થાપો, સ્થિર કરો, અને વધારો. વિજયસેન ઠેઠ પહોંચતાં. દેવોને ભક્તિરંગથી મહાત્માઓની સ્તુતિ કરતાં જુએ છે. એ પહેલાં તો જમીન સાફસૂફ, સુગંધી–જલથી સિંચિત અને પુષ્પોથી આચ્છાદિત થઇ ગઇ છે!

(૩) **વિનય ભક્તિનું પ્રતિક:—** મહાત્માઓ તો ત્યાગી છે. વિરાગી છે; પણ આ શોભા શું સૂચવે છે? દેવોનો વિનય, દેવોનું ઔચિત્ય અને દેવોની ભક્તિને સૂચવે છે. પરંતુ વિનય—ભક્તિની ખામી હોય છે ત્યારે પ્રશ્ન ઉઠે છે, 'ભગવાન કે મહારાજને તો જરૂર નથી, તો પછી આ ધાંધલ અને ખર્ચ શા માટે? એના કરતાં જયાં જરૂર છે એવા દયા દાનમાં ખર્ચોને?'

(૪) **ભક્તિ ત્યાગવૃત્તિને ઉશ્કેરે:—** પરંતુ અંતરંગ ભક્તિ—બહુમાન સામાની જરૂરિયાતોનો વિચાર નથી લાવતું, પણ પોતાની ત્યાગવૃત્તિને ઉશ્કેરે છે. ઉપકારીને કેટલી જરૂર છે, એમ નહિ પણ 'ઉપકારીના પૂજનમાં હું મારૂં શું સમર્પું?' એમ ભાવ જગાડે છે. દા. ત. ઘરમાં વૃદ્ધ પિતા માત્ર શેતરંજી પર સુવાની વૈરાગ્યવૃત્તિવાળા જ હોય, પણ સુપુત્રને એમ થયા કરે છે કે 'હું એમને સારા રેશમી ગાદલા પર સુવાડું; સુંદર કપડાં પહેરાવું...' અને એ પ્રમાણે કરે એમાં શું અજુગતું છે? ત્યાં પિતાને જરૂરી કે અજરૂરીનો પ્રશ્ન નથી રહેતો! અહીં દેવો સહજ રીતે આજુબાજુનું વાતાવરણ મનોરમ્ય કરી દે છે અને ભક્તિ કરવા આવનારે એ કરવું જ જોઇએ. પછી ત્યાં એમ ન વિચારાય કે 'મંદિરમાં સામગ્રી નથી

રહેતી,' ત્યાં તો તરત પોતાના ખર્ચે સામગ્રી લાવી વાતાવરણ શુદ્ધ અને શોભિતું કરવું જોઇએ.

**(૫) વિવેકનું અજવાળું**:—જે પરમાત્માની પૂજા ભક્તિથી કરોડો-અબજોના પુણ્ય મેળવવા છે, એમની ભક્તિ માટે અહીં એના પ્રમાણમાં થોડોય ખર્ચ નહિ કરવાનો? કોઇ ભોગ નહિ આપવાનો? કૃતજ્ઞ આત્મા તો જરૂર ભોગ આપે. પાછો દેવોનો ભક્તિ—વિવેક પણ એવો હતો કે ગુફાની બહારની મોટી જમીન પણ વ્યવસ્થિત રીતે સાફ, સુગંધિત અને ફૂલોથી સુશોભિત કરી છે. એમ નહિ કે 'મહાત્માની આસ-પાસની બબ્બે હાથ જગા બરાબર કરો, વધારેનું શું કામ છે? અથવા જરા સાફ કરો, કે સહેજ પાણી છાંટો, બીજું શું કરવું છે?'

**(૬) આપણે ક્યાં છીએ?**:— વિવેક ન હોય તો કૃપણતા અને અવ્યવસ્થિતતા આવી જાય. તમે પ્રભુના સ્નાત્ર મહોત્સવ, પૂજા મહોત્સવ ઉજવો છો ને? ત્યાં મંદિરની બહાર ચારે બાજુ ૧૦-૧૦ હાથ પણ આવી રીતે સુગંધિત જળ-છંટકાવ, અને પુષ્પ પથરાવો કે નહિ? જો નહિ, તો ભક્તિ હોવા છતાં વિવેક ઓછો છે એમ શું નથી લાગતું?

**(૭) પૂજા-પ્રભાવના કેમ કરાય?** :— ઓછા વિવેકથી ભક્તિનો વેગ ઓછો, અને ફળના ટકા ઓછા મળશે. ભલે આઠ દિવસનો મહોત્સવ નહિ, પણ બેજ દિવસની પૂજા ભણાવો; પણ આવા વિવેક સાથે ભણાવો તો તે તમને અને લોકને બાર મહિના અનુમોદનાનો લાભ આપ્યા કરશે. આઠ દિવસ પ્રભાવના નહિ, પણ બેજ દિવસ પ્રભાવના કરો. પણ તે કેવી? મોટા ખોબા ભરીને સંઘને અપાય અને ઉપરથી નમસ્કાર કરાય! સાથે, 'આ તો અમારા પારસનાથ

ભગવાનની પૂજા અંગે આનંદ-લ્હાણી છે' એમ આજુબાજુના જૈનેતર રહેવાસીઓને પણ પહોંચાડાય. તેમજ ગરીબ દીન-દુઃખીને છૂટે હાથે વહેંચાય, એવી પ્રભાવના કરો. એ એજ વખતે સ્વ-પરનો મહાન, પવિત્ર અને ઉચ્ચ ભાવોલ્લાસ જગાડશે! પાછળથી પણ ભારે અનુમોદના કરાવશે! આનાં મૂલ્ય સમજો છો? કેવા મહાન કર્મક્ષય અને પુણ્ય કમાઈ થાય? જૈનેતરો વાતો કરે, 'આજે શું છે ભાઈ? આજે જૈનોના પારસનાથ ભગવાનની પૂજા છે!...વાહ! જૈનોના ભગવાન કેવા મહાન! કે એમના જૈનો આવા ઉદાર!!' વગેરે વગેરે. આ શું થયું? એ લોકોને ભવાંતરમાં બોધિની જૈનધર્મની પ્રાપ્તિ સુલભ કરી આપી.

(૮) **ગીત કોના ગાવાનાં?**:- દેવોને પણ સ્તવવા યોગ્ય, પ્રશંસવા યોગ્ય હોય તો તે મહાત્માઓ છે. મહાત્માઓએ સાધેલો અંતરંગ રાગાદિ શત્રુઓ પર વિજય અને કર્મક્ષય, એ ગાવા યોગ્ય છે. સંસારનો અંત અને મોક્ષસિદ્ધિ ગાવા યોગ્ય છે, દેવોનેય ગાવા યોગ્ય આ છે! તમારે શું? આજે તો દુનિયાનું જેને વધારે મળ્યું હોય છે, એને વધારે મળ્યાના આનંદનો આફરો ચઢ્યો છે, એટલે એને લગતા ગુણગાન કરે છે. ત્યારે ઓછાવાળો એના મનોરથ અને ઓરતામાં સડી રહ્યો છે! એટલે એ પણ એના જ ગુણ ગાય છે! પરંતુ એ સમજાતું નથી કે એના ગુણગાન શું ગાવા'તા? ગુણ ગાવા તો મહાત્માઓના ગાઓ, તેય મન હોય તો ગાવા એમ નહિ, પણ મહાત્માના ગુણ જરૂર ગાવાના! સંસારના વિસ્તારની પ્રસંસા કરનારી કવિતા ગાવાની નહિ, પણ સંસારના સંકોચ અને ઉચ્છેદની પ્રશંસા-કવિતા ગાવી જોઇએ. આવો રૂડો સંજોગ જોવાનો વિજયસેન રાજપુત્રને કેમ મળે છે? 'કાલે ઉપકારી ગુરુદેવો જવાના છે, તો છેવટની ઉપાસના કરી લઉં,' એમ વિચારીને રાતના ઉઠીને ગયો છે તો.

(૯) **તકને ઝડપી લો**:- એ સૂચવે છે કે સુકૃતની

જે કોઈ તક મળે તેને ઝડપી લો, પરમાર્થ-પ્રવૃત્તિની જે કોઈ ઘડી વધાવી શકાય, તેને વધાવી લો. એવું કરતાં કરતાં સટોડીયાની જેમ કોક ઘડી એવી લાધી જશે કે જેમાં ઉત્તમ નિમિત્તના યોગે ઊંચી ભાવનાનો સોદો લાગી જશે, અને કેવળજ્ઞાન જેવા ઊંચા લાભનો નફો મળી જશે.

(૧૦) **સત્સંગ કેમ શોધ્યો ?** :- બીજી એ પણ સમજવા જેવી વાત છે કે રાજશાહી વૈભવમાં ઝીલતા વિજયસેન રાજકુમારને સત્સંગની કકડીને ભૂખ લાગે, એ સૂચવે છે કે ખરી રીતે એ વૈભવોમાં સુખશાંતિ જેવું નથી. તો જ સુખશાંતિ માટે સત્સંગ શોધાય અને ખૂબ સેવાય. ચાર ચાર મહિના સત્સંગ કરવા છતાં રાજકુમાર એનો સંતોષ વાળી દેતો નથી કે, 'ચાલો બહુ સેવ્યા મહારાજને, હવે કયાં થોડા માટે દોડીએ ? ફરી વળી આવશે ત્યારે જોઈશું !'

જયાંસુધી ચોર લૂંટારાના વનમાં ભટકીએ છીએ, ત્યાંસુધી સત્સંગરૂપ સિપાઇ સાથે જોઈએ. સત્સંગનો સંતોષ રખાય જ નહિ. આમાં ચૂકે એને લૂંટાતા શી વાર ? ત્યારે કર્મસત્તા મોહથી લૂંટાયેલાની ભયંકર દુર્દશા કરે છે !

વિજયસેન ઘેરથી વહેલી સવારે નીકળી અહીં આવ્યો, ને દેવોની ભક્તિ દેખી. એમાં આપણે ઘણા મુદ્દા વિચાર્યા, એ ભૂલવા જેવા નથી. હવે જુઓ કે દેવતાઓ શા માટે મુનિવરોની ભક્તિ કરે છે.

**'ચારે મુનિઓને મેં કેવળજ્ઞાની દીઠા !'** :- ગુણસેન રાજાને વિજયસેન આચાર્ય કહે છે, "એ જોતાં મને લાગ્યું કે 'ખરે જ ! આ મહર્ષિઓને કેવળજ્ઞાન પ્રગટ થયું છે ! જન્મ-જરા મૃત્યુથી એ હવે મુકાયેલા છે !' એટલામાં તો કેવળજ્ઞાનના પ્રભાવથી રત્નમય સિંહાસન પર ચારેય મહાત્માઓને બિરાજમાન થયેલા જોયા. હવે તો મહર્ષિઓના ચિત્ત શાંત થઇ ગયા

છે. હવે તેઓને ધ્યાનની જરૂર નથી. જેની ખાતર ધ્યાનની સાધના હતી, તે વસ્તુ વીતરાગતા અને કેવળજ્ઞાન તો પ્રાપ્ત થઈ ગયા! માટે જ શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિની મુદ્રા ધ્યાનસ્થ નથી હોતી, પણ પ્રશાંત મધ્યસ્થ ભાવની હોય છે. મધ્યસ્થ એટલે ન રાગારૂઢ, ન દ્વેષારૂઢ. ધ્યાનસ્થ દશા એ તો સાધક અવસ્થા છે; જયારે આ તો હવે સાધ્યની સિદ્ધિ કરી ચૂકયા છે. હવે એમનો સંસાર સંકેલાઇ ગયો."

આ બધું જોતાં મને વિચાર થયો કે 'આમાં કોઇ શંકા નથી, નક્કી આ કેવળજ્ઞાની છે. માટે જ એમના રાગદ્વેષાદિ દોષો નાશ પામી ગયા છે; અને એ વીતરાગ, સર્વજ્ઞ, તથા અનંતવીર્યવાન લબ્ધિમાન અને અનંતગુણ-સંપન્ન બનેલા છે! પૂર્વે એમના હાથેથી જ હું સમ્યક્ત્વ પામ્યો હતો અને સમ્યક્ત્વનો આદર્શ તો કેવળજ્ઞાન પામવાનો તથા આત્માના અનંત ગુણ પ્રગટ કરવાનો છે. એ જ વસ્તુ મને સાક્ષાત્ અહીં જોવા મળી! તે પણ મારા અનંત ઉપકારી ગુરુદેવોમાં! કેવી એમના આત્માની મહાશ્રેષ્ઠ પુરુષાર્થી અવસ્થા! કેવી એમની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ! ત્યારે એવા એમના દુર્લભ દર્શન પામવા જોગા કેવા મારા અહોભાગ્ય!' એ વિચારમાં મને અપૂર્વ આનંદ થયો, 'અહો! હું આ શું જોઇ રહ્યો છું! મને આ જોવા મળ્યું?' મારૂં હૃદય ભરાઇ આવ્યું! મારી આંખમાં ઝળઝળીયાં ઉભરાઇ આવ્યાં! આખા અંગે ઝણઝણાટી વ્યાપી ગઇ! રોમાંચ ખડા થઇ ગયા! કેવું અદ્ભુત દશ્ય! દર્શને દુઃખ હરંત! અત્યંત વિસ્મયચકિત થઈ જવાથી મારાં નયન વિકસ્વર થઇ ગયાં, શ્વાસોશ્વાસ વેગમાં ચાલવા લાગ્યો, અંગોપાંગ ઉછળું ઉછળું થઈ રહ્યા!"

**ભાગ્ય પ્રગટાવવા પ્રયત્ન કરોઃ**–રાજપુત્ર વિજયસેનને કેવો અદ્ભુત આનંદ થાય છે, એના પણ જરા વિચાર કરો.

એના આત્માનો પ્રદેશે પ્રદેશ આનંદથી લચબચ છે! એ વખતે કેવી મહાન કર્મનિર્જરા એણે કરી હશે! જગતમાં જીવને ઘણાય સંયોગ મળ્યા, અને ટળ્યા; પણ નથી મળ્યો એક શુદ્ધ બુદ્ધ અવસ્થામાં કેવળજ્ઞાની વીતરાગ પ્રભુનો સંયોગ! અત્યારે તમને એ મળે તો? ન્યાલ થઈ જાઓ ને? તો રાજકુમારને એ મળે ત્યાં આનંદની શી કમી રહે? એના આનંદને જોઈને આપણુનેય એમ થાય કે 'એની આગળ વર્તમાનમાં દેખાતી રૂપાળી પણ દુનિયા જોઈ શું ખુશી થવું તું?' પણ કહો, કેમ એ સંયોગ મળતો નથી? એજ કહેવાના કે 'તેવું ભાગ્ય નથી.' તો એવું ભાગ્ય શું આકાશમાંથી ઉતરી પડે છે? એના માટે સારી કમાણી જોઈએ ને? પૂર્વે એ નથી કરી તેથી તેવું ભાગ્ય નથી સર્જાયું, હવે અહીં પણ એ કરણી નહિ થાય, અર્થાત્ જો વર્તમાનમાં મળેલી મન, વચન અને કાયાની શક્તિઓને ધર્મ સાધનામાં જો ઉમદા રીતે ખર્ચવામાં નહિ આવે અને સંસાર-સાધનામાં વેડફાઈ જશે તો ભવાંતરે શું? 'અમે કેવા હીનભાગી કે અમને કેવળી ભગવંતનો સંયોગ નથી મળ્યો...' એ અફ-સોસી સાચી ત્યારે ગણાય કે ભવિષ્યમાં એ મેળવવાની તમન્ના હોય, તાલાવેલી હોય, અને એ માટે ઉદ્યમ થાય. સાચી તમન્ના હોય તો શું એના માટે પ્રયત્ન ન થાય? જરૂર થાય. ત્યારે એ પ્રયત્ન શું? પ્રયત્ન એજ કે વર્તમાનમાં મળેલા દેવગુરુ અને ધર્મની ઉપાસનામાં આત્માની સર્વશક્તિ કામે લગાડી દેવાની. અને એ પ્રયત્ન કરો એટલે પછી કેવળી ભગવંતનો સંયોગ શુદ્ધબુદ્ધ અવસ્થામાં થયા વિના રહે જ નહિ. ચાર મહર્ષિ-ઓએ ચાર માસમાં આત્માની સર્વ શક્તિઓનો ઉપયોગ સંયમ અને તપસાધનામાં કર્યો તો સઘળાંય પાપકર્મોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો! અને સ્વયં પરમાત્મદશાને પ્રાપ્ત કરી ચૂકયા!

**સાચાસુખને પામવાનો પ્રયત્ન શું?**:—નફાનો વેપાર હાથ

લાગ્યા પછી, વેપારી વેપાર કરવા માટે દુઃખ કે કષ્ટ વેઠવા તૈયાર જ હોય ને? એ પાછું દુઃખને દુઃખરૂપ ન માને, કેમ ખરૂને? તેમ અહીં આ મહર્ષિઓને ધર્મવેપાર કરવાની આ મોટી તક હતી. નફામાં કર્મક્ષયનો લાભ થવાનો તો ચોક્કસ જ હતો. પછી શું કામ બાકી રાખે? વિચારજો, આપણે શું કરવાનું છે અને કેવા થવાનું છે? એમણે ચાતુર્માસમાં માસખમણના પારણે માસ-ખમણની તો તપસ્યા આદરી હતી! ગુફામાં રહી જ્ઞાન–ધ્યાનમાં જ ઓતપ્રોત રહ્યા! જંગલના ભયોને દૂર વિસારી દીધા! શું ઠંડી કે શું ગરમી, શું ચાંચડ કે શું મચ્છર, શું ભૂખ કે શું તરસ, સર્વ પરીષહોને એમણે પ્રસન્નચિત્તે સહ્યે રાખ્યા! કહો તો ખરા, કે શા માટે આ બધું સહવાનું? શું સુખ નહોતું ગમતું? સુખ કોને ન ગમે? સુખ માટે તો સૌ કોઈનો પ્રયત્ન હોય છે, પરંતુ આમને સાચું. સુખ જોઈતું હતું. એના આજ ઉપાય સમજતા હતા! તેથી એમાં જ મસ્ત હતા!

ઉચ્ચ માનવજીવન પામ્યા છો તો આવું કાંઈક જીવનમાં ઉતારો. સંસારના નકલી સુખ અને ઠગારી સાહ્યબીના મોહ ઉતારી નાખો. સંસારના તકલેદી, ભભકાદાર અને ફટાકીયા ભોગોથી દૂર ભાગો. નિર્ધારપૂર્વક જીવનમાં ત્યાગ, તપસ્યા અને પરીષહો વગેરે સહવાનો અભ્યાસ રાખો. 'આવા મહાત્મા આટલી ઊંચી આરાધના કરી શકે તો આપણે સામાન્ય પણ આરાધના ન કરી શકીએ? એમણે હતું એય ત્યજ્યું, ત્યારે આપણે બધું છોડ-વાની વાત તો પછી, પણ જે નથી મળ્યું, તેની લાલસા અને તેની પાછળના વલોપાત તો છોડી શકાય કે નહીં? આચાર્યશ્રી કહે છે.

**'કેવળી ભગવંતને મેં ત્રણ પ્રશ્નો પૂછ્યા':–** કેવળજ્ઞાની ભગવંતોને જોઈ હું અવર્ણનીય શુભ અવસ્થાને પામ્યો! હૈયે આનંદનો સાગર ઉછળ્યો! આંખ અશ્રુજળથી છલકાઈ ઊઠી! આ જોવાનું ક્યાં મળે! વિકસિત નયને ધરણી પર ઢળી મેં કેવળી ભગવંતોને પંચાંગ

નમસ્કાર કર્યા અને તેઓની સમક્ષ નીચે બેઠો. દેવો અને માનવો પણ બેઠા. ત્યાં ભગવંતે ધર્મકથાની વાણીનો અમૃત વરસાદ વરસાવ્યો. દેશના સાંભળતાં સાંભળતાં કેઈ દેવો અને માનવો પોતપોતાના ઇચ્છિત પ્રશ્નો પૂછવા લાગ્યા. ત્યારે મને પણ થયું કે 'આ જ્ઞાની ભગવંતોને હું શું પૂછું ?' એટલામાં હૃદયમાં શલ્ય-ભૂત બનેલો મારો સ્વર્ગસ્થ મિત્ર વિભાવસુ મારા મનમાં ઉપ-સ્થિત થઈ ગયો. ત્યારે મને વિચાર આવ્યો કે 'એ મારો મિત્ર મરીને ક્યાં ઉત્પન્ન થયો હશે?' લાવને, એજ હું પૂછી લઉં.' એમ વિચારી કેવલી ભગવંતને મેં પૂછ્યું,

"હે ભગવાન, આજથી કેટલાક કાળ પૂર્વે મારો મિત્ર વિભાવસુ કાળધર્મ પામ્યો છે, તો (૧) એ મરીને ક્યાં ઉત્પન્ન થયો છે? (૨) અત્યારે કઇ અવસ્થા અનુભવે છે? અને (૩) જો કે હું મોક્ષમાર્ગ સમજ્યો છું છતાં પણ મિત્રના વિયોગરૂપી અગ્નિથી મારા ચિત્તમાં પ્રગટેલો સંતાપ હજી કેમ શાંત થતો નથી?"

રાજપુત્રની કેવી વિવેકદષ્ટિ! એ સમજે છે કે મોક્ષમાર્ગને જાણ્યા પછી તો મનના અશુભ સંતાપો ઉપશમ પામી જવા જોઈએ! કેમકે અશુભ સંતાપનો વિષય સંસાર છે; અને સંસાર તો અસાર હોવાનું જાણી લીધું છે, તેથી અસારના સંતાપ શા કરવા? એ સમજી લીધું છે.

**વિભાવસુ કૂતરાના ભવમાં:**— કેવળજ્ઞાની ભગવંતે કહ્યું, "હે મહાભાગ! (૧) આજ ગંધારપુર નગરમાં પુણ્યદત્ત નામનો ધોબી છે. એને ત્યાં મધુપિંગા નામે કૂતરી છે; તારો મિત્ર મરીને એ કૂતરીના ગર્ભમાં કૂતરા તરીકે ઉત્પન્ન થયો છે.

"(૨) એ કૂતરા તરીકે જન્મ પામી ચૂક્યા પછી હાલમાં અતિ કઠણ દોરડાથી બંધાયેલો છે. ક્ષુધાથી એનું અંગ સૂકાઇ ગયું

છે, ધોબીને ધોવાના કુંડની બાજુમાં રહેલો છે. ધોબીએ ગધેડાની પાસે એ કૂતરાને બાંધી રાખ્યો છે, તેથી ગધેડાની લાત વાગવાના ડરથી એ ગભરાયા કરે છે. આવી ભયંકર અવસ્થા એ અનુભવી રહ્યો છે." કેવળજ્ઞાની ભગવંતને કેવળજ્ઞાનથી બધું પ્રત્યક્ષ દેખાય છે. આપણે ક્યારે પામીશું એ જ્ઞાન? આપણું જ છે એ; છતાં એ કેવળજ્ઞાન ઉપર કર્મની શિરજોરી હોવાથી આજે આપણે અજ્ઞાની બન્યા છીએ! અજ્ઞાન કાઢવું હોય તો કર્મ હટાવો.

**ક્યારે શું ચાલી શકે?** :– હવે ધારો કે કદાચ આ રાજપુત્ર અભિમાન કરે કે "મારા મિત્રને ધોબી ભૂખ્યો ભૂખ્યો સાંકળે બાંધ્યો રાખે છે?" તો તે અભિમાન ચાલે? ના, મિત્ર જીવતો હતો તે વખતે ચાલત. પણ ત્યારે ન જોયું!

'મારા પતિ–પુત્ર વગેરે દુર્ગતિમાં કેમ જાય? ન જ જવા દઉં,' એમ હજી પતિ—પુત્રાદિ જીવતાં હોય તો ચાલે. ત્યાં ન જવા દેવાનો ઉપાય જીવતાં જીવતાં જ યોજી શકાય. પણ મરી ગયા પછી કાંઇ જ ન ચાલે. અરે, કર્મની કુટિલતા હોય તો કેટલુંક તો જીવતાંય ન ચાલે! દા. ત. 'હું મારા સગાંને રોગી ન થવા દઉં, વૃદ્ધ ન થવા દઉં,' એ શક્ય નથી. હજી શક્ય છે એક મહાન વસ્તુ, 'હું મારા સ્નેહીને દુર્ધ્યાન ન કરવા દઉં' દીકરો હાથમાં હોય તો કહી દેવાય, 'જો, દુર્ધ્યાન ન કર! પાંચ રૂપિયા વધારે ખરચ થાય તેનો વાંધો નહિ, પણ દુર્ધ્યાન ન કરવું. દુર્ધ્યાનથી દુર્ગતિ થાય છે, ભવમાં ભ્રમણ વધે છે. ત્યારે શુભધ્યાનથી સદ્‌ગતિ થાય છે, કર્મક્ષય થાય છે. શુભધ્યાન રાખો, આપણા ઘરમાં દુર્ધ્યાન ન જોઈએ. પૈસાની બહુ ચિંતા નહિ, કંઈ નુકશાન થાય તેની પરવા નહિ, ઓછું મળે તેની પરવા છોડી, મનને બગડતું અટકાવો. અંતરમાં શુભ લાગણીઓ અને શુભ વલણ ટકાવી રાખો.'

'જૈનકુળ તો સદ્‌ગતિ અપાવનારૂં હોય, અને સદ્‌ગતિ દુર્ધ્યાનથી ન મળે. દુર્ધ્યાન એ દુર્ગતિમાં જવાનો ચાળો છે, આત્માને કાળો કરનારૂં કાજળ છે.'

એવું કાંઈક શિખામણ દેવાનું કર્યું હોય પછી સ્નેહી માટે 'કર્મે કેમ એને કૂતરો બનાવ્યો?' એમ હજી ફરીયાદ કરી કરાય. ખરી રીતે તો પોતાના જ જીવને કહો કે "જીવ! તું સાવધ નહિ રહે તો કર્મ તનેય દુર્ધ્યાનની સજા તરીકે દુર્ગતિમાં ઘસડી જશે! ક્યાંક બિલાડો બનાવી એજ કૂતરાની પાસે મૂકશે, કે એજ કૂતરો તને ફેંદી નાખે!

**કષાયવનમાં ભૂલા ન પડો:—** વિભાવસુ કૂતરો થઇ ગયો! કૂતરો તો ખરો, પણ રાણી ઇલિઝાબેથનો નહિ હોં! કર્મને ક્યાં શરમ છે? ક્યાં એને વિચાર છે કે 'મહાન કુળના મનુષ્ય જેવાને કૂતરો કેમ બનાવાય?' કર્મને કોઈ કષાયવનમાં ભૂલો પડેલો જડવો જોઇએ! જંગલમાં રાક્ષસી લૂંટારા હોય છે ને? કેવા? કોઇ ભૂલા પડેલા મળે તો બાર વગાડી દે! એમ અહીં પ્રભુએ બતાવેલા ત્યાગ-વિરાગના રાજ માર્ગને મૂકી, રંગરાગ અને ભોગ વિલાસના જંગલમાર્ગે જીવ ભૂલો પડયો એટલીવાર! પછી કર્મ લૂંટારા જે ભયંકર જુલ્મ ગુજારે છે, તેનું વર્ણન પણ આપણા હૃદય થથરાવી દે તેવું હોય છે.

**મિત્રસ્નેહનું કારણ:—**આચાર્ય દેવ કહે છે, "મારા ત્રીજા પ્રશ્નનાઉત્તરમાં કેવળજ્ઞાની ભગવંતે કહ્યું કે (૩) 'જો પૂર્વજન્મમાં કુસુમસાર નામે તું શ્રેષ્ઠિપુત્ર હતો, અને તારો મિત્રનો જીવ શ્રીકાન્તા નામે તારી પત્ની હતી. પૂર્વભવના એ સ્નેહથી આ ભવમાં એ તારો મિત્ર થયો. અને હવે એ થયો કૂતરો. આમ મોહના કારણે તારૂં હૃદય સંતાપ પામી રહ્યું છે.'

**ધોબીનો કૂતરો એટલે?:—**જ્યાં મોહ થયો, પછી એના વિરહમાં એની જાણે જપમાળા શરૂ થાય છે. એના પર રાગ

ઉછળે, એના અંગેની વિચારણાના ધોધ વહે! કેવળજ્ઞાનીનો આ ખુલાસો સાંભળીને તમારા મનમાં શું થાય છે? કૂતરો તો કૂતરો, પણ પાછો ધોબીનો? એટલે ન ઘરનો કે ન ઘાટનો! સમજી રાખજો કે આ સંસારમાં જીવ ધોબીના કુતરા જેવો જ છે. મૃત્યુ આવ્યું કે ન અહીં સ્નેહી સંઘરે, કે ન ભવાંતરે સારૂં સ્થાન મળે! એટલે ન ઘરનો કે ન ઘાટનો! શું સમજ્યા? ધોબણે ઘેરથી ભાતું મોકલ્યું હોય તેથી એ સમજે કે કૂતરાને ધોબીએ ખાવા આપ્યું હશે, આપ્યું છે કે નહિ, એ પૂછવાની વાત નહિ! માની લેવાનું કે ઘાટ પર ખવડાવ્યું હશે! હવે ઘાટ ઉપર ધોબી માને કે કૂતરો ઘેરથી ખાઈને આવ્યો હશે, એટલે પોતે બધું ખાઈ જાય! પણ કૂતરાને ખાવા આપે નહિ. પાછો છૂટોય મૂકે નહિ, કે જેથી બિચારો બીજે ખાઈ આવે! કદાચ થોડો છૂટો મૂકે, તોય ઘાટ પર એટલું વધારે કોની પાસે હોય કે જે કૂતરાને દાન કરે? કે કૂતરા માટે વધારો મૂકે? વિચારજો, જીવને ભૂખે મારવો હોય તો કર્મને બધું આવડે છે.

**કૂતરાની કરુણ સ્થિતિ પર દયાઃ—** એક તો એ કૂતરો ભૂખે બેહાલ છે! વળી ગળે રસી બાંધેલી છે. પાછો એની પાસે ગધેડો એવો ઊભો છે કે એના પગેથી કૂતરાના દુબળા શરીર પર કયારે લાત પડે એનો પત્તો નહિ! ન મરે એ જુદી વાત, પણ કૂતરાને સતત ભય રહ્યા કરે; તેથી સુકાયા કરે છે.

વિજયસેન આચાર્યશ્રી કહે છે, "તે સાંભળીને પહેલાં તો મને સંસાર પર કંટાળો આવવા સાથે ધર્મ પર આસ્થા અને પ્રીતિ વધી ગયા. પરંતુ કૂતરા પરના સ્નેહથી આકર્ષિત મનવાળા મેં કૂતરાને છોડાવવા માટે પુણ્યદત્ત ધોબીના ઘેર તરત મારા માણસો મોકલ્યા, અને કહ્યું, "જાઓ, તે

કૂતરાને જલદી છોડાવી ખાનપાન કરાવી, એને લઈને અહીં જલદી આવો.'' હુકમ મુજબ મારા માણસો કૂતરાને લેવા ગયા.

"અને ટૂંક સમયમાં તો તેઓ લઇને આવી ગયા. અહાહા! કેવી કૂતરાની દુર્દશા! બિચારાના શરીર પર કીડા ઉત્પન્ન થઈ ગયા છે. શરીર પરના એ કીડા શરીરને કોચી ખાય છે! તેથી શરીર પર ઘા પડી ગયા છે. ભૂખ અંદરથી માંસ ખાય, અને કીડા બહારથી ચામડું ખાય!! કેવી કરુણ દશા! શરીર બહુ જ ક્ષીણ થઈ ગયું છે. શ્વાસની ધમણ જોરમાં ચાલે છે, જીભ બહાર લબડી રહી છે, તેથી કૂતરો દયાપાત્ર દેખાય છે. એક માત્ર ઉજ્જવળ દાંતની પંક્તિ દીપી રહી છે. ધીમો ધીમો એ કૂતરો મારી તરફ આવી ઊભો રહ્યો. કઈ દશા? જાણે એ દયા યાચતો હતો! ચાલવા-નીયે તાકાત નહતી! ચામડીને કીડા કોચતા હોય ત્યાં કેમ દીનતા ન આવે? ભૂખે મર્યા કરવાનું હોય ત્યાં ચાલવાની તાકાત ક્યાંથી હોય? એવા એ દુ:ખી કૂતરા પરથી મને મહાન સંવેગ થયો. મને થયું કે 'અહો કેવો ભયંકર છે આ સંસારવાસ! કર્મની પરાધીનતામાં પડેલા જીવની આ સંસારમાં કેવી દારુણ દશા છે! જીવોની રાગની ચેષ્ટાઓનું સંસારમાં ખરેખર, આવું જ ત્રાસદાયી પરિણામ આવીને ઊભું રહે છે! અહો? કેવી આ મોહમૂઢ દશા છે, અજ્ઞાનથી અંધ દશા છે, કે જીવ પોતે જ પોતાની બરબાદી કરે જાય છે!,

**વિચારણામાં સાવધાની જોઈએ:**– ઉત્તમ જીવે આ પ્રસંગ સમજવા જેવો છે. જો અહીં ડહાપણ ન હોય તો તો વિચાર આવે કે, 'ધોબી ખાવા નથી આપતો? કેવો નાલાયક એ!'' પણ આવો વિચાર કરવામાં શો લાભ? ધોબીનું અને કૂતરાનું તો થવું હશે તે થશે, પણ આવો વિચાર કરે એટલે પોતે તો કષાયમાં પડે જ! બીજાના દોષ જોવાની સતેજ વૃત્તિથી દ્વેષનો પગદંડો જામી જાય છે. જગતનું આડુંઅવળું જોવા–સાંભળવામાં

કેટકેટલું જોખમ છે? કારણ કે જયાં ત્યાં કાંઈ ને કાંઈ જોવામાં કે સાંભળવામાં તો આવી જાય જ; અને ત્યાં જો દ્વેષમાં કે રાગમાં તણાયા, તો માત્ર જોવા–સાંભળવાના અપરાધે અઢળક પાપો બાંધવાના! માટે જ જગતના એવા એવા પ્રસંગોએ તાત્ત્વિક વિચારણા કરવાનું શીખી લેવું જોઈએ. પણ તે વિચારણાનો ખૂબ અભ્યાસ પાડવો પડશે. તો જ તે અવસરે ઉપયોગી બને. ભગવાન મહાવીર સ્વામી પર સંગમે ક્રૂરતા કરી, તે સાંભળીને તમને શું થાય? 'સંગમ કેવો પાપી...અધમ! કેવો...હરામખોર! દુષ્ટે પ્રભુને આવું કર્યું? ચંડાળ...' આવું જ કંઈકને? આ તાત્ત્વિક વિચારણા નથી. વિચારણા તો એમ કરવી જોઇએ કે 'અહો! પ્રભુ પાસે અનંત બળ હોવા છતાં પ્રભુએ આટઆટલું સહન કર્યું! એ કેવી એમની ધીરતા! વાહ મારા પ્રભુ! ધન્ય છે તમને!..."

**'કૂતરો મારી નજીક લાવવામાં આવ્યો':**- શ્રી વિજયસેનાચાર્ય કહે છે: 'ગુણસેન! સંસારને વિષે જીવો જે દ્વેષ અને પ્રેમની રમતો કરે છે, એના ભયંકર વિપાકો જયારે આવીને ઊભા રહે છે ત્યારે સંસારમાં જીવને અશરણ–નિરાધારપણે રીબાવું પડે છે, એ અતિ ભયંકર થઇ પડે છે.' આ વિચારણા હું કરી રહ્યો હતો ત્યાં તો કૂતરાને માણસોએ ઠેઠ મારી સમીપમાં હાજર કર્યો. તેઓએ કહ્યું, 'દેવ! આ તે કૂતરો.' ત્યાર બાદ તે કૂતરો મને જોઇને પોતાની લાંબી પૂંછડી હલાવવા માંડચો. આંખમાં આંસુ ભરાઈ આવ્યાં; ડોક ઊંચી કરીને દુઃખથી મોઢું હલાવવા માંડ્યું...કોઇક અકથ્ય અને વિલક્ષણ અવસ્થાને પામીને એ ચીસ પાડવા લાગ્યો.' કેવી પરાધીન દશા છે! મનુષ્યને દોષો અને દુર્ગુણથી દોરવાઇ દુષ્કૃત સેવતાં કોઇ વિચાર નથી આવતો કે 'અહો, જીવ! આ કાળી કાર્યવાહી કેટલા કાળ માટે?'

કૂતરાની આ અવસ્થા જોઈ મેં કેવળી પ્રભુને પૂછયું, 'પ્રભુ!

કેમ આ કૂતરો મારા તરફ આમ આકર્ષાય છે ?'

પ્રભુએ કહ્યું, "એનો પૂર્વભવનો તારી સાથેના સ્નેહનો અભ્યાસ હજી ઊભો છે."

મેં પૂછ્યું, 'તો શું એ મને ઓળખે છે ?'

"હા, જાતિસ્મરણની જેમ વિશેષથી નહિ, પરંતુ સામાન્યથી ઓળખે છે."

**ભાવનાની આવૃત્તિ:—** "અર્થાત્ એવા જ પ્રકારનો આ સંસારનો સ્વભાવ છે, કે જેથી પૂર્વભવોમાં જે ભાવનાનો અભ્યાસ કર્યો હોય, તે પછીના ભવોમાં અજાણતા પણ કેટલોક કાળ ચાલ્યા કરે છે ! આનો અર્થ એ થયો કે સારી કે નરસી, મનુષ્યભવમાં જેવી ભાવનાનો અભ્યાસ કર્યો, તેની આવૃત્તિ કેટલાય કાળ સુધી આગળ ચાલે છે. સારી ભાવના કરવાની કે ટકાવવાની મહેનત એક ભવની, એના ઈનામમાં સારી ભાવનાની પરંપરા કેટલાય ભવ સુધી ચાલે! તેમ નરસી ભાવનાની ભૂલ એક ભવની, એની સજામાં નરસી ભાવના, નરસાં કૃત્ય, અને નરસા દુઃખદ પરિણામ અનેક ભવ સુધી ચાલે!"

**દુર્ભાવના ત્યજો, સદ્ભાવના ભજો:—** આ ખૂબ યાદ રાખવા જેવું છે. એથી માનવભવની કિંમત સમજાશે, જીવ ખરાબ ભાવના કરતાં ભડકશે, સારી ભાવનાને શોધી શોધીને આદરશે. મનને ઝટ એમ થશે કે 'અહો! જો હું અહીં નરસી ભાવના કરીશ તો એ દુર્ભાવનાની આવૃત્તિ પાછળથી પણ ચાલ્યા કરવાની. એટલે કે મારે દુર્ભાવનાઓને ઈચ્છવી નહિ પડે, તેમને લાવવા મહેનત નહિ કરવી પડે; વગરખ્યાલે અને સહજ ભાવે એ મારી પૂંઠે પડશે!! પછી ત્યાં પરભવે બીજી કાંઈ ધર્મ-સમજ કે ધર્મની ઓથમાંય કદાચ નરસી ભાવનામાંથી હું પાછો તો નહિ હટું, પણ એનાથી ભયંકર દુષ્કૃત્યો કરતાં ય નહિ

અચકાઉં! દુર્ભાવનાના પાયા ઉપર દુષ્કૃત્યના મહેલ ચણાશે, પછી મારી કેવી કારમી દશા! તો એની મૂળભૂત નરસી ભાવના અહીં જ ન થવા દઉં તો? અહીં ખરાબ ભાવના ન કરવાથી કાંઈ દુન્યવી નુકશાન નથી થવાનું; તેમ ખરાબ ભાવના કરવાથી કાંઈ સુધરી પણ જવાનું નથી. તો પછી ફોગટ શા માટે મન બગાડવું? મન બગાડવાથી તો લાભ લાભને ઠેકાણે રહેવાનો, પણ દુર્ભાવનાનો અભ્યાસ મારા પલ્લે પડી જવાનો; મને ભવાંતરમાં પીડવાનો. માટે એ કરૂં જ નહિ! ત્યારે સારી ભાવના અવશ્ય સેવું, વારંવાર સેવું, ખરાબ સંયોગમાં પણ ભાવના સારી રાખું.' સારી ભાવના ખાસ મન મજબુત કરીને કેળવવી પડે, તો એના સંસ્કાર આત્મામાં ઊંડા ઉતરવાના અને પછી તો ઉપર કહ્યા મુજબ આ સારી ભાવનાના અભ્યાસ ભવાંતરે આવૃત્ત થયા કરવાના! આ ભવની સાવધાનીથી આવું જો નક્કી કરી શકાતું હોય તો એ કેટલું બધું સુંદર, મહાકલ્યાણકારી અને નિશ્ચિન્તકારી! માટે ચાહી ચાહીને, ખ્યાલ રાખી રાખીને, સારી ભાવનાઓ ખૂબ ખૂબ સેવો, એજ તમારા દુઃખી આત્માનો ઉદ્ધાર કરશે. એ કરશો તો જ પછી મળેલા દેવગુરુધર્મના સંયોગ સફળ કરવાની તાલાવેલી રહેશે; તો જ માનવ ભવનો ઊંચો સદુપયોગ કરી મોક્ષ સુધી જઇ શકશો. એ બધાનો આધાર દુર્ભાવનાનો ત્યાગ અને સારી ભાવનાના ખૂબ સેવન ઉપર છે.

**જાતિ અને કૂળના મદે વિભાવસુને કૂતરો બનાવ્યો છે:-** શ્રી વિજયસેનાચાર્ય ગુણસેન રાજાને કહે છે, "પછી મેં કેવળજ્ઞાનીએ પૂછ્યું, 'પ્રભુ! કયા કર્મના વિપાકે, કયા પાપે, મિત્ર વિભાવસુનો જીવ આવો કૂતરો થયો?"

કેવળી મહર્ષિએ ખુલાસો કર્યો, 'જાતિમદથી ઉત્પન્ન થયેલ કર્મના વિપાકે, જાતિ અભિમાનના પાપે."

પાછું મેં પૂછયું, 'ભગવંત! એણે કેવા પ્રકારનું અભિમાન કર્યું હતું?'

**વિભાવસુએ કયાં મદ કર્યો?:—** સર્વજ્ઞ પ્રભુએ કહ્યું, "સાંભળ, અહીં આ નગરમાં જ કેટલાક કાળ પૂર્વે એકવાર મદન ઉત્સવનો પ્રસંગ હતો. એ વખતે ભિન્ન ભિન્ન જાતિ-ભાતિના લોકોનાં ટોળાં જુદી જુદી જાતનાં કપડાં પહેરી ઉદ્યાનમાં જઈ રહ્યાં હતાં. એમાં આ તારો મિત્ર અનેક પુરુષોના સમૂહથી પરિવરેલો, એ પણ ઋતુની ક્રીડાને અનુભવી રહ્યો હતો, કે જે ક્રીડા બહુ લોકોના પ્રશંસાનું પાત્ર બનેલી હતી. ત્યાં નજીકમાં એક ધોબીની ટોળી, કે જે ગાતી ગાતી પસાર થતી હતી, તેને એણે જોઈ. એ ટોળીનો આગેવાન પુષ્યદત્ત ધોબી હતો, કે જેને ત્યાં હાલ વિભાવસુ મરીને કૂતરો થયેલ છે. વિભાવસુ પોતાની પાસેથી જતી તે ધોબીની ટોળીને જોઈને અજ્ઞાન દોષથી પોતાની જ્ઞાતિ અને કુલ વગેરેના ગર્વથી કહે છે, 'કેમ આ નીચ લોકની મંડળી ઠેઠ અમારી મંડળીની બાજુથી પસાર થાય છે? ભાન છે કે નહિ? અમે તો ઉચ્ચ બ્રાહ્મણ...અને આ નીચ ધોબીઓ...' એમ કહી ધોબીઓને કદર્થના કરી."

**અજ્ઞાનતામાં માણસ ઘણું ભૂલે છે:-** અભિમાન કોણ કરાવે છે? અજ્ઞાનતા દોષ! પામર જીવ અજ્ઞાન છે, એને ખબર નથી કે (૧) ઊંચુ-નીચું કુલ કોણ આપે છે? (૨) પોતે ભૂતકાળમાં કેવા કેવા અધમ કુલો પામ્યો હતો? (૩) આગળ પર આ ગર્વ કર્યાનું કેવું ભયંકર પરિણામ આવવાનું છે? (૪) ધોબીની નીચ દશા કરતાં ખૂબ જ અધમ અને નીચ દશાવાળા કૂતરાનો અવતાર આવશે તો કઇ સ્થિતિ થશે? (૫) અહીં કુલ-મદથી શું લાભ? (૬) ગુણ-દોષ કયા કુળ સાથે સંબંધ રાખે છે? વગેરે ઘણી તાત્ત્વિક વસ્તુથી વિભાવસુ અજાણ છે. જો આમાંની થોડી પણ વસ્તુ બરાબર ખ્યાલમાં

રખાય તો પછી માણુસ ગર્વથી દૂર ભાગે. ગર્વ કરવાથી ગુણ આવતા નથી, ગર્વથી ગુણ શોભતા નથી, ગર્વથી તો લોક ઉલટું પાછળથી નિંદે છે, અરે! ગર્વની આદતથી માણુસ સારાં કામ બગાડી નાખે છે, ગુમાવી દે છે!

**વિભાવસુએ પુષ્યદત્તને કેદખાનામાં ધકેલ્યોઃ**–"વિભાવસુએ ધોબીઓની ટોળીમાં પુષ્યદત્ત આગેવાન છે, એમ કરીને એને પકડયો; અને એની ખૂબ કદર્થના કરી. એના શરીરના સર્વ અંગોપાંગને જકડીને કેદખાનામાં મોકલાવી દીધો. કેમ આમ? પોતે રાજપુત્રનો મિત્ર હતો ને? રાજયમાન્ય પુરોહિતનો પુત્ર હતો ને? 'લાગવગ પહોંચાડી આ બદમાસને કેદમાં પહોંચાડું!' એમ ઘમંડ હતું. 'વળી આમ સજા કર્યા વિના હીનજાતિના લોકોને ભાન ન આવે. અમારા રસ્તામાં કેમ આવે? એ લોકોએ પાછળના રસ્તે ચાલવું જોઈએ, અમારી હરોળમાં નહીં.'' આમ ઇર્ષ્યા અને નિર્દયતા હતી.

ઇર્ષ્યા એ ભયાનક દોષ છે. 'મને મળ્યું એ બરાબર, પણ પેલાને કેમ મળ્યું?' બે સરખા બચુડા ભાઈઓ હોય, એમાંય મા નથીને કદાચ કોઈકવાર એકને ખૂશ કરવા કંઈ આપે તો એ બીજા સામે ટીખળ કરે! ત્યાં જો માએ બીજાનેય આપ્યું, તો પેલો પહેલો રોવા માંડશે. કજીયા કરશે! કહેશે, 'બસ, કેમ એને આપ્યું?' 'અલ્યા કેમ? તને ખરૂં અને તારા ભાઈને નહિ?' પણ ના! ઇર્ષ્યા ચીજ જ એવી છે!

**કર્મે વિભાવસુને કૂતરાના ભવમાં ધકેલ્યોઃ**– "હે રાજન, મને કેવળજ્ઞાની ભગવંતે કહ્યું. કે, 'વિભાવસુએ મોટા અભિમાનમાં પરભવનું આયુષ્ય બાંધ્યું! મદનોત્સવ પૂર્ણ થયેથી નગરવાસીઓ વચમાં પડયા અને પુષ્યદત્તને કેદમાંથી છોડાવ્યો. વિભાવસુ તે ભયંકર પરિણામે બાંધેલા પરભવના આયુષ્યકર્મના ઉદયે મરીને અહીં એજ પુષ્યદત્તને ત્યાં કૂતરો થયો!"

વિચારો, કેવી કર્મની કઠોર શિક્ષા! વિભાવસુએ પુષ્યદત્ત સામે માથું ઊંચક્યું હતું, કર્મે હવે એને પુષ્યદત્તને ત્યાં કૂતરો કર્યો! સાંકળે બાંધ્યો! માથું તો શું ઉંચકે? ખાવાય ધોબીની મરજી હોય તો મળે, એ ન આપે તો ચૂં કે ચા ન થઈ શકે! ભૂખે જ મરવાનું!

વિભાવસુએ મનુષ્યપણામાં કદર્થના કરી હતી, તો ત્યાં પુષ્યદત્તનો તો બચાવ કરનારા હજીય નીકળ્યા; પણ અહીં કૂતરાપણાના અવતારમાંથી આનો બચાવ કોણ કરે? કેવળજ્ઞા-નીએ ઓળખાવવાથી ધોબીના સકંજામાંથી છોડાવ્યો એટલું જ, પણ ભવમાંથી કોણ છોડાવે?

**"વિભાવસુના બેહાલ પર મને સંસાર પર ધિક્કાર છૂટયો":-** "વિભાવસુની આ વાત સાંભળી મને કમકમાટી આવી ગઈ! મનને એમ થયું કે 'અહો! ધિક્કાર છે સંસારવાસને જ!!"

જુઓ વિજયસેનનો વિવેક! એક કદ્રૂ પ્રસંગ પરથી એ આખા સંસારનું માપ કાઢે છે. સંસારમાં રહેવું એટલે આવા પ્રસંગ તો ઊભા થાય જ છે. પછી 'આ એકજ પ્રસંગ ખરાબ, બાકી બીજું બધું સંસારમાં સારૂં,' એવું કેમ જ ચિંતવાય? માટે જ સંસારવાસ એ તિરસ્કારવા યોગ્ય છે. વિભાવસુને થયેલો દંડ કેવો? કર્મે જાતિ તો હલકી આપી, ઉપરાંત એની પાછળ પણ કેટલાં દુઃખ અને નવાં પાપ! હલકા ભવમાં પાપ સિવાય બીજું શું કરે? હલકો ભવ એટલે ધર્મસામગ્રી જેમાં લૂંટાઈ ગઈ હોય.

**આ તો હજી દુઃખનો પ્રારંભ છે!** :- ત્યારે મનુષ્યજન્મ એ કેવીક અદ્‌ભુત કોટિની બક્ષીસ છે, એ ખબર છે? આપણને એમાં (૧) પાપ છોડી ધર્મ સાધવાનું, (૨) દોષ મૂકી ગુણ મેળવવાનું અને (૩) કર્મ બાંધવાનું ભૂલી કર્મક્ષય કરવાનું

મળ્યું છે! વિભાવસુને બિચારાને કૂતરાનો અવતાર! કઇ દશા? ન ખાવાનું ઠેકાણું, ન રહેવાનું ઠેકાણું! ન સ્વાધીનતા, ન સ્વતંત્રતા! શરીરને કીડા કોચે! કીડાઓને બહાર મૂકવાનું ય કૌવત નહિ! ગધેડો લાત મારે એની નિરંતર બીક! એટલે? કિંમતી મનનો ઉપયોગ એ ભયમાં! આપણને એવા ભય નથી એટલું બધું પુણ્ય તપે છે. તેવા અવસરે તો મહામૂલાં મનને જગદ્‌ગુરુ જિનેશ્વરદેવના ધ્યાનમાં જોડાવું જોઈએ. અજ્ઞાન નિરાધાર કૂતરાનો અવતાર એટલે દયા ખાનાર કોણ મળે? જીવના માથે આ બધું અનિષ્ટ લાદી આપનાર કોણ છે? જાતિમદ! એ કૂતરો પણ પાછો બીજે નથી જન્મ્યો, પણ એ જ ધોબીને ત્યાં! કેમ જાણે, જેનો ગુનેગાર એના હાથે જ દંડ! જો કે એક ભવે માર ખાનારો જ બીજે ભવે મારવા આવે, એવો નિયમ નથી, બીજો ય આવે; પણ કર્મ વિચિત્ર છે, તેથી આવું પણ બને. પાછો દંડ દેખીતા ગુના જેટલો નહિ, પણ વધારે! જીવ હલકી જાતિમાં જાય એટલે વધારે કદર્થના! આ તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. આટલેથી વાત અટકવાની નથી! હજી તો બીજા દુઃખદાયી ભવો કરવાના છે. અભિમાન કરેલું ને?

**સંસાર જ ધિક્કારને પાત્ર છેઃ**–વિભાવસુને મનના માનેલા આત્મસંતોષ વિના બીજું શું મળ્યું? 'બરાબર બતાવી દઉં!' એ જ ને? બાકી પૈસા મળ્યા? પેટ ભરાણું? દુઃખ ટળ્યાં? અમરપટો મળ્યો? વાહવાહ થઈ? ના, કશું જ નહિ! પોતે માનેલો આત્મસંતોષ પરિણામે બહુ દુઃખરૂપ થયો. શાથી? એથી જ કે એ બિચારો સંસારનો કીડો હતો. સંસાર એવું જ શિખવે છે અને એવું જ કરાવે છે! ધિક્કાર છે આ સંસારવાસને કે જે જીવોને શરીર અને પાપસામગ્રી આપી ભયંકર પાપ કરાવે છે! જ્યારે ધન્ય છે મોક્ષને, કે જ્યાં આ ધાંધલ જ નથી!

**એકલું સારૂં જ સંસારમાં ન મળેઃ**–સંસારમાં બેઠેલા જીવ શું વિચારશે? એજ કે 'મને માન–મરતબો, સગવડ, સંપત્તિ, સ્વતંત્રતા, બધું સારૂ મળવું જોઇએ. નરસી કોઈ વાત મારે ન જોઈએ.' એમ મનગમતું મળવાનો દાવો રાખશે! દાવો એટલે સમજ્યા ને? હક, અધિકાર! પણ એ કદી ન બને. કોઈ પણ જીવને બધાં સારાંનો સોલ–રાઈટ સંસાર ન આપે! જ્યાં સંસાર ત્યાં એકલું સારૂં કદી ન હોય. સારૂં પણ હોય, નરસું પણ હોય. તેમ સારૂં પણ એકલા પોતાને જ કદી ન હોય, બીજાને ય હોય. માટે ઇર્ષ્યા ખોટી છે. દ્વેષ કરવો નકામો છે, એ આપણુને જ નુકસાનકારી છે. તો આવા સંસાર પર શું રાગ ધરવો?

**સંસાર એટલે સજા જ કરેઃ**-તપાસો તો ખરા કે સંસાર આપણું શું ચાલવા દે છે? શું માન રાખે છે? શું માફ કરે છે? માન કંઈ નહિ, અને માફ પણ જરાય કરે નહિ! ગુનાની જોરદાર સજા! સંસારની કુટિલતા ભયંકર છે. જીવની જરાક ભૂલમાંય જીવનાં ઠાઠાં ભાંગી નાખે! પણ જીવ ભૂલ જ ન કરે એવું ન કરી આપે! ગુનો રોકવામાં નહિ, પણ સજા કરવામાં સાવધાન! કેવો આ સંસાર? આપણુને ગુનો કરતાં એ ન રોકે! જાણે 'કરવા દો જીવને ગુનો!' એમ કરી એ વખતે તો એ જાણે ઊંઘી જાય છે!

**"જ્ઞાની ભગવંતને મેં ચાર પ્રશ્નો પૂછ્યા":**– "ગુણસેન! રાજપુત્ર એવા મને વિચાર આવ્યો કે 'અહો અભિમાનનું અંતે કેવું દારુણ પરિણામ!' પછી મેં સર્વજ્ઞ મહાત્માને પૂછયું, "પ્રભુ! અભિમાનનાં મૂળનું પરિણામ કેવું આવશે? તે જીવ ભવ્ય કે અભવ્ય છે? મોક્ષે જશે કે નહિ? મોક્ષનું બીજ પામ્યો છે કે નહિ?"

**જિજ્ઞાસા શાની છે?** :–જ્ઞાની મળે તો શું પૂછવાનું મન થાય? અથવા કહો કે જીવનમાં જાણવા લાયક હોય તો શું? સદા શું જાણવાની ખાસ જિજ્ઞાસા રહે? 'પાપ ક્યારે છૂટશે? ભવ કયારે મટશે? મોક્ષ કયારે મળશે? સમકિત આવ્યું છે કે નહિ?'...એવી જ બધીને? કે પૈસા કયારે મળશે? દુન્યવી વિષયના સુખ કયારે મળશે? દુનિયામાં નામ કેમ કાઢી શકાય?' આ જિજ્ઞાસાઓ રહે છે? આજ ને? પહેલાંની નહિ! માટે જિજ્ઞાસાના પણ ધોરણો ફેરવો. પહેલી જિજ્ઞાસા સુધારો. જિજ્ઞાસાઓ કેવી કેવી ઉઠે છે, એના પર ઈષ્ટના માપ નીકળશે. જેને જે ઇષ્ટ તેના અંગેની એને જિજ્ઞાસા રહે. શું ઈષ્ટ છે? પૈસા કે પરમેશ્વર? ધાંધલ કે ધર્મ? શું?

**કૂતરો મરીને કયાં જન્મશે?** :– "મને ભગવંતે કહ્યું: 'કુમાર! સાંભળ એનું પરિણામ. એ જીવ કૂતરાના ભવનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી મરીને એજ પુષ્યદત્તની 'ઘોટઘટિકા' નામની ગધેડીના ગર્ભ તરીકે જશે. જન્મ પામશે, પણ પુષ્યદત્ત ધોબીના મનને એ ગમશે નહિ. તેથી એ જન્મેલો ગધેડો કલેશ-પૂર્વક પોતાનો નિર્વાહ કરશે."

જો જો કષાયના કરુણ અંજામ! વિભાવસુએ પુષ્યદત્ત પર થોડીવાર અણગમો કર્યો હતો, હવે પુષ્યદત્ત જીવનભર ગધેડાને અણગમતો કરશે! એવો કરુણ અંજામ આવી ઊભો રહેશે કે ધોબી ગધેડાની ખાવા પીવાનીયે સંભાળ નહિ લે! ખેર, છતાં ગધેડો ઉકરડેય ચરી ખાઈ શકે; પણ ધોબી એટલો છૂટો રાખે તો ને? શરીરને ભાડું પુરૂં કેમ દેવું? મહાકલેશ પણ થશે ગધેડાને! પાછું મજૂરીનું કામ કેવું? પીઠ પર મહા ભાર ઉપાડયા કરવાનો! એથી એ ગધેડો ખૂબ ખેદ અને ખૂબ ત્રાસ પામ્યા કરશે.

**કર્મનાં રૂપકો ધ્યાનમાં રાખો:**— કર્મ બાંધતાં જીવને ભાન હોતું નથી કે તે કર્મોના કેવા ભયંકર પરિણામો

આવશે. માટે કર્મોના પ્રકારની થોડી સમજ જરૂરી છે; કે જે કર્મના રૂપકો ધ્યાનમાં રખાય તો ખોટા વિકલ્પોથી બચી જવાય. બાંધેલા કર્મોનું દેવું ચુકવતાં જીવનું તેલ નીકળી જાય છે. કેમકે એનું એક દુઃખ નહિ, એકવારનું દુઃખ નહિ, પણ કેટલાં અને ક્યાં સુધી એના દુઃખ ચાલે તેનું કોઈ માપ નહિ! કર્મના પ્રકારો વિચિત્ર છે.

**સૌભાગ્ય દુર્ભાગ્ય કર્મ:**—જેને દૌર્ભાગ્ય કર્મ ઉદયમાં હોય એનાં પગલાં જ કોઈને ન ગમે. એ ગમે એવું ભારે કામ કરી આપે, છતાં કદર તો દૂર રહી, પણ ઉપરથી એના પર અણગમો કરે! આ ખૂબી છે સંસારની! જ્યારે કુટુંબમાં એવાય માણસ હોય છે, કે જે કાંઈ જ કામ ન કરે, પણ એનાં પગલાં, એની હાજરી કુટુંબને ગમે! એ સૌભાગ્ય નામકર્મના ઉદયનો પ્રતાપ છે. એક જણ વૈતરું કરવામાંથી ઊંચો ન આવે, છતાં દૌર્ભાગ્ય નામકર્મના યોગે બીજાને એ અણગમતો બને! બીજો શેઠાઈ કરે છતાં સૌભાગ્ય નામકર્મના ઉદયે એ સૌને ગમતો બને! પરમાત્માની સેવા કરો, ગુરુની શુશ્રૂષા કરો, દાન આપો છતાં બીજાને તમે ગમો કે ન ગમો એ વાત નિરાળી છે. બીજાને તમે ન ગમો ત્યાં સેવા, શુશ્રૂષા કે સામાયિકનો વાંક નથી; પણ એ વાંક દૌર્ભાગ્ય નામ-કર્મનો છે. આટલું જો યાદ રાખો તો ઘણીયવાર ઘણા વિકલ્પથી બચી જાઓ, દ્વેષથી બચો, શત્રુતાથી બચો. 'હું આટઆટલું કરું છતાં આમ?' એ ફરીયાદ જ ખોટી છે. દૌભાગ્ય નામ-કર્મરૂપ મેશનો ચાંલ્લો લઇને આવ્યા હોઈએ તો બીજાને અકારા જ લાગીએ! જ્યારે સૌભાગ્ય નામકર્મ જાગતું હોય તો માણસ કામ ન કરે છતાં એ શેઠને ગમે!

**આદેય-અનાદેય કર્મ:**- એમ આદેય નામકર્મમાં એવું છે કે એક માણસ યુક્તિબદ્ધ વાત કરે, સારી વાત કરે; પણ જો

એનું આદેય નામકર્મ ઉદયમાં ન હોય, તો કોઇ એનું વચન ઝીલે નહિ. ત્યારે જો આદેય નામકર્મ ઉદયમાં હોય તો એની યુક્તિ વિનાની કે ખરાબ વાત પણ ઝીલાય !

**યશ–અપયશકર્મ**:– એવું યશ–અપયશ નામકર્મમાં ! એક માણુસ પરમાર્થના કામ ઘણાં કરે, કાયાનો ભોગ આપે, પૈસા પણ ખરચે, છતાં જો યશનામકર્મ ન હોય, કિન્તુ અપયશ નામકર્મ ઉદયમાં હોય તો એને જય ન મળે, પણ અપયશ મળે ! અને એક માણુસ કશુંય ન કરતો હોય, પોતાની સેવા બીજા પાસે કરાવે, ટાંપા બીજાને ખવરાવે, પૈસાય બીજાના ખરચાવે, છતાં એને જશનામકર્મ ઉદયમાં હોય તો જશ મળે.

**સુસ્વર–દુસ્વર કર્મ**:- એવાં જ સુસ્વર નામકર્મ અને દુઃસ્વર નામકર્મ ! એક જણુ કઢેલાં દૂધ પીએ, સરસ ભોજન જમે પણુ જો દુઃસ્વર નામકર્મનો ઉદય હોય તો એનો ગળાનો સૂર સારો ન હોય. જયારે બીજો તેલ મરચુંય ખાતો હોય, દૂધ પણુ ન મળતું હોય, છતાં પણુ એનો સ્વર એવો હોય કે એ ગાય ત્યારે લોકના મસ્તક ડોલાવે ! કેમકે એને સુસ્વર નામકર્મનો ઉદય છે ! એકનો સ્વર કોકિલ કંઠ જેવો બહુ મીઠો હોય, બીજાનો સ્વર કર્કશ ભેંસાસૂર જેવો હોય...આ બધી કર્મની લીલા છે.

**આત્મશુદ્ધિના જ લક્ષથી શુભ કાર્યો કરે જાઓ**:– આવાં કર્મનાં વિચિત્ર રૂપકો ધ્યાનમાં રાખી ખોટા કુવિચારોથી બચી જવું જોઈએ. કોઇને આપણું કર્યું ન ગમવા ઉપર બીજા સારાં કામો કરવાનાં મૂકી ન દેવાય. ત્યાં વિચારવું જોઈએ કે ‘ જશનામકર્મ ન હોય તો જશ ન ય મળે, એમાં શું ? આપણે તો સારાં કામોથી આત્માની શુદ્ધિ કરવી છે. ત્યાં વર્તમાનના જશ અપજશની બહુ પરવા શા માટે કરવી ? સારા કામ કર્યે જવું.’ જશની લેશ પણુ ઝંખના વિના મોટાં મોટાં કામો મહાપુરુષોએ

કુર્યાં છે. કામને માથે નામ પણ નથી લખ્યું ! કેમકે જશ નહોતો લેવો. રાણકપુરના દેરામાં ધના પોરવાડે નવાણું ક્રોડ દ્રવ્ય ખરકુર્યું, છતાં શું બહાર બોર્ડ છે કે "આ દેરાસર ધના પોરવાડે કરાવ્યું છે." ? જશનો આધાર જશ નામકર્મ પર છે. સત્કાર્યથી નવાં પુણ્ય ઉપાર્જન કરી શકાય, નવી કર્મ નિર્જરા કરી શકાય, પણ જશ મળવાનું નક્કી નહીં ! એ કર્મસત્તાના હાથમાં ! પરંતુ લોકની વાહવાહ કરતાં આત્મલાભ ક્યાં ઓછો છે ? આ જાણો ને સમજો તો કેવું અદ્ભુત આશ્વાસન મળે ?

કર્મોના સીતમ પર સીતમ તે જીવ પર વરસે કે જે જીવ શ્રી અરિહંતદેવે દર્શાવેલા કર્મસિદ્ધાન્તને કોરાણે મૂકી પોતાના મનમાન્યા માર્ગે સ્વચ્છંદ આચરણ કરે. વિભાવસુએ એ કર્યું તો કર્મસત્તાએ એની કેવી ખબર લઈ નાંખી ? તે હકીકત કેવળજ્ઞાની બનેલા મુનિવર વિજયસેનકુમારને કહી રહ્યા છે.

**વિભાવસુનો જીવ ચંડાળને ત્યાં અવતરશે :—** "હે ગુણસેન ! કેવળજ્ઞાની મુનિવરે મને સંબોધતાં કહ્યું, 'હે કુમાર, એ દુઃખી ગધેડો એમ જલદી મરીને છૂટશે નહિ; પણ પોતાનું આયુષ્ય હશે ત્યાં સુધી મજૂરી વેઠી વેઠીને પછી મરશે. ત્યાંથી પુષ્પદત્તની નજીક રહેલા 'માતૃદત્ત' નામના ચંડાળની 'અનધિકા' નામની સ્ત્રીની કુક્ષીમાં નપુંસકપણે જન્મશે. ત્યાં પણ જન્મ પામીને કદરૂપું શરીર અને દૌર્ભાગ્ય નામકર્મના કલંકથી દુષિત થશે."

ધ્યાનમાં રાખજો, અભિમાન, અન્યાય, ત્રાસ, તિરસ્કાર વગેરે આચરણનાં આ મહાકટુ ફળ છે ! અહીં વિભાવસુનો જીવ ભલે મનુષ્યનો ભવ પામશે. પરંતુ કદરૂપો એવો હશે કે કોઈ એની સામે જોવાય નહિ ઈચ્છે ! દુર્ભાગી એવો થશે કે કૂતરાથી ય ભૂંડી હાલતે બધે હડધૂત થશે ! માણુસ માણુસાઈ ખીલવવાના હક અને

તક અવગણી પશુની જેમ ઇર્ષ્યા, ઘમંડ, ક્રૂરતા, અન્યાય વગેરે પશુતાને છાજે એવું આચરણ કરે, તો ભવાંતરે કર્મથી ભયંકર રીબામણ પામે એમાં શી નવાઈ?

કેવળજ્ઞાની ભગવાન આગળ કહે છે, 'ત્યાં વિષયસંગને જાણ્યા વિના કેટલોક કાળ દુઃખિત જીવન જીવી એ સિંહના સપાટામાં આવશે, ત્યાં સિંહ એને ફાડી ખાશે!'

અહો! કેવી કરુણ દશા! બિચારો સિંહનો શિકાર બની જવાનો! કેમ એમ? કહો, પાપી જીવને ભટકવાનું સ્થાન એવું જ મળે, કે એ અકાલ મૃત્યુ પામે! એકવારના જાતિમદ પર શું શું સર્જાયું? ચંડાલપુત્ર નિર્દોષ છતાં કેવી કદર્થના અને દૌર્ભાગ્યના કલંકનો ચાંલ્લો? મેંશનો નહિ, જાણે ધીખતા લોખંડના અગ્નિના ડામનો ચાંલ્લો! એકલું સુખ જ નહિ એમ નહિ, પણ અંતે સિંહના જડબામાં ચવાઈ મરવાનું!

**સકામ નિર્જરા અને અકામ નિર્જરાઃ**– સિંહના ડાચે ચવાશે તોયે છૂટકો નહિ થાય! આ અકામ નિર્જરા. શ્રી પાર્શ્વનાથ ભગવાનના જીવને પૂર્વભવમાં દુશ્મન સિંહે જીવતા ફાડી નાખ્યા, છતાં એમણે સકામ નિર્જરા કરી, તો ઊંચે દેવલોકે, અને તીર્થંકરના ભવની નજીક ગયા. ખૂબી એ કે સકામ–અકામ નિર્જરામાં દુઃખ એક જાતનું, પણ એકમાં આત્માની ઉચ્ચ સ્થિતિ હોય છે, ત્યારે બીજામાં આત્માનું અધમપણું! સકામમાં આત્મા હલકો થાય છે, અકામમાં આત્મા ભારે થાય છે.

સકામ નિર્જરા એટલે નિર્જરાની કામનાવાળી કર્મ નિર્જરા; અર્થાત્ કર્મ ખપાવવાના અવસરે એવી ઇચ્છા રહે કે 'કર્મ ખપાવવા માટે હું કર્મના ઉદય સહું, દુઃખ વેઠીને ય કર્મ ભોગવી લઉં, જેથી કર્મ રવાના થઇ જાય.' આમ ખુશી થઈને દુષ્કર્મના વિપાક સહન કરે. કેમકે એ કર્મ પોતે જ

ઉપાર્જેલાં છે, અને હવે ખપી જવાનો અવસર છે. બસ, આનો અર્થ એ છે કે કાંઈ પણ સહેવા–વેઠવાનું આવે ત્યાં 'કર્મ ખપશે.' એમ વિચારે. તેથી કર્મના ઉદય તરફ રોષ ન થાય, અને તેથી આત્મા શુદ્ધ બને. ઉદયમાં આવેલાં પાપકર્મોને સમ્યગ્ રીતે સહી લેવામાં કેઈ પાપો નાશ પામી જાય છે અને પુણ્યાનુબંધી પુણ્યગૂના પ્રાભાર ઉપાર્જન થાય છે.

જયારે અકામ નિર્જરામાં એથી ઉલટું છે. ત્યાં જીવને કર્મ ખપાવવાનો કોઈ ખ્યાલ કે રાજીપો જ હોતો નથી. નિર્જરા 'અકામ' એટલે જ નિર્જરાની કામના નહીં, તેથી પાપકર્મના ઉદયમાં તે રાજી ન રહે, પણ રડે ! કર્મના ઉદયને તિરસ્કારની દૃષ્ટિએ જુએ. રોઈ રોઈને સહન કરે. પરંતુ રોદણાં રૂએથી થોડો જ દુઃખથી બચી શકે છે? ઉપરથી રોદણાં–હાયવોય અને કષાયથી થોકબંધ નવાં પાપ ઉપાર્જે છે !

જ્ઞાની કહે છે કે 'વિભાવસુનો જીવ સિંહના જડબામાં ચવાઇ, ત્યાંથી મરીને એજ ચંડાલની ભાર્યાની કુક્ષીએ પુત્રીપણે અવતરશે. બાલ્યકાળમાં હશે ત્યારે જ એને સર્પ કરડશે...આખા અંગે ઝેર વ્યાપી જશે...શરીર લીલું પડી જશે...નસો તણાઈ જશે...'

વિભાવસુના મનુષ્યભવમાં કરેલા જાતિમદ અને અન્યજીવને રીબામણ–પીડામણ વગેરેના ભયંકર ગુનાની કર્મસત્તા કેવી જાલિમ સજા કરે છે, તેની સુનાવણી સાંભળતાં પણ હૈયું કંપી ઉઠે છે ને? ત્યારે આપણા જીવનમાં તો જાણે અજાણે કોઇ એવા ગુના નથી સેવાઈ જતા ને? ધ્યાનનાં રાખજો કે મનુષ્ય જીવનમાં અનાદિકાલના દોષોને દબાવાની શક્તિઓ મળી છતાં, એ સમજીને પણ, દોષોને દાબવાને બદલે દોષોમાં ન્યૂનતા ન રહે એવા એના સરવાળા ગુણાકાર કર્યા, અર્થાત્ દોષોને જો ચોળી ચોળીને

ચીકણા બનાવ્યા તો એથી દુષ્કર્મની લાંબી હાળમાળા સર્જાશે. કણેકને ખૂબ ચોળવાથી ચીકણી થાય છે, ભાતને ખૂબ ચોળવાથી ચીકણા થાય છે; તેમ દોષોને ખૂબ ચોળવાથી ચીકણા થાય છે.

**દોષો ચોળીને ચીકણા ન કરોઃ—** પ્ર૦ દોષોને ચોળીને ચીકણા કરવા એટલે શું ?

ઉ૦ (૧) પહેલી વાત એ કે જ્યાં દોષ સેવવાની જરૂર ન હોય, દોષ સેવ્યા વિના ચાલે તેમ હોય, છતાંય નવો દોષ પરાણે ઊભો કરે. જેમ વિભાવસુએ ધોબી પર ગુસ્સો અને રોફ કર્યા, આ દોષને ચોળીને ચીકણો કર્યો કહેવાય. (૨) પાછું જેટલા પ્રમાણમાં એ દોષ સેવવાથી પતે તેમ હોય તેથીય વધારે સેવે. (૩) વળી જેટલા સમયમાં એ સેવ્યે પતે એમ હોય ત્યાં ન અટકતાં, સમય વધારી દે. (૪) ઉપરથી રાજી થઈ પાપની અનુમોદના કરે, 'ઠીક કર્યું' એમ માને ! આ બધું દોષોને ચોળીને ચીકણા કરવાનું થયું. ચીકણા કર્મ કેમ બંધાય ? આમ જ ! પાપના અનુબંધ સીલબંધ કેમ થાય ? આમ ! વિભાવસુએ જાતિમદ કે ધોબીને રીબામણ કરવાની શી જરૂર હતી? અસલ તો અભિમાન અને તિરસ્કારની જરૂર જ નહોતી. ધોબીને જો શિખામણ આપવી હતી. તો કહેવું હતું કે 'પાછળ ચાલો, જરા વિવેક રાખો.' ...વગેરે. પણ એના બદલે કર્કશ ભાષા, કદર્થના અને કેદ-બંધન સુધી આગળ વધ્યો ! આ નકામા દોષ સેવવામાં હૃદય ઘણું કઠોર, અવિવેકી, અને નિર્દય બને છે. પુણ્યાઇ અને શકિતનો ઉપયોગ અધમ કર્યો, એમાં પાછી કમીના ન રાખી. પૈસા પહોંચતા હોય ત્યાં એમ થાય કે 'શું હું પગે ચાલું ? ન્યુ બ્રાન્ડ મોટર હોય તો જ વટ રહે ! પગે ચાલનારા મુફલીસ હોય છે !...' આવી આવી મલિન વિચારણાઓ કરવી એટલે ચોળીને ચીકણું કર્યું કહેવાય. પરંતુ જો આડુઅવળું બોલ્યા કે માન્યાને બદલે એમને એમ મોટર વાપરી લે તો ચીકણું ન થાય ! જીભ

સારી હોય, પચાવવાની તાકાત હોય,' તો એમ થાય કે 'કેમ સારી ચીજ ન ખાઉં? સારી ભૂખ લાગે છે, પચાવવાની તાકાત છે, તો દશ શું, વીસ ચીજ ખાઉં! ગામડીયા ખાવામાં ન સમજે, બિચારા ભૂખના દુઃખિયારા...આપણે તો હોંશભેર પેટ ભરવાના! અચ્છું અચ્છું બધું ય ખાવાના...!' દોષો ચોળીને ચીકણા આમ થાય. પરંતુ આમાં જીવનું કારમું અજ્ઞાન વર્તે છે. એને ભાન નથી કે પોતાને મળેલી દિવ્ય શક્તિઓને એ ધક્કે ચઢાવી રહ્યો છે, જ્યાં રાચી માચીને દોષો સેવાય છે, ત્યાં દોષો ચોળીને ચીકણા કર્યાનું થયું કહેવાય. અન્યાય, ઉગ્રતા, ગૌરવ વગેરે પાપને ચીકણું કરે છે.

**શક્તિનો સદુપયોગ કરવાનું વિચારોઃ**– શરીર નિરોગી હોય તો એકાસણાને બદલે ભલે ઉપવાસ થાય, વાંધો નહિ આવે, એમ તપસ્યા કરવાની ખુમારી કેમ નથી આવતી? ઉલટું એમ થાય છે કે "શરીર નિરોગી છે તો સારૂં સારૂં કેમ ન ખાઉં?" પૈસા મળે એટલે હવે 'બંગલો કેમ ન બંધાવું?' એમ થાય છે; 'સ્વતંત્ર જિનમંદિર, સ્વતંત્ર પૌષધશાળા, સ્વતંત્ર ધર્મશાળા કેમ ન બંધાવું, જેથી મારા નાતિલાઓ, ગામના સ્નેહીઓ સિદ્ધગિરિ આવે ત્યારે ભલે છૂટથી ઉતરે, મુનિમ હરકત ન કરે,...'આવું દીલમાં આવે છે? ના! દિલમાં ધર્મનું કાંઇ નથી આવતું, દુનિયાનું તમામ આવે છે! એથી દોષ ચોળીને ચીકણા થાય છે.

**પ્રેમ અને દયાના સ્થાને તિરસ્કાર અને ક્રૂરતાઃ**- દોષને ચોળીને ચીકણા કરનારો શું કરે છે? બીજા જીવો પરની દયા, બીજા જીવો પરનો પ્રેમ ગુમાવે છે. ધોબી છે, એને કદી બહાર ફરવા નીકળવાનું મન થાય? ધોબીનું જીવન એટલે? બિચારો ઘાટ ઉપર કેટલાંય કપડાં ધૂએ ત્યારે માંડ રોટલા ભેગો થાય. અસલમાં ધોબીની રોજી જ કેટલી? સો કપડાં ધૂએ ત્યારે

માંડ બે-પાંચ રૂપિયા મળે, એટલું જ ને ? હા, કોઈ પર્વ કે વાર-તહેવારના દિવસોમાં સુખી ગૃહસ્થો પાસેથી વળી કંઈક ઓણી વગેરે મળે. આવા ગરીબ ધોબી કોઇકવાર બિચારા ફરવા માટે નિકળેલા, ત્યાં વિભાવસુએ અભિમાનથી ગુસ્સો અને ત્રાસ વરસાવ્યા; વાસ્તવિક રીતે આવા અવસરે તો પ્રેમ અને દયાનાં દાન કરવાં જોઈએ. પરંતુ અભિમાન ચીજ જ એવી છે કે જે જીવ પાસે ન કરવાનાં આચરણ, ન બોલવાના બોલ અને ન વિચારવા જેવા વિચાર કરાવે છે.

**કર્મસરકારનો અદલ ઈન્સાફઃ—** પરંતુ કર્મસત્તા આવા નિર્મર્યાદિત રીતે દોષોના સેવન કરનારની બરાબર ખબર લઈ નાંખે છે. અહીં કર્મસરકારે કેવો અદલ ઈન્સાફ આપ્યો ? વિભાવસુએ જેના પર રોફ, ગુસ્સો અને ત્રાસ વતાવ્યાં હતાં, તે જ પુષ્યદત્ત ધોબીના તાબામાં વિભાવસુની ફેર બદલી કરી ! અને તે પણ કૂતરાના ખોળીયામાં ! કે હવે એ જ પુષ્યદત્ત ધારે એટલો ત્રાસ અને રીબામણ એને આપી શકે.

અહીં કર્મસરકારની કોર્ટમાં પુષ્યદત્ત કંઇ ફરિયાદ નોંધાવા નહોતો ગયો, પરંતુ કર્મસરકાર એવી છૂપી પોલીસ છે કે જીવ ગમે તેટલું પોતાનું આચરણ છૂપાવા મથે, પણ એ છૂપી પોલીસથી કંઇ જ અણજાણ રહે નહિ ! અને જીવના સારા યા નરસા આચરણનો ચૂકાદો પણ એવો જ ન્યાયપુરસ્પર નિષ્પક્ષપાત રીતે આપે છે. વિભાવસુના કેસની સુનાવણી કેવી થઈ ? જાણ્યું ને ? કર્મસત્તાએ જાણે કહી દીધું, " મનુષ્યભવના ઉચ્ચસ્થાને રહીને તેં જે આ કુકૃત્ય કર્યું, તેની સજા તરીકે જાઓ, તેં જેની વિટંબણા કરી તેના જ હાથે તારી ભયંકર વિટંબણા થશે; તે પણ એક ભવમાં જ તે સજા નહિ પતે, પરંતુ કેટલાય ભવો સુધી તે સહન કરવું પડશે."

કર્મસત્તા જુલ્મી છે ખરી, પરંતુ જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો ભંગ કરે છે તેના માટે; આપણે ભૂલેચૂકે પણ શ્રી જિનાજ્ઞાના ભંજક ન બનીએ તે માટે ખૂબ તકેદારી રાખવી જરૂરી છે. મનુષ્ય ક્રોધાદિકષાયો, રસાદિગારવો, માયા વગેરે શલ્યો, આહારાદિ સંજ્ઞાઓ વગેરેને જયારે પરવશ બની જાય છે, ત્યારે તે ભાન ભૂલે છે; અને પોતાનો જ ભયંકર વિનાશ સર્જે છે. અહીં વિભાવસુનો જીવ કૂતરાના ભવમાં કરુણસ્થિતિ અનુભવી રહ્યો છે. એ જોઇ વિજયસેનકુમાર સંસારથી ઉદ્વેગ પામી જાય છે; અને વિભાવસુના કેવા ભવો સર્જાશે, એ અંગે કેવળજ્ઞાની મહામુનિને પૂછે છે તેના ઉત્તરમાં,

(૧) "કૂતરાનો ભવ સમાપ્ત કરી એ જીવ (૨) 'ઘોટઘટિકા' નામની ગધેડીના પેટે ગધેડા તરીકે જન્મશે, (૩) ત્યાંથી મરીને એ જ ધોબીના મિત્ર ચંડાળને ત્યાં નપુંસકપણે જન્મશે, એ પણ સિંહનો શિકાર બની જશે. (૪) અને ત્યાંથી મરીને એ જ ચંડાળને ત્યાં પુત્રી પણે જન્મશે." પણ બાલ્યકાળે જ સર્પ એને ડસશે અને મરશે, અહીં સુધી શ્રી કેવળજ્ઞાની મહર્ષિએ વિજયસેનકુમારને કહ્યું.

હવે આગળ તેઓશ્રી વિભાવસુની ભવપરંપરા કેવી ચાલે છે, તે બતાવે છે.

**પાંચમે ભવે નપુંસકપણેઃ**–" હે રાજપુત્ર! વિભાવસુનો જીવ ચાંડાલપુત્રીપણામાંથી મરીને એ જ ચંડાળની 'દત્તિકા' નામની પ્રસૂતિકર્મ કરનારી ગૃહદાસીની કુક્ષીમાં નપુંસકપણે જન્મશે. તે બિચારો જન્મથી જ આંધળો, ઠીંગુ અને કૂબડો હશે. દૌર્ભાગ્ય કર્મના ઉદયે આ નપુંસક સઘળા લોકોથી અપમાનિત અને હડધૂત થશે! પાછો આંધળો અને પુણ્યનો અધૂરો, એટલે બિચારો એકવાર નગરદાહમાં ફસાશે. અગ્નિમાં ઊભો સળગશે અને બળીને રાખ થઇ જશે."

**આંતર-અંધાપો ટાળોઃ**—વિચારો, બળી મરવાની કેવી કારમી પીડા! માણસની હોશિયારી કયાં કામ લાગે? બિચારો આંધળો એટલે કરે શું? આ તો બાહ્ય અંધતાનું પરિણામ! પણ મોહથી અંધ બન્યા પછી તો પૂછવું જ શું? મનુષ્યભવમાં ચોળીને ચીકણા કરેલા દોષો અનેક ભવમાં દુઃખ આપે છે! એકેક ભવમાંય અનેકાનેક દુઃખ આપે છે! ખાલી બાહ્ય આંખના અભાવે પણ જો આમ જીવતા સળગી મરવું પડે, તો આંતર વૈરાગ્ય ચક્ષુના અભાવે મોહના અંધાપામાં ભવેભવ કારમા મોત આવે એમાં શી નવાઈ? માટે પહેલું કામ આ કરો, કે અંતરમાંથી મોહનો અંધાપો દૂર કરી તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યની ચક્ષુ ખોલો. આમાં ખર્ચ નથી, મહેનત નથી, કષ્ટ નથી. ભલે ગમે તે સ્થિતિમાં હો પણ હૃદયની આ આંખ ખુલ્લી હશે તો વસ્તુદર્શન યોગ્ય જ થશે. આપણે ભૂલ કરીએ છીએ માટે ભૂલનો બચાવ નહિ કરવાનો, પણ ભૂલને ભૂલ માનવાની; ભૂલને અને ભૂલ કરનાર આપણી જાતને તિરસ્કારવાની, ભૂલમાંથી થતા દુન્યવી લાભમાં શાબાશી નહિ માનવાની, શું સમજ્યા? કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક જાગતો જોઇએ.

**વિભાવસુનો જીવ છટ્ઠે ભવે દાસીપુત્રીઃ**—"નગરદાહમાં બળી પાછો એ છટ્ઠે ભવે એજ દાસીની પુત્રી થશે. એ પણ પીઠસર્પી. એટલે? પગ એવા મળશે કે એથી ચાલી નહિ શકે. ચાલવાનું કે હરવા-ફરવાનું, મન થતાં પીઠ ઘસડીને ચાલશે."

આવો ભવ હજી રાજાને ત્યાં થયો હોત તો તો પલંગમાં સુતાં-સુતાં પણ ખાવા મળે! આ દાસીના ઘરમાં તો ખાવાનાય શા ભલીવાર? ગમે તેવું ખાય. તેમાં પણ આની કોણ સંભાળ લે? દુનિયામાં તો જે ઉપયોગી થાય એનીજ સાર-સંભાળ લેવાય ને? આ બિચારી તો અપંગ! ન હાલી શકે, ન ચાલી શકે! તેમાં વળી બીજું કોઇ એવું વિશિષ્ટ પુણ્ય પણ નથી, કે જેથી કોઇ એની દયા ખાય.

**હાથીના પગ નીચે કારમું મોતઃ-** "એ પીઠસર્પી છોકરી એકવાર રાજમાર્ગ પર પીઠ ઢસડતી જતી હશે, તે અરસામાં એક મદોન્મત્ત હાથી છૂટચો હશે, અને એ આજ રાજમાર્ગ પર દોડ્યો આવશે; 'ત્યાં ભાગો ભાગો...' થઈ રહ્યું હશે. લોકો ભાગશે, ઠેકડા મારી મારીને અટારીએ કે જયાં ત્યાં ચઢી જશે, પણ આ પીઠસર્પી કયાં જાય? ત્યારે એને ઉંચકી પણ કોણ લે? હાથીના પગ તળે એ પીઠસર્પી દાસીપુત્રીનો છૂંદો થઇ જશે."

કેટલાક ઉપદ્રવોમાં બળવાન અને શસ્ત્રધારી જીવો પણ કશું જ કરી શકતા નથી, એ કર્મની સર્વોપરિતા સૂચવે છે. ખબર છે ને આ શાનું ફળ છે? વિભાવસુની માનવભવની મદોન્મત્ત દ્વેષલીલાનું. મનુષ્ય જીવનમાં જીવ પોતાને મળેલી પુણ્યશક્તિના સદુપયોગને બદલે દુરુપયોગ કરે છે, તો દુર્ગતિ એની પૂંઠે પડી જાય છે, એને કરપીણ દુઃખની ઘંટીમાં પીસ્યાજ કરે છે!

જો આનાથી જરાપણ ડર લાગતો હોય તો શક્તિઓનો દુરુપયોગ અટકાવવો પડશે. તે દુરુપયોગ અટકાવવા મન, વચન અને કાયા પર સખત ચોકી જોઇએ. એક વચનપ્રયોગ માટેય સમજી રાખવું પડે કે ઓછું બોલવાથી તેવું નુકશાન નહિ થાય; પણ દીર્ઘવિચાર અને પુખ્ત વિચાર વિનાનું અયુક્ત બોલેલું મહાન નુકશાન કરશે. મનુષ્ય જીવનમાં મળેલી શક્તિથી રોફ કરવો, બળ બતાવવું...એ શક્તિઓનો દુરુપયોગ છે. બુદ્ધિ તીક્ષ્ણ હોય, જ્ઞાન ઘણું હોય, ઇંદ્રિયો તેજસ્વી હોય, પાસે પુરતા પ્રમાણમાં પૈસા હોય, ચાર માણસોમાં છાપ પડતી હોય, મોટામાન-આબરૂ હોય, એ તમામ શક્તિના બેય ઉપયોગ થાય, સદુપયોગ પણ થાય; દુરુપયોગ પણ થાય. પણ જો દુરૂપયોગે જીવ ચડી ગયો તો દુર્ગતિ જ એની પૂંઠે વળગે છે. આજે જે દુઃખ જીવ અનુભવે છે, તે પૂર્વ-જીવનમાં કરેલા શક્તિઓના દુરૂપયોગનાજ પાપે છે!

**પાપકર્મના પનારે પડેલાને કોણ બચાવે ? :–** છોકરી હાથીના પગ નીચે છુંદાઈ મરશે, એને કોઈ જ બચાવનાર નહિ મળે. કોણ બચાવે ? સારા સારા માણસોને પાકિસ્તાનમાં કપાઈ મરતા નજરે દેખવા છતાં, એમને બચાવનારા કેટલા મળ્યા ? તો આને કોણ બચાવે ? ભૂલશો નહિ કે સારા સારાને પણ ભૂતકાળની ભૂલની શિક્ષા ભોગવવી પડે છે. ત્રણ દિવસની લાંઘણ કરનારને પણ તે પહેલાના કરેલા મહિનાના અકરાંતીયા ભોજનની ભૂલ નડે છે ને ? પેટ ચૂંકાય છે ને ? અનેક પીડા થાય છે ને ?

પહેલાંનો એક પ્રસંગ છે. એક શહેરમાં હુલ્લડબાજી ચાલી. ત્યારે એક સર્જન ડોકટર ચીસાચીસ પાડતો ધોરી રસ્તા પર કપાઈ મર્યો. આજુબાજુ મકાનમાં વસ્તી સારી હતી, પચાસ માણસ હેઠા ઉતરે તો પેલા ગુંડા ભાગી જાય એમ હતા, પણ કેમ જાણે ડોકટરના કર્મે લોકના દિલમાં ભયની દિવાલ ખડી કરી દીધી! ડોકટરનું શરીર તંદુરસ્ત અને સુદૃઢ હતું, મુસલમાનો એના ઘરાક હતા, એટલે વિશ્વાસે વિઝિટે જવાનું કર્યું. પણ એ તો દગો હતો. ગુંડાઓ છરા લઈને તૂટી પડચા...ડોકટરે બહુ કાલાવાલા કર્યા, પણ...પેલાઓએ જોતજોતામાં ડોકટરની કતલ કરી નાખી; બધા જોતા રહી ગયા. આવું કાંક સાંભળતાં પણ આપણને કંઈ કંઇ થઈ જાય છે, પરંતુ કર્મ શું કરે છે, તે જોવાતું નથી! કર્મે અનંતવાર આપણને આમ જ કપાવ્યા અને છુંદાવ્યા છે.

**પુણ્યને પગભર કરો:—** જોતજોતામાં પીઠસર્પા છૂંદાઈ ગઈ. પાપનો ઉદય જોરદાર હોય ત્યારે સારા ગુણીયલની ય દયા ન ખાય, તો આની કોણ ખાય ? સુખે સમાધે જીવ બેઠેલ હોય, પણ ત્યાંજ જો પુણ્યનો ટેકો ખસે તો કાં છાપરૂં તૂટી પડે, કાં ભીંત બેસી જાય ! આખા માળાના માળા બેસી જાય છે ને ?

મડદાં ખોળી કાઢવા પડે છે! કેમ એમ બને છે? ભીંત દોદરી હોય, પણ પુણ્ય સલામત હોય ત્યાં સુધી ન પડે. ચાલનારાને રસ્તે ચાલતાં મોટર કેમ નથી અથડાતી? ચાલનારાનું પુણ્ય જીવતું જાગતું છે માટે. તેથી પુણ્યના પ્રતાપ સમજી, પુણ્યને પગભર રાખો. જુનું પુણ્ય ખાઇ જવાની લાલસા છોડીને નવું પુણ્ય ઉપાર્જવનાના પ્રયત્નમાં લાગી જાઓ.

**પીઠસર્પી મરીને ક્યાં?**:– "હે ગુણસેન! કેવળજ્ઞાની મુનિવરે મને મિત્ર વિભાવસુના ભયંકર ભવો કહી સંભળાવ્યા. તે સાંભળતાં સાંભળતાં જ મારો વૈરાગ્ય વધવા માંડ્યો. હજુ વિભાવસુના આગામી ભવોનું વર્ણન કરતાં તે કૃપાળુ ભગવંતે ફરમાવ્યું કે, 'હે રાજકુમાર! એ પીઠસર્પી દાસીપુત્રી ત્યાંથી મરીને એ જ ધોબી પુષ્યદત્તની 'પુષ્યરક્ષિતા' નામની પત્નીની કુક્ષીએ પુત્રી તરીકે જન્મશે અને મોટી થતાં પુષ્યદત્ત એને પુષ્યરક્ષિત નામના એક અત્યંત દરિદ્રની સાથે પરણાવશે."

શું સમજ્યા? પતિ અતિદરિદ્ર! ભારેકર્મી જીવને બીજો કોણ લેનાર મળે? જ્યાં દેવા જાય ત્યાં નકારો થાય, 'એવીને કોણ લે?' એમ જ્યાં ત્યાં થશે. કર્મ બાંધતાં પૂર્વે બહુ વિચાર કરવા જેવો છે. વિભાવસુએ પ્રથમ જાતિમદ કર્યો હતો ને? એમાંથી જન્મેલ નીચ ગોત્ર, અપજશ, દૌભાગ્ય, કુરૂપતા, દરિદ્રતા, અશાતા, ઈત્યાદિ બધાનો સરવાળો થશે! એટલે પરિણામ શું આવશે? હડધૂત થવાનું.

"ત્યાંય ગર્ભિણી થઈને પહેલી જ પ્રસૂતિ વખતે મહાવેદનાથી પીડાઈ મૃત્યુ પામશે."

હજુ જાણે કર્મ–શરાફના ચોપડે આ જીવના ખાતામાં ઉધાર પાસા સામે જમા પાસુ પુરૂં નથી ભરાયું, તે ભરવા ત્યાંથી ફરી એજ માના ગર્ભમાં છોકરી થશે.

**જેની ભૂમિકા જોરદાર તેનાં ફળ પણ જોરદાર:-** જીવનો પાપોદય ઊભો રહ્યો છે. કેમકે પાપની ભૂમિકા જોરદાર બાંધી છે. પાપ કરતાં આંચકો ન આવે પણ ઉલટ આવે, ત્યારે ભારે અનુબંધ થાય છે. અર્થાત્ દુર્ભાગ્યની પાકી પરંપરા સર્જાય છે. પાપ હોય કે પુણ્ય, બન્નેમાં આ કાયદો લાગુ છે, કે એ કરતાં પહેલાં એને યોગ્ય પૂર્વ ભૂમિકા જોરદાર હોય, ક્રિયામાં લયલીનતા હોય, સેવનમાં ખૂબ રસ લીધો હોય, પાછળ એનો પશ્ચાત્તાપ નહિ પણ એની ભારે અનુમોદના કરી હોય, તો એના ફળ દૃઢ અને દીર્ઘકાળ સુધી નીપજે છે. આ ન્યાયે પુણ્યની કરણીથી તો ભવાંતરમાં દુઃખ ભાગે અને સુખ ઉપર સુખ ઉભરાય. એમ પાપની કરણીથી ભવાંતરમાં પુણ્ય ભાગે અને પાપ ઉભરાય. માણુસ બે પૈસે પ્હોંચતો હોય, પાંચ માણસોમાં પૂજાતો હોય, પણ ધર્મની પરવા ન હોય એટલે પાપની પૂર્વ ભૂમિકા જોરદાર કરશે. અર્થાત્ પાપકાર્ય આચરવા પહેલાં એના સ્વાદિષ્ટ મનોરથ, યોજનાઓ વગેરે આનંદથી કરશે. પાપ કર્યા પછીય પશ્ચાત્તાપ નહિ કરે, દુઃખ નહિ ધરે, પણ ઉલટું જીવશે ત્યાં સુધી 'આ ઠીક થયું,' એવી અનુમોદના કરશે.

**આઠમા ભવે પણ એ જ પુષ્યદત્તનો પુત્ર:-** "હે રાજપુત્ર! પુષ્યદત્તની પુત્રીપણાના ભવમાંથી મરીને વિભાવસુનો જીવ આઠમા ભવે એ જ પુષ્યદત્તને ત્યાં પુત્રપણે જન્મશે. પુષ્યદત્ત ધોબીના છોકરા તરીકે હજુ તો એ બાળ ઉંમરમાં હશે, એકવાર ગંધાર નદીના કિનારે રમી રહ્યો હશે ત્યાં પુષ્યદત્તના કોઈ દુશ્મનની નજરે એ પડશે!

**જો જો કર્મની કઠનાઇ!** ધોબીનો દીકરો હોવાથી આમ તો નદીના કુદરતી સૌન્દર્યમાં ખેલવાનું મળે છે, પણ તેય પોતાના નાશ માટે! આમ જો સારૂંય મારનારૂં થાય, તો એમાં શું ખુશી

થવું? આ દુનિયાનું સારૂ એવું જ છે. જાણ્યું છો ને? તો એમાં ખૂશી થવું શું?

**તળાવના તળીયેઃ–** પેલો શત્રુ વિચારશે 'કોનો છોકરો? આપણા દુશ્મન પુષ્યદત્તનો? ઠીક દાવ મળ્યો!' એમ કરી છોકરાને ગળે એક પત્થરની શિલા બાંધી છોકરાને નાખશે તળાવમાં! પછી શું? શિલા સાથે છોકરો તળાવના તળીયે પહોંચી જશે. શિલા ઉપર આવે તો છોકરો ઉપર આવે ને? પણ શિલા નીચે, એટલે છોકરો નીચે! પાણી જશે મોંમાં; અને બિચારો ગુંગળાઇને રીબાતો રીબાતો મરશે."

**આવી ભયંકરતા શાથી?:–** આ તમામ વૃત્તાંત સાંભળી શું થાય છે? આખા અંગે ઝણઝણાટી વ્યાપી જાય છે ને? હૃદય ખળભળે છે ને? પણ એમ થાય છે ખરૂં કે, અહો! મનુષ્યજીવનમાં કરેલી ભૂલનું આવું ભયંકર પરિણામ? એક પછી એક કેવા ભયંકર ભવ! કેવું અકાળ મૃત્યુ! ત્યાં ન તો કોઈ સદ્‌ગુરુનો યોગ કે ન કોઇ બચાવ મળે! શાથી? દુર્ગતિમાં ગયો માટે! આપણે આજે સારી ગતિમાં છીએ તેથી જ કેટકેટલા ઉચ્ચ અને શુભ સ્થાને કેવો દેવ–ગુરુ અને ધર્મનો સુંદર સંયોગ મળી ગયો છે! આની કદર કરવાની જરૂર છે. એ કદર થાય તો પછી એવી ભૂલો નહિ થાય કે જેથી ભવાંતરમાં ભટકી મરવું પડે.

**વિભાવસુનો જીવ ભવ્ય અને સિદ્ધિગામીઃ–** કેવળીભગવંતે કહ્યું, "રાજકુમાર! આમ વિભાવસુનો જીવ કરેલા જાતિમદના પરિણામે આઠ–આઠ ભવ સુધી ભયંકર રીતે જન્મશે, અને મરશે. હા, એ જીવ ભવ્ય છે, સિદ્ધિગામી છે, માત્ર હજી સુધી એને મોક્ષ–બીજ અર્થાત્ સમ્યકત્વ મળ્યું નથી."

હે ગુણસેન! જ્ઞાની ભગવંતની વાણી સાંભળી મેં પૂછ્યું કે 'ભગવન્! પાણીમાં ડૂબી મરીને એ જીવ ક્યાં ઉત્પન્ન થશે? ક્યારે સમકિત પામશે? અને ક્યારે મોક્ષ લેશે?'

ભગવંતે કહ્યું, કે "સાંભળ, પાણીમાં ડૂબી મર્યા પછી એ જીવ વાણવ્યંતર દેવ થશે. એ ભવમાં એ આનંદ નામના તીર્થંકર દેવની પાસે જશે. એમની પાસે શાશ્વતસુખરૂપી વૃક્ષનું અનન્ય બીજ સમ્યકત્વ પ્રાપ્ત કરશે."

**પુણ્ય સામગ્રી અને પુરુષાર્થ:**—આ કોની શાબાશી? પુણ્ય સામગ્રી અને પુરુષાર્થની. વ્યંતર થશે, તીર્થંકર ભગવાન મળશે, એમની પાસે જશે, એ પુણ્ય સામગ્રી છે. તેથીજ સમકિતનો પુરુષાર્થ કરી શકશે. માટે મોક્ષ ન મળે ત્યાં સુધી સારી પુણ્ય સામગ્રી મળે એવું અવશ્ય કરવું જોઇએ, અને પુણ્ય સામગ્રી તો મળે, પણ પુરુષાર્થ ન કરે તો? સામગ્રી નિષ્ફળ જાય; ફરી એવી સામગ્રી મળે નહિ! પુણ્ય યોગે સામગ્રી મળે અને પુરુષાર્થ થાય તો જ જીવન સફળ થાય. માટે મળેલી સામગ્રીમાંથી ઉંચામાં ઉંચો પુરુષાર્થ કરી લો. એમાંય માનસિક પુરુષાર્થ તો સસ્તો છે; એને ઉંચામાં ઉંચો કેળવતા જાઓ, એના લાભ અપૂર્વ અને અદ્દ્ભુત છે!

**અંતે રાજા થઇને મુક્તિએ જશે:**—રાજકુમારના પ્રશ્નના ઉત્તરમાં કેવળજ્ઞાની પ્રભુએ કહ્યું:–'વિભાવસુનો જીવ વાણવ્યંતર થઇને સમ્યક્ત્વ પામ્યા પછી પણ સંખ્યાતા ભવો ચારે ગતિમાં ભટકશે! છેલ્લે ગંધાર દેશનો રાજા થશે, 'ત્યાં 'અમરતેજ' નામના આચાર્ય પાસે ચારિત્ર લઇ કેવળજ્ઞાન પામી મુકિતએ જશે."

વિજયસેન આચાર્ય કહે છે કે "હે ગુણસેન રાજા! રાજપુત્રપણે મેં કેવળજ્ઞાની મહાત્મા પાસેથી આ સાંભળ્યું. ત્યાં મારો સંવેગ વધી ગયો; ધર્મશ્રદ્ધા ખૂબ જ વધી ગઈ."

વધે જ ને? મોહવશ જીવની બનેલી કરુણ હાલતનો તાદૃશ ચિતાર સાંભળવા મળે તો કેમ ન વધે? તમે ય સાંભળ્યું ને? શું થયું તમને? મોહની ભયાનકતા વગેરે જાણી ધર્મરંગ વધવો જોઇએ.

“હે ગુણસેન! રાજપાટ ઉપરથી મારો મોહ છૂટી ગયો, સંસાર કારાગાર પરની આસ્થા ઉઠી ગઈ...સંસાર ભયંકર દેખાયો... સંસાર એટલે પાંચે ઇન્દ્રિયોની ખુશખુશાલી, ચારે કષાયોનાં તાંડવ! અજ્ઞાનના નૃત્ય! સંજ્ઞાની તથા વિષયોની બોલબાલા! આ સંસારની વાતોમાં મને કાંઈ ભલું તો ન દેખાયું; પણ ભયંકરતા જણાઇ! હું ઘેર આવ્યો, યથોચિત રીતે માતપિતાને સમજાવ્યા, અને ‘ઈન્દ્રદત્ત’ નામના ગણધર ભગવાન પાસે જઈ મેં ચારિત્ર લીધું.

“ગુણસેન! મારે આ સંસાર પર ઉદ્વેગ થવાનું અને ચારિત્ર લેવાનું પ્રબળ નિમિત્ત છે.’

## પ્રકરણ : ૧૬

# ગુણસેનના બે પ્રશ્નો

ગુણસેન કહે છે "અહો! ભગવંત! આપ કૃતાર્થ થયા છો! આપના વૈરાગ્યનું કારણ ખહુ જ સચોટ છે!"

**કૃતાર્થ થયા એટલે શું કર્યું?**:-આચાર્યદેવે (૧) જીવનમાંથી સાધવા લાયક હતું તે સાધી લીધું છે. (૨) મેળવવા લાયક મેળવી લીધું છે, (૩) કરવા લાયક કરી લીધું છે, (૪) અને ઇચ્છવા લાયક ઇચ્છી લીધું છે!,

**અને આપણે બધું જ બાકી**: હવે એમને સાધવા લાયક, મેળવવા લાયક, કરવા લાયક કે ઇચ્છવા લાયક શું બાકી રહ્યું? કાંઇ જ નહિ! ત્યારે આપણને? બધું જ બાકી છે! કયારે એનો અંત આવવાનો? કયારે એ-સાધવાનું, મેળવવાનું, કરવાનું કે ઇચ્છવાનું પૂર્ણ થશે, તેની પણ વિચારણા નથી! કેમ? એનું કારણ એ છે કે,

(૧) આ સંસારનું સાધવામાં, મેળવવામાં કરવામાં કે ઇચ્છવામાં કંટાળો જ નથી. મનને એમ નથી થતું કે 'આ રોજ ઉઠીને નવીનવી ઇચ્છાઓ કર્યે જવાની લપ કયાં સુધી? નવ નવું સાધ્યે જવાની મજુરી હવે કયાં સુધી?' આમ

કંટાળો આવતો નથી. તેમ, સાધેલું રદ્દ–બાતલ થાય એના પર એ ગુસ્સો નથી થતો કે 'દુષ્ટ કર્મો, તમે મારૂં કર્યું કારવ્યું ધૂળધાણી કરતાં અચકાતા નથી? જાઓ, હવે એ ધંધા મારે કરવા નથી.' વળી **શરમ** પણ નથી લાગતી કે કયાં મારાં આત્મતેજ! અને કયાં આ પુદ્ગલ વેઠ! તો **તૃપ્તિ** પણ કયાં થાય છે કે 'જીવ! પુદ્ગલના આનંદ તો અનંતીવાર લૂંટયા, હવે એની શી ભૂખ?'

(૨) બીજું, એ ઇચ્છવા–સાધવા વગેરે ક્રિયાઓની અપેક્ષાએ કેઇ ગુણી ઉચ્ચ આંતરદષ્ટિ આત્મામાં છે, વીતરાગ ભાવે વસ્તુદર્શન છે, મહાતૃપ્તિ, અનૌપાધિક આનંદ અને સ્વરૂપ-રમણતા છે એની અતિશય સુંદરતાઓનું ભાન નથી, અથવા એ મેળવવાના ઉમળકા નથી.

**આંતરદૃષ્ટિ:** એટલે, (i) આત્માની સાથે વસ્તુના સંબંધ કેવા છે, વસ્તુના મેળ કેવા છે તે પર દષ્ટિ (ii), માનસિક જગતમાં અનંત કાળના દુન્યવી પદાર્થોની લીલા પર દષ્ટિ. આ બંને દષ્ટિ ઘણી ઉંચી છે. વસ્તુંમાત્રના, દેહ–ઇન્દ્રિઓ અને કુટુંબીઓ સાથે કેવા મેળ છે, એ નહિ, પણ આપણા આત્મા સાથેના કેવા મેળ છે, આત્માને કેવા નફા-નુકશાન કરે છે, કેવા સમર્પિત કે વિશ્વાસઘાતી નીવડે છે,...ઈત્યાદિ વિચારવા માડયું એટલે બાહ્ય ઇચ્છા–સાધનાઓ ફીકી પડી જાય છે; અને અંદરમાં પ્રકાશ અને સત્વ પ્રગટે છે. આ આંતરદષ્ટિમાં વિશાલતા છે, ઠંડક છે, ગંભીરતા છે. તેમજ આંતરદષ્ટિમાં અનંત કાળનું માનસિક જગત ખડું કરવાથી વર્તમાન જગત તો તેની આગળ કંઇગુણું ટૂંકું અને નાટકિયું દેખાય છે! એટલે વર્તમાન પ્રત્યે તો ભારે નફરત, ઉપેક્ષા અને બેપરવાઈ જાગે છે. જગતની નિરંકુશ ઇચ્છા અને સાધનાઓને ઉતેજનારી બાહ્યદષ્ટિ બેડોળ છે, ખરાબ છે, ત્યારે આંતરદષ્ટિ સુઘડ અને સુંદર છે.

**વીતરાગભાવે વસ્તુદર્શન** વળી એક સુંદર દર્શન છે. જેવી રીતે દર્પણની સામે કોઇ ફૂલહાર આવો, કે ધોકાપ્રહાર આવો, દર્પણ તેના પર કોઈ રાગ કે કોઇ દ્વેષ કર્યા વિના તેનું પ્રતિબિંબ માત્ર લે છે! બસ એજ રીતે આત્મા વસ્તુનાં માત્ર જ્ઞાનપ્રતિબિંબ લે, કોઈ રાગ કે કોઇ દ્વેષ ન કરે, તે વીતરાગભાવે દર્શન કહેવાય. આના અભ્યાસથી કેઇ ઇચ્છાઓ અને આયાસો છૂટી જાય છે. ગમે તેવી સંપતિ વિપત્તિના અવસરે આત્મા અણનમ અવિકૃત ઊભો રહે છે એ સમજે છે કે, 'નકામા રાગદ્વેષ કર્યાથી શું? મારે તો તટસ્થ ભાવે જોયા કરવાનું. પુદ્ગલ એનું કામ બજાવે, મારે મારૂં શુદ્ધ જ્ઞાનમસ્તીનું કાર્ય બજાવવાનું! મારે એના વિકાસમાં નાચવાનું નહિ, એનો હ્રાસ થતાં મારે કરમાવાનું નહિ.' કેવું ઉચ્ચ અને સુંદર દર્શન!

**મહાતૃપ્તિ** એટલે કે ખૂબ ધરાયેલાપણું. એ વળી એક અજબ સુંદર વૃત્તિ છે! દુન્યવી સુખ–સગવડ ભલેને અતિશય ઓછી મળી હોય, પણ મન જો માની લે કે 'આ તો મારી પૂર્વની નરકની સ્થિતિ કરતાં તો ઘણું ઘણુ મળ્યું છે,' તો આમાં આત્માનો સુંદર ભાવ પ્રગટ રહે છે! બહુ થોડું મળેલું પણ મનને વધારે મળ્યું લાગે, એનો આનંદ ઓર છે. કયાંય મનને ઓછું લગાડવાની વાત જ નહિ, એ મહાતૃપ્તિ. ખરાબમાં ખરાબ સંયોગોને પણ સારા સરસ કરી લેખવે એ મહાતૃપ્તિ. ઓછામાં ઓછી જરૂરિયાત રાખી જીવન જીવે, છતાં બધી વાતે ખૂબ ધરાઇ ગયેલો બને એ મહાતૃપ્તિ. આ મહાતૃપ્તિ જાગ્યા પછી દુન્યવી નવનવી ઇચ્છાઓ, નવનવી સાધનાઓ વગેરે બિચારી કંગાળ બની રવાના થઈ જાય!

**અનૌપાધિક આનંદઃ**–આ આનંદ કોઇની અપેક્ષા વિનાનો હોય છે. બાહ્ય વસ્તુની અપેક્ષાથી જન્મતો આનંદ એ તો સોપાધિક આનંદ કહેવાય. એ ક્ષણિક છે. સારૂં ખાવાથી આનંદ લાગે

એ સોપાધિક આનંદ. પૈસા–પરિવારથી આનંદ, એ સોપાધિક આનંદ. શરીર નિરોગી અને મન સ્વસ્થ રહે તો આનંદ ભાસે છે એટલું જ, અહીંતો દુનિયાનું કશું નહિ, અને અનહદ આનંદ એ અનૌપાધિક આનંદ, નિરૂપાધિક આનંદ. પૂર્ણરૂપમાં તો એ મોક્ષમાં મળે, પણ એની વાનગી અહીં ચાખી શકાય, પણ તે માટે એના અખતરા કરવા પડે. મનને મનાવવું પડે 'પૈસા બહુ નથી એ સારૂં છે; જંપ છે. માલ મેવા નથી મળતા એ સારૂં છે, જીભ-ડીના તોફાન નથી...' તાત્પર્ય એ છે કે પ્રવૃત્તિના આનંદ તો જીવે બહુ અનુભવ્યા હવે નિવૃત્તિના આનંદ અનુભવો! સંયોગના આનંદ બહુ માણ્યા, હવે ઈષ્ટના સંયોગ વિના એકલા આંતર આનંદ માણો! એમ કરતાં કરતાં જયાં આત્મા સર્વ નિવૃત્તિએ પહોંચશે, સર્વથી અસંયોગી બનશે, મુક્ત થશે, કે પછી તો એને અનૌપાધિક આનંદ અનંતો મળવાનો! કહો, સૌંદર્ય આના કે દુન્યવી ઇચ્છા–સાધનાઓના?

**સ્વસ્વરૂપરમણતા** વળી આત્માની સર્વોચ્ચ અને સર્વસુંદર અવસ્થા છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાન–દર્શનમય છે! શુદ્ધ ચારિત્રમય છે! નિર્વિકાર છે! નિર્વિચાર નિર્વિકલ્પ છે! ક્ષુધા-તૃષાદિ ઉકળાટ વિનાનું છે! ક્રોધાદિ કષાયો–રહિત છે! વિષયોની લાગણી વિહોણું છે! અરૂપી નિરાકાર છે! અનંત, અસાંયોગિક, અવ્યાબાધ, શાશ્વત અને આનંદમય છે! આત્માના શુદ્ધ સ્વરૂપમાં શાતા ય નહિ, ને અશાતાય નહિ! જશ નહિ, અપજશ નહિ! ઊંચ કુળ નહિ, નીચ કુળ નહિ! સૌભાગ્ય નહિ, દૌર્ભાગ્ય નહિ! માન નહિ, અપમાન નહિ!... આવું પોતાના આત્માનું મૂળ સ્વરૂપ ભલે હજી પ્રગટ ન થયું હોય, છતાં એની ભાવના કરે, જાણે એ પ્રગટ છે એવો ખ્યાલ ઉભો કરે, એ ખ્યાલનો અભ્યાસ કરે, પછી એને કદાચ ઘાણીમાં પીલાવા જેવો ભયંકર પ્રસંગ કે દિવ્ય સુખ સંપત્તિ ભોગવવાનો

અવસર આવે, તો પણ એના આત્માને લાગશે વળગશે નહિ. ચાહીને રાગદ્વેષ શાનો કરે? એનું ચાલે ત્યાં સુધી વિકારોને કેમ જ મચક આપે? એવી સ્વસ્વરૂપરમણતા કેટલી બધી ઉંચી અને સુંદરતમ અવસ્થા ગણાય!

આ બધી સુંદર અવસ્થાની પડી નથી, અને દુન્યવી ઈચ્છવા-સાધવાનો કંટાળો નથી, તો પછી કહો કે એ ઇચ્છવા-સાધવાનો અંત કયાંથી આવે? અહો! જીવની આ કેવી કરૂણ દશા છે કે અનંત અનંત જન્મ દુનિયાનું જ સાધ્યા કરવા છતાં એજ તૃષ્ણા અને એજ મજુરી ચાલે છે! કંટાળો લાવશો આનો? જેને આ તૃષ્ણા–મજુરીનો સાચો કંટાળો આવે તે જ તૃષ્ણા–મજુરીની લત મૂકવાનો વીર્યોલ્લાસ અને પુરુષાર્થ–પ્રયત્ન કરી શકે.

એવું શું ઇચ્છીએ કે જે ઇચ્છયા પછી ઈચ્છવાની વેઠ પુરી થઈ જાય? એવું શું સાધીએ કે જે સાધ્યા પછી સાધવાનું બધું જ પતી જાય? એવી કઈ ચીજ કરીએ–મેળવીએ કે જે કર્યા–મેળવ્યા પછી કશું જ કરવા–મેળવવાનું બાકી ન રહે? આનો ખ્યાલ આવે તો એ તરફ ઉદ્યમ થાય. એ ખ્યાલ અહીં આચાર્ય ભગવંતની કૃતાર્થતા વિચારવાથી આવી શકે. આચાર્ય મહારાજે સંસાર ત્યજી સાધુમાર્ગ લીધો છે, એટલે હવે સંસારની કોઈપણ વસ્તુ ઈચ્છવાની કે સાધવાની બાકી રહેતી નથી, સમજ-પૂર્વક સાધુપણું હાથમાં છે એટલે મોક્ષ સાધવા સુધીની પ્રક્રિયા સધાઈ જવાની, માટે કહેવાય કે કૃતાર્થ થયા, કૃતકૃત્ય થયા. આપણે પણ કૃતાર્થ થવું હોય તો શું કરવું જોઇએ, એ આથી સમજાઇ જાય છે?

**ગુણસેનના બે પ્રશ્નો**:—જ્ઞાની ભગવંતના કહેવાથી ગુણસેન ઘણી ઘણી વસ્તુઓ સમજી શકયો, પણ મોક્ષ વગેરેની જે વાતો

આચાર્યદેવે કહી તે ન સમજી શકવાથી પૂછે છે, "ભગવંત! આપે જે કહ્યું કે 'જો શાશ્વત સ્થાન મોજુદ હોય અને પરમ-મુનિએ દર્શાવેલો તેનો નિશ્ચિત સાધક ઉપાય પણ મોજુદ હોય, તો સત્પુરુષોએ તેને વિષેજ પ્રયત્ન કરવો ઉચિત છે,' તો હે પ્રભુ! તે શાશ્વત સ્થાન કયું, અને તેનો સાધક ઉપાય કયો?"

**ચૌદરાજલોકના મથાળે એ પરમપદનું સ્થાન છે:—** વિજયસેન આચાર્ય મહારાજ કહે છે, 'ગુણુસેન શાશ્વત! સ્થાન તે છે કે જે સ્થાને જીવો આઠ પ્રકારના કર્મમળના કલંકથી અત્યંત મુક્ત થઇને રહે છે. જેમને હવે જન્મ નથી, જરા નથી, મૃત્યુ નથી. જે રોગ શોક વગેરે પીડાઓથી રહિત છે. ન આધિ, ન વ્યાધિ, ન ઉપાધિ! અનંત જ્ઞાન, દર્શન અને સુખના ભોક્તા છે. ભવિષ્યના અનંતા કાળ માટે તે જીવો એ સ્થાનમાં જ રહેશે. આવા શાશ્વત સ્થાનમાં સિદ્ધો બિરાજ્યા છે. તને પ્રશ્ન થશે કે 'શાશ્વત સ્થાન કોણે જોયું? કોણે બતાવ્યું?' હે રાજન્! અતિશયોરૂપી મહારત્નોના મહાસાગર, ત્રણલોકના બંધુ, દેવ અને દાનવોથી પૂજાયેલા એવા શ્રી સર્વજ્ઞ પ્રભુએ જોયું અને બતાવ્યું છે. ચૌદ રાજલોક-ક્ષેત્રના મથાળે મુગટ સમાન એ પરમપદનું સ્થાન છે.

**સંસાર અને શાશ્વત સ્થાન:—**આચાર્ય મહારાજે કરાવેલી શાશ્વત સ્થાનની ઓળખ જરા વિચારો. ટૂંકમાં પણ એવી સુંદર સમજ આપી છે કે, એને મન પર લેતાં એમ થાય કે 'વાહ! આવું સરસ સ્થાન મને ક્યારે મળે!' સંસારમાં કર્મની મહા-ગુલામી છે; જયારે એ શાશ્વત સ્થાનમાં કર્મની ગુલામીનું નામ નિશાન પણ નહિ! એટલે? સંસારમાં જીવનું કર્મવશ ચારે ગતિમાં અને ચૌદલાખ યોનિમાં પરિભ્રમણ; ત્યારે શાશ્વત સ્થાનમાં અપૂર્વ સ્થિરતા! જાગ્રતપણે ઠરી ઠામ બેસવાનું! શરીરને જ ધારણ કરવાનું નહીં તો પછી જરા, રોગ, શોક કે મૃત્યુ વગેરે તો

હોય જ શાનાં? એવું એ પરમ સ્થાન છે! શ્રેષ્ઠ સ્થાન છે! પણ ત્યાં કરવાનું શું? બસ, જગતના ત્રણે કાળના સર્વ પદાર્થો અને સર્વ બનાવોનું દર્શન કરવાનું! અને અનંત અવ્યાબાધ સુખમાં ઝીલવાનું! એનો અર્થ એ થયો કે પુરુષાર્થ કરવો હોય તો કર્મ કલંકનો સર્વથા નાશ કરવા માટે અને જન્મની જંજાળનો અંત લાવવા માટે કરો.

**ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ**:— બીજા પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય ભગવાન ફરમાવે છે કે, "આ શાશ્વત સ્થાનનું સ્વરુપ શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાને બતાવ્યું છે. તેમ એમણે એ સિદ્ધ કરવાના ઉપાયો તરીકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પણ બતાવ્યાં છે.

ચારિત્ર બે પ્રકારે છે. (૧) એક પ્રકાર ગૃહસ્થધર્મ અને (૨) બીજો સાધુ ધર્મ. અર્થાત્ ગૃહસ્થચારિત્ર અને સાધુચારિત્ર. એમ બે રીતે ચારિત્ર છે. ચારિત્ર એટલે આચરણ છે, અને તે વ્રતરૂપ છે, અર્થાત્ પ્રતિજ્ઞા પૂર્વકનું શુભ આચરણ, અને અશુભનો ત્યાગ એ ચારિત્ર એમાં ગૃહસ્થ ચારિત્ર સમ્યકત્વ સાથે બાર પ્રકારે છે.

**સમ્યક્ત્વ**:–"હે ગુણુસેન! આ સાધુધર્મ અને ગૃહસ્થધર્મમાં મૂળવસ્તુ સમ્યક્ત્વ છે. અર્થાત્ સમ્યક્ત્વ મૂળ સલામત હોય તોજ એના ઉપર ગૃહસ્થ–ધર્મ કે સાધુધર્મનું વૃક્ષ સલામત રહે. મૂળ સડી જાય તો વૃક્ષ પણ સૂકાઇ જાય. સમ્યક્ત્વ મૂળ હોવાનું કારણ એ છે કે સમ્યકત્વ હૃદયની શુદ્ધિરૂપ છે. શુદ્ધિ વિના રંગ ચઢે નહિ. જેમ કપડું મેલું હોય તો એના પર સારામાં સારો પણ રંગ ન ચઢે, તેમ સમ્યકત્વ વિના અનાદિ કર્મ પરંપરાથી–કર્મજાળથી વિંટાયેલો જીવ મેલો છે, એનામાં વ્રતોનો રંગ ન ચઢી શકે. અને અનાદિકાળથી આત્માના માથે વિવિધ કર્મોની

સત્તા એવી ચાલી આવે છે કે આ સમ્યક્ત્વ જેવી ઊંચી ચીજ પ્રાપ્ત થવી બહુ મુશ્કેલ છે.

**પ્ર૦–તે અનાદિના કર્મો કયા કયા?**

ઉ૦–તે કર્મ આઠ પ્રકારે છે:—૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગૌત્ર અને ૮ અંતરાય કર્મ. તેનાં ફળ અનુક્રમે આ પ્રમાણે છે:–૧ અજ્ઞાન, ૨ અદર્શન અને નિદ્રા, ૩ શાતા–અશાતા, ૪ મિથ્યાત્વ અને કષાય–નોકષાય, ૫ જન્મ–મરણ, ૬ શરીર–ઇન્દ્રિય વગેરે. ૭ ઊંચ–નીચ કુલ, ૮ કૃપણતા–દરિદ્રતા, દુર્બલતા, પરાધીનતા વગેરે.

**પ્ર૦–આ કર્મબંધમાં કોણ પ્રબળ નિમિત્ત હોય છે?**

ઉ૦–કર્મબંધના છ કારણ છે. ૧ મિથ્યાત્વ, ૨ અજ્ઞાન, ૩ અવિરતિ, ૪ પ્રમાદ, ૫ કષાય, અને ૬ યોગ.

**મિથ્યાત્વ** એટલે અતત્ત્વની, કલ્પિત શાસ્ત્રો અને સિદ્ધાન્તોની રુચી તથા સમ્યગ્તત્ત્વની, સર્વજ્ઞકથિત સિદ્ધાન્તોની અરુચિ.

**અજ્ઞાન** એટલે સમ્યક્ તત્ત્વોનું, જીવ-અજીવ, કર્મ, જગત વિગેરેનું અજ્ઞાન, અબુઝપણું, સાચું જ્ઞાન જ નહિ.

**અવિરતિ** એટલે હિંસા–જૂઠ વગેરે પાપોના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી તે; પ્રતિજ્ઞાપૂર્વક એ પાપોથી વિરામ નપામવું તે.

**પ્રમાદ** એટલે જીવનું સ્વસ્વરૂપથી ચૂકવું. તે સંશય, ભ્રમ વગેરે રૂપ પણ છે, અને મદ્ય, વિષય, કષાય વગેરે સ્વરૂપે પણ છે.

**કષાય** એટલે રાગદ્વેષ. રાગમાં માયા અને લોભ આવે, તથા દ્વેષમાં ક્રોધ અને અભિમાન આવે. ઉપરાંત કષાયમાં હાસ્યાદિ તથા કામવાસનારૂપ નોકષાયોનો પણ સમાવેશ થાય.

**યોગમાં** મન, વચન, કાયાની [illegible] આવે.

કર્મબંધના આ કારણુ છે. આ છનું સેવન કરવાથી આત્મામાં કર્મોની આયાત થાય છે. અને આત્મામાં આયાત થયેલા તે કર્મોના અવસ્થાન કાળને સ્થિતિ કહે છે.

**પ્ર૦:—કર્મની સ્થિતિ કેવા રૂપે છે?**

ઉ૦ આત્મામાં શુભાશુભ અધ્યવસાયથી— શુભાશુભભાવથી સંગૃહીત થયેલ કર્મની ત્રણુ પ્રકારની સ્થિતિ કહેલી છે; ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. તેમાં ઉત્કૃષ્ટ સ્થિતિ તીવ્ર અશુભ–પરિણુામથી જન્મે છે, અને જઘન્ય સ્થિતિ તીવ્ર વિશુદ્ધિથી થાય છે. અશુભ પરિણુામને સંક્લેશ કહે છે, શુભ પરિણુામને વિશુદ્ધિ કહે છે, નિયમ એવો છે કે કર્મ ગમે તેવું શુભ કે અશુભ બંધાતું હોય, પણુ સંક્લેશે એની સ્થિતિ લાંબી બંધાય અને વિશુદ્ધિએ એ કર્મની સ્થિતિ ટૂંકી બંધાય.

**પ્ર૦—કર્મની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ બતાવો.**

ઉ૦ આઠ કર્મમાં જ્ઞાનાવરણુ–દર્શનાવરણુ–વેદનીય અને અંતરાય, એ ચાર કર્મની ઉત્કૃષ્ટી ત્રીસ કોટાકોટિ સાગરો–પમની સ્થિતિ બંધાય. મોહનીય કર્મની સિત્તેર કોટાકોટિ સાગરોપમ. નામ કર્મ અને ગોત્ર કર્મની વીસ કોટાકોટિ સાગરોપમ; તથા આયુષ્ય કર્મની તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય. આ આઠ કર્મોની વધારે માંવધારે આટલી આટલી સ્થિતિ બંધાય.

ત્યારે જઘન્યમાં, વેદનીયકર્મની ઓછામાં ઓછી બાર મુહૂર્તની સ્થિતિ હોય છે, નામ–ગોત્રકર્મની આઠ મુહૂર્ત, અને બાકીના પાંચે કર્મની અંતમુહૂર્ત જઘન્ય સ્થિતિ હોય છે.

કર્મો જ્યાં સુધી ઉત્કૃષ્ટી સ્થિતિવાળા પડયા હોય ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.

**પ્ર૦—કર્મોની સ્થિતિ કેટલી અને કેવી રીતે ભેદાય ત્યારે સમકિત મળે?**

ઉ૦ જેમ કીડો કાષ્ઠને કોચે છે તેમાં કેટલીકવાર સહજભાવે અક્ષરો કોતરાઈ ગયેલા દેખાય છે, જેમ નદીમાં પથરા અથડાઈ કૂટાઈને કોઈનાય પ્રયત્ન વિના લીસા ગોળાકાર થઈ જાય છે, તેમ આત્માના ઈરાદા પૂર્વકના ખાસ પ્રયત્ન વિના સહજભાવે આત્મામાં કષાયની મંદતાથી શુભ પરિણામ જાગ્રત થાય છે. આને 'યથાપ્રવૃત્તકરણ' કહે છે.

એથી કર્મની ઉત્કૃષ્ટી સ્થિતિમાંથી ગમે તે રીતે એક કોટાકોટિ ઉપરની બધી સ્થિતિ નાશ પામી જાય છે અર્થાત્ હ્રાસ પામીને માત્ર એક કોટાકોટિ સાગરોપમ પ્રમાણની બની જાય છે. તેમાંય પાછી થોડી સ્થિતિ વળી ઓછી થાય છે; તેથી કર્મોની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની અંદરઅંદરની અર્થાત્ અંતઃકોડાકોડી સાગરોપમ બની જાય છે, પણ અહીં કર્મગ્રન્થિ અર્થાત્ કર્મની ગાંઠ ભેદ્યા વિના આગળ જવાતું નથી, તેથી સમકિત પામી શકાતું નથી.

**પ્ર૦—કર્મગ્રન્થિ—કર્મની ગાંઠ એટલે શું?**

ઉ૦ કર્મની ગાંઠ એ મોહનીયકર્મની બનેલી છે; અને અંત્યંત દુર્ભેદ્ય છે. અર્થાત્ તેને તોડવાનું કામ ઘણું જ મુશ્કેલી-ભર્યું છે, એ ગાંઠનું સ્વરૂપ નિબિડ રાગદ્વેષના પરિણામમય છે. અર્થાત્ આત્મામાં ઘન રાગદ્વેષનો પરિણામ એજ કર્મગ્રન્થિ, અથવા ઘન રાગદ્વેષ એજ ગ્રન્થિ. જ્યાં સુધી એ અખંડ હોય ત્યાં સુધી સમકિતની શુદ્ધિ કયાંથી આવે? વળી એને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ સહાયક હોય છે. દા. ત. આજે તમારૂં તત્ત્વજ્ઞાન સંબંધમાં અજ્ઞાન છે, તેમજ નિદ્રાની લહેજત છે, તથા વીર્યાન્તરાય, કૃપણતા, વગેરે દુર્ગુણો પણ છે, આ બધા

અંદરની રાગદ્વેષની ગાંઠને સારી રીતે સહાય કરે છે. માટે તે ગાંઠ તોડવી બહુ મુશ્કેલ છે. જેમ કર્કશ અને અત્યંત મજબુત વાંસની ગાંઠ દુર્ભેદ્ય હોય છે, તેમ આ ગાંઠ દુર્ભેદ્ય હોય છે. વળી આ ગાંઠના પ્રભાવે જીવ જે રાગદ્વેષ કરે છે, તે તેને ખોટા લાગતા નથી, પણ ઉલટા કર્તવ્યરૂપ અને લાભકારી લાગે છે! પરંતુ કેટલાક જીવો એવા પણ હોય છે કે જે અપૂર્વ વીર્યોલ્લાસથી તે ગાંઠને ભેદી નાંખે છે, ત્યારે કેટલાય એવા જીવો હોય છે કે જે તેને ભેદી શકતા નથી.

**પ્ર૦—ગ્રન્થિને ભેદવાનો વિધિ શો છે?**

ઉ૦:—પૂર્વે કરેલા યથાપ્રવૃત્તકરણના શુભપરિણામથી જીવ આગળ વધે, આત્માનું વીર્ય પ્રબળપણે સ્ફૂરે અને અપૂર્વકરણના શુભઅધ્યવસાયને આત્મા જગાડે, તો એ અપૂર્વકરણરૂપી લોખંડી ઘણથી ગ્રંથિ ભેદાઇ જાય.

**પ્ર૦—ગ્રંથિભેદ કર્યા પછી શું બને છે?**

ઉ૦:—ગ્રંથિનો ભેદ થવા સાથે આત્મામાં અધ્યવસાયની વધુ ઉજ્જવળતા પ્રગટે છે, તેને 'અનિવૃત્તિકરણ' કહેવાય છે. તેનાથી મિથ્યાત્વ કર્મના સતત ઉદયની વચમાંનો અમુક ભાગ ખાલી કરી નાંખવામાં આવે છે અર્થાત્ તેટલા ભાગના કર્મ પુદ્ગલોને આ અનિવૃત્તિકરણના કાળમાં રહેલા ખેંચી લાવી, ભોગવીને નાશ કરવામાં આવે છે. તેથી ખાલી પડેલા કાળનો પહેલો સમય જયારે પ્રાપ્ત થાય છે, ત્યારે ત્યાં કોઈ મિથ્યાત્વ-કર્મનાં પુદ્ગલ ઉદયકાળમાં હોતાં જ નથી, તેથી ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન:—સમ્યક્ત્વનું સ્વરૂપ શું?**

ઉ૦:—આત્માના અત્યંત શુભ પરિણામસ્વરૂપે સમ્યક્ત્વ છે. આ સમકિતની શુદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરેલા આત્મામાં ઝળહ-

બતી મોક્ષની રુચિ અને સર્વજ્ઞ ભગવાને કહેલાં જ્ઞેય, હેય અને ઉપાદેય તત્ત્વો ઉપર દૃઢ શ્રદ્ધા હોય છે. સમકિત મોક્ષ–સુખરૂપી વૃક્ષનું બીજ છે, તેમાંથી અવશ્ય મોક્ષ સુખનું વૃક્ષ પેદા થાય છે. સમ્યક્ત્વ એ સંસારરૂપી કેદખાનામાંથી જીવને છોડાવે છે. સમકિત-રત્ન ચિંતામણી રત્નને પણ લઘુતા પમાડનારૂં છે; કેમકે ચિંતા-મણી તો આપણે ચિંતવીએ તેવા ફળને આપી શકે છે, ત્યારે સ-મકિત તો આપણે ચિંતવી પણ ન શકીએ એવા અનંત શિવ-સુખને આપી શકે છે. વળી આ અનાદિકાળથી ભવસાગરમાં ભટકતા જીવને પૂર્વે અપ્રાપ્ત એવું આ સમ્યક્ત્વ જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે અપૂર્વ નિધાન પ્રાપ્ત થયા બરાબર લાગે છે.

એમાં આ પ્રથમ પ્રાપ્ત થયેલ ઉપશમ–સમકિત, તે દર્શન મોહનીય (મિથ્યાત્વ મોહનીય) કર્મના ઉપશમથી જન્મેલું હોય છે. એવું જ પ્રશસ્ત(શુભ) એટલે કે શુદ્ધ કરેલા સમ્યક્ત્વ-મોહનીયકર્મના વેદનથી ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રગટે છે; તથા દર્શન—મોહનીયના સર્વથા ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટે છે.

**પ્ર૦—સમ્યક્ત્વ આપણા આત્મામાં જન્મ્યું છે કે નહિ તે જાણવાના કોઇ ચિન્હ છે ખરાં ?**

ઉ૦ હા, સમ્યક્ત્વના પાંચ ચિહ્ન છે, તે સમ્યક્ત્વના લિંગ તરીકે ઓળખાય છે. સમકિતના સડસઠ પ્રકારના વ્યવહારમાં તેનો પાંચ 'લક્ષણ' તરીકે નિર્દેશ કરેલો છે. તે પાંચ નીચે મુજબ છે.

(૧) પ્રશમ.

(૨) સંવેગ.

(૩) નિર્વેદ.

(૪) અનુકંપા.

(૫) આસ્તિક્ય.

સમ્યક્ત્વ પ્રગટવાની સાથે જ આત્મામાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન નામના બે સમ્યક્જ્ઞાન પણ નીપજે છે. સમકિત નથી હોતું ત્યારે મતિ અને શ્રુત બંને અજ્ઞાન સ્વરૂપે કહેવાય છે.

આવું રૂડું સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જીવ ઘણા કર્મમળથી રહિત બને છે. પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની અવસ્થા (પર્યાય)ની નિકટ આવે છે. શુદ્ધ પ્રસન્નતા, મોક્ષપ્રીતિ, સંસારખેદ અને અનુકંપાથી અલંકૃત થાય છે અને જિનવચન પર રુચિ પ્રગટ થાય છે. આ રીતે ઉપશમ આદિ ગુણો આત્મામાં જો દેખાતા હોય તો આત્મામાં સમકિત પ્રગટ્યું છે; એમ કહી શકાય.

**પ્ર૦—પોતાની અંદરમાં વર્તતા પ્રશમાદિથી તો પોતાનું સમ્યક્ત્વ માલુમ પડે; પરંતુ બીજામાં પ્રશમાદિ શી રીતે જણાય? તે જો ન જણાય તો સમ્યક્ત્વ પણ શી રીતે જણાય?**

ઉ૦ આનો ઉત્તર સરળ છે. બીજામાં બાહ્ય વિવિધ શુભ પ્રવૃત્તિઓ દ્વારા પ્રશમાદિ જાણી શકાય છે. હૃદયની અંદર પ્રશમાદિ ગુણો વિદ્યમાન હોય તો એને અનુરુપ બાહ્ય સારી પ્રવૃત્તિઓ થાય છે, તે દેખીને પ્રશમાદિનું અનુમાન કરી શકાય છે. એમાં જીવને જે પરિણામ જન્મે છે, તે શુભ હોય છે. જગતમાં કયાં ય મેલ અને મિશ્રણથી રહિત સુવર્ણ શું કાળું હોઈ શકે? કાળું હોય તો તે સાચું સોનું જ નહિ. છોકરા પરીક્ષા-હોલમાં જતાં પહેલા પોતાની જાત તપાસી લે છે કે 'મને આ ...આ...બધું આવડે છે ને?' એમ આપણે તપાસી લેવું ઘટે કે આપણામાં આ પ્રશમાદિ ચિહ્નો છે ને? એના પર સમ્યક્ત્વ નક્કી થશે, અને જો એમ ખબર પડે કે હજી એ ચિન્હોનું ઠેકાણું નથી, તો એ ચિન્હો લાવવાની જબ્બર મહેનત કરવી જોઇએ!

**પ્ર૦—પ્રશમનું સ્વરૂપ કેવું છે?**

ઉ૦ ૧. પ્રશમ કહો કે ઉપશમ, કષાયોના ઉધમાતની શાંતિ

તેનું નામ પ્રશમ. તીવ્ર કોટિના ક્રોધ-માનાદિ હોય, તે શાંત પડી જાય. જીવમાં ઉપશમ આવે કે એ અપરાધી ઉપર પણ ગુસ્સો નહિ કરે; અર્થાત્ " અપરાધીનું અહિત થાઓ, અપરાધીનું સત્યાનાશ જાઓ...' એવી દ્વેષની લાગણી એ નહિ ધરે. અલબત્ કદાચ દુશ્મનની સાથે બોલવા ચાલવાનો પ્રસંગ આવે, તોપણ એનું બુરૂં ન ચિંતવે. ત્યારે પૂછો કે—

**પ્ર૦—સંસારીને આ શી રીતે બની શકે ?**

ઉ૦ એનો ઉત્તર એ છે કે કોઈએ ગુનો કર્યો, પરંતુ પોતે એમ વિચારે કે ' આ તો કર્મોનો સ્વભાવ જ એવો છે, અથવા હાલમાં અશુભ કર્મનો ઉદયકાળ વર્તે છે; તો કર્મને આધીન વસ્તુ બને એમાં બીજા પર શા ગુસ્સા કરવાતા ? આમાં આપણા જ પૂર્વકૃત કર્મનો દોષ છે. " એમ મનને સમજાવી ગુનેગાર ઉપર ગુસ્સો ન કરે, તે પ્રશમ.

**પ્ર૦-સંવેગ એટલે શું ?**

ઉ૦ સંવેગ એટલે મોક્ષની અને એના કારણભૂત ધર્મની પ્રીતિ તથા અભિલાષા. આત્મામાં સંવેગ પ્રગટ્યા પછી તેને મોક્ષ સિવાય બીજું કાંઇ ગમતું નથી. એ આ જગતમાં મનુષ્ય કે દેવતા, રાજા કે ઇન્દ્રના સુખોને પણ દુઃખરૂપ ગણે છે. તે શું એની ભ્રમણા છે ? ના, સાચેસાચ આ જગતમાં સાચું સુખ જ નથી. રાજા કે ઇન્દ્રોને પણ જે સુખ દેખાય છે તે નાશવંતુ છે, પરાધીન છે, અધુરૂં છે, દુઃખ મિશ્રિત છે, દુઃખમાં પરિણમનારૂં છે, દુઃખની પરંપરા લાવનારૂં છે, હૃદયને કોરી ખાનારી અનેક બીજી ત્રીજી ચિંતાઓને આમંત્રણ આપનારૂં છે. આવા બધાં કારણોથી એ સુખ દુઃખરૂપ જ છે. માટે સમકિતી આત્મા એવા સાંસારિક સુખને તિરસ્કારી સાચા સુખના જ ધામભૂત એક મોક્ષને જ ચાહે છે. એથી એના અંતરમાં સદા મોક્ષની લગની

અને એના હેતુભૂત ધર્મની લગની રમ્યા કરે છે; આનું નામ જ સંવેગ.

**પ્ર૦—નિર્વેદનો અર્થ કૃપા કરી કહેશો ?**

નિર્વેદ એટલે ખેદ. નિર્વેદ એટલે કંટાળો. શાના ઉપર ? સંસાર ઉપર. સંસાર એટલે નારક–તિર્યંચ–મનુષ્ય અને દેવના ભવો. તેના ઉપર જે કંટાળો, તેનું નામ નિર્વેદ. સમકિતી જીવ સંસારના ભવોને વિટંબણા સમજે છે. ભવ એટલે તો કર્મરૂપી નટરાજના હુકમથી જીવને નાટક ભજવવાની રંગભૂમિ છે. એમાં જીવની શી શાબાશી છે ? ઉલટી નાલેશી છે. સ્વસંપત્તિની લૂંટામણ છે. નિજના આત્મઘરે જવામાં પ્રતિબંધ છે. ભવના જ પાપે ન કરવાના કામ જીવને કરવા પડે છે. ભવ એટલે કેદખાનામાં પુરાવાનું છે. આવા ભવસંસાર પર સમકિતી જીવને ભારે અરુચિ, ખેદ અને કંટાળો હોય છે. એનું નામ જ નિર્વેદ. આવા સંસાર પર સમકિતી ઉતમ જીવને મમત્વનું ઝેર ચઢતું નથી, છતાં જ્યાં સુધી હજી પોતે પરલોક સુધારનારો ચારિત્રમાર્ગ સાધી શકતો નથી ત્યાં સુધી એને ભારે ચિંતા હોય છે, તેથી સુખ સમૃદ્ધિની પુણ્યાઇવાળા સંસારમાં પણ સમકિતી જીવ દુઃખભર્યો રહે છે. રહેવામાં આનંદ નહિ પણ દુઃખ અનુભવે છે.

**પ્ર૦—અનુકંપા એટલે શું ?**

ઉ૦—અનુકંપાનો અર્થ દયા. દયા બે જાતની હોય છે, (૧) દ્રવ્યથી, (૨) ભાવથી.

ભૂખે મરતાને રોટલો આપવો, તે દ્રવ્યદયા; ધર્મરહિતને ધર્મ બતાવવો, તે ભાવદયા. દ્રવ્યદયા એટલે તે કે જેમાં દ્રવ્યદુઃખ ટળે. ભાવ દયા તે કે જેનાથી ભાવદુઃખ ટળે. દુનિયાની પીડાઓ જેવી કે ભૂખ, તરસ, રોગ, અપયશ, ટોંણા, પ્રહાર, ઇત્યાદિ, એ દ્રવ્યદુઃખ છે; ત્યારે ધર્મહીનતા, અશ્રદ્ધા, હિંસાદિ પાપસ્થા-

નકો, એ ભાવદુઃખ છે. જીવ દ્રવ્યદુઃખથી ખરેખરો દુઃખી નથી, કેમકે મનનું ધૈર્ય હોય તો મહાત્માઓ એવા દુઃખમાં પણ જરા ય ગભરાયા વિના વધુ પ્રસન્ન રહે છે; કેમકે એ પરીસહોથી થતો કર્મક્ષયનો લાભ એમને બહુ કિંમતિ અને ઇષ્ટ હોય છે. ત્યારે ધર્મહીનતા વગેરે જ ખરેખરાં દુઃખ છે; એથી આત્મા બહુ પીડાય છે; નરકાદિ ગતિઓમાં અસહ્ય ત્રાસ સહન કરે છે. માટે જ તે ભાવદુઃખ છે.

જેમ (૧) પાપમાં સબડતા જીવો અને ધર્મશ્રદ્ધાહીન જીવો એ ભાવદુઃખી છે; તેમ (૨) શ્રદ્ધામાં, વ્રતમાં, આચારમાં ઢીલા પડતા ધર્મી જીવો પણ ભાવદુઃખી છે. દ્રવ્યદુઃખી અને ભાવદુઃખી જીવસમૂહને આ ઘોર સંસારસાગરમાં પીડાતા જોઈને સમકિતી જીવનું હૃદય પીગળી જાય છે, એમના પ્રત્યે દિલ હમદર્દીવાળું બને છે અને 'જો હું દુઃખમાં આશ્વાસન ઝંખું છું તો બીજા જીવો પણ જરૂર ઝંખે,' એમ વિચારી ભેદભાવ વિના એ જીવોની બંને પ્રકારની દયા પોતાના સામર્થ્યને અનુસારે કરે છે.

દ્રવ્યદયા કરવા અન્નપાણી, વસ્ત્ર, ધન વગેરેનું દાન કરાય છે, તેમ ભાવદયા માટે ધર્મનો ઉપદેશ, ધર્મની સલાહ, ધર્મની પ્રેરણા અપાય છે, તત્ત્વ સમજાવાય છે, પાપથી અટકાવાય છે; શ્રદ્ધા-વ્રત-અને ધર્મઆચારમાં ઢીલા પડતાને સલાહસૂચના, યોગ્ય ધાકધમકી, સેવાશુશ્રુષા વિગેરે દ્વારા સ્થિર કરાય છે.

**પ્ર૦—આસ્તિકચ કોને કહો છો?**

ઉ૦— આસ્તિકચ એટલે અસ્તિત્વની શ્રદ્ધા. અસ્તિત્વ એટલે શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવોએ જે તત્ત્વો જેવા સ્વરૂપે કહ્યાં તે જ તત્ત્વોનું તેવા જ સ્વરૂપે અસ્તિત્વ, એની શ્રદ્ધા એટલે દ્રઢ પ્રતીતિ, મજબુત વિશ્વાસ. ટૂંકમાં કહીએ તો આસ્તિકચ એટલે જીવ જિનવચન પર એવી અગાધ પ્રીતિ ધારણ કરે કે જિનેશ્વર-

દેવોએ જે ભાખ્યું, તે સઘળાને સાચું અને શંકા વિનાનું માને.

આ આસ્તિક્ય લક્ષણ જાળવી રાખવા માટે સમકિતી આત્મા કાંક્ષાદિ સ્ખલનાઓથી દૂર રહે છે. જેમ નદીમાં તરતો જતો કે સમુદ્રમાં તરતો આવતો માનવી વચમાં આડા-અવળા તણાઇ જવાના કુપ્રવાહોથી દૂર રહે છે, તેમ જિનવચનની રુચિના મોક્ષગામી પ્રવાહમાં ચાલ્યો જતો જીવ શંકા કાંક્ષાદિ કુપ્રવાહોથી દૂર રહે છે. શંકા એટલે 'અમુક જિનવચન બરાબર હશે કે કેમ?' એવો વહેમ. કાંક્ષા એટલે મિથ્યામતના આડંબરથી કે દેખીતા ગુણોથી વ્યામોહિત થઈ એના કાંક્ષી-વાંછક-પ્રશંસક બનવું તે. સમ્યક્ક્રિયાના ફળમાં શંકાશીલતા, મહાત્માના મલિન વસ્ત્રાદિની જુગુપ્સા, મિથ્યામતીઓની પ્રસંશા કે પરિચય, આ બધાં દૂષણો આસ્તિક્યને ટકાવવા દૂર કરવાં પડે.

આમ પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય, આ જે પાંચ લિંગ કહ્યાં, તે આપણા દિલમાં જો રમતાં હોય તો 'આપણામાં સમ્યક્ત્વ છે,' એમ અનુમાન કરી શકાય. "આ પાંચ લિંગ દિલમાં રમતાં છે" એ તેને અનુરૂપ બાહ્ય શુભપ્રવૃત્તિથી કલ્પી શકાય છે.

શ્રી જિનેશ્વરભગવંતોએ આવા શુભ આંતર પરિણામવાળાને સમ્યગ્દૃષ્ટિ જીવ કહ્યો છે, અને એ થોડા કાળમાં ભવસમુદ્રને ઓળંગી જાય છે.

**દેશવિરતિના ભાવ ક્યારે પ્રગટે?**:-ધર્મના મહાન જિજ્ઞાસુ બનેલા રાજા ગુણસેનને આચાર્યમહારાજ સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવી હવે ગૃહસ્થધર્મનું એટલે કે દેશવિરતિનું સ્વરૂપ સમજાવે છે: .

"હે ગુણસેન મહાભાગ! કર્મની અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથીય પલ્યોપમ-પૃથક્ત્વ જેટલી સ્થિતિ ક્ષીણ

થાય છે ત્યારે આત્મામાં અધિકતર શુભ પરિણામ જાગે છે અને દેશવિરતિના ભાવ પ્રગટ થાય છે. સર્વથા હિંસાદિ પાપના ત્યાગને સર્વવિરતિ કહેવાય છે અને અંશે પાપના ત્યાગને દેશવિરતિ કહેવાય છે,

**અંશે ત્યાગ શી રીતે?:**—અંશે ત્યાગ કહો કે સ્થૂલપણે ત્યાગ કહો એક જ વસ્તુ છે. દા. ત. હિંસાનો અંશે ત્યાગ અથવા સ્થૂલ હિંસાનો ત્યાગ, બે એક જ ચીજ છે. ગૃહસ્થ પૃથ્વીકાય, અપ્કાય વગેરે સ્થાવર જીવોની હિંસા છોડી શકતો નથી, પણ કીડા–કીડી વગેરે હાલતા–ચાલતા (ત્રસ) જીવોની હિંસા છોડી શકે; અને જો એ ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરે તો તેણે અંશે હિંસાનો ત્યાગ કર્યો ગણાય. અથવા સ્થૂલ હિંસાનો ત્યાગ કર્યો ગણાય. એને શાસ્ત્રીય પરિભાષામાં 'સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત' કહેવાય છે.

એવી રીતે 'સ્થૂલ મૃષાવાદ વિરમણ'માં પણ સર્વથા નહિ પણ અંશે જૂઠનો ત્યાગ કરવામાં આવે તો એ પણ દેશવિરતિ.

ત્રીજું વ્રત 'સ્થૂલ અદત્તાદાનવિરમણ,' એટલે ચોરીનો ત્યાગ.

ચોથું "પરદારગમણવિરમણ વ્રત" એટલે કે પરસ્ત્રીભોગનો ત્યાગ. અથવા સ્વસ્ત્રી સંતોષ.

પાંચમું 'અપરિમિતપરિગ્રહવિરમણ વ્રત' અર્થાત્ મર્યાદા રહિત જે પરિગ્રહબુદ્ધિ, તેનો ત્યાગ. એટલે કે પરિગ્રહનું પરિમાણ.

**વિરતિ ક્યારે?:**—અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે, કે આ પાપોનો ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વકનો હોય તો જ વિરતિ ગણાય છે. તે પણ ત્યાગ અંતરાત્માના તદનુરુપ પરિણામ સ્વરૂપ જોઇએ; નહિ કે કોઈના દબાણથી માત્ર બાહ્ય વ્રતક્રિયારૂપ.

**પ્રતિજ્ઞા–પાલન શી રીતે શક્ય બને?:**—આવા દેશવિરતિ પરિણામથી યુક્ત જીવ અણુવ્રતોને અંગીકાર કરીને, હૃદયના

ભાવને પડવા દીધા વિના તેને પાળે, તેમાં જુદાજુદા પ્રકારના અતિચારોને એ સેવતો નથી.

અતિચાર એટલે વ્રતને મલિન કરનારી સ્ખલનાઓ, દોષો. વ્રતની પ્રતિજ્ઞા લેવા માત્રથી બસ નથી થતું, પણ પ્રતિજ્ઞા લીધા પછી એનું બરાબર પાલન થવું જોઇએ. પાલન પણ માત્ર બાહ્યથી નહિ, કિન્તુ હૃદયના પરિણામ અખંડ રાખીને થવું જોઇએ. તેમાં પણ સામાન્ય ગણાતી સ્ખલનાઓ ન થવા દેવી જોઇએ. આનો અર્થ એ થયો કે વ્રતની આરાધનાની ભૂમિકામાં પાંચ વસ્તુ છે.

૧ 'આ પાપ હવે મને ન જ ખપે,' એવા હૃદયના સાચા ભાવથી પાપના ત્યાગની પ્રતિજ્ઞા કરવી.

૨. પ્રતિજ્ઞાનું અખંડ પાલન કર્યે જવું.

૩. સાથે સાથે હૃદયમાં વિરતિના પરિણામ ટકાવી રાખવા; 'મારે આ...આ...પાપનો ત્યાગ જ છે, મને એ પાપ હવે ખપે જ નહિ' એવો ભાવ હૈયામાં અખંડિત રાખવો.

૪ જે જે સ્ખલનાઓ (દોષો) વ્રતનો સર્વથા ભંગ નથી કરતી, કિન્તુ વ્રતને દૂષણ લગાડી મલિન કરે છે, તેને અતિચાર કહેવામાં આવે છે. એવા અતિચારો પણ ન સેવાઇ જાય એની ખાસ સાવધાની રાખવી જોઇએ. નહિતર અતિચારના બેહદ સેવનથી પ્રતિજ્ઞા સમૂળગી ભાંગી જવાની સ્થિતિ ઊભી થાય છે.

"હે ગુણસેન! તો તેવા ટાળવા યોગ્ય અતિચારો કયા કયા છે, તે તું સાવધાની પૂર્વક સમજી લે."

**[૧] સ્થૂલ પ્રાણાતિપાત—વિરમણ નામના પ્રથમ અણુવ્રતના પાંચ અતિચાર:**—વધ, બંધ, છવિચ્છેદ, અતિભાર, અને ભાતપાણીનો વ્યુચ્છેદ.

(૧) **વધ** એટલે પ્રહાર. જીવોને ચાબૂક વગેરેથી મારવા નહિ જોઈએ. એમ કરતાં કોકવાર એનું મૃત્યુ થઈ જાય. અથવા આપણા હૃદયમાંથી અહિંસાના કોમળ ભાવ ભગ્ન થઇ જાય. આ બે હકિકતો આગળ ઉપરના બીજા અતિચારોમાં પણ સમજવી.

(૨) **બંધ** એટલે ગાઢ બંધનથી જીવોને બાંધી રાખવા. એમ બાંધી રાખવાથી કોકવાર અગ્નિ–સાપ વગેરેના ઉપદ્રવમાં એ જીવ બિચારો સ્વયં ત્યાં ભાગી ન શકે અને મૃત્યુ વગેરે પણ થઈ જાય.

(૩) **છવિચ્છેદ** એટલે જીવો આપણી માલિકીના છે એ નિશાન રાખવા કે બીજા કોઈ કારણે એની ચામડીનો છેદ કે અગ્નિથી ડામ દેવરાવવો તે. આ પણ ન કરવું જોઈએ.

(૪) **અતિભાર** એટલે સરળતાથી ઊંચકી શકે એટલા પ્રમાણ કરતાં વધુ ભાર જીવો પર લાદવો. અતિભારના યોગે કદાચિત્ એમાંથી કોઇ વસ્તુ પડવાથી જીવના અંગોપાંગ હણાય, અગર તો અતિભારના યોગે પોતેજ લથડડીયું ખાઈ પડે નીચે અને ઈજા પામે.

(૫) **ભાતપાણીનો** વ્યુચ્છેદ (નિષેધ) એટલે જીવને એના સમયસર એનું ભોજન કે પાણી આપવાનું ભૂલવું. આમ ભૂલવામાં ભૂખ કે તરસથી જીવ અતિશય પીડા પામે, તેથી બિચારાનું કદાચ મૃત્યુ પણ થઈ જાય.

[૨] **બીજા મૃષાવાદ વિરમણ વ્રતના પાંચ અતિચારઃ– સહસાકથન, રહસ્થકથન, દારામંત્રભેદ, મૃષાઉપદેશ અને કૂટ-લેખ–સાક્ષી.**

(૧) **સહસાકથન**–એટલે વગર વિચાર્યે એકાએક બોલી નાંખવું. આમ બોલી નાંખવામાં જૂઠ આવી જવાનો સંભવ છે. કદાચ સાચું પણ બોલાઇ જાય, છતાં અંતરમાંથી અસત્ય ન

બોલવાની અપેક્ષા ચાલી જવાનો ભય છે. માટે જે બોલવું તે વિચારીને બોલવું જોઈએ.

(૨) **રહસ્યકથન**–કોઈનાં છૂપાં રહસ્ય બીજા આગળ પ્રગટ કરવાં. આ ન કરવું જોઈએ. આમાં તો સ્વ-પરને ઘણું નુકશાન થવા સંભવ હોય છે.

(૩) **દારામંત્રભેદઃ**—સ્વસ્ત્રીની સાથેની ખાનગી મંત્રણાનો ભેદ કરવો અર્થાત્ તે વાતચીત બહાર બીજાને કહેવી. આમ કહી દેવામાં સામા જીવને દુઃખ થવાનો યાવત્ આપઘાત સુધી પહોંચી જવાનો સંભવ છે. 'પોતાની ગુપ્ત વાત પ્રગટ થઈ ગઈ' એમ માલુમ પડે તો કેટલાક જીવો 'જગતને મોં શું બતાવવું ?' એ ભયથી આત્મઘાત કરે છે. ત્યારે વ્રતનું પાલન એવું ન જોઈએ કે જેથી તે કોઈ જીવનો ઘાત કરી નાખે. તેથી વાત સાચી હોવા છતાં એવી વાત બોલાય નહીં.

**મૃષાઉપદેશ**–એટલે બીજાને જુઠી સલાહ આપવી, એ પણ અતિચાર છે.

પ્ર૦–જૂઠી સલાહ આપે એમાં તો નરદમ જૂઠું બોલવાનો પ્રસંગ આવે, તેમાં તો વ્રતભંગ જ થાય, તો પછી એ અતિચાર શાનો ?

ઉ૦–વાત સાચી છે, પરંતુ કેટલાક લોકો એવા હોશિયાર હોય છે કે વચનમાં સીધું જૂઠું ન આવવા દે, કિન્તુ સામો જુદું જ સમજે એવી સફાઈથી બોલે ! આમાં 'મારે જૂઠ વચન તો ન જ બોલવું' આવો ભાવ હૃદયમાં જાગ્રત છે તેથી વ્રતભંગ નથી થતો, પણ ઈરાદાપૂર્વક સામાને તે વચન જૂઠું પરિણમાવવામાં આવે છે, તેથી અતિચાર લાગે છે.

અથવા કેટલીકવાર દ્વિ-અર્થી વચનથી સામાને જૂઠું સમજાવવામાં આવે છે. અથવા સામાને જૂઠું બોલવાની સલાહ

અપાય છે. દા. ત. બાપ પુત્રને કહે, 'જો મારે જૂઠું ન બોલવાની પ્રતિજ્ઞા છે, પણ તારે કાંઈ થોડી જ પ્રતિજ્ઞા છે?' આ બધામાં અતિચાર લાગે.

(૫) **કૂટલેખ-સાક્ષી**–એટલે 'મારે તો મોંઢેથી જૂઠું ન બોલવાની પ્રતિજ્ઞા છે, પણ જૂઠું લખવા કરવાની પ્રતિજ્ઞા નથી' એમ માની જૂઠા લેખ લખે. દા. ત. કોઈના પાંચસો જમે આવ્યા, પણ ચોપડામાં ચારસો જમે કરે; પાછો અવસર આવ્યે મોંઢે કાંઇ ન બોલે, ચોપડો બતાવી દે. 'લ્યો આ ચોપડો.' એમાં પેલો બિચારો ચોપડો વાંચી એમાં લખ્યા પ્રમાણે જ હિસાબ કરી ચાલતો થાય. આ માને કે 'આપણે જૂઠું નથી બોલ્યા!' આ અતિચાર છે. એવી રીતે પ્રોમીસરી નોટોમાં, ચેકમાં, કે બીજા-ત્રીજા કોઇ લેખમાં જૂઠી વસ્તુ લખે તો અતિચાર લાગે. આની જેમ કોર્ટમાં અગર બીજે ખોટી સાક્ષી ભરે તો પણ અતિચાર લાગે. કદાચ મોંઢેથી જૂઠ ન બોલે, પણ એવી સિફતથી બોલે અથવા એવી મુદ્રા બતાવે, કે જેથી સામો જૂઠું સમજે! આ અતિચાર છે. એ ટાળવા પહેલેથી જ બરાબર સાવધાન રહેવું ઘટે.

**જૂઠત્યાગ પર દૃષ્ટાન્તઃ**–એક શ્રાવક રસ્તા પરથી જઇ રહ્યો છે, ત્યાં બે વાઘરીને સામસામા લડતા જોયા. બે જણ બોલંબોલી કરતા લાકડી ઉગામીને તૈયાર થઈ ગયા છે. એમાંનો એક બીજા ઉપર ઘા કરે તે પહેલાં જ પેલા શ્રાવક શેઠે ડહાપણથી આંખ મીંચી દીધી.

પેલા તો મારામારી પર ચઢી ગયા. પોલીસ આવી. કચેરીમાં લઇ ગયા. સાક્ષી તરીકે પેલા શ્રાવકનું નામ લખતા ગયા. કોર્ટમાં કેસ ચાલ્યો. શ્રાવકને બોલાવી તેને પૂછવામાં આવ્યું,

'બોલો, આમાં તમે શું જાણો છો?'

શ્રાવક કહે છે, 'હું એ રસ્તેથી ચાલ્યો આવતો હતો. ત્યાં બે જણને બોલાબોલી કરતા જોયા હતા.'

'પછી ?'

'પછી તો બંને જણા લાકડી ઉગામી તૈયાર થઈ ગયા એટલું હું જાણું છું.'

'પછી પણ તમે તે રસ્તા પર જ હતા, એટલે જાણતા હશો કે એમાંથી લાકડીનો ઘા પહેલો કોણે કર્યો ?'

હવે જુઓ કે અહીં બે વસ્તુ છે. એક તો પોતે જાણવા છતાં જો ફેરફાર બોલે તો વ્રત હણાય; અને જો સાચું બોલે તો આ તો વાઘરીની જાત, જેની વિરુદ્ધમાં શ્રાવક બોલે તે વાઘરી અથવા એના કુટુંબી પછી છૂપી રીતે શ્રાવકના બાર જ વગાડી નાખે! તેમજ આની સાક્ષી નિમિત્તે બીજાને સજા થાય એ જુદું. અને કોર્ટ તો સાચો કે જૂઠો ગમે તે ઉત્તર માગી રહી છે! તો શું કરવું? ત્યારે જુઓ, કે શ્રાવક શું કહે છે.

'આપની વાત સાચી કે હું તે રસ્તા પરજ હતો. પરંતુ વાત એમ છે કે અમે તો વાણીયાભાઈ, તે જયાં લાકડી ઉગામેલી જોઇ કે મારાથી તો ત્યાં આંખ જ મીંચાઈ ગઈ...અને પછી આંખ ખોલું છું ત્યાં તો સામાસામી મારામારી ચાલતી દેખાઈ.'

ન્યાયાધીશ હસી પડ્યા! અને શ્રાવકને જતો કરવામાં આવ્યો.

જૂઠ બોલવાનો પ્રસંગ જ ન આવે એવી સાવધાની અગાઉથી રાખવી જોઈએ.

**[3] અદત્તાદાનવિરમણવ્રતના પાંચ અતિચાર:**—સ્તેનાદ્રતગ્રહણ, તસ્કરપ્રયોગ, વિરૂદ્ધરાજયાતિક્રમ, કૂટતુલમાન અને તત્પ્રતિરૂપક.

**૧. સ્તેનાદ્રતગ્રહણ:**—એટલે ચોરનું લાવેલું લેવું તે. એ દોષરૂપ છે. આપણે જાણતા ન હોઇએ કે આ ચોરીને લાવેલું છે કે કેમ, તો પણ સામો જો ચોર હોય તો તેનું ગમે તેવું લાવેલું

પણ ન લેવું જોઇએ. નહિતર રાજ્ય વગેરે તરફથી આપણે આફતમાં મૂકાવું પડે. તેમજ ચોરનું ચોરી લાવેલું લેવાનો ચડસ લાગવાથી અંતરમાંથી ચોરી પરની જુગુપ્સા ચાલી જાય.

૨. **તસ્કરપ્રયોગ**:—એટલે ચોરને બીજીત્રીજી રીતે સહાયક થવું તે. પછી તે સહાય ચોરને આપણા ઘરમાં મુકામ કરવાની સગવડ આપવારૂપ હોય, કે એને ચોરી કરવાના સ્થાન બતાવવારૂપ હોય, અથવા ચોરીની પ્રેરણા આપવારૂપ કે ચોરીની કળા વિદ્યા શિખવવા રૂપ હોય, અથવા ચોરી કરતાં પકડાઈ જવાય તો કેમ છૂટવું તે બતાવવારૂપ કે એનો ચોરીનો માલ બારોબાર વેચવા કરવાની સગવડરૂપ હોય. આ બધું દોષરૂપ હોઈ ન આચરવું જોઈએ.

૩. **વિરુદ્ધરાજ્યાતિક્રમ**—એટલે રાજ્યના કાયદા વિરૂદ્ધ માલ મંગાવવો–મોકલવો તે. દાણ ભરવામાં ઘાલમેલ, ઇત્યાદિ આવે. તે ન આચરવું.

૪. **કૂટતુલમાન**:—એટલે ખોટાં તોલ માપાં. તે ન રાખવાં જોઇએ.અથવા બીજા ખોટા તોલમાપા લાવી તેનાથી વ્યવહાર ન કરવો જોઇએ. દા. ત. બે જાતની પાંચશેરી રાખી માલ ખરીદવામાં સવા પાંચશેરી વાપરે અને વેચવા વખતે પોણી પાંચશેરી થી જોખી આપે. એમ ત્રાજવા એવી રીતે પકડે કે જેથી સામાને ઓછું અપાય. આ અતિચાર છે.

૫. **તત્પ્રતિરૂપક**:—એટલે સારા માલની નકલ, કે તેના જેવો જ દેખાતો, પણ હલકો માલ. આવા ખરાબ માલને સારા અસલ માલ તરીકે ન વેચવો, તેમજ સારા અને હલકાનું ભેળસેળ કરીને સારા તરીકે ન વેચવું.

ચોરી તો એક મહા દુર્ગુણ છે જ, પરંતુ અદત્તાદાન વિરમણ વ્રતના આ પાંચે અતિચાર પણ એવા દુર્ગુણ છે કે એ

હૈયાને અપવિત્ર અને ધિટ્ઠું કરી દે છે અને હૃદય અપવિત્ર થયા પછી માત્ર એક દિવસ જ પાપ કરીને અટકતું નથી, કિન્તુ દીર્ઘ-કાળ સુધી બીજા સેંકડો પાપ કરતાં પણ એને સંકોચ રહેતો નથી. તેમ ધિટ્ઠાઇ આવવાથી, સેવાતા દોષો પ્રત્યે એને સૂગ રહેતી નથી; અને તેથી રાજીખુશીથી દોષો સેવે જાય છે.

[૪] **મૈથુન–વિરમણવ્રતના પાંચ અતિચાર:**—ઈત્વર પરિ-ગ્રહિતાગમન, અપરિગ્રહિતા–ગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ અને કામભોગનો તીવ્ર અભિલાષ.

૧. 'ઇત્વર **પરિગ્રહિતા**' એટલે થોડા કાળ માટે ભાડે રાખેલી સ્ત્રી, એની સાથેનું અનાચાર સેવન. તે દોષરૂપ છે.

અહીં પ્રશ્ન થશે કે આ અનાચાર સેવન વ્રતના ભંગરૂપ નહિ?

ના, મનમાં એ સમજે છે કે 'ભાડાના કાળ દરમીયાન આ પરસ્ત્રી નથી. મેં આને મારી સ્ત્રી કરી લીધી છે.' છતાં એ અતિ-ચાર તો જરૂર છે; કેમકે લોકવ્યવહારાનુસાર પરણેલી તરીકે એ પોતાની સ્ત્રી નથી.

૨. '**અપરિગ્રહિતા**' એટલે ન પરણેલી સ્ત્રી, બાળકુમારિકા વગેરે. તેની સાથેની કામક્રીડા પણ ચોથા વ્રતને ધારણ કરનારે વર્જવી જોઇએ.

૩. '**અનંગક્રીડા**' એટલે કામના અંગ ન ગણાય તેવા અવયવ સાથેની ચેષ્ટા.

૪. '**પરવિવાહકરણ**' એટલે બીજાની સગાઈ–વિવાહ–લગ્ન કરવાં તે.

૫. '**કામ ભોગનો તીવ્ર અભિલાષ**' એટલે સ્વસ્ત્રીમાં ભોગની તીવ્ર ઈચ્છા.

આ બધા અતિચારો ત્યાજ્ય છે. એ ન સેવવા જોઇએ.

એથી વ્રતના પવિત્ર ભાવ કલુષિત થાય છે. અહીં પહેલા બે અતિચાર અંગે ખાસ ધ્યાન રહે કે સદાચારના નિયમમાં માત્ર પરસ્ત્રી વિરમણવ્રત નથી પરંતુ સાથે સ્વદારા સંતોષવ્રત પણ છે; અને તેમાં તો જો ભાડે વેશ્યા કે કુમારિકાદિ સાથે મૈથુન સેવે તો વ્રતભંગ છે, દુરાચાર છે.

[૫] **પરિગ્રહપરિમાણ વ્રતના પાંચ અતિચારઃ**-ક્ષેત્રવાસ્તુ-પ્રમાણાતિક્રમ, હિરણ્યસુવર્ણ પ્રમાણાતિક્રમ, ધનધાન્ય પ્રમાણાતિક્રમ, દ્વિપદ–ચતુષ્પદ પ્રમાણાતિક્રમ અને કુપ્ય પ્રમાણાતિક્રમ.

૧. **ક્ષેત્ર** એટલે ખેતર, ખાણ વગેરે. **વાસ્તુ** એટલે મકાન વગેરે.

૨. **હિરણ્યસુવર્ણથી** ચાંદી, સોનું, હીરા, માણેક, મોતી વગેરે સમજવાં, ચાહે તે નગદ હોય કે આભૂષણો હોય.

૩. **ધન** એટલે કે રોકડ નાણું, બેંક આદિમાં જમા રકમ, પ્રોમેસરી નોટ, શેરો, ફરનીચર તથા દુકાનનો માલ વગેરે. **ધાન્યથી** સર્વ પ્રકારનાં અનાજ.

૪. **દ્વિપદથી** નોકર, દાસી, વગેરે. **ચતુષ્પદ** એટલે ઢોરઢાંખર.

૫. **કુપ્ય** એટલે બીજી ધાતુઓ–લોખંડ, તાંબુ, પિત્તળ વગેરે. વાસણ, તિજોરી વગેરે આકારવિશેષ રૂપે હોય તે પણ.

આ બધાનું જે પરિમાણ કર્યું હોય, તે પરિમાણને બીજારૂપે ઓળંગી જાય તો અતિચાર; પરંતુ વ્રતભંગ નહિ. કેમકે આમાં સ્પષ્ટ રીતે ઉલ્લંઘન નથી, પણ છોકરાના નામે કે સ્ત્રી આદિના નામે વધારાનું જમા કરી કારભાર, હકુમત વગેરે પોતાના હાથમાં રાખે છે, અને જરૂર પડયે પોતે એનો ઉપયોગ કરી લેતો હોય છે; તેથી અતિચાર રૂપ છે.

**વ્રતધારી અતિચારો કેમ સેવતો નથી ?** :—શ્રી વિજયસેન આચાર્ય મહારાજ ગુણસેન રાજાને અણુવ્રતોના આ પ્રમાણે પાંચ પાંચ અતિચાર બતાવીને ફરમાવે છે કે, " હે મહાભાગ ! આ રીતે બીજા પણ અહીં ન કહેવાયેલા આ જાતના અતિચારો

સમજી લેવા. એ બધા અતિચારોને વ્રતધારી શ્રાવક બને ત્યાં સુધી આચરતો નથી; કેમકે એક તો પોતાના અંતરમાં શુભ–પરિણામ, શુભ ભાવનાઓ, અને વિરતિમાર્ગની સુંદર પરણિત રમતી હોય છે, તેમજ એ સમજતો હોય છે કે અતિચારો એ અપાર સંસારસમુદ્રમાં ભટકાવવામાં નિમિત્તભૂત છે. કેમકે જીવને મોહના દોષોના સેવનને લીધે જ મહાન કર્મબંધ થાય છે, અને તેથી આ દુઃખદ સંસારમાં રીબાવું પડે છે. એ મોહના દોષોને પોષનાર અતિચારો છે. એ અતિચારોનું સેવન જેમ જેમ ઓછું થઈ જાય તેમ તેમ આત્મા મોહના દોષોથી મુક્ત થતો આવે છે. માટે જ વ્રતધારી શ્રાવક અતિચારોને આચરતો નથી, તેમજ અણુવ્રતોને અનુકૂળ ઉત્તરગુણોને તે સ્વીકારે છે.”

## ગુણવ્રતો તથા શિક્ષાવ્રતો :

આચાર્યદેવની વાણીથી ઉલ્લસિત બનેલો રાજા ગુણસેન અધિક જિજ્ઞાસાથી આચાર્યદેવને પૂછે છે, “ભગવંત, અણુવ્રતો ઉપરાંત એ ઉત્તરગુણો કયા કયા છે? તે સમજાવા કૃપા કરશો?”

“ગુણસેન! ઉત્તર ગુણોમાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષા-વ્રતોનો સમાવેશ થાય છે. તેમાં ગુણવ્રતો અનુક્રમે ૧. દિક્પરિમાણ ગુણવ્રત. ૨. ભોગોપભોગપરિમાણ ગુણવ્રત, અને ૩. અનર્થદંડ-વિરતિ ગુણવ્રત છે.

“ચાર શિક્ષા વ્રતોમાં પહેલું વ્રત ‘સાવદ્યયોગ પરિવર્જન અને નિરવદ્યયોગ–પ્રતિસેવના.’ (સામાયિક) રૂપ છે. બીજું ‘દેશાવકાશિક’ શિક્ષાવ્રત છે, ત્રીજું ‘પોષધ’ શિક્ષાવ્રત અને ચોથું ‘અતિથિસંવિભાગ’ શિક્ષાવ્રત છે. આમ કુલ વ્રતોની સંખ્યા બારની થાય.”

“હે ગુણીયલ! ગુણવ્રત અને શિક્ષાવ્રત અંગીકાર કર્યા પછી તે આત્મા સદા શુભ પરિણામથી વાસિત બનેલો હોય છે અને

ભાવથી વિરતિની પરિણતિને ખંડિત થવા દેતો નથી, તેમજ બહારથી વ્રતને અર્થાત્ ઉત્તર ગુણોને બરાબર પાળે છે. તેમજ ગુણવ્રતો તથા શિક્ષાવ્રતોના પાલનમાં તે વ્રતના અતિચારોને પણ ટાળે છે."

"પ્રભુ! એ વ્રતોનું સ્વરુપ તેમજ તેમાં દૂષણભૂત અતિચારોનું સ્વરૂપ જો સમજાવવામાં આવે, તો મહાન ઉપકાર થાય."

સંવેગ–વૈરાગ્ય અને તત્ત્વજિજ્ઞાસાથી તરબોળ બનેલો રાજા ગુણસેન એકચિત્ત બની આચાર્યદેવ પાસેથી તત્ત્વની સમજૂતી લઈ રહ્યો છે, ને કૃપાના સાગર આચાર્ય ભગવંત પણ રાજાને યોગ્યપાત્ર જાણી સુંદર તત્ત્વ–સમજૂતી આપી રહ્યા છે.

[૬] '**દિક્‌પરિમાણ' વ્રતનું સ્વરૂપ:**— "ગુણસેન! પાંચે અણુવ્રતો પછી ગુણવ્રતોમાં પ્રથમ જે 'દિક્‌પરિમાણ–વ્રત' છે, તેમાં ઉર્ધ્વ, અધો અને તિર્યક્ અર્થાત્ ઉપરની, નીચેની, અને તીર્છી, ચારે દિશાઓમાં વધુમાંવધુ કેટલું જવું, તેનું પરિમાણ (મર્યાદા) બાંધી, તે મર્યાદા ઉપરાંત તે તે દિશાઓમાં ન જવાનું પચ્ચક્‌ખાણ (પ્રતિજ્ઞા) કરાય છે. આ થયું છઠ્ઠા વ્રતનું સ્વરુપ."

**છઠ્ઠાવ્રતના અતિચારો:**—વળી આ વ્રતને દૂષણ લગાડનારા પાંચ અતિચારોમાં (૧–૨–૩) **ઉર્ધ્વ, અધો અને તિર્છી દિશાનું પ્રમાણ ઓળંગી જવું તે ત્રણ** છે. આમાં જીવ નાના મોટા માઈલ વગેરેની કલ્પના દ્વારા અતિચાર લગાડે છે, તે ન લગાડવો જોઇએ.

(૪) **ક્ષેત્રવૃદ્ધિ** એટલે જરૂર પડયે એક બાજુની દિશાનું માપ ઓછું કરી, બીજી બાજુની દિશાનું માપ વધારી લેવામાં આવે; ત્યાં આ અતિચાર લાગે છે.

(૫) **સ્મૃતિ–અંતર્ધાન** એટલે કે પોતે કઈ દિશામાં કેટલું પરિમાણ રાખ્યું હતું તે ભુલી જાય, તેથી વ્રતની મર્યાદા ઉપરાંત અધિક દૂર જવાનો સંભવ રહે, માટે આ પણ અતિચાર છે.

[૬] **ભોગોપભોગ પરિમાણ વ્રતનું સ્વરૂપઃ** - આ વ્રતમાં પોતાને ભોગ અને ઉપભોગમાં લેવાની વસ્તુઓનું માપ નક્કી કરી, તે સિવાયની જગતભરની વસ્તુઓના ભોગ તથા ઉપભોગનો ત્યાગ કરવામાં આવે છે.

**ભોગની વસ્તુ** તે ગણાય કે જેનો એકજ વાર ઉપયોગ થઈ શકે; દા. ત. ખાનપાનની વસ્તુ. **ઉપભોગની વસ્તુ** તે છે કે જેનો વારંવાર ઉપયોગ થઇ શકે, દા. ત. વસ્ત્ર, વાહન, મકાન વગેરે.

**ભોગની મર્યાદામાં** ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાયનો ત્યાગ આવે; તેમાં કંદમૂળ, બરફ, અજાણ્યાં ફળ, રાત્રીભોજન, મધ–માખણ–મદિરા–માંસ, વાશી, બોળો, વિદળ, ચલિતરસ વગેરેનો ત્યાગ કરાય છે. ધાન્ય, શાકભાજી, ફળ, મેવાની સંખ્યા કેએનું વજન–પરિમાણ મર્યાદિત કરી બાકીનો ત્યાગ કરાય છે. તેમ સચિત્ત, દ્રવ્ય, ને વિગઇઓનું માપ કરાય છે; **ઉપભોગની મર્યાદામાં** પગરખાં, વાહન, વસ્ત્ર, ગંધ વગેરે દૈનિક કેટલા વાપરવા એનું ધોરણ નક્કી કરી લેવાય છે. આની સાથેસાથે ખરકર્મ–બળદના નાક વીંધવા...વગેરે હૃદયને નિષ્ઠૂર કરનાર કર્મનો, તથા પંદર કર્માદાનના ધંધાનો ત્યાગ કરવામાં આવે છે. કર્માદાન એટલે જેમાં બહુ પાપ હોવાથી ચીકણા અને બહુસંખ્ય કર્મનો સંચય થાય છે તે. એ પંદર કર્માદાનનું ટૂંકું સ્વરૂપ નીચે મુજબ છે.

**પંદરકર્માદાનઃ**—૧. **અંગારકર્મ**—ભઠ્ઠી કરવી પડે તેવો ધંધો. ૨. **વનકર્મ**–વાડી, બગીચા, ખેતી, વનકાષ્ઠ વગેરેના ધંધા. ૩. **શકટકર્મ**–ગાડાં, વાહન વગેરે બનાવવાના ધંધા, જેની પાછળ મહા આરંભ ચાલે છે તે. ૪. **ભાટકકર્મ**–પશુવાહન વગેરે ભાડે આપવાના ધંધા. ૫. **સ્ફોટકકર્મ**–ખાણ ખોદાવવી, ભૂમિ ફોડાવવી વગેરેના ધંધા. ૬ થી ૧૦. **દંત—લક્ખ—કેશ—રસ—વિષના**

વેપાર. દંત=હાથીદાંત વિગેરે, લક્ખ=લાખ વગેરે, કેશ=વાળ દા. ત. ચમરી ગાયના વાળ; રસ=ઘી, તેલ વગેરે; વિષ=ઝેર. (આ વસ્તુઓ પાછળ મોટી હિંસા છે માટે તેનો વેપાર ત્યાજ્ય છે.) ૧૧. **યંત્રપીલણકર્મ**–ઘાંચી આદિના યંત્રમાં તલ પીલવા વગેરેના ધંધા. મીલ કારખાનાના ધંધાનો આમાં સમાવેશ થાય. ૧૨. **નિર્લાંછનકર્મ**–પશુને ખસી કરવાં, નાક વીંધવા...વગેરે ધંધા. ૧૩. **દવાગ્નિદાન**–વન બળાવી કોલસા પડાવવા, રહેઠાણ યોગ્ય જમીન કરવાના ધંધા વગેરે. ૧૪. **અસતીપોષણ**–કૂતરા વગેરે પોષવા ઉછેરવાના વેપાર, વેશ્યાની દલાલી વગેરે. ૧૫. **સરોવર–દ્રહ–તલાવ શોષણ**–સરોવર, કૂવા વગેરે સુકાવી પૂરાવી નાખવાના ધંધા.

**સાતમા વ્રતના અતિચારોઃ**—(૧) **સચિત્ત આહારઃ**— સચિત્ત એટલે સજીવ વસ્તુ. તેવી વસ્તુના ભક્ષણના ત્યાગનો નિયમ હોવા છતાં 'રંધાયું માટે અચિત્ત ' એમ સમજી સચિત્ત વાપરે તો અતિચાર લાગે. દા. ત. જામફળનું બીજવાળું શાક.

(૨) **સચિત્તપ્રતિબદ્ધ આહાર :**— બીજી સચિત્ત વસ્તુ સાથે સંબંધવાળી વસ્તુનો આહાર, દા. ત. કાપેલા ફળના ટુકડામાં જો સાથે બીજ પડી રહ્યું હોય, તેવા ફળનો આહાર.

**અપક્વઔષધિભક્ષણઃ**— અપક્વ એટલે બીલકુલ નહિ સીજાયેલ વનસ્પતિ, કઠોળ વગેરેનું ભક્ષણ.

(૪) **દુઃપક્વઔષધિભક્ષણઃ**— દુઃપક્વ એટલે બરાબર અચિત્ત નહિ થયેલ. દા. ત. કાકડીનું શાક.

(૫) **તુચ્છઔષધિભક્ષણઃ**— તુચ્છ એટલે જેમાં ખાવાનું થોડું જ હોય અને ફેંકી દેવાનું ઘણું હોય તે. દા. ત. ચણીબોર.

અતિચારો ટાળીને આ વ્રત પળાય તે બહુ લાભદાયી છે. કેમકે આમાં અનેક પ્રકારનો દૈનિક ત્યાગ હોવાથી અંતરમાં

આરાધનાનો ભાસ થાય છે, તેમજ ઇન્દ્રિયો અને મન કાબુમાં આવે છે.

[૮] **અનર્થદંડવિરતિ વ્રતઃ—** આ વ્રતમાં જીવન જીવવા માટે જે પાપપ્રવૃત્તિનું પ્રયોજન નથી તે પાપપ્રવૃત્તિઓનો ત્યાગ આવે છે. જીવન જીવવા નિમિત્તે જે ભોગોપભોગ સેવાય છે, કે પરિગ્રહ રખાય છે, કે ચૂલા સળગાવવા વગેરે આરંભ-સમારંભની ક્રિયા થાય છે, તેમાં જો કે આત્માને પાપ લાગે છે, તથા પાપના યોગે આત્મા કર્મથી દંડાય છે, છતાં તે દંડ અર્થવાળો દંડ એટલે કે સપ્રયોજન દંડ છે. પણ જે ફોગટીયા મોજશોખ કે દુર્ધ્યાન વગેરે પાપો જીવન જીવવામાં જરૂરી નથી, તેનાથી જે કર્મદંડ લાગે છે તે અનર્થદંડ છે, અર્થાત્ નિષ્પ્રયોજન દંડ છે. તેથી તે પાપોને અનર્થદંડ કહેવામાં આવે છે. પાપભીરૂ વ્રતધારી આત્મા તેનો ત્યાગ કરી તેનાથી વિરામ પામે છે

**ચાર પ્રકારે અનર્થદંડનાં પાપઃ—**૧. **અપધ્યાનાચરિતઃ-** દુર્ધ્યાન, શોક, કલ્પાંત વગેરે.

૨. **પ્રમાદાચરિતઃ—**સીનેમા, નાટક જોવાં, નદી-તળાવમાં સ્નાન કે અધિક સ્નાન, મલ્લયુદ્ધ, પશુયુદ્ધ વગેરેનું નિરીક્ષણ. શોખથી પશુ-પંખી પાળવા, જુગટું ખેલવું, શૃંગારપ્રશંસા, ભોજન—સ્ત્રી—રાજા—દેશની કથા વગેરે.

૩. **હિંસાપ્રદાનઃ—**પોતાના હિંસક સાધનો જેવાં કે કોશ, કુહાડા, છરી, ધોકા, સાવરણી વગેરે બીજાને આપવાં.

૪. **પાપોપદેશઃ—**બીજાને પાપક્રિયાની સલાહ, પ્રેરણા, સૂચના આપવી, એની યોજના બતાવવી વગેરે.

**આઠમા વ્રતના અતિચારોઃ—**(૧-૨) **કંદર્પકૌત્કુચ્યઃ—** કામની ચેષ્ટાઓ કરવી, કામજનક વચનો ઉચ્ચારવાં તે.

(૩) **મૌખર્ય:**—બહુ બોલબોલ કરવું, વાચાલ બનવું તે.

(૪) **સંયુક્તાધિકરણ:**–દા. ત. ઘંટીના બે પડ ભેગા કરી તૈયાર રાખવાં તે. અર્થાત્ અધિકરણ એટલે આરંભસમારંભનાં સાધન, એને એવા ભેગા મેળવી રાખે કે ઝટ કોઇ માગવા આવે તો ના પાડી શકાય નહિ.

(૫) **ઉપભોગપરિભોગાતિરેક:**—અધિક પડતા ભોગ-ઉપભોગ સેવવા તે. આ અતિચાર એ માટે કે આગળ વધીને તે અનર્થદંડમાં લઈ જાય છે.

આ પાંચે અતિચારો ત્યજવા યોગ્ય છે.

**[૯] સાવદ્યયોગત્યાગ-નિરવદ્યયોગગ્રહણવ્રત:**—આ વ્રત 'સામાયિકવ્રત' તરીકે પણ ઓળખાય છે. એમાં સંસારના કાર્યો જે સાવદ્ય કાર્યો છે, અર્થાત પાપવ્યાપાર છે, તેનો ત્યાગ કરી, નિરવદ્ય અર્થાત્ નિષ્પાપ વ્યાપારનો આદર કરાય છે.

સાવદ્ય કાર્યોમાં સંસારની પાપ કાર્યવાહીનો સમાવેશ થાય. નિરવદ્યમાં સ્વાધ્યાય, જપ, ધ્યાન વગેરે આવે. ઓછામાં ઓછું બે ઘડી માટે આ સામાયિક કરાય છે. એથી આત્મા ઘણા પાપથી બચે છે. પરમાત્મસ્વરૂપનું ચિંતન અને સ્વાત્માનું યથાર્થ ભાન કરી શકે છે, સારી ભાવનાઓ ભાવી શકે છે, તત્ત્વ અધ્યયન, ધ્યાન, કાઉસ્સગ્ગ, જાપ વગેરે કરી શકે છે, તેથી કર્મ ખપે છે, આત્મપ્રસન્નતા વધે છે, ફરી ફરી સાવદ્યયોગથી ખસી સામાયિકમાં બેસવાનું મન થાય છે.

**નવમા વ્રતના અતિચારો:**— (૧ થી ૩) મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓ, અર્થાત્ અશુભ વિચારણા-ઉચ્ચારણ અને કાયિક હીલચાલ.

(૪) સામાયિક લીધાનું કે કર્યાનું સ્મરણ ન રાખવું તે.

(૫) સામાયિકમાં ચિત્ત અસ્વસ્થ-આકુલવ્યાકુલ થવું તે. આ આ પાંચે અતિચારો ત્યજવા જોઈએ.

[૧૦] દેશાવકાશિક-શિક્ષાવ્રતઃ—આ વ્રતમાં જીવનભર માટે લીધેલા છઠ્ઠા દિશાપરિમાણવ્રતની મર્યાદામાંથી પણ રોજને માટે પાછો સંક્ષેપ કરવાનું આવે છે. તેમજ બીજા વ્રતોનો પણ અહીં દિનભર માટે સંક્ષેપ કરી શકાય છે.

**દશમા વ્રતના અતિચારોઃ**—(૧-૨) આનાયન પ્રયોગ, પ્રેષણ પ્રયોગ. આનાયન પ્રયોગ એટલે મર્યાદિત ભૂમિની બહારથી વસ્તુ મંગાવવી. ને પ્રેષણપ્રયોગ એટલે ત્યાં મોકલાવવી તે.

(૩-૪) શબ્દાનુપાતિત્વ-રૂપાનુપાતિત્વ એટલે કલ્પેલી મર્યાદા બહાર શબ્દ પહોંચાડવો, અગર રૂપ બતાવવું તે.

(૫) બાહ્યપુદ્ગલ-પ્રક્ષેપ એટલે મર્યાદિત ભૂમિ બહાર કાંકરો વગેરે નાખી સંકેત આપવો તે. આ અતિચારો ત્યાજ્ય છે.

[૧૧] પૌષધ-શિક્ષાવ્રતઃ—આ વ્રતમાં ૧. આહારનો સર્વથા કે અંશે ત્યાગ, ૨. શરીરશોભા, સ્નાન વગેરેનો ત્યાગ, ૩. બ્રહ્મચર્યનો સ્વીકાર, અને ૪. સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દિવસ, રાત્રિ, કે અહોરાત્ર માટે સ્વાધ્યાય-ધ્યાન વિગેરે નિરવદ્ય ધર્મપ્રવૃત્તિમાં જ રહેવાનું હોય છે.

**અગીયારમા વ્રતના અતિચારોઃ**—(૧) અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત શય્યાસંસ્તારક-આરોહણ; અર્થાત્ બિલકૂલ નહિ જોયેલ, નહિ તપાસેલ, કે ગમે તેમ જોયેલ, ગમે તેમ તપાસેલ જમીન, સંથારા પર બેસવું-સુવું તે.

(૨) અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક આરોહણ; અર્થાત્ પ્રમાર્જના કર્યા વિનાના કે બરાબર નહિ કરેલ સ્થાન-સંથારાનો ઉપયોગ.

(૩-૪) મળમૂત્રનો ત્યાગ કરવાની જમીન આદિ જીવ રક્ષાર્થે જોવા-તપાસવા કે પ્રમાર્જવામાં બીનસાવધાની, અગર જોવાનું બીલકૂલ ન કરવું તે.

(૫) પૌષધવિધિનું બરાબર પાલન નહિ, આ પાંચે અતિચારોનો ત્યાગ કરવાનો છે.

**[૧૨] અતિથિસંવિભાગ વ્રતઃ**—આ વ્રતમાં પોતાના ઉપકારને અર્થે સંયમી મુનિરાજો (સાધુ-સાધ્વી) ને અન્નપાણી વગેરે દ્રવ્યોનું દાન કરવાનું આવે.

અન્નપાણી વગેરે એટલે આહારપાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધિ, પુસ્તક, વસતિ વગેરે આવે. દાન કરવાનાં આ દ્રવ્યો મુખ્યત્વે ન્યાયોપાર્જિત જોઈએ અને ઉપરાંતમાં સાધુધર્મને કલ્પે તેવા જોઈએ. અર્થાત્ અચિત્ત અને નિર્દોષ જોઈએ. નિર્દોષ એટલે એ બનાવવા રાખવામાં સાધુના માટેનો કોઈ ઉદ્દેશ ન હોય. તેવા બીજા પણ દોષો લાગેલા ન હોવા જોઇએ. વળી તે દાન કાલ-શ્રદ્ધા અને સત્કારના ક્રમવાળું અર્થાત્ ઔચિત્યવાળું જોઇએ. દાન દેશને ઉચિત, યોગ્ય કાળે, હૃદયમાં ઉભરાતી શ્રદ્ધાથી અને ઉંચા સત્કાર બહુમાન સાથે દેવાવું જોઈએ. ઉત્કૃષ્ટ ભક્તિથી દાન કરવું જોઈએ. આ સુપાત્રદાન કહેવાય. એ માટે આ વ્રત લેવાય છે.

**બારમા વ્રતના અતિચારોઃ-** (૧) **સચિત્ત નિક્ષેપણ,** અર્થાત્ વહોરાવવાની એટલે કે દાનમાં દેવાની વસ્તુ બીજી કોઈ સચિત્ત વસ્તુ ઉપર મૂકી દે, તેથી સાધુ હવે તે વસ્તુ વહોરી શકે નહિ.

(૩) **સચિત્ત પિધાન,** એટલે વહોરાવવાની વસ્તુ ઉપર કોઈ સચિત્ત વસ્તુ ઢાંકી દે તે.

૩. **કાલાતિક્રમ,** એટલે સાધુને વહોરવાનો સમય વીતાવી દે, અર્થાત્ તે સમય દરમિયાન વિનંતિ ન કરે અથવા તો ઘરમાંથી આઘોપાછો થઈ જાય !

૪. **પરવ્યપદેશ,** એટલે વસ્તુ ન વહોરાવવાની બુદ્ધિથી પોતાની વસ્તુ હોવા છતાં 'પારકી છે' એમ કહે.

૫. **માત્સર્ય,** એટલે કોઈની ઈર્ષ્યાથી દાન દે. 'એના કરતાં હું સારું દાન કરું" એ બુદ્ધિથી દાન દે.

ત્રણે ગુણવ્રત અને ચારે શિક્ષાવ્રતના બતાવેલા અતિચારો અને એવા બીજા અતિચારોને જો વ્રતધારી શ્રાવક આચરે નહિ, તો લીધેલા વ્રતનું અખંડ અને સુંદર પાલન કરી શકે છે.

**આ 'દેશ-વિરતિ' ધર્મની વાત થઇ.**

**સાધુધર્મ ક્યારે લાગે ? :**—હે ગુણસેન ! પૂર્વે કહ્યા મુજબ અતિચારો ટાળવા પૂર્વક અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનું જીવ સમ્યગ્ પાલન કરતો જાય છે. તે કરતાં કરતાં એનો 'દેશવિરતિ ચારિત્ર'નો પર્યાય વધે છે, અર્થાત્ દેશચારિત્રનું કાળમાન વૃદ્ધિંગત થાય છે, ત્યારે આત્મામાં શુભ અધ્યવસાયો વિશુદ્ધિના માર્ગે ખૂબ આગળ વધી જાય છે, વિશુદ્ધતર બની જાય છે. આ અત્યંત વિશુદ્ધ બનેલા શુભ અધ્યવસાયોના બળ પર આત્મા કર્મની શેષ સ્થિતિમાંથી પણ સંખ્યાતા સાગરોપમ પ્રમાણ સ્થિતિનો ક્ષય કરી નાખે છે. પૂર્વે પલ્યોપમ-પૃથક્ત્વ પ્રમાણ કર્મસ્થિતિ તો અંતઃકોડાકોડી સાગરોપમમાંથી ઘટાડી હતી, હવે તે શેષ રહેલી સ્થિતિમાંથી અહીં પાછો ધરખમ ઘટાડો કરી દે છે. આ કર્મસ્થિતિનો અપચય ચાહ્ય તેજ જન્મના કાળમાં થાય, અથવા અનેક ભવોના દેશવિરતિ-અભ્યાસથી પણ થાય, એવું બને; જેવો જેનો દેશવિરતિ-અભ્યાસ અને શુભ અધ્યવસાયનું ઉત્તરોત્તર વિશુદ્ધિકરણ. અનંતગુણ વિશુદ્ધિ વધી

જતાં કર્મસ્થિતિ તૂટી જાય છે; અને પરિણામે તે મહાભાગને સર્વવિરતિ ચારિત્રનો ગુણ લાધે છે; સાધુધર્મની પ્રાપ્તિ થાય છે.

**દેશવિરતિ સર્વવિરતિમાં તફાવત**—દેશવિરતિમાં મુખ્યત્વે પાંચ અણુવ્રતો રૂપી મૂળ ગુણ હોય છે. ત્રણ ગુણવ્રતો હોય છે તે અણુવ્રતોના ઉત્તરગુણ રૂપ છે, અને તે મૂળગુણને ગુણ કરનારા અર્થાત્ ઉપકાર કરનારા હોવાથી ગુણવ્રત કહેવાય છે. ત્યારે મૂળગુણની સારી શિક્ષા અર્થાત્ સારી કેળવણી આપનાર ચાર શિક્ષાવ્રતો અણુવ્રતોના વિશેષ અભ્યાસરૂપ છે. જયારે સર્વવિરતિમાં મહાવ્રતો અને એના ઉત્તર ગુણો આવે છે ત્યારે આમાં અણુવ્રતો અને ઉત્તરગુણ આવે છે. દેશવિરતિમાં 'દેશ' એટલે 'અંશે' 'સ્થૂલ' રૂપે, અને વિરતિ એટલે પાપત્યાગ રૂપી વ્રતો; અર્થાત્ નાના સ્વરૂપનાં વ્રતો. અણુવ્રતોમાં પાપનો ત્યાગ સમગ્ર રૂપે નહિ પણ અંશરૂપે થાય છે, સૂક્ષ્મરૂપે નહિ પણ સ્થૂલરૂપે થાય છે; તેથી અણુવ્રતો 'સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રત......' વગેરે તરીકે ઓળખાય છે.

ત્યારે સર્વવિરતિમાં મહાવ્રતો હોય છે; એટલે કે તેમાં પાપોનો ત્યાગ સમગ્ર રીતે કરવામાં આવે છે, સૂક્ષ્માતિસૂક્ષ્મરીતે કરવામાં આવે છે. અર્થાત્ મહાવ્રતોને ધારણ કરનાર ભાગ્યવાન મહાત્મા પાપોને મનથી, વચનથી કે કાયાથી સેવતો તો નથી જ, પરંતુ કોઈની પાસે સેવરાવતો પણ નથી અને કોઈ પાપ સેવતું હોય તો તેમાં પોતે સમ્મતિ–અનુમોદન પણ આપતો નથી.

આ સર્વવિરતિ–સાધુધર્મના સમ્યગ્પાલન માટે પરમકારુણિક તીર્થંકર દેવોએ અનેક સર્વાંગસુંદર ચર્યાઓ નિયત કરેલી છે, પરંતુ તે બધાનું સ્વરૂપ અહીં ન બતાવતાં અહીં તો માત્ર વ્યાપક અને સાધુજીવનના અનન્ય અંગભૂત ગુણસમૂહ બતાવે છે કે જેને 'દશવિધયતિધર્મ' કહેવામાં આવે છે. આચાર્યમહારાજ કહે છે,

"હે ગુણસેન! મુમુક્ષુ બનેલા એવા તને હું શ્રી સર્વજ્ઞદેવ-કથિત દશવિધયતિધર્મનું સ્વરૂપ હવે સમજાવું છું, તે તું સાવધાન બનીને સાંભળ."

## દશ પ્રકારનો યતિધર્મ

ક્ષમાં, મૃદુતા, મુક્તિ, તપ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય–આ દશ પ્રકારે યતિધર્મ છે.

**મુનિનું નામ 'ક્ષમાશ્રમણ' કેમ?:**—અહીં 'ક્ષમા' ગુણને પહેલો મૂકયો છે, માટે જ એની મુખ્ય અગત્યના હિસાબે મુનિને ક્ષમાશ્રમણ કહેવામાં આવે છે. ક્ષમાશ્રમણ એટલે ક્ષમા-યુક્ત શ્રમણ, ક્ષમાપ્રધાન શ્રમણ, અથવા તો ક્ષમાથી શ્રમે અર્થાત્ આત્માને કસે તે ક્ષમાશ્રમણ. અહીં પ્રશ્ન થાય કે,

પ્ર૦—શું ક્ષમા સિવાય બીજા ગુણો શ્રમણમાં નથી?

ઉ૦—છે.

પ્ર૦—તો તે હિસાબે 'મૃદુતાશ્રમણ,' 'તપઃશ્રમણ,' 'બ્રહ્મચર્ય શ્રમણ...' એવાં કોઇ નામ કેમ ન રાખ્યાં? ને ક્ષમાશ્રમણ રાખ્યું?

ઉ૦ એનું કારણ એ છે કે બધા ગુણોમાં ક્ષમાનો પ્રથમ નંબર છે; ક્ષમા અતિ આવશ્યક છે; સાધુજીવનનો પ્રધાન ગુણ ક્ષમા છે, માટે સાધુને 'ક્ષમાશ્રમણ' તરીકે સંબોધાય છે.

[૧] **ક્ષમાઃ**—ચારિત્ર માટે ક્ષમા બહુ જરૂરી છે; એ વાત 'ક્રોધે ક્રોડ પુરવતણું સંયમ ફળ જાય...' એ પ્રસિદ્ધવચનથી બરાબર સમજાઇ જાય છે. ક્ષમાના નાશથી બીજા ગુણો પણ લય પામી જાય છે. ક્ષમા ગઈ અને ક્રોધ ભભુકયો એટલે પછી એ ક્રોધ-હુતાશનના ખપ્પરમાં સર્વ ગુણરાશિ હોમાઇ જ જવાની.

ત્યાં પછી એકેય ગુણને ટકવાનો અવકાશ જ નથી રહેતો. તેમ જ ક્ષમાનો નાશ થયો એટલે ભવાંતરમાં પણ જીવને જીવનો એવાં જ મળે છે કે જે જીવનોમાં મૃદુતા, નમ્રતા, સત્ય...વગેરે ગુણોનો વસવાટ હોતો નથી; અને આ સત્ય હકીકત આપણને ચંડ-કૌશિકના વૃત્તાંતમાં બરાબર જોવા મળે છે. સાધુજીવનમાં એ આત્માએ જો ક્ષમાને ગુમાવી તો ત્યાંથી મરીને પછી જયારે ચંડકૌશિક તાપસ બન્યો, ત્યાં અને પછીના દૃષ્ટિવિષ સર્પના જીવનમાં શું ટક્યું? ક્ષમા તો ન ટકી, પણ મૃદુતા, તપ, સંયમ, શૌચ વગેરે ગુણોય રહેવા ન પામ્યા!

ક્ષમા તો સર્વગુણોની જનેતા છે; સર્વગુણોમાં પટ્ટરાણી છે. કુકર્મોના દારુણ વિપાકને સમજનાર આત્માને ક્ષમા રાખવી કંઈ કઠીન નથી. તે સમજતો હોય છે કે "આપણું બગાડે છે આપણાં બાંધેલા કુકર્મો, જીવો તો તેમાં બિચારા નિમિત્ત માત્ર હોય છે, તો તેમના પર શા માટે નાહક ગુસ્સો કરવો? આપણે તો ક્ષમા જ રાખવાની, ક્ષમા રાખવાથી નવીન કર્મબંધ થતો અટકી જાય છે, આત્માનું સત્ત્વ સુરક્ષિત રહે છે, વૈરની પરંપરા અટકી જાય છે, શરીરની ધાતુઓ સમાવસ્થામાં રહે છે. માટે હું તો ક્ષમાને વળગી જ રહીશ!"

[૨] મૃદુતા:—બીજો યતિધર્મ છે 'મૃદુતા.' મૃદુતામાં માનનો ત્યાગ અને વિનય નમ્રતાનું પાલન કરવાનું હોય છે. અનાદિકાળથી માન–અભિમાન કરવામાં ટેવાયેલા જીવે એ માનનો ત્યાગ કરવા નીચેના છ મુદ્દાઓ પર ચિંતન કરવું જોઈએ.

(૧) પૂર્વકાલીન પુરૂષસિંહોના અગાધ જ્ઞાન આગળ, તપસ્યા આગળ, ચારિત્ર આગળ, કે વિદ્યામંત્રશક્તિ આગળ આપણે કોણમાત્ર છીએ?

(૨) ત્યારે આપણામાં એવી કઈ મોટી યોગ્યતા શક્તિ કે પરોપકારિતા આવી ગઈ છે? કે જેના પર આપણે ગર્વ લઈ શકીએ?

(૩) આપણી દોષરહિત સ્થિતિ બની છે? કે જેથી માનનો દાવો રાખીએ ?

(૪) તેમજ ગર્વ કરવાથી કયો આત્મગુણ પોષાય કે વધે છે?

(૫) અભિમાનથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૈકી કોનો પર્યાય વધે છે કે પુષ્ટ થાય છે?

(૬) આપણા પ્યારા પ્રભુ પાસે અનંતબળ હોવા છતાં સંગમ, ગોવાળીયા વગેરે આગળ જરાય ગુમાન દાખવ્યું હતું ? ઉલટું મૌનપણે એના ત્રાસ સહ્યા હતા.

આ બધું વિચારી ગર્વની અકડાશ ત્યજી બહુ જ નમ્ર અને મૃદુ બનવાની જરૂર છે. મૃદુતામાં હૃદય કોમળ બને છે તેથી અનેક ગુણો આત્મામાં આવે છે, ગુરુ આદિ પાસેથી વિદ્યા વગેરે મળે છે, સૌનો પ્રેમ જીતાય છે, વિનય વૈરીને વશ કરે છે, નવો કર્મબંધ થતો નથી, પાછળથી પસ્તાવું પડતું નથી; આવા આવા અનેકલાભો મૃદુતામાં છે.

[૩] **ઋજુતા:**–ત્રીજો યતિધર્મ 'ઋજુતા' છે. તેમાં માયા-કપટનો ત્યાગ અને હૃદયની સરળતા આવે. તે ત્યાગ અને સરળતા લાવવા માટે આટલું યાદ રાખો કે,

(૧) પ્રપંચ અને દાવપેચથી હૈયું બગડે છે. આત્માના સુ-સંસ્કાર બગડે છે, તેથી ભવિષ્ય બગડે છે.

(૨) પૂર્વ જન્મોમાં સેવેલી માયાનું ફળ ગિરોળી, બિલાડી વગેરેના જીવનમાં દેખાય છે. એના આખા જીવનની કારવાઈ કયી ? છળપ્રપંચથી અંધારામાં કે ઓથે છૂપાઇ રહી શિકારને ઝંખ્યા કરે અને અવસર આવે શિકારને ઝડપી જાનથી મારી નાખે, એજ ને? લગભગ ચોવીસે કલાક એજ લેશ્યા! વિચારો, પાપકર્મના કેવા થોકના થોક ઉપાર્જતા હશે?

(૩) અહીં કેટલો કાળ જીવવું છે? ભાવી અસંખ્યકાળની અપેક્ષાએ બહુ થોડો કાળ ને? એવા અતિ થોડા કાળમાં માયા સેવીને શા માટે ભાવી અનંતકાળ બગાડવો?

(૪) માયાથી લોકનો વિશ્વાસ ગુમાવાય છે, હૈયામાં શલ્ય રહે છે, બહુ સમય ચિંતા તથા દુર્ધ્યાનમાં જાય છે. માયાના સેવનથી હલકા તિર્યંચ વગેરેના અવતાર મળે છે, અને ત્યાં ઘોરપાપને સેવવાનું નક્કી થાય છે.

(૫) 'માયા કરવાથી દુન્યવી લાભ મળ્યો.' એમ મનમાં લાગતાં જીવ માયા પર કર્તવ્યની મહોરછાપ અને સારાપણાનો સિક્કો મારે છે, તેથી મિથ્યાત્વના ખાડામાં ગબડી પડાય છે.

(૬) માયા તો સંસારની માતા છે.

માયાના આવા અનેક અનર્થો જાણી તેનો સદાને માટે ત્યાગ કરી સરળતા–ભદ્રકતા–ઋજુતાનો જ સ્વભાવ બનાવી દેવો જોઈએ. માયા તજવાથી અને સરળહૃદયીપણે રહેવાથી સાચી દેવગુરુની ભક્તિ, ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા, પરમાર્થવૃત્તિ વગેરે ઉમદા ગુણો ખીલે છે. સરળતાથી અનુપમ આત્મશાંતિનો અહીંજ અનુભવ થાય છે.

[૪] **મુક્તિ**:—યતિધર્મમાં ચોથો ધર્મ છે 'મુક્તિ.' મુક્તિ એટલે લોભથી મુક્તિ, તૃષ્ણાથી મુક્તિ. આ મુક્તિ મળ્યા પછી મોક્ષરૂપી મુક્તિ દૂર નથી! અરે, એટલું જ નહિ પણ લોભથી મુક્તિ મળ્યા પછી મોક્ષરૂપી મુક્તિનો સ્વાદ જાણે અહીંજ અનુભવાય છે.

**મોક્ષમાં અનંત સુખ શાથી?** :—આજે કેટલાક માણસો એમ પૂછે છે કે 'મોક્ષમાં શું સુખ?' તે પ્રશ્ન કરવાનું કારણ એ છે કે એ લોકોને તૃષ્ણા-મમતા-લોભ એટલા બધા વળગેલા છે, કે તેઓ એને જ જીવન માની બેઠેલા છે. એમાંથી જ્યાંસુધી મુક્તિ

કે છૂટકારો ન લે, ત્યાંસુધી મોક્ષસુખની એ કલ્પના પણ નહિ કરી શકે. એવા બહુ તૃષ્ણાવાળાના મનમાં એ વાત નહિ ઉતરે કે 'મોક્ષમાં અનંતસુખ છે.' જેમ ખરજવાના દર્દીને 'નહિ ખણવાના આરોગ્યમાં સુખ છે,' એ સમજાતું નથી, જેમ તાવવાળી જીભે સારી વસ્તુનો સ્વાદ સમજાતો નથી; તેમ લોભમાં રક્ત માનવીને મોક્ષનું સુખ સમજાતું નથી. વાત પણ સાચી છે કે જયાંસુધી અતિલોભ, તૃષ્ણા અને મમતારૂપી ખરજવું કે તાવ હોય ત્યાંસુધી મોક્ષરૂપી આરોગ્યનો સુખાસ્વાદ શી રીતે સમજાય ?

**ઇચ્છામાં, લોભમાં, ને મમતામાં અપાર દુઃખો.—**

(૧) ઇચ્છાઓને સંતોષવામાં સળગતી ચિંતાઓના મહાસંતાપ છે.

(૨) ઇચ્છા, લોભ ને મમતાની પાછળ ભયંકર વેઠ છે.

(૩) એક ઇચ્છા તૃપ્ત થઇ ન થઈ, ને પાછી બીજી ઇચ્છા આવીને ઊભી જ રહે છે ! એક ખાવાની ઇચ્છા થઈ, એને મહામજુરી કરીને સંતોષી, ત્યાં તો ફરવાની કે આરામ લેવાની ઇચ્છા થાય છે ! એને પૂરી કરી, ત્યાં વળી નવું કમાવાની ઇચ્છા જાગે છે ! અથવા પાસે ભરપૂર ધન છે, તો કોઈ સંગીત, વાતવિનોદ, વગેરેના કોડ થાય છે ! આમ ઇચ્છાના રવાડે ચઢવામાં ઇચ્છાઓની સાયકલ તો દોડયા જ કરે છે ! એની સાથે દોડવામાં કેટકેટલી હાડમારીઓ, પરિશ્રમ વગેરે ઉઠાવવા પડે છે, એ તો અનુભવો છો ને ?

(૪) ઇચ્છાઓને પૂરી કરવા જતાં જગત તરફથી અપમાન તિરસ્કાર, ટોણાં પણ વરસે છે ને ?

(૫) ત્યારે નિરાશ થઇ 'આના કરતાં તો એના વિના ચલાવ્યું હોત તો સારૂં' એવો ખેદ પ્રશ્ચાત્તાપ વગેરે પણ થાય છે ને ?

કેમ આ બધું ? કહો કે ઇચ્છાના પાપે. લોભના વાંકે.

(૬) લોભથી ભાઈભાઇમાં ઝગડા અને મા-બાપથી પણ જુદાઈ થાય છે !

(૭) જડ જગતની બહુ ઈચ્છાઓ હોય એટલે પછી ધર્મ ખિંટીયે, ગુરુથી ડરી ડરીને છેટા ભાગવાનું...વગેરે બને ખરૂં ને ?

(૮) તૃષ્ણાને વશ પડી કાળાં કામ, છેતરપીંડી, પાપધંધા, ઉપકારી પ્રત્યે દ્રોહ, ગુણી ઉપર દ્વેષ, વગેરે પણ બને કે નહિ ?

લોભને વશ પડેલો કનકરથ રાજા પોતાના જન્મતા પુત્રોના અંગચ્છેદ કરાવતો; જેથી એ રાજયગાદીને લાયક ન રહે.

ચુલણીએ પોતાના જ પુત્ર બ્રહ્મદત્તને લાખના ઘરમાં રાખી ઘર સળગાવ્યું !

કોણિકે ઉપકારી પિતા શ્રેણિકને કેદમાં પુરી ફટકા મરાવ્યા !

સાધુવેષમાં રહેલા વિનયરત્ને ધર્મી, ગુણીયલ અને પૌષધમાં રહેલા ઉદાયી રાજાનું ખૂન કર્યું. લોભ-તૃષ્ણા-મમતા જીવ પાસે શું શું અકાર્ય નથી કરાવતા ? કહો કે બધું જ કરાવે છે. એથી ભયંકર પાપો થાય છે, અને સર્વ ગુણો નાશ પામે છે. 'પાપનો બાપ લોભ છે.'

(૯) '**सर्वगुण-विनाशनं लोभात्**' એમ 'પ્રશમરતિ'માં શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કહે છે.

(૧૦) લોભમાં પૂર્વના મહામૂલા પુણ્ય ઘસાઈ જાય છે.

(૧૧) લોભ-મમતાના પાપોથી ભયંકર કર્મબંધ અને અનેક દુર્ગતિના ભવોમાં ભટકવાનું થાય છે.

**અનંત શાન્તિનો રાજમાર્ગ**:—માટે નિર્લોભતા-નિસ્પૃહતા કેળવવાની જરૂર છે. તૃષ્ણાનો નાશ, મમતાનો ત્યાગ સિદ્ધ કરવાની જરૂર છે. એ કેળવાય અને એ સિદ્ધ થાય એટલે તો પછી

એવો આંતરસુખનો અનુભવ થશે કે એની આગળ જગત કંઈ વિસાતમાં નહિ લાગે. '**निस्पृहस्य तृणं जगत्**'! એને એમ થશે કે 'જો થોડીઘણી પણ જગતના પદાર્થોની આકાંક્ષા મૂકી દેવાથી, તૃષ્ણા પર કાપ મૂકવાથી અદ્દ્ભુત ઠંડકનો અનુભવ થાય છે, ચિત્તમાં અપૂર્વ શાંતિ પથરાઇ જાય છે, અને હૈયું આત્માનંદથી ઉભરાઈ જાય છે! તો પછી જગતનું બધુંય મૂકાઈ જાય તો કેવી અનંત શાંતિ, અનંત આનંદ, અને અનંત ઠંડક અનુભવવા મળે!!

મોક્ષમાં શરીર જ નથી, તેથી ત્યાં આત્માને શરીરના ધર્મો ઓછામાં ઓછી રીતે બજાવવા જેટલી પણ ઈચ્છા કે ફિકરનું નામ નિશાન હોતું નથી. પછી ત્યાં અનુપમ સુખ હોય એમાં નવાઈ શી?

ટૂંકમાં કહીએ તો પૂર્વ–પુણ્યનો નાશ, ગુણનાશ, પાપબંધ અને બીજા ચિંતા, ત્રાસ, નકામી વેઠ વગેરેના દુઃખોથી બચવા ઇચ્છનાર મુનિએ બધાના મૂળભૂત લોભથી પાછા ફરી નિર્લોભ, નિરીચ્છ અને નિસ્પૃહ બનવાનું છે.

[૫] **તપ**:–યતિધર્મમાં પાંચમો ધર્મ છે તપ. મહાવ્રતો એ સાધુનું નિર્મળ શરીર છે, અને એના પર શોભાકારી અલંકાર તરીકે તપ છે. 'તપ' છ બાહ્ય અને છ અભ્યન્તર–એમ બાર પ્રકારે છે.

**બાહ્ય તપ**:- (૧) ખાવાના ટંકનો ત્યાગ, (૨) ભૂખ છતાં થોડા કોળીયાનો ત્યાગ, (૩) ખાવાની કેટલીક વસ્તુનો ત્યાગ, (૪) રસનો ત્યાગ, (૫) કાયાને કષ્ટ અને (૬) અંગોપાંગનું સંગોપન, અર્થાત્ બને તેટલી કાયાની કે અવયવોની હીલચાલ ઓછી કરવાની.

**અભ્યન્તર તપ** :–(૧) પ્રગટ કે છૂપા દોષોના સેવનનું ગુરુ આગળ સાફ હૃદયે આલોચન કરી પ્રાયશ્ચિત્તનું ગ્રહણ અને પ્રાયશ્ચિત્તનું વહન, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન, અને (૬) કાયોત્સર્ગ. આ બંને પ્રકારે તપ ખાસ સેવવા યોગ્ય છે.

**તપના લાભ** :– (૧) તપ ચીકણાં કર્મને પણ તપાવી નાશ પમાડી દે છે, (૨) તપથી મન ખૂબજ કાબુમાં આવે છે, (૩) ઈન્દ્રિયો શાંત થાય છે, (૪) આત્મા ભવિષ્ય માટે આશ્વાસન અનુભવે છે, (૫) તપથી અનેક વિદ્યાશકિત અને લબ્ધિઓ પ્રગટ થાય છે, (૬) અનાદિની આહારાદિસંજ્ઞાઓ તપથી તૂટે છે, (૭) તપથી કુસંસ્કારો વિચ્છેદ પામે છે, (૮) તપથી મહાનવિઘ્નો પણ શમી જાય છે, તેથી તપ એ શ્રેષ્ઠ મંગળ છે.

**તપ દ્વારા કાયામાંથી કસ ખેંચો** :– તીર્થંકરદેવ શ્રી મહાવીર જેવા પણ તેજ ભવે પોતાનો નક્કી મોક્ષ થવાનું જાણવા છતાં તેઓશ્રી પણ ચારિત્ર લઇને ઘોર તપ આદરે, એમની પાછળ મહામુનિઓ મેઘકુમાર, શાલિભદ્ર, ધનાજી, કાકંદીનો ધન્નો, વગેરે મહાસુકોમળ કાયાના હોવા છતાં ઉગ્ર તપ આદરી કાયાને સુક્કી ભુખ્ખી અને લુખ્ખી કરી દે, હાડપિંજર જેવી કરી દે, એ શું તપનું ઓછું મહત્વ છે ? કેમ જાણે એમજ સમજી બેઠા હશે કે 'મહાપુણ્યે ખરીદેલી માનવ કાયા તપરૂપી કોલુમાં પીલવાથી જ પાપક્ષય અને પુણ્યના મધુરા રસ આપે, માટે તપ દ્વારા લોહીના છેલ્લા બુંદ અને માંસના છેલ્લા કણ સુધી કાયામાંથી કસ ખેંચી લો!' આમ તપ દ્વારા કાયાને કસવા, ઘસવાની કરામત શિખવનાર શ્રી જિનેશ્વર દેવનું શાસન કેવું અનુપમ છે!

અહીં જન્મીને શ્રાવિકા માતાની કુક્ષી અજવાળવી હોય, શ્રી મહાવીર પ્રભુના શાસનની પ્રાપ્તિને સાર્થક કરવી હોય અને

ભાવી અનંતકાળને ઉજ્જવળ કરવો હોય તો બીજી આળપંપાળ છોડી એક માત્ર મહાકલ્યાણકર તપની પૂંઠે લાગી જવું જોઇએ.

[૬] **સંયમઃ**–છઠ્ઠો યતિ ધર્મ છે સંયમ. સંયમ એટલે જીવ-રક્ષાનો જીવતો જાગતો તીવ્ર ઉપયોગ. શાસ્ત્રોમાં પ્રેક્ષાસંયમ વગેરે કહ્યા છે. મુનિને કોઇ પણ વસ્તુ ઉપયોગમાં લેતાં પહેલાં વસ્તુને ખૂબ સારી રીતે સૂર્યના પ્રકાશમાં જોવાની તપાસવાની હોય છે, ને મૃદુ ઊનના રજોહરણથી પ્રમાર્જવાની હોય છે. 'કોઇ જીવ બિચારો અહીં ભૂલો તો નથી પડયો ને?' એમ જીવદયાથી ઉભ-રાતા હૃદયે પડિલેહણ, ઇર્યાસમિતિ, આદાન–નિક્ષેપ કે પારિષ્ઠા-પનિકા વગેરેમાં જોવું જોઈએ. આ જોવાનું તો બને કે જયારે પ્રમાદદોષ પર સંયમ રાખવામાં આવે.

" જીવે અનેક ભવોમાં સંસારની બીજી ત્રીજી ઘણીઘણી કાળજીઓ કરી, પણ એનું ફળ શું મળ્યું? સંસાર-ભ્રમણ! ત્યારે આ જીવરક્ષાની પૂર્ણ કાળજીરૂપ સંયમનું ફળ કયું? સદ્‌ગતિ અને મોક્ષ! તે સંયમ આચરવાની તો વાત શી, કિન્તુ પળે પળે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસાથી બચવાની કાળજી અને સંયમ જાણવા–સમજવાનું પણ બીજે કયાં મળે? અનંત–જ્ઞાની અરિહંતદેવોએ સ્વયં આરાધેલું અને જગતને ભાખેલું એ સંયમ મને મહાપુણ્યે સમજવા મળ્યું, તો એને હું જરૂર આરાધી લઉં" આવી ધગશ રહેવી જોઇએ; અને સાથે સંય-મનો ઉગ્ર પુરૂષાર્થ જોઇએ; સંયમમાં ઇન્દ્રિયસંયમ, મનઃસંયમ, વગેરેનો અભ્યાસ પણ આવી જાય.

[૭] **સત્યઃ**– યતિધર્મમાં સાતમો ધર્મ 'સત્ય' છે. 'સત્ય' આમ તો પ્રસિદ્ધ ગુણ છે, પરંતુ સાધુ જે સત્ય આદરે છે, તે સૂક્ષ્મ કોટિનું હોય છે. સાધુને માત્ર વાચિક અસત્ય જ ત્યાજય હોય છે એમ નહિ પણ માનસિક અસત્ય પણ ત્યાજય હોય

છે. તેમજ કોઇ અસત્ય બોલે એમાં સંમતિ કે રાજીપો રાખવાનું પણ ત્યાજય હોય છે. ક્રોધાદિ કષાયથી, ભયથી કે હાસ્યાદિથી, જૂઠ બોલવાનો મુનિને પ્રતિબંધ હોય છે.

ત્યારે, સાચું પણ વચન જો સાવદ્ય હોય, જીવઘાતક હોય કે સામાને અપ્રિય લાગે તેવું હોય તો તેય બોલવાનું હોતું નથી.

મેતારજ મુનિએ 'ક્રૌંચ પક્ષી જવલા ચણી ગયું છે,' એ સત્ય હોવા છતાં, એ વચન જીવઘાતક હોવાથી સોનીને ન કહ્યું. જો કહે તો પક્ષીને કદાચ સોની મારી પણ નાખે! તેમજ એ પણ વાત છે કે સોનીના જવલાની વાત સાવદ્ય છે, સાંસારિક છે. મુનિ સાંસારિક બાબતમાં પડે નહિ. આમ મેતારજ મુનિએ કાંઈ ન બોલતાં મૌન રાખ્યું.

એમ સાચું હોવા છતાં જો અપ્રિય લાગે એમ હોય તો ન બોલી શકાય. દા. ત. કાણાને કાણો કે આંધળાને આંધળો ન કહેવાય. આવી રીતની મર્યાદાઓ સાચવીને મુનિવરો સત્યને વળગી રહે છે. જીવનભર સત્યને છોડતા નથી.

**સત્યનું મહત્વ:**– સત્ય એક મહાન ગુણ છે. જીભનો અલંકાર છે, પ્રતિષ્ઠાનો હેતુ છે, પાપથી બચાવનાર છે. તેમજ સત્યવાદીનો સૌ કોઈ વિશ્વાસ કરે છે.

**જૂઠના નુકસાન:**– અસત્ય બોલવાથી

(૧) લોકનો વિશ્વાસ ગુમાવાય છે;

(૨) અવસરે સાચું બોલેલું પણ 'વાઘ આવ્યો રે વાઘ'ની જેમ અસત્યમાં ખપે છે,

(૩) મન બગડે છે, મનમાં બીજી અનેક પાપ વિચારણા જાગે છે;

(૪) પાછળથી પશ્ચાત્તાપ થાય છે;

(૫) કેટલીકવાર એક અસત્યનો બચાવ કરવા માણસ બીજા અનેક અસત્ય બોલવા માંડે છે; અથવા બોલવાનો પ્રસંગ કદાચ ન આવે તો પણ મનમાં ગોઠવી રાખે છે!

(૬) અસત્યથી ઘણાં માઠાં કર્મ બંધાય છે, જેના ફળરૂપે ભવાંતરમાં જીભ જ નથી મળતી, અથવા મળે છે તો સડેલી મળે છે, કે તોતડા બોબડાપણું મળે છે.

(૭) નરક સુધીના ભયંકર દુઃખો મળે છે. વસુરાજા અસત્યથી નરકમાં ગયો.

**અસત્યને સ્વપ્નમાંથી** પણ દૂર કરો:- આ જીવે આજ સુધી પૂર્વના બહુ ભવોમાં અસત્યની મહાકુટેવો પાડી છે, તેથી સ્વાર્થ ઊભો થતાં અસત્ય બોલવાનું મન થઇ જાય છે. એ કુટેવ જો અહીં તાજી કરી તો આગળ પરિણામ ખતરનાક આવે છે, અને આ ભવની ભૂલના ગુણાકાર થાય છે. માટે અહીં તો અસત્યને સ્વપ્નામાંથી પણ દૂર કરવું જોઇએ. સત્યની, ગમે તે કષ્ટમાં પણ, સચોટ ટેવ પાડવી જોઇએ. એકવાર હિંમત કેળવી સત્ય સાચવતા થઈ ગયા, પછી તો સત્યનો સ્વભાવ થઇ જાય છે. માટે "ભલે કષ્ટ આવો, પણ સત્ય ન જાઓ. ભલે આફત આવો, પણ અસત્ય ન જ ખપે," આ નિર્ધાર જોઈએ.

[૮] **શૌચ**:- આઠમો યતિધર્મ 'શૌચ' છે. શૌચ એટલે પવિત્રતા. અહીં માનસિક પવિત્રતા, આત્મિક પવિત્રતા લેવાની છે. મુનિ સાવદ્યયોગમાત્રના ત્યાગી હોય છે, એટલે કે ઝીણામાં ઝીણી હિંસા, જૂઠ વગેરેના સર્વાંશે ત્યાગી હોય છે, તેથી એજ એમની મહાન સાચી પવિત્રતા છે; તેથી શારીરિક કે વસ્ત્રાદિ સંબંધી ઉજ્જવલતાની એની આગળ કાંઇ કિંમત આંકતા નથી. તેમ એમને એની કાંઈ જરૂર પણ નથી હોતી.

**શૌચના લાભ**:-(૧) મુનિ મન પવિત્ર રાખવાથી ઘણી સારી તત્ત્વ વિચારણા કરી શકે છે,

(૨) તત્ત્વવિચારણાને આત્મસ્પર્શી બનાવી શકે છે,

(૩) પવિત્ર મનમાંજ પરમાત્માનો વાસ રહે છે, એટલે કે પરમાત્માનું ધ્યાન સચોટ અને સતત જાગતું રહે છે.

(૪) પવિત્ર મનવાળાને પોતાનો આત્મા બહુ ફોરો-હલકો ફૂલ જેવો લાગે છે,

(૫) મૈત્રી આદિ ઉચ્ચ ભાવનાઓ ભાવવી સહેલી પડે છે,

(૬) મહાપુરુષોના ઉપદેશ સારી રીતે ઝીલાય છે;

(૭) સારૂંય જીવન પવિત્ર અને ઉજળું બને છે;

(૮) મોહની ગાંઠો તૂટી જાય છે, અને અવસર મળતાં કેવળજ્ઞાન લેવામાં વાર નથી લાગતી! સાધ્વી ચંદનબાળાના શિષ્યા મૃગાવતીજી પવિત્ર મનવાળા હતાં, તો સમવસરણેથી સહેજ મોડા આવ્યા બદલ મળેલા ગુરુણીના ઠપકા ઉપર કેવળ-જ્ઞાન લીધું ને? મન મેલું હોત તો?

**અપવિત્ર મનના અપરંપાર નુકશાનઃ**-૧. તંદુલિયો મચ્છ અપવિત્ર મનથી મરીને નરકે જાય છે. (૨) પ્રસન્નચંદ્ર ઋષિએ મન બગાડયું તો સાતમી નરકના દળીયાં ભેગા કર્યા. (૩) સારા સંયોગમાં પણ મન જો અપવિત્ર રહે તો લાભને બદલે નુકશાન વહોરાય છે; ત્યારે (૪) બગડેલા મનવાળાનો ખરાબ સંયોગમાં તો ડૂચો જ નીકળી જાય છે.

**પવિત્રતાના ઉપાયોઃ** - (૧) મન પવિત્ર રાખવા માટે શ્રદ્ધા-સંવેગથી યુક્ત તત્ત્વજ્ઞાન, અર્થાત્ જ્ઞેય-હેય ઉપાદેયનું સચોટ ભાન બહુ સહાયક નીવડે છે. કેમકે એમાંથી દરેક દુન્યવી પ્રસં-ગોના આગળ-પાછળના સાચા રહસ્ય જાણવા મળે છે, તેથી એના પર મન બગાડવાનું રહેતું નથી. મન કેમ બગડે છે? પૂર્વના શુભાશુભ કર્મ આપણે જોતા નથી, તેમ વર્તમાન પ્રવૃત્તિ

કે પ્રસંગથી ભવિષ્યમાં કેવા પાપ કે પુણ્ય ઊભા થવાના છે તેનો વિચાર નથી કરતા, તેથી મન બગડે છે. આ જરા ઊંડા ઉતરીને વિચારશો એટલે ઝટ સમજાશે.

(૨) **બીજો ઉપાય** એ છે કે મનમાં સદા તીર્થંકરદેવો વગેરેના ચરિત્ર–પ્રસંગો રમતા રાખવા જોઇએ. સાથે એના હેતુ એના ફળ વગેરે પણ ખ્યાલમાં રહેવું જોઈએ.

(૩) **ત્રીજો ઉપાય** એ છે કે આત્માના અસલી શુદ્ધ સ્વ-રૂપનો ખૂબ ખૂબ વિચાર કેળવી એ સ્વરૂપ પર ખુબ રાગ અને મમત્વ કેળવવું જોઇએ. તેથી કર્મલિપ્ત આત્માની કોઇપણ સુખી અવસ્થાની કિંમત ન લાગે. પછી તેના અંગે મન જે બગડતું હતું તે નહિ બગડે. આ ત્રણ સચોટ ઉપાયો છે, જબરજસ્ત ઉપાયો છે, માટે તેનો જીવનમાં ખૂબ અભ્યાસ કરી મનને પવિ-ત્રતાના સરોવરમાં ઝીલતું રાખો.

[૯] **અકિંચન્યઃ–** નવમો યતિધર્મ છે 'અકિંચન્ય' અકિં-ચન્ય એટલે અપરિગ્રહ. ધર્મ–ઉપકરણ સિવાય પાસે કાંઈપણ ન રાખે તે અકિંચન; અને ન રાખવાપણું તે અકિંચન્ય–પરિગ્ર-હરહિતપણું. આ ગુણ કેળવવા વિચારો કે,

૧. પરિગ્રહ એ આત્માને માટે ભારરૂપ છે; તે ભાર જેટલો વધારે, તેટલો જીવ વધુ નીચે દુર્ગતિમાં જાય છે. માટે કહ્યું છે કે 'મહાપરિગ્રહી નરકે જાય છે,' સંસારનું મૂળ આરંભ–સમા-રંભ છે, અને એનું મૂળ પરિગ્રહ છે. કેમકે પરિગ્રહ હોય તો આરંભનાં પાપ થાય છે; સામગ્રી જ ન હોય તો શું કરે? માટે જગતનું મોટું પાપ પરિગ્રહ છે. જેને મુદ્દલ પાપ નથી જોઈતું, એણે પરિગ્રહનો ગ્રહ છોડચે જ છુટકો.

૨. જેમ શનિ–રાહુ વગેરે ગ્રહોની દશા માણુસને ભારે પીડે છે, તેમ આ પરિગ્રહની દશા પણ જીવને ભારે પીડે છે. હવે,

જે એમ કહે છે કે 'ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થતો ?' તે શું સમજીને કહેતા હશે ? શું તે સમજતા હશે કે ઘરમાં એટલે પરિગ્રહમાં મોટો ધર્મ ન થઈ શકે ?

૩. પરિગ્રહ ભયંકર ચીજ છે. એ હૃદયનો એવો કબજો કરે છે કે પછી એ હૃદયમાં બીજું સારૂં સુઝતું નથી, વૈરાગ્ય ટકતો કે ખીલતો નથી.

૪. પરિગ્રહ સાચવવાની રામાયણ તો વળી એવી છે કે એમાં કેટલીકવાર તો રૌદ્રધ્યાન પણ આવી જાય છે, અને રૌદ્ર ધ્યાન એ નરકનો દરવાજો છે. પછી ભલે આ પરિગ્રહ નાનો હોય કે મોટો. મમ્મણ શેઠ પરિગ્રહના પાપે સાતમી નરકે ગયો.

૫. પરિગ્રહ એ બલા છે. 'આ બલા પકડ ગલા !' એમ એકવાર સંઘર્યા પછી એ છૂટવી કે છોડવી મુશ્કેલ પડે છે !

૬. પરિગ્રહ એ જીવને દુર્ગતિ સાથે લગ્ન કરાવી આપનાર ગોર છે. માટે મુનિને એ પરિગ્રહથી બચાવી લેવા ભોજનની વસ્તુમાં પણ 'કુક્ષિશંબલ' કહ્યા. અર્થાત્ મુનિ પાસે ખાવાનું ભાતું કેટલું ? કુક્ષિમાં હોય એટલું. બાકી સંગ્રહખાતામાં કાંઇ ન મળે.

૭. પરિગ્રહ એ પિશાચ છે : ધીમે ધીમે એ પોતાનું સ્વરૂપ વધારી મૂકે છે. તેથી કલ્યાણકામી આત્માએ પહેલેથી જ ચેતી અલ્પ-આરંભ પરિગ્રહનું જીવનસૂત્ર રાખવું જોઈએ. મુનિ તો પરિગ્રહ માત્રથી દૂર રહે છે.

[૧૦] **બ્રહ્મચર્ય**:—દશમો યતિધર્મ 'બ્રહ્મચર્ય' છે. બ્રહ્મચર્ય એ તો વ્રતોમાં દીવો છે; એ હોય તો બીજા વ્રતો ઉજળા-પ્રકાશિત રહે છે. બ્રહ્મચર્ય-વ્રત વ્રતોમાં મુગટ સમાન છે. ઈન્દ્રો સભામાં બેસતાં પહેલાં વિરતિધરને પ્રણામ કરે છે. વિરતિધરમાંથી બ્રહ્મચર્ય ચાલ્યું ગયું તો કાંઈ ઈન્દ્રો નમે કરે નહિ !

**બ્રહ્મચર્યના લાભ:**—બ્રહ્મચર્યના લાભ અગણિત છે. એનાથી શરીરના રાજા સમાન વીર્યનું સંરક્ષણ થાય છે. જે પછી ઈન્દ્રિયોને વધુ તેજસ્વી અને દીર્ઘકાળ સુધી સશક્ત રાખે છે. મોંની કાન્તિ વધે છે. ખોટી વાસનાઓ નથી થતી, તેથી મન પવિત્ર રહી શકે છે. તેમ સ્વસ્થ રહી શકે છે. એવા સ્વસ્થ મનમાં સારી સારી તત્ત્વ વિચારણાઓ સ્ફૂરે છે, પવિત્ર મહાવ્રતોની ભાવનાઓ જાગ્રત રહે છે. બ્રહ્મચારીનું ધાર્યું સફળ થાય છે, કીર્તિ વધે છે, ગુણ વધે છે, પુણ્ય વધે છે, દેવગુરુ પર ભક્તિરાગ વધે છે, કામરાગના પાત્ર પરથી રાગ ઉઠી જાય છે.

**અબ્રહ્મનાં નુકશાન:**-અબ્રહ્મચારીને સહેજે કામપાત્રનું ખેંચાણ રહે છે. એટલા પ્રમાણમાં દેવગુરુની ભક્તિમાં વાંધો પડે છે. ધ્યાનમાં સ્ખલના પડે છે. અબ્રહ્મચારીનું વીર્ય હણાય છે. ઈન્દ્રિયો નબળી પડે છે. ઓજસ હ્રાસ પામે છે, પાપવૃત્તિ હૃદયમાં ઘર કરે છે. હિંસાદિરૂપ પાપો કરતાં અબ્રહ્મનું પાપ એટલા માટે ભયંકર છે કે હજી કારણવશાત્ રાગ વિના પણ હિંસાદિ થઈ જાય; પરંતુ અબ્રહ્મ તો રાગ વિના સેવાતું જ નથી. એક વખતના અબ્રહ્મના સેવનમાં બે થી નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવોનો અને બીજા કેટલાય સંમૂર્છિમ જીવોનો નાશ થવાનું શાસ્ત્ર કહે છે.

**બ્રહ્મચર્યપાલનનો ઉપાય:**— વિચારવું તો એ જોઇએ છે કે અબ્રહ્મ સેવવામાં શું આજ સુધીના અનંત ભવોમાં બાકી રાખ્યું છે? એકજ દેવતાના ભવમાં કરોડો દેવીઓના ભોગ થાય છે! કેમકે દેવીનું આયુષ્ય દેવની અપેક્ષાએ બહુ થોડું હોય છે. તે દેવીઓ પાછી કાળી કુબડી નહિ, પણ સદા યૌવનવયની, ગોરી ગુલાબી રૂપસુંદરીઓ હોય છે. એવા દેવના ભવ અનંત થઈ ગયા. તો કેટલી દેવીઓનો ભોગ થયો? અનંત! તો પણ હજુ તૃપ્તિ થઈ? આટલા બધા અબ્રહ્મના સેવનથી જે તૃપ્તિ ન થઈ તે અહીંના તુચ્છ વિષયભોગથી થશે? ના, તૃપ્તિ નહિ,

પણ અતૃપ્તિ વધશે. માટે જ જ્ઞાની ગુરુ ફરમાવે છે કે બ્રહ્મચર્યનું જ શરણુ લો. જીવનભરના બ્રહ્મચારી બની સ્વ–પરને મંગળરૂપ બનો.

**નવ કિલ્લાની વચ્ચે વસોઃ**—બ્રહ્મચર્યના પાલન માટે ખાસ નવ વાડનું પાલન કરવાનું ફરમાવ્યું છે. દા. ત. પુરૂષે (૧) સ્ત્રીવાળી વસતિમાં ન રહેવું. (૨) સ્ત્રીની કથા ન કરવી. (૩) સ્ત્રીનાં આસન પર ન બેસવું. (૪) સ્ત્રીનાં અંગોપાંગ ન નીરખવાં. (૫) ભીંતના આંતરે થતા સ્ત્રી–પુરૂષના આલાપ પણુ સાંભળવા નહિ. (૬) પૂર્વે કરેલી ક્રીડાઓનું બિલકુલ સ્મરણુ ન કરવું. (૭) પ્રણીત એટલે ઘી, દૂધ વગેરેથી લચબચતો આહાર ન વાપરવો. (૮) તેમ ખૂબ આહાર પણુ ન વાપરવો. (૯) શરીરે શોભા વિભૂષા કરવી નહિ.

જંબૂસ્વામી, સ્થૂલભદ્રસ્વામી, સુદર્શન શેઠ, વિજય શેઠ વિજયા શેઠાણી વગેરેના દૃષ્ટાન્તો આંખ આગળ રાખી બ્રહ્મચર્યના પાલનના નિરંતર અભ્યાસી બનો.

## ઉપસંહાર

આ દશ પ્રકારના યતિધર્મમાં બીજું ઘણું ઘણું સમાય છે. ક્ષમાદિ ચાર ગુણોમાં ચારે કષાયનો નિગ્રહ સમાય, તપમાં આખો તપાચાર અને જ્ઞાન–દર્શનાચાર પણુ ગણી શકાય. સંયમમાં સમિતિ ગુપ્તિઓ એટલે કે ચારિત્રાચાર અને પહેલું મહાવ્રત આવે. સત્યમાં બીજું મહાવ્રત, શૌચમાં ત્રીજું મહાવ્રત, બ્રહ્મચર્ય અને આકિંચન્યમાં ચોથું–પાંચમું મહાવ્રત સમાય. આમ પાંચે મહાવ્રત, પંચાચાર, સમિતિ ગુપ્તિ, ચાર કષાયનો નિગ્રહ, ઇન્દ્રિસંયમ આ બધું દસ યતિધર્મમાં સમાયેલું ગણાવી શકાય. એવા મહાન યતિધર્મને ન પ્રાપ્ત કરનારા પ્રાપ્ત કરો અને પામેલા તેને વિકસિત કરો. આચાર્ય મહારાજ ફરમાવે છે,

"હે ગુણસેન ! આ મુજબ સર્વવિરતિ સાધુધર્મના અનન્ય અંગભૂત દશવિધ યતિધર્મ અંગે તને ટૂંકમાં સમજાવ્યું. હવે સર્વવિરતિ સાધુધર્મની ભૂમિકા સુધી આવી પહોંચેલો ભવ્યાત્મા કેવી રીતે મોક્ષ સુધી પહોંચી જાય છે, તેનો અતિ ટૂંકમાં તને ખ્યાલ આપું છું."

"જેમ દેશવિરતિ વખતની કર્મસ્થિતિમાંથી સંખ્યાતા સાગરોપમપ્રમાણ સ્થિતિ ઓછી થવાથી સર્વવિરતિ–ભાવ પ્રાપ્ત થયો; તેમ એમાંથી પણ બીજા સંખ્યાતા સાગરોપમ સ્થિતિ ઓછી થયેથી આત્માને ઉપશમ–શ્રેણિ પ્રાપ્ત થાય છે. એમાંથીય વળી બીજા સંખ્યાતા સાગરોપમ સ્થિતિ ઓછી થાય ત્યારે ક્ષપકશ્રેણિ મળે છે. ઉપશમશ્રેણિ એટલે મોહનીય કર્મનો સર્વથા ઉપશમ કરવાની નિસરણી; અને ક્ષપકશ્રેણિ એટલે મોહનીય કર્મનો ક્ષય અને તે પછી બાકીના ત્રણ ઘાતીકર્મનો ક્ષય કરવાની નિસરણી. આ ક્ષપક–શ્રેણિની સમાપ્તિ થાય ત્યારે સર્વ ઘાતીકર્મો નાશ પામી જાય છે. અને ત્યારે શાશ્વતું અનંત વસ્તુને જોનારૂં કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રગટ થાય છે. તે પછી તેજ ભવમાં બાકીના અઘાતી કર્મ ભોગવી લઈ આત્મા સર્વકર્મ-રહિત બની મોક્ષ પામે છે. શાશ્વત કાળ માટે સિદ્ધશિલાના સ્થાનમાં બિરાજે છે. સિદ્ધ–બુદ્ધ–મુકત–નિરંજન–નિરાકાર બને છે. અનંતજ્ઞાન અને અનંતસુખનો ભોકતા બને છે."

## પ્રકરણ : ૧૭

# ગુણસેનનું જીવન-પરિવર્તન

**ગુણસેન રાજાને પ્રતિબોધ:**-અવધિજ્ઞાની મહામુનિ આચાર્યશ્રી વિજયસેન મહારાજના મુખેથી અદ્ભુત ધર્મદેશના અને તત્ત્વવર્ણન સાંભળતાં રાજા ગુણસેનના મૃદુ આત્મામાં સુંદર શુભ પરિણામ ઉત્પન્ન થયો; એના આત્મામાંથી કઠોર કર્મરૂપી ઇંધણ બળીને સાફ થઈ ગયા. અભ્યંતરમાં એને ભાવથી સમ્યક્ત્વ, અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનું ગુણસ્થાન પણ પ્રગટી ગયું !

**ગુણસેન નાચી ઉઠે છે !**:— શ્રી વિજયસેનાચાર્યની વૈરાગ્યમય દેશના સાંભળી રાજા ગુણસેનનું હૃદય નાચી ઉઠયું ! એનો આત્મા કોઇ અગમ અગોચર રસાસ્વાદ અનુભવી રહ્યો... એની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઉઠી...અંજલી જોડી તે કહે છે—

" કરુણાસિન્ધુ પ્રભુ ! આજે મારા અનાદિકાળથી બિડાયેલા ધર્મદ્વાર ખૂલી ગયાં ! આજે હું ધન્ય ધન્ય બની ગયો ! આજે મને આપની પુષ્કરાવર્ત મેઘ જેવી અનુપમ દેશના સાંભળવા મળી...હે કૃપાનાથ ! આપની આ અમોઘ દેશના આત્મા પરના

ગાઢ પાપોને પણ પળમાં નાશ કરવા સમર્થ છે! રાગવિષધરના તાલપૂટ વિષને પણ ક્ષણવારમાં હરી લેવા શક્તિમાન છે! હે જગદ્દયાળુ! આપની આ દેશનાના શ્રવણમાત્રથી ભવ્યજીવના આત્મક્ષેત્રમાં પ્રશમ, સંવેગ, નિર્વેદ વગેરે અગણ્ય ગુણોનો પાક થાય છે! એટલું જ નહિ પણ હે નિષ્કારણ બંધુ! આપની આ દેશના ભવના કારાગારમાંથી છોડાવી જીવને અનંત શાન્તિ અપાવનાર બને છે!"

**ગુણસેન રાજા બાર વ્રતો સ્વીકારે છે**:—"હે ભગવંત! આપને હવે હું નમ્રભાવે પ્રાર્થના કરૂં છું કે આપ કૃપા કરીને મારા યોગ્ય કર્તવ્ય ફરમાવો, પણ...પ્રભુ, આપે કહેવાનું તો બધું કહી જ દીધું છે! હવે તો મારે જ મારા અંતરાત્મા સાથે વિચારવાનું બાકી રહ્યું છે...તો હે નાથ! ગૃહસ્થધર્મના સારભૂત બાર વ્રતો રૂપી ગુણસ્થાન આપવા કૃપા કરો."

"આચાર્ય ભગવંતે કહ્યું,"હે મહાનુભાવ! તમારા જેવા ભવ્ય પ્રાણીઓને માટે આ યોગ્ય જ છે." એમ કહી રાજા ગુણસેનને વિધિપૂર્વક અણુવ્રતાદિ બારવ્રતો આપ્યાં; અને અનેક પ્રકારની હિતશિક્ષા પણ આપી. રાજાએ પણ પરમ ભક્તિથી આચાર્યદેવને વંદના કરી, અને એ નગર તરફ વળ્યો.

**કોણ ગુણસેન? ને એણે શું કર્યું?**:— ગુણસેન રાજા જન્મનો જૈન નહિ, જૈન ધર્મના મુદ્દલ પરિચયમાં નહિ, પાછો લાખો પૂર્વ–વર્ષસુધી રાજપાટ અને ભોગવિલાસ કરનાર, છતાં પહેલી જ ધર્મદેશનામાં તેનું હૃદયપરિવર્તન થઇ જાય છે! ને બારવ્રતો સ્વીકારી લે છે! કેવું શ્રવણ! કેવું ગ્રહણ! કેવો વિવેક! તમે તો જન્મથી જૈનને? જૈન ધર્મના પરિચયમાં ખરાને? તો બારવ્રતોનો સ્વીકાર કરી લીધો હશેને? ના! તો તે સ્વીકારવા હજુ તમારે કેટલાં વ્યાખ્યાન અને કેટલાં વર્ષ

જોઈશે ? પછી એમાંથી પણ આગળ વધવા કેટલા વર્ષ જોઇશે ? અને બધો સંસાર સંકોચી લઇને ચારિત્ર લેતાં ? ગુણસેને તો જગતનો સાર સમજી લીધો. શું પકડવાનું (ઉપાદેય), શું છોડવાનું (હેય), તે સચોટ રીતે સમજી લીધું ! અને એ સમજને હૃદયસ્પર્શી કરી લીધી ! વિવેક આવે એટલે અસાર મૂકતાં અને સાર પકડતાં વાર ન લાગે !

**સંસાર સળગી ઉઠયો છે:**—અંધારામાં હોઈએ, ખબર પડી કે ઘરને આગ લાગી, ઉઠીને તરત નાઠા...નાસતાં નાસતાં કોઇ નાની પેટી હાથમાં લઈ તો લીધી, પણ પેટી રતનની પેટીના બદલે બીજી આવી ગઇ ! અંધારે ખબર ન પડી, પણ બહાર પ્રકાશમાં જોવાથી ખબર પડી કે આ પેટી રતનની નહિ, તો એ પડતી મૂકી ઝડપથી પાછા જઈ રતનની પેટી લઈ અવાય ને ? કે એમાં વિચાર કરવા બેસાય ? વર્ષો, મહિના કે દિવસો નહિ, પણ કલાક પણ એમાં ગુમાવાય ? ના, ગુમાવો તો બધું આગમાં સાફ થઈ જાય ! ને તમે મૂર્ખ બનો ! આ હકિકત જેમ બરાબર સમજાય છે તેમ અહીં પણ સમજો, સંસાર સળગી ઉઠયો છે ! એમાં આ જીવન-ઘર નાશ પામવાનું છે, જીવનમાં સારભૂત જે વ્રતો છે, ધર્મની જે સાધના છે, તે છે રત્નોની પેટી. એ મેળવી લેવા વિલંબ ન કરાય. આપણે જયાં સમજયા, કે ઝટ એ લેવાની તૈયારી હોય ! બીજી ગણતરી પડતી મૂકી આજે જ વ્રતો લઈ લેવાની તૈયારી જોઈએ. કેઈ મોટા ચક્રવર્તી અને રાજા મહારાજાઓએ તો મહાવ્રતો–ચારિત્રને સમજતાં જરાય ઢીલ કર્યા વિના તે સ્વીકારી લીધાં છે ! માટે આ વાત નકામી કે વધુ પડતી કરીને કાઢી ન નાખતા. જો વધારે પડતી માનશો તો તેટલી હજી તમારા દિલમાં ધર્મપ્રીતિ અને સંસાર ભીતિની ખામી છે એમ ગણાશે. જે આત્માને સંસારના મનગમતા કાર્યો બની શકે છે તો આજને આજ કરવાની ઉતાવળ રહે છે, એને ધર્મના સુંદર કાર્યો કરી

લેવાની ઉતાવળ નથી, તો એને સંસારની ભીતિ નથી, અને ધર્મની તેવી પ્રીતિ નથી, એમ શું ન કહી શકાય ?

**ગુણસેન અનુમોદના કરે છે:**—ગુણસેન પોતાની જાતને ધન્ય માનતો, જીવનના દિવ્ય પલટા સાથે પોતે મહેલમાં પાછો આવ્યો; પણ એનું હૃદય તો આચાર્યદેવની પાસે જ છે! "કેવા અનુપમ ગુરુ મળ્યા ! આ જીવનના લાખો વર્ષો ચાલ્યા ગયા છતાં હું અબુઝ હતો. આજે ગુરુદેવે તત્ત્વની પીછાણ કરાવવાની મહાન કૃપા કરી! અહાહા !વિભાવસુના ભવોની કેવી ભયંકર વાત! સંસારની વિકટતાનું કેવું સુંદર ભાન કરાવ્યું ! વ્રતો કેવાં સમજાવ્યાં ! આવું બીજે કયાં સાંભળવા મળે ? આ પ્રકાશથી હું કેટલો બધો પાપથી બચી શકવાનો ! "

**સાંજના સમયે પાછો રાજા ઉદ્યાનમાં:**—રાજાને રંગ લાગ્યો! કેવો? ચોળ મજીઠ જેવો. હવે તો/તેને ધર્મની એક જ લેશ્યા છે. ઘેર જઈને ભોજનાદિ કાર્યો સમેટી લઈ સાંજ પડી કે પાછો ઉદ્યાનમાં આવ્યો. દેરાસરમાં દેવાધિદેવનાં દર્શન કર્યાં અને ગુરુ મહારાજ પાસે આવી વંદન કરી નીચે બેઠો.

દિલમાં ધગશ જાગ્યા પછી, મનને લગની લાગ્યા પછી શું કઠીન છે? શું શિખવાડવું પડે ? આપણે ધર્મ સાધનામાં શિથિલ હોઈએ તો તેમાં આ એક ખામી છે, કે આપણામાં ધગશ અને લગની નથી. જરાક ડહાપણ વાપરી જગતની બાળધૂલી-ક્રીડા જેવી પ્રવૃત્તિઓ મૂકી અંતરમાં ધર્મસાધનાની આતશ પ્રજ્વલિત કરી દઈએ, તો ધર્મસાધના ધમધોકાર ચાલે !

ગુણસેન રાજા ગુરુની આગળ મહાન સ્વસ્થતાથી લાભની કાંક્ષાએ બેઠો છે. તેથી જ કરુણાસાગર ગુરુ આ પાત્ર જીવને યોગ્ય આત્મહિતશિક્ષા આપે છે. એ સાંભળતાં રાજાનું તો દિલડું ડોલે છે; એને લાગે છે કે 'આ ઉત્તમોત્તમ ધર્મશ્રવણ

મારા દીર્ઘજીવનમાં ન મળ્યું એ કેવું મારૂં કમનસીબ! ક્યાં એ લાખો પૂર્વની ભોગની કચરાપટ્ટી રમત! અને ક્યાં આ ધર્મ-શ્રવણ, ગુરુઉપાસના અને ધર્મસાધનાની સર્વોચ્ચ કાર્યવાહી!'

રાજા કેટલોક વખત ગુરુમહારાજની સેવા કરી નગરમાં પાછો ફરે છે.

**આચાર્યદેવ વિહાર કરે છેઃ**– રાજા સુંદરરીતે વ્રતોનું પાલન કરે છે. ગુરુ મહારાજ માસકલ્પ રહેલા છે, રોજ એમની ધર્મવાણી સાંભળે છે; એને હૃદયમાં ઉતારે છે. રોજ દેવભક્તિ, બે વખત ગુરુદર્શન, ઉપાસના અને વાણીનું શ્રવણ! આ મહાન સુખનો અનુભવ કરતાં કરતાં એક માસ તો ઝટપટ વીતી ગયો! રાજાના અંતરમાં ધર્મ પરિણામ પામ્યો; અર્થાત્ રાજાનું ચિંતન, રાજાનું વલણ, રાજાની લાગણીઓ ધર્મમય થઈ ગઇ! આ બાજુ માસકલ્પ પુરો થતાં વિજયસેન આચાર્ય મહારાજ વસંત-પુરથી વિહાર કરી ગયા.

# પ્રકરણ : ૧૮

## મૃત્યુ પર મનન

**મૃત્યુનું એક દૃશ્ય:**—આચાર્ય ભગવંત વિહાર કરી ગયા પછી એક દિવસની વાત છે.

ગુણસેન રાજા એક વખત મહેલની અગાસીએ બેઠા છે; ત્યાં એમણે કોઈ શબની પાછળ હાહાકાર ભર્યા કરુણ ધ્વનિને સાંભળ્યો, વિચારે છે, જાણે મૃત્યુ રાજાની પ્રયાણ-નોબત ન હોય! સંસારરાક્ષસનું અટ્ટહાસ્ય ન હોય! જીવલોકનું પ્રમાદ-આચરણ ન હોય! અર્થાત્ જીવને પકડીને ઉપાડી જતાં યમરાજની નોબતનો જાણે એ ધ્વનિ હતો. સંસારરૂપી રાક્ષસ મૃત્યુસ્વરૂપે જીવનો કોળીયો કરી જતાં જીવલોકની મૂર્ખાઈ સામે અટ્ટહાસ્ય કરતો હતો. વળી જીવ સંસારવાસરૂપી પ્રમાદમાં રહ્યો હોય, તો જ મૃત્યુ ઉપાડી જાય ને? મોક્ષમાં બિરાજેલા અનંત આત્માઓની સામે ડોકાવાની પણ મૃત્યુને હામ નથી!

**મૃત્યુનું ઘમંડ:**— મૃત્યુસમ્રાટની વિજયભેરી બજી રહી છે! સમ્રાટની સ્વારી આગળ નિશાનડંકા હોય ને? "હું જગતભરનો વિજેતા છું! ગમે તેવાને જગતમાંથી ઉપાડી જવાની મારી શક્તિ છે! ગમે તેવો શક્તિવાળો દેવ ભલેને હોય, પણ એની

શક્તિ મારા આગળ કોઈ વિસાતમાં નથી... એવા દેવનેય હું ઉઠાવી જનારો છું! મને વશ કરનાર દુનિયામાં કોઈ નથી. સિવાય એક સિદ્ધ ભગવાન! બાકી ચારે ગતિમાં કોઈ એવું પ્રાણી નથી કે જેના પર મારી સત્તા ન ચાલે! ખુદ તીર્થંકર ઉપર પણ એકવાર તો મારૂં ચાલે!" આવા મૃત્યુના વિજયથી પરાજિત થયેલા આપણે કઈ ખુમારીમાં અક્કડ થઈ ફરી શકીએ?

**આપણે શું કરીએ છીએ?:**—સમસ્ત ચેતન જગતનો વારંવાર અંત લાવનાર મૃત્યુ પર પણ વિજય મેળવી શકેલા સિદ્ધ ભગવાન છે! સિદ્ધ થયા એટલે પરમપૂર્ણ થયા! જીવને જીવન સફલ કરતાં આવડવું જોઈએ. એ આવડત ન હોય તો એજ જીવનના એક મૃત્યુમાંથી અનેક મૃત્યુ ઊભા કરાય છે, અને આવડત હોય તો એજ જીવનના એક મૃત્યુથી કામ પતી જાય! આત્માને અજર–અવિનાશી બનાવી શકાય છે. આપણે શું કરીએ છીએ? મૃત્યુનો અંત? કે મૃત્યુથી આપણો જ અંત?

**સંસાર પિશાચનો સામનો કરો:**—ત્યારે સંસારરૂપી રાક્ષસ જયાં અટ્ટહાસ્ય કરી રહ્યો હોય ત્યાં જીવને કેવું લજવાવાનું? ભલભલા ચમરબંધીની સામે પણ સંસાર હસે છે,

"મૂર્ખ! સહેજ મેલ કે કચરામાં સુગ કરનાર તું જયારે ભૂંડ કે વિષ્ઠાનો કીડો થઇશ ત્યારે શું કરવાનો? જરા ભૂખનું દુઃખ ન સહનાર, અને રાતદિ' ખાવાનો ધંધો કરનાર તું નરક ગતિમાં શું કરીશ? જરાક કોઈના કર્કશ શબ્દ પર નારાજ થનારો તું તિર્યંચના ભવમાં ભયંકર લાત અપમાન શી રીતે વેઠીશ?"

આવું આવું તો સંસાર પિશાચના અટ્ટહાસ્ય પાછળ કેટલુંય વિચારી શકાય. જો એ વિચારો તો અહીં એ પિશાચનો સામનો કરી લેવા કટીબદ્ધ બનાય. અને તે માટે આત્માના કેટલાય દોષો ઓળખી એને દૂર હઠાવવા પ્રયત્ન કરાય.

પાછું રાજા જુએ છે કે મૃત્યુને પરવશ એવા એ શબને ચાર ડાઘુઓ ઉપાડીને લઇ જાય છે, આસપાસ રોકકળ અને આક્રંદ કરનારા સગાંવહાલાં ફરી વરેલા છે. સગાંવહાલા ફરી ફરીને શું કરે? આ જ!

**રાજા પરમ સંવેગ પામે છે:**—ગુણસેન રાજા આ જોઈને પરમ સંવેગથી ભાવિત બની ગયો. એની ધર્મ ભાવનાનો વેગ ખૂબ વધી ગયો! રાજા જીવલોકને ઇન્દ્રજાળ સરખો સમજી પાપમળને ધર્મધ્યાનરૂપી જળથી ધોઇ નાખે છે.

ધર્મધ્યાનમાં જિનેશ્વરદેવની આજ્ઞાની સર્વ—શ્રેષ્ઠતા, રાગાદિદોષોના કારમા નુકશાન, કર્મના ભયંકર વૈર, ચૌદરાજ-લોકના વિચિત્ર સંસ્થાનો અને ઘટનાઓ, વગેરે આવે.

**રાજા આંતર પ્રદેશમાં:**—રાજા માટે આ કેવી ગજબ વાત કહેવાય! જીવનમાં પહેલવહેલી એક વખતની દેશનામાં જ શ્રાવકના બાર વ્રતોનો સ્વીકાર! એક જ મહિનો ગુરુની પર્યુ-પાસના! ગુરુ મહારાજના વિહારને હજુ થોડા દિવસ જ વીત્યા છે; ત્યાં માત્ર કોઇનું મડદું જોતાં પરમ સંવેગરંગના તરંગમાં ઝીલે છે! ધર્મધ્યાનમાં ચઢે છે! આ કેવીક તાત્ત્વિક સમજ! કઈ જાગૃતિ? કેવી ગુરુવચન પર પ્રીતિ! કેવું ધર્મ પરિણમન! હવે જુઓ, કે આ એક દૃશ્ય પર રાજાને કેવી અનુપમ ચિંતા જાગે છે!

"અહો! અમે પણ આજ પ્રમાણે મરણના સ્વભાવવાળા જ છીએ...અહો! જીવલોક જો આવા કરુણ અંતવાળો છે, તો ધન્ય છે તેઓને કે જેમણે પરમર્ષિ સર્વજ્ઞ પરમાત્માએ કહેલા ત્રણલોકના બંધુભૂત, અચિંત્ય ફળદાયી અને ચિંતામણિ સમાન ધર્મ ઉપર ભારે પ્રેમ અને શ્રદ્ધા કરી છે! અને તે કરીને જેઓ

ઘરવાસ ત્યજી અનગારપણાના, ત્યાગી સાધુપણાના માર્ગે સંચરે છે... !"

**મહાવ્રતધારી:**—" જે મહાત્માઓ ઘરવાસ છોડી મહાવ્રતો અંગીકાર કરી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપોને પણ સર્વથા છોડે છે! અને તેથીજ જીવહિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહથી સર્વથા વિરામ પામે છે!"

**શુદ્ધ આહારી:**—"વળી જે મુનિરાજો મોક્ષની સાધનામાં ઉપયોગ પુરતું જ શરીર ટકાવવા માટે એષણાના બેતાલીસ દોષોથી રહિત શુદ્ધ આહાર લાવે છે, લાવીને તેમાં પણ સંયોજના વગેરે પાંચ દોષોને ટાળી યોગ્ય કાળે બહુ પરિમિત પ્રમાણમાં તે વાપરે છે!"

**સમિતિ—ગુપ્તિ ને ભાવનાના ધારક:**—"વળી જે મુનિરાજો ઈર્યા–ભાષા...વગેરે પાંચ સમિતિ અને મનો–વચન...વગેરે ત્રણ ગુપ્તિથી યુક્ત છે. તેમજ લેશ પણ અતિચાર લગાડ્યા વિના મહાવ્રતોનું પાલન કરવા માટે પાંચ મહાવ્રતની પચીસ ભાવનાઓનું સતત ચિંતન કરે છે. એ ભાવનાઓથી સદા સજજ અને સંપન્ન રહે છે!"

**તપ–આરાધક:**— 'વળી જે સાધુ મહર્ષિઓ અનશન, ઉનોદરિકા, વગેરે બાહ્યતપ; તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વગેરે આભ્યંતરતપ, એવો તપગુણ જેમના જીવનનું મુખ્ય અંગ છે. અર્થાત્ જીવનમાં આ બાહ્ય–અભ્યંતર તપગુણને જેમણે મુખ્ય કર્યો છે! એટલે કે નિરંતર બાહ્યથી ઉપવાસ, કાયાકષ્ટ...આદિ તપશ્ચર્યામાં, અને અભ્યંતર રીતે પ્રાયશ્ચિત્ત, વિનય, જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય અને કાયોત્સર્ગમાં જ રકત રહે છે!'

**કઠોર અભિગ્રહાદિના પાલક:**—' મહાત્માઓ જ મહાન પરાક્રમના પ્રતીકરૂપે એક માસ વગેરે પ્રતિજ્ઞાઓ (કઠોર પ્રતિજ્ઞા-

વાળી અમુક સાધના) ને ધારણ કરે છે; તેમજ જુદી જુદી જાતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી અભિગ્રહો, નિયમો કરવામાં જે આનંદિત રહે છે! જે સ્નાનના સદા ત્યાગી, અને અને માથાના કેશનો લોચ કરનારા હોય છે!'

**સમભાવી ને નિસ્પૃહી:**—' ઉપરાંત જે ક્ષમાશ્રમણો ભોજનમાં નરસું મળ્યું કે ઓછું મળ્યું; તેના પર સમભાવે નિર્વાહ કરનારા હોય છે, અર્થાત્ જેમને સરસ પર રાગ નથી, નિરસ પર નારાજી નથી. જે પોતાના શરીરની શોભા-શુશ્રૂષા કરતા નથી. તેમજ ઘાસ કે રત્નો, માટી કે સોનું, તેને સમાન ગણવાની નિઃસ્પૃહતા, નિઃસ્તૃષ્ણતા સુધી જે પહોંચેલા છે!'

**પ્રશમસુખમાં મસ્ત:**—' બહુ શું કહેવું ? ૧૮૦૦૦ શીલાંગને શુદ્ધપણે જે સાચવનારા છે. જે પંડિત પુરૂષોએ પ્રશંસેલા અનુપમ પ્રશમ સુખમાં ઝીલનારા હોય છે!'

**વિચરણશીલ:**—' તે પણ જે એક સ્થાને બેસી રહીને નહિ, પણ અનેક ગામો, નગર, શહેર, કસ્બા, સ્થલમાર્ગો વગેરેથી વ્યાપ્ત પૃથ્વીતલ ઉપર વિહાર કરે છે!'

**પ્રતિબોધક:**--' મિથ્યાત્વ-અવિરતિ વગેરે કાદવના માર્ગમાં ખૂંચેલા ભવ્ય પ્રાણીઓરૂપી કમળોને સદ્ધર્મની દેશનારૂપ સૂર્યના ઉદયથી જે પ્રતિબોધિત કરે છે!'

**અણસણી:**— "જેઓ મહાતપસ્યાના આરાધનથી શરીરને તપાવે છે, અને શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા સંલેખના અને અંતિમ પાદપોપગમન વગેરે અનશનના માર્ગે આયુષ્ય પૂર્ણ કરી આ વિનશ્વર દેહનો ત્યાગ કરે છે! તે મહાત્માઓને ધન્ય છે!"

' હું પણ હવે આજ વિધિથી બાકીનું આયુષ્ય પૂર્ણ કરી દેહને ત્યજીશ.'

**તત્વજ્ઞાનના પ્રકાશે રાજાની રોનક ફરી:—** રાજાની આ કેવી સુંદર ભાવના છે! કે જેમાં લગભગ સંપૂર્ણ સાધુપણા પર તેની દષ્ટિ પથરાઇ ગઇ છે! પણ અહીં જોવાનું એ છે કે લાખો પૂર્વ જેવા દીર્ઘાતિદીર્ઘ કાળની અપેક્ષાએ માસ-દોઢેક માસ જેવા ઘણા ટૂંકા કાળમાં રાજાએ કેટલી સુંદર સમજ પ્રાપ્ત કરી લીધી છે!

તત્ત્વજ્ઞાનના અદ્દભુત પ્રકાશથી રાજાનું હૃદય ઉજ્જવલ થવાથી, તેમજ શ્રી જિનવચન ઉપર ઉછળતો પ્રેમ અને દઢ શ્રદ્ધા થવાથી આખી મુનિચર્યા ઉપરાંત ઠેઠ અંતિમ પાદપોપગમન જેવા અનશન સુધીની આરાધનાનો એ ખ્યાલ કરી લે છે. એટલું જ નહીં પણ એ માર્ગે જવા માટે મક્કમ નિર્ધાર પણ કરી લે છે! શું આવ્યું એમાં? ભારે પ્રતિકૂળતા ભરી કઠોર-અતિકઠોર સાધના! પણ નહીં કે સુંવાળી શય્યામાં પોઢી રહેવાનું!

રાજાએ ચિંતવેલું મુનિપણાનું અતિસુંદર સ્વરુપ, તે સ્વરુપમાંથી થોડાક સ્વરુપને આપણે જરા વિચારીએ.

**સાધુ જીવનની આછી રૂપરેખા:—**ભવ્યાત્મા સંયમ સ્વીકાર્યા બાદ પાંચ મહાવ્રતોનું નિરતિચાર પાલન કરે છે. તેમજ સંયમજીવનના નિર્વાહને માટે જે ભિક્ષા લાવે છે, તે પણ માધુકરી વૃત્તિથી લાવે છે; એટલું જ નહીં પણ બીજા અનેક દોષોનું નિવારણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પદ્ધતિએ કરીને ભિક્ષા લાવે છે. લાવીને પણ આહાર પર બહુ રાગ કે રોષ, પ્રશંસા કે નિંદા...કર્યા વિના પરિમિત પ્રમાણમાં તે આહાર વાપરે છે.

વળી એ મહાત્માના જીવનમાં વિવિધ પ્રકારની પ્રતિજ્ઞાઓનાં પાલન હોય છે. ગોચરી લેવામાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના અભિગ્રહ ધારણ કરે છે. દા. ત. દ્રવ્યથી-સુકા અડદના બાકુળા મળશે તો જ લઇશ, ક્ષેત્રથી-ઘરના ઉંબર પર બેસીને

વહોરાવશે તો લઈશ, કાળથી–ભિક્ષાકાળ વીતી ગયા પછી ભિક્ષા મળશે તો લઈશ...ભાવથી–વહોરાવનાર રાજકુમારી હશે...માથે મુંડી હશે...પગે બેડીઓથી જકડાયેલી હશે...અને રોતી રોતી વહોરાવશે તો લઈશ..." આવા આવા અભિગ્રહોને ધારણ કરનાર ક્ષમાશ્રમણો હોય છે.

એટલું જ નહીં પણ એ પુણ્યપુરુષો જીવનમાં વિવિધ તપશ્ચર્યાઓ પણ તપતા હોય છે.

૧ અનશન—ઉપવાસાદિ, ૨ ઉનોદરિકા, ૩ વાપરવાની વસ્તુનો સંકોચ–સંક્ષેપ, ૪ રસોનો ત્યાગ, ૫ લોચ વગેરે કાયક્લેશ તથા પરિષહ ઉપસર્ગના કાયાકષ્ટ, અને ૬ અંગોપાંગનું સંગોપન, આ છ પ્રકારનો બાહ્ય તપ. તેમજ ૧ ગુરુ સમક્ષ બાળભાવે પોતાના અપરાધોનું પ્રકાશન કરી પ્રાયશ્ચિત્ત–ગ્રહણ, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ—સેવા ચાકરી, ૪ સ્વાધ્યાય—જ્ઞાનરમણતા, ૫ ધ્યાન અને ૬ કાયોત્સર્ગ. આ છ પ્રકારનો આભ્યન્તર તપ. આ બારે પ્રકારનો તપ શ્રમણોના રોજીંદા જીવનમાં ઝગમગતો રહે છે.

તેમની સમક્ષ હીરાના ઢેર કે માટીના ઢગ રજુ કરો, તેમને બંને તરફ સમવૃત્તિ ! હિરાનો ઢેર કિમતી લાગતો નથી, બીજા ઢેર તુચ્છકારવા યોગ્ય લાગતા નથી ! છેવટે તપસ્યાથી કાયાને ખૂબ કસીને અત્યંત કૃશ અને સુકકી લુખ્ખી બનાવી દે છે. છતાં સહન કરવામાં તેઓ ખૂબજ ધીર અને વીર હોય છે.

અંતિમકાળે તે મહાપુરુષો શરીરને સુકા વૃક્ષની જેમ જમીન પર વોસરાવી દે છે. તેમાં યાવત્ મરણ સુધી હવે શરીરને સ્વેચ્છાએ ન હલાવે કે ન ચલાવે. પવનનો ઝપાટો શરીરને ઉંચકીને એવું પછાડે કે માથું નીચે ને પગ ઊંચે થઈ જાય, તોય એમ

જ પડી રહેવાનું! આવા પાદપોપગમન અનશનથી જીવનનો અંતકાળ પસાર કરે છે.

૯૯ **નિર્ધારવાળી** ઉત્કંઠાઃ—જિનવચનના પારાથી જેણે પોતાના આત્માને રસિત કર્યો છે, એ ગુણસેન આવી કઠોર સાધુચર્યાના સાધક સાધુ-મહર્ષિને ધન્યવાદ આપીને બેસી નથી રહેતો, પણ પોતે એ સાધના કરવાની મહાન ઉમેદ-ઉત્કંઠા કરે છે, ઉત્કંઠા પણ પોલી નહિ, પરંતુ માનસિક દૃઢ નિર્ધારવાળી ઉત્કંઠા કરે કે છે "હું ય આ વિધિથી દેહત્યાગ કરીશ." શાથી આવી ધગશ આવી ગઈ? એનું કારણ એમની હવેની વિચારણામાં જુઓ.

## પ્રકરણ ૧૯

# અંતિમ નિર્ધાર

ગંગાના ધસમસતા પાણી–પૂરની જેમ ગુણુસેનની ધર્મ-વિચારણા વેગીલી બને છે. એ વિચારે છે કે,

"અહો! લાખો ભવોએ પણ મળવા દુર્લભ એવા, ધર્મ-સારથિ શ્રી વિજયસેન આચાર્ય ભગવાન મને મળી ગયા! એ કૃપાળુ ગુરુદેવ ખરેખર સકલ લોકાલોકના તત્ત્વપ્રકાશક સૂર્ય છે! શાશ્વતા સુખનુંજ એક મહાદાન કરનાર કલ્પવૃક્ષ છે! ત્રણેય લોકના સમસ્ત વાંછિત સુખ પૂરવા માટે ઉપમાતીત ચિંતામણિ રત્ન છે! વિકટ એવા સંસાર સમુદ્રમાંથી ભવ્ય જીવોને પાર ઉતારવા મહાન નૌકા છે! જીવોના ધર્મરથને હાંકનારા કાબેલ સારથિ છે."

"અહો! આવા ગુરુદેવ મળી ગયા પછી હવે એ લોકાલોકના તત્વપ્રકાશ, શાશ્વત્ સુખ, અને ભવપાર પામવામાં હું વિલંબ શા માટે કરૂં? હવે તો હું ધીર પુરૂષોએ આચરેલા મહાન પ્રવ્રજ્યા-માર્ગને અર્થાત્ દીક્ષા-માર્ગને એમની પાસે અંગીકાર

કરીશ. જેથી મારા આત્મામાં પથરાયેલું સમસ્ત કર્મવન ચારિત્રરૂપી દાવાનળમાં બળીને ભસ્મ થઈ જાય. ”

રાજાની કેવી ઉત્તમ ભાવના ! ગુરુ પ્રત્યે કેવો અદ્‌ભુત સદ્‌ભાવ ! આ સમજી રાખો કે જ્યાં સુધી એ રીતે સદ્‌ગુરુને હૈયે વસાવાય નહિ, ત્યાંસુધી સાચી દિશા સુઝે જ નહિ. ગુરુ એટલે શું ચીજ સમજો છો ? ગુરુ એ ચિંતામણિ, કલ્પવૃક્ષ, સૂર્ય અને જહાજ છે ! રાજાને એ મહત્તા બરાબર ખ્યાલમાં છે એટલે એવા ગુરુ આગળ એને આખુંય જગત તુચ્છ અને ત્યાજ્ય લાગે છે ! સંસારત્યાગ અને દીક્ષાગ્રહણની ઊંચી અભિલાષા પ્રગટી જાય છે !

**ગુરુ કેવા અદ્‌ભુત મળ્યા !**:—ઉપકારી તરીકે મળેલા ધર્મગુરુ વિજયસેન આચાર્ય ભગવંતને એ શું સમજે છે ? “ અહો ! લાખો ભવોએ પણ આ ગુરુ ક્યાં મળે ? મહાન રાજસંપત્તિ વગેરેને સ્વેચ્છાએ ત્યાગી યૌવનવયમાં સંયમી બનેલા ! મહાભીષ્મ વ્રતોને ધારણ કરનારા ! અનેકાનેક ગુણોથી સંપન્ન ! દેવોનેય પુજ્ય મહાત્મા ! પાછા ત્રીજા પરમેષ્ઠીપદે બિરાજમાન આચાર્ય ભગવાન ! જે વળી ચૌદપૂર્વ અને દ્વાદશાંગીના પારગામી ! ઉપરથી અવધિજ્ઞાની ! કહો આવા ગુરુની પ્રાપ્તિ સહેલી છે ?

**ઉપમાઓમાં રહસ્ય**:—આચાર્યદેવ સકલ લોકને પ્રકાશિત કરનાર સૂર્ય છે ! એટલે શું સમજ્યા ? આજનું વિજ્ઞાન શું પ્રકાશ કરી શકે છે ? જડ પદાર્થોના ચમત્કારથી તમારાં હૈયા અંજાઇ ગયાં છે, એટલે એમ થાય છે કે ‘ અહો ! કેવો ટેલીફોન ! કેવો રેડીયો ! કેવાં એરોપ્લેન ! ભાઈ, આજનું વિજ્ઞાન તો બહુ જબરૂ ! ’ પરંતુ આ અંજામણને બદલે જો આત્માનાં આકર્ષણ લાગે, તો આચાર્યદેવની મહાન પ્રકાશકતા કેવી છે, તે સમજાય.

કલ્પવૃક્ષઃ-રાજા આચાર્યદેવને શાશ્વતસુખના દાતાર કલ્પવૃક્ષ તરીકે ઓળખે છે. કલ્પવૃક્ષ અચૂકપણે મોક્ષફળ પમાડે છે. વાત પણ સાચી છે, આચાર્યદેવ સ્વયં એવા ઉચ્ચ માર્ગે સંચર્યા છે કે બીજાને એવી ઉચ્ચ બક્ષીસ કરી શકે છે; એના પ્રતાપે મોક્ષ મળે એ સહજ છે.

**ચિંતામણિરત્નઃ**-વળી સૂરિજી મહારાજ અનુપમ ચિંતામણિ રત્ન છે! અચિંત્ય એવા મોક્ષ સામ્રાજયને આપનાર છે, માટે અનુપમ. તે પણ કોઈ એકાદિ વ્યક્તિને નહિ, પણ ત્રણે લોકના જીવો માટે ચિંતામણિ છે! આપણે ક્યારે આવા અનુપમ ચિંતામણિ થાશું?

બલિહારી છે આવા નિષ્પક્ષપાતી જગદુદ્ધારક ગુરુદેવોની! એમની પાસે રાજા આવે કે રંક, એમના તો બંને પર એક સરખી ઉપકારની નદી વહે! આનું નામ વિશ્વદષ્ટિ છે! આવા ઉપકારીઓથી જ જગત સોભાગી છે, શોભાશીલ છે!

**વહાણ અને સારથિઃ**—આચાર્ય ભગવાનનો ઉપકાર પણ કાંઈ સામાન્ય કોટિનો નથી, કિંતુ અનાદિ અનંતકાળથી ચાલી આવતા ભીષણ ભવસાગરથી પાર ઉતારવાનો છે! એક તો જગતમાં નિઃસ્વાર્થે ઉપકાર કરનારા સાત્ત્વિક જીવ જ ઓછા હોય છે, એમાં નિઃસ્વાર્થપણે આવા સર્વશ્રેષ્ઠ ઉપકારી તો મળે જ કયાં? આ સંસાર તો છેદન-ભેદન, તાડના-તર્જના, ભૂખ-તરસ, અપમાન-તિરસ્કાર, રોગ-શોક, જન્મ-મરણ, વગેરે પીડાઓથી કકળતો છે! અનંતકાળથી એ ચાલ્યો આવે છે, હજી મીટચો નથી. આચાર્ય ભગવાન એ મીટાવી દે છે. કેવી રીતે? પોતે વહાણરૂપ બની જીવોને મહાન આલંબન આપે છે. પોતે ધર્મસારથિ બનીને ભવાટવીમાંથી પાર ઉતારે છે. જેમ માર્ગના અજાણ એવા ઘોડાને અને અચેતન એવા રથને સારથિ માર્ગે દોરી જાય છે અને ઇષ્ટ સ્થાને

પહોંચાડી દે છે; તેમ આચાર્ય મોક્ષમાર્ગના અજાણ્યુ માર્ગે ભવ્ય જીવોના ધર્મરથને દોરી જઈ મોક્ષે પહોંચાડી દે છે.

કેવા સરસ ગુરુ! પ્રશંસા કરીએ તો એમની કરીએ! ગુણ ગાઈ તો એમના જ ગાઈએ! વારંવાર સ્મરણ કરીએ તો એમનું જ કરીએ! અરે! ચરણ પકડીએ તો એમના જ પકડીએ! અને જીવન સમર્પીએ તોપણ એમને જ સમર્પીએ! શું યાદ રહેશે? રાજાએ ગુરુદેવ અંગે આવી અદ્ભુત વિચારણા કરી. તે પણ સામાન્ય રૂપે નહિ પણ મહાવિશિષ્ટ રૂપે! એનું નામ સાચું સેવકપણું! સાચી કૃતજ્ઞતા! સાચી ગુણપ્રીતિ!

અબજોઅબજ વર્ષના આયુષ્યમાં માત્ર દોઢેક માસના અતિ અલ્પ કાળમાં સુંદર ધર્મસમજ અને અદ્ભુત આચરણ રાજાના જીવનમાં આવી ગયાં! આ કેમ બન્યું? પૂર્વભવે સાધના કરીને આવ્યાનું શાસ્ત્રે અહીં બતાવ્યું નથી, એ તો ગુરુ પાસેથી મળેલ ધર્મદેશનાની કિંમત સમજયા! એ દેશના એમના હૃદયમાં ફાલી ફૂલી ઉઠવા માટે એક શબનું દશ્ય જ એમને બસ થઇ ગયું! તમે આજસુધીમાં મડદાં અને મરનાર પાછળના આક્રંદ કેટલીવાર જોયાં?

**રાજા ગુણસેનનો નિર્ધારઃ**—મહાશ્રાવક ગુણસેન રાજા મડદું અને સ્નેહીઓને વ્યર્થ આક્રંદ જોઈને વધુ વૈરાગ્યવાસિત બની, જે આત્માઓએ આવા અથિર સંસારનો ત્યાગ કરી ચારિત્ર માર્ગ લીધો છે, તેમના ગુણગાન ગાય છે. વળી તેમની વિકટ સાધુચર્યાની યાવત્ અંતિમ અનશન વિધિએ કરાતા દેહત્યાગના ગુણગાન ગાય છે; સાથે એ નક્કી કરે છે કે, "હું પણ આ વિધિથી દેહનો ત્યાગ કરીશ. કેમકે જયારે મને વિજયસેન આચાર્ય ભગવંત જેવા ગુરુ તરીકે મળ્યા છે, પછી મારે શા માટે ઉંચી સાધુતામાં વિલંબ કરવો? તો એઓશ્રી પાસે ધીર પુરુષોએ

આચરેલી અને કર્મવનને બાળી મૂકવામાં દાવાનળ સમી ભાગવતી દીક્ષાને હું ગ્રહણ કરીશ,"

**રાજાના નિર્ણય ઉપર વિચારણા:**—રાજાની આ વિચારણામાં '**હું ય આ વિધિથી દેહત્યાગ કરીશ**'–એવો પહેલો જ નિર્ણય ખૂબ વિચારવા જેવો છે. કેટલી બધી ઉંચી અભિલાષા! પાદપોપગમન અનશન કરવા સુધીનો કેવો સુંદર મનોરથ! તમે મનોરથો કરો છો ને? કયા? આ અનશનના? ના, તમે તો કહેવાના કે "અરે સાહેબ! એ તો બહુ ભારે વાત!" ઠીક, એ ભારેવાતની નજીક લઈ જાય એવીય વસ્તુના મનોરથ થાય છે ખરા? નજીક એટલે સમજયા? એવા અનશનની નજીક તો ચારિત્ર લઈ જાય! તો ચારિત્રના મનોરથ થયા કરે છે? આચાર્યશ્રીએ રાજાના અંતરમાં પ્રગટાવેલું ધર્મતેજ ખૂબ જ ખીલી ઉઠયું છે! રાજાની દષ્ટિ કાયા અને સાંસારિક જીવન પરથી ખસી વિશુદ્ધ આત્મા અને મુકત જીવન પર જામી પડી છે! રાજાનું આત્મબળ મહાશત્રુ એવા કર્મની જંજીરો તોડવા થનમન થઈ રહ્યું છે!

મહાશ્રાવક ગુણસેન રાજા નક્કી કરે છે કે, "હવે સંસારનો મારો જરાય ખપ નથી. ગુરુમહારાજ પાસે ચારિત્ર લઇશ. એના વડે કર્મોને બાળી સાફ કરી નાખીશ."

## પ્રકરણ ૨૦

# મહાપંથે પ્રયાણ

રાજાએ સુબુદ્ધિ વગેરે મહામંત્રીઓને બોલાવ્યા. બોલાવીને પોતાનો આંતર અભિપ્રાય તેમને જણાવ્યો.

મહારાજાનો અભિપ્રાય જાણી, તે પ્રસંગથી જ જિનવચનના સારને સમજી મંત્રીઓને આ પ્રમાણે કહ્યું,

" મહારાજા ! આપની વિચારણા મહાપુરુષોના સ્વભાવને શોભે તેવી જ છે. પ્રબળ પવનના વેગ વખતે, કમલપત્ર પર રહેલા જલબિંદુમાં પડતા ચંદ્રના પ્રતિબિંબના જેવો ચંચળ આ જીવલોક છે ! "

મંત્રીઓ બુદ્ધિનિધાન હતા ! રાજાના કથનમાત્રથી મહાદુર્ગમ એવા જિનવચનના સારને સમજી ગયા ! સહેલું નથી હોં ! રાજાએ કેવા સુંદર સ્વરૂપમાં પોતાની અતિગંભીર સારભરી વિચારણા કહીને મંત્રીઓને વિચારતા કર્યા હશે !

અહીં જીવલોકની ચંચળતાને પાણીના ટીંપા જેવી ન કહી, પણ એમાં પડતા પ્રતિબિંબ જેવી કહી. કેમકે હજી પાણી તો

કદાચ થોડીવાર પણ સ્થિર રહે, પણ પવનથી પાછું ઉંચું-નીચું થાય ત્યાં પ્રતિબિંબ સ્થિર કેવી રીતે રહી શકે ?

મંત્રીઓ આગળ વધીને કહે છે કે, " આ સંસારની માયા એવી અસ્થિર છે, તેથી ભવ્યજીવો માટે આપે કહ્યું એજ કર્તવ્ય હોઇ શકે, તો સુખેથી આપની ઇચ્છા મુજબ આપ કરો. અમારી ખાતર વિલંબ ન કરો, મમતા ન કરો. "

વિચારો, મંત્રીઓ કેવા સમજુ છે ! મહાન વસ્તુ સામે આવી ખડી હોય, ત્યાં જો સુયોગ્ય વિચારણા અને વાણી ન હોય તો મૂઢપણું જ કહેવાય કે બીજું કાંઇ ? થવાનું તે થવાનું જ છે, આપણા હુકમ મુજબ એક પાંદડુંય ફરકવાનું નથી; તો પછી સુંદર વિચાર-વાણી પણ ન રખાય ? એવા મૂઢ બનાય ? સંસારની ચંચળતાનું કેવું અજબ દષ્ટાન્ત આપ્યું ! મંત્રીઓ માને છે કે ' જે જીવ ભવ્ય હોય તેનું કર્તવ્ય અસ્થિર સંસારનો ત્યાગ જ હોય. " તેથી રાજાને સત્વર રજા આપી દે છે ! તેમાં પાછું વિલંબ કરવાનીય ના કહે છે ! કેવા તારક કલ્યાણ મિત્રો !

પ્ર૦—એટલે શું રાજાને ઘરમાંથી જલદી કાઢી મૂકવા છે ?

ઉ૦—ના, રાજા તો ન્યાયપ્રિયતા, સેવકજન-વાત્સલ્ય વગેરે ગુણોથી એટલા બધા પ્રિય છે કે કોઇ એમને છોડે નહિ ! પરંતુ રાજાએ મડદું જોવા પર પોતે કરેલી ઉત્તમ વિચારણા મંત્રીઓને જે કહી છે, તે સાંભળતાં હૈયું હચમચી ઉઠે એવું છે ! વિવેકી બનેલા તે મંત્રીઓ રાયને રજા આપતાં કહે કે,

" કોઇના સ્નેહીપણાને ધારણ કરીને કોણ તેને બળતા ઘરમાંથી નીકળતાં રોકે ? ઘર સળગતું હોય, પણ પોતાને પક્ષાઘાત થયો હોય, કે પોતાના પગ ભાંગી ગયા હોય, તેથી પોતે બહાર જઈ શકે તેમ ન હોય, પણ બીજો કુટુંબી બહાર

નીકળી જવા તૈયાર હોય, તો એને ના પ[illegible]ને રોકાય [illegible] ઝાલી રખાય ? ના, તેવી રીતે આ સંસાર પણ સર્વ પ્રકારની દુઃખરૂપી જવાળાઓથી સળગી ઉઠ્યો છે, એમાં[illegible] બહાર નીકળી જવાનો આપનો આ સુંદર મનોરથ અમને બહુ ગમ્યો ! અરે, બુદ્ધિના વૈભવથી અમે આપના મરણને પણ રોકવા સમર્થ નથી, તો સંસારમાં અમે આપને શી રીતે રોકી શકીએ ? ”

મોહને પડકારવાના, ડારવાના, દૂર કરવાના ઉપાય શ્રી જૈનશાસ્ત્રોમાં વર્ણવ્યા છે ! ભવોભવનાં બંધનો કાપવાંના ઉપાયો એમાં છે ! કેવળજ્ઞાન પામવાના અને મુકિત મેળવવાના ઉપાયો એમાં છે ! જન્મથી માંડી રોગ, શોક, ત્રાસ વગેરે મૃત્યુ સુધીના ભયંકર દુઃખો ફેડવાના ઉપાયો પણ એમાં છે ! જન્મે જૈન નહિ એવા મંત્રીઓને પણ રાજાના હૃદય–સ્પર્શી વૃત્તાંતથી કેવો સુંદર વિવેક આવી ગયો ! પુણ્યોદયે મળેલી બુદ્ધિશકિતનો યોગ્ય ઉપયોગ થાય તો વિવેક આવી જ જાય. તમારે તો શકિતને સાંસારિક બાબતોમાં બાળી નાખવી હોય, ત્યાં શું થાય ? આપણને વસ્તુનું મૂલ્ય નથી, માટે જ આપણી મન, વચન, કાયાની શકિતઓથી એના મહાન લાભ નથી ઉઠાવતા.

**દીક્ષા માટેના મંગળ પ્રારંભઃ—** મંત્રીઓના સુયોગ્ય વચન સાંભળી રાજા ખૂશ થઇ ગયો; મંત્રીઓને કહે છે,

“ખરેખર તમે કહ્યું તેમ જ છે ! તમારા સિવાય અહીં બીજું કોણ મારૂં હિતૈષી છે ! ” રાજાએ મંત્રીઓને અભિનંદન આપ્યા અને હર્ષિતવદને ઘોષણાપૂર્વક મહાદાન આપવું શરૂ કર્યું. દહેરાસરોમાં પોતાની આંતરભકિત અને બાહ્ય વૈભવને છાજતો અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવા માંડયો.

સ્નેહીવર્ગને પણ ધન વગેરેથી સન્માન્યો. નગરવાસીઓનાં પણ બહુમાન કર્યાં. પોતાના મોટા પુત્ર ચંદ્રસેનને રાજ્ય પણ સોંપી દીધું.

**શાશન પ્રભાવનાની રીતઃ**–ચારિત્ર લેવું છે. એ એક મહાન શુભકાર્ય છે. શુભકાર્ય એ આજુબાજુના પ્રફુલ્લિત વાતાવરણમાં થાય તો શોભી ઉઠે. મહાદાન, પ્રભુશક્તિનો ઠાઠમાઠવાળો ઉત્સવ વગેરે કાર્યો વાતાવરણને પ્રફુલ્લિત કરી દે છે. આપણે ત્યાં શાસનની પ્રભાવના માટે મહાદાન, મહોત્સવ વગેરે યોજાય છે. તેથી પ્રજાને એમ થાય કે 'શું છે?' જયાં જાણે કે 'રાજા દીક્ષા લે છે...' ત્યાં દીક્ષા પ્રત્યે એને કેટલી ઝુકાવટ થઈ જાય! અને આ રીતે ભવ્ય જીવોને દીક્ષા પ્રત્યે ઝૂકતા કરો, એ કેવો મહાન લાભ છે? ભગવાન પાર્શ્વનાથની પૂજા હોય, અને એ નિમિત્તે જૈનેતરોને પણ બહાર ગોળના પડીકાં વહેંચાતાં હોય. લોક પૂછે કે 'શું છે?'

'પારસનાથ પ્રભુની પૂજા!'

આમ સરળતાથી 'પારસનાથ'નું નામ જગતના મોંમાં આપી શકાય! જૈનેતર આમ તો પ્રભુનું નામ ન લે; પણ ગોળનું પડીકું મળે એટલે લે! પણ જો પૂજા કરાવનારો 'અમારી પૂજા છે, અમે રાખી છે.' આવું બોલે તો શું પમાડે? વિચારવું જોઇએ કે 'પ્રભુને છોડીને મારું નામ જ કેમ યાદ કરાય? પાઈ પાઈનો અહર્નિશ મંત્ર જપનારો હું માનવ કીડો, માનના ડુંગર નીચે આખો ને આખો છુંદાઈ રહ્યો છું. માન મહીધરેથી નીચે પટકાઈ પડું તો ભૂક્કા નીકળી જાય. ત્યાં મારા નામ શા ગાવાના?...' પ્રભુનું નામ ગાવાથી પોતાના હૃદયની નિર્મળતા સાથે બીજાને પણ પવિત્ર થવાનો અવસર મળે છે.

**મહેલમાં જ ભાવદીક્ષાઃ**–રાજા સાંસારિક ઉપાધિથી અળગા થયા, એટલામાં જ સાંજ પડી ગઈ. ચારિત્ર લેવા ગુરુ મહારાજ પાસે જવાનું હવે તો સવાર પર ગયું; છતાં વચમાં આડી રાત નકામી કાં ગાળવી? કાળ-કર્મ અને જગતના વિશ્વાસે શા માટે રહેવું? ગુણસેન રાજા વિચારે છે, અહીંથી સવારે જયાં ગુરુ મહારાજ

વિજયસેન આચાર્યદેવ હશે, ત્યાં જઈશ;' પરંતુ એ પૂર્વે ભાવથી ચારિત્ર સ્વીકારી લે છે. અર્થાત્ સ્વયં આત્મસાક્ષીએ અંતરથી સંસાર ત્યજી, દીક્ષા અંગીકાર કરી લે છે; સાવદ્યનો ત્યાગ, મહાવ્રતોની પ્રતિજ્ઞા કરી લે છે. એટલું જ નહિ પણ મહેલના એક એકાંત ભાગમાં ભાવમુનિ ગુણસેન મહાત્માએ સર્વરાત્રિકી પ્રતિમા સ્વીકારી.

પ્રતિમા એટલે આખી રાત કાયોત્સર્ગમાં રહેવાનો ઘોર અભિગ્રહ ધારણ કર્યો; કે જેમાં મરણાન્ત કષ્ટ આવે તોય ચસકવાનું નહિ. રાજાને ધર્મ કરવાનો કેટલો બધો, કેટલો લાંબો અને કેટલો ઉંચો અભ્યાસ છે, કહો તો ખરા? ખાસ નહિ ને? માત્ર એક મહિનાના ગુરુના પરિચયમાં કેવો પ્રબળ વીર્યોલ્લાસ? એના પર જરા વિચારવા જેવું છે.

**ગુણસેન મહાત્માના જીવન પર એક દૃષ્ટિપાતઃ**—ગુણસેન રાજાને લાખો પૂર્વ એટલે કે અબજો-અબજ વરસ રાજ્ય સંભાળવામાં અને ભોગવિલાસમાં ગયેલા છે. છેવટે છેવટે અગ્નિશર્મા તાપસ મળે છે. તો તેની પ્રારંભે તો અનુમોદના થવા છતાં, પ્રાંતે તેનો ગુસ્સો જાણી રાજાનું મન ખાટું થઈ જાય છે. તેથી તાપસધર્મની પણ અસર જીવનમાં લેવાનું ક્યાં રહ્યું? આવી સ્થિતિમાં રાજા ગુણસેન જૈનાચાર્યના એક જ માસના કેવા ચમત્કારિક પરિચય અને વાણીશ્રવણને પામ્યા કે એમાંથી ઝળકતું સમકિત અને શ્રાવકપણું જીવનમાં જીવતું કરી દીધું! આ કર્યાને હજુ બહુ સમય વીત્યો નહીં હોય ત્યાં તો ચારિત્રની ભાવના કરી! ચારિત્ર લેવાની તૈયારી કરી! અગાઉની સાંજના જ આત્મસાક્ષીએ ચારિત્ર સ્વીકારી લીધું! સમ્યક્ત્વનો રંગજ એવો છે કે જીવને પછી સંસારનો જરાય પક્ષપાતી ન રહેવા દે. જાળમાં ફસેલા પશુપંખીની જેમ એ રાહજ જોતો હોય કે,

'ક્યાં જરાક છટકબારૂં મળે અને ભાગી છૂટું...' ટૂંકમાં કહો કે સમકિતી જીવ સંસારનો સગો મટી, મોક્ષનો સગો થઇ જાય છે. રાજાએ એથી જ સાધુપણું લઇ લીધું.

માનવજીવનની પ્રત્યેક ક્ષણની કિંમત છે, તો શા માટે એનો લાભ ન લઇ લેવો? આ વસ્તુ જો ધ્યાનમાં રહે તો કદાચ કોઇ સંયોગમાં ચારિત્ર ન લઈ શકાય, તો પણ ગૃહસ્થપણામાં દાન, દયા, દેહદમન, ઇન્દ્રિયનિગ્રહ, પરોપકાર, સહિષ્ણુતા, ક્ષમા-નમ્રતા-સંતોષ, વગેરે ઘણા ઘણા ગુણો ખીલવ્યા વિના રહેવાય નહિ.

**સાધના વેગેલી કેમ બને?** :—રાજા ચારિત્ર સ્વીકારી લેવાના મહા પરાક્રમ ઉપરાંત પાછા આખી રાત્રિ પ્રતિજ્ઞાપૂર્વક કાઉસ્સગ્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેવાનો ઉંચો પુરુષાર્થ કરે છે. વિચારો, સાધનાની કેવી લગની! સંસારનું કેવું વિસ્મરણ! કાયાની કેવી ઉપેક્ષા! જો જો આ પુરુષાર્થ તો હજીય એથી બહુ બહુ ઊંચે જનાર છે. પણ તે તોજ શક્ય બને કે જો મૂળમાં સારી રીતે શ્રી જિનાજ્ઞાને જ આરાધી લેવાની ભારે તમન્ના હોય. આવી એમની પ્રથમ ભવની સાધના એમને ઉંચે ચઢાવી નવમા મનુષ્યભવે કેવળજ્ઞાન અપાવે છે. કેવળજ્ઞાન સસ્તું નથી હોં! પ્રભુ મહાવીરદેવનેય કેવળજ્ઞાન લેતાં પહેલાં કેટકેટલું સહવું પડયું છે! કાયાની સુંવાળાશ, મનની સુકોમળતા, હૃદયની કાયરતા, દુનિયાની કિંમત—એ વગેરે દૂર કરીએ તો સાધનામાં કૂદકે ભૂસકે વધાય.

## પ્રકરણ : ૨૧

# કષ્ટમાં સત્ત્વ

ગુણસેન રાજાએ ચારિત્ર ભાવથી મહેલમાં જ સ્વીકારી લીધું અને રાત્રે અભિગ્રહ ધારણ કરી પોતે કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા છે. હવે અહિં અગ્નિશર્મા વૈરી બની કેવી રીતે આવે છે તે જુઓ.

**અગ્નિશર્માનું શું થયું ?**:—લાખો પૂર્વનાં માસખમણ પછી રાજાના નિમિત્તે કષાયમાં ચઢી તે ભાન ભૂલી ગયો, અને મહાગુસ્સે થયેલા તે અગ્નિશર્મા તાપસે અનશન–નિયાણું કર્યું. ત્યાંથી મરીને તે ભવનપતિમાં વિદ્યુત્‌કુમાર દેવ થયો; ત્યાં તેનું આયુષ્ય દોઢ પલ્યોપમનું હતું.

**જ્ઞાનનો ઉપયોગ મૂકે છે**:—ત્યાં ઉત્પન્ન થઈને એણે વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું કે 'મેં શું હોમ, યજ્ઞ, દાન વગેરે ધર્મ હતો કર્યો કે જેથી હું આ સ્થાને આવ્યો ?' જોયું તો પોતાનો મહા તાપસ તરીકે અગ્નિશર્માનો ભવ દેખાયો. એમાં બાળપણે ક્રૂર મશ્કરી કરનારા રાજા ગુણસેને પોતાના પારણા ચૂકાવ્યા,

તેથી ભવોભવ એને મારવાનું નિયાણું કર્યું, ત્યાંથી મરીને અહીં આવ્યો છે, ...એ જોયું.

**ગુણસેનની શોધ કરી:**—હવે 'એ વૈરી ગુણસેન ક્યાં છે?' એ જોતાં એ મહાત્મા ગુણસેનને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં રાજ-મહેલના એકાંત ભાગમાં કાઉસ્સગ્ગધ્યાને રહેલા દેખે છે. દેખીને દાંત કચકચાવે છે, "પાપાત્મા! તું શું સમજતો હતો? તાપસોને, દુબળાઓને, અનાથોને ગમેતેમ રમાડવાના સતાવવાના? આવ, હવે તને હું રમાડું! દુષ્ટ! જીવતો ન છોડું!" દેવે પોતાના પૂર્વ તાપસજીવનમાં રાજાને ભવોભવ મારવા માટેની વાસના દૃઢ કરી છે; એ વાસના દેવભવમાં સાથે આવી છે.

**વૈરનું બીજ નાંખેલું છે:**—એક દૃષ્ટિએ દેવપણામાં વૈભવ અને સાહ્યબી એવાં હોય છે કે ત્યાં કશી જગતની લપછપ ન કરે તો ચાલી શકે. દેવતાઈ સુખ સારી રીતે ભોગવી શકે. પણ એ વૈરની લપ નથી છૂટતી! મનુષ્ય જીવનમાં બીજ નાખ્યું હતું ને? મનુષ્યજીવનમાં નાખેલાં ખરાબ બીજનાં પરિણામ ભયંકર જ આવે. ભવ સારો મળે તોયે પોતે ભવને ખરાબ કરે! નહિતર તો દેવભવમાં પ્રભુભક્તિ, મહાત્માઓના સન્માન વગેરે સારું કરી શકે. પણ અહીં તો વૈરનું બીજ ફાલ્યુ ફૂલ્યું! એટલે સારા ભવની પણ કોઈ કિંમત નહિ! હવે શી રીતે એમ થાય કે 'જવા દે...એણે ગમે તે કર્યું, આપણે શું? આપણે તો દેવ-લોકમાં આવ્યા છીએ ને?' પણ ના, અહીં તો પાકું નિયાણું કરીને આવેલો છે, એથી મન ન વાળી શકે.

**કર્તવ્ય સમજો:**—જો જો હોં! એ અબજો અબજ વર્ષોનો માસખમણનો કઠોર તપ પણ કષાય આગળ હારી ગયો! ત્યારે તમારા છકાયના કૂટા ને પરિગ્રહાદિ કથલાના સંસાર સાથેના કષાય તમને જીતાડી આપશે? ક્ષમા–મૃદુતાદિ ગુણોથી ગુણીયલ માનવ

બનવાને બદલે ક્રોધપશુ, માનપશુ, માયાપશુ કે લોભપશુ બનવાની જરૂર નથી. કોઈએ ભલે આપણને ચીડવ્યા, પણ આપણે એના ચીડવ્યા પર પશુ શા માટે બનવું? અને શા સારૂ મહામૂલો ભવ બગાડવો? આપણી પાસે મહાકિંમતી હીરો હોય, એને કોઈના ચીડવ્યા પર કે દુનિયાના બગડવા ઉપર થોડોજ તોડી નાખીએ છીએ? એમ કોઈ આપણને ચીડવે કે જગતની વસ્તુ બગડે, તેથી આપણે આપણા હીરા જેવા આત્માને શા માટે બગાડવો? મનુષ્યભવમાં જગતના અજ્ઞાન જીવો કે જડ પદાર્થોને લીધે આપણે કોઈ કષાય કે વિષયની લાગણી હૃદયમાં ઉતારવી એ મહાભૂંડું છે. એ લાગણીને વૈરી તરીકે દેખવાને બદલે વહાલી કરવી, એ જીવનને ધૂળધાણી કરી કર્મવૈરીને ઉભા કરવાનું કાર્ય છે. અગ્નિશર્મા કર્મવૈરીને ઉભા કરી શો સાર કાઢે છે, તે જો જો. ત્યારે મહાત્મા ગુણસેન વીરાંગના ક્ષમાનો સાથ કરી આત્માને કેટલો બધો ઉન્નત બનાવે છે, એ પણ જો જો! અત્યારે તો અગ્નિશર્મા ભવનપતિ નિકાયમાં દેવ થયો છે.

પ્ર૦ આવો ક્રોધાદિને પરવશ થયેલો અગ્નિશર્મા દેવ કેમ થયો?

ઉ૦ અજ્ઞાન કષ્ટ અને તપસ્યાથી દેવનું આયુષ્ય બંધાઈ ગયેલું, તેના હિસાબે મૃત્યુસમયે હૃદયમાં કંઈક શુભ પરિણામ જાગેલા, તેથી દેવગતિમાં ગયો. મૃત્યુ સમયે ક્રૂર પરિણામ હોય તો દેવલોક નક્કી ન મળે. એ ક્રૂર પરિણામ તો ક્ષાયિક સમકિત વાળાનેય નીચે નરકમાં પટકે! તો વગર ક્ષાયિકસમકિતવાળાની શી વાત? અગ્નિશર્માને મરતી વખતે ભૂખના દરદને લીધે કે ગમે તેમ, પણ જરા ક્રૂર પરિણામ સહેજ મંદ થયા હોય, એ સંભવિત છે; બાકી રહસ્ય તો જ્ઞાની જાણે. જીવ પોતાના હૃદયમાં સંખ્યાબંધ લાગણીઓ બેસાડે છે અને ઉઠાડે છે. એના

મેળ અને એના મૂળ ક્યાં પડયા હોય તે કળવું છદ્મસ્થને માટે મુશ્કેલ છે.

**મહાત્મા ગુણુસેન ઉપર અગ્નિમય રેતીનો વરસાદ:—** કર્મની ખૂબી જુઓ, કે જયારે ગુણુસેન મહાત્મા કાઉસ્સગ્ગધ્યાનની પ્રતિજ્ઞાથી બદ્ધ છે, ત્યારે જ અગ્નિશર્માનો જીવ જે વિદ્યુતકુમાર દેવ, તે ત્યાં આવ્યો! ભયંકર ગુસ્સામાં ધમધમે છે. વૈરની ભયંકર લાગણીથી મૂઢ બની મહાત્મા ઉપર તેણે અતિ ઘોર બળતી રેતીની વૃષ્ટિ કરી, કે જે રેતી નરકવાસની અગ્નિની સળગતી જવાલાઓ જેવી હતી.

કેવી રેતી? માત્ર ભાડભૂંજાની સોપારી શેકે તેવી બળતી રેતી નહિ, કિન્તુ નરકની અગ્નિજવાળા જેવી! ત્યાંની ગરમીની પીડા એવી હોય છે કે ત્યાંના જીવને અહીં ખેરના ધીખતા અંગારાની શય્યામાં સુવાડયો હોય તો એને ઠંડક લાગવાથી ઘસઘસાટ ઉંઘ આવી જાય! તો વિચારો કે એ નરકની લાહ્ય કેવી હશે? અકલ્પ્ય! એવી લાહ્યભર્રી રેતી શરીર ઉપર પડે તો કેવું દહન થાય? કેવું શેકાવાનું બને? અને હાડકાં કેવાં ફટફટ ફૂટે? ગુણુસેન મહાત્મા તો કાઉસ્સગ્ગધ્યાનમાં છે! અરે એવી રેતીનો એક કણીયો પડે તોય સળગાવી મારે! અહીં કણીઓ નથી નાખ્યો, પણ એવી અગ્નિની રેતીનો ઢગલો વરસાવ્યો છે! તેય નાખીને તરત ઉઠાવી લેવો તો નથી, પણ શરીર પર રેતી ચોંટી રહી શરીરને બાળ્યાજ કરે છે!

મહાત્મા ગુણુસેન ભયંકર અગ્નિની વચ્ચે પાપડ શેકાય તેમ શેકાઈ રહ્યા છે, ભડકે સળગી રહ્યા છે. પરંતુ એમને ખબર નથી કે 'આ ઉપસર્ગ કોણ કરે છે.' તેમ તેને શોધવા જાણુવાની પંચાતમાંય તેઓ નથી પડતા. અથવા બીજા પાસે તપાસ પણ કરાવતા નથી. કેમ જાણે પ્રતિજ્ઞાપાલનરૂપી વહાણુનું પ્રયાણુ અખંડ રાખી ભવસાગર પાર ઉતરી જવું છે! કાઉસ્સગ્ગ તે કાઉસ્સગ્ગ! બીજી

વાત નહિ. આજની રાત તો આમ જ પસાર કરવાની! બીજો વિચાર નહિ કરવાનો. કેમકે પ્રતિજ્ઞા સવાર સુધી કાઉસ્સગ્ગમાં રહેવાની છે. સવાર થાય પછી ગુરુ પાસે જવાનું છે.

બળતી સ્થિતિમાં એ મહાત્માએ સમતા (આકૂલતારહિતપણું)-ને ટકાવી રાખી છે! ગજબ કોટિનું સત્ત્વ ધારણ કર્યું છે! તેમ જ જિનપ્રણીતધર્મને વિષે ચિત્તને ભાવિત બનાવી દીધું છે!

આ ત્રણેય વસ્તુ આપણા વર્તમાન જીવનમાં ખાસ કરીને જરૂરી છે.

**ત્રણે ગુણોના અભાવેઃ**—આજે આપણે દુઃખી છીએ, એમ લાગે છે, પણ તે દુઃખ આ ગુણસેન મહાત્મા ઉપરના ભયંકર બળવાના દુઃખ આગળ કેટલું? નહિવત્ ને? છતાં વિચારો કે તે અનાકૂળતા વગેરે ત્રણ ગુણો આપણી પાસે છે? નથી. જો એ હોય તો આપણી આવી કંગાળ સ્થિતિ ન હોત. એ ત્રણ ગુણથી તો આપણે દુઃખથી રીબાતા જગતની વચ્ચે મહાસુખી હોઈએ. અનાકુળતા, સત્ત્વ અને જિનધર્મથી ભાવિતમતિ; ત્રણેય મહાદુઃખના પ્રસંગને અપૂર્વ કલ્યાણ–પ્રસંગ બનાવવાના સચોટ કિમિયા છે, અપૂર્વ આત્મનિર્મળતા કરવા માટેના અદ્‌ભુત ઉપાયો છે. એ ત્રિપુટી ન હોવાથી આપણને કેટલીકવાર નાના દુઃખ મોટા મોટા લાગે છે. તેથી કાયરતા વધે છે.

**આકુળતાવ્યાકુળતા શાથી?**:—અનાકૂલતા એટલે આકુલ-વ્યાકુલ ન થવું તે. માણસ આકુલવ્યાકુલ બને છે ત્યારે પહેલાં તો આવી પડેલી આપત્તિને સબળ ઠરાવવા પ્રયત્ન કરે છે, અને એની આગળ પોતાની નિર્બળતા પૂરવાર કરે છે. દા. ત. મૃગ આગળ સિંહને કાંઈ જ આકુળતા નથી, પણ મરગલું સિંહને જોવાની તો વાત નહિ, પણ સિંહનો નાદ સાંભળતાં આકુલવ્યાકુલ

થાય છે. કેમ વારૂ ? કહો, સિંહની આગળ મૃગ પોતાની જાતને નિર્બળ સમજે છે. તેમ આપણે પણ અનંત બળી આત્મા કહેવાવા છતાં આપત્તિ આગળ જાતને દુબળી સમજીએ છીએ, તેથી આકુલવ્યાકુલ થઇએ છીએ. પછી 'શું કરૂં ? કયાં જાઉં ? કેમ છૂટું ? મારૂં શું થશે?' ઇત્યાદિ વલોપાત શરૂ થાય છે. ત્યાં એટલો વિચાર નથી કે 'અલ્યા! વલોપાતથી વિઘ્ન ટળશે ?'

ત્યારે કેટલીકવાર એવું બને છે કે વિઘ્ન એમ જ ટળી જવાનું હોય, પણ આ ભાઇ તો પહેલાંથી જ વલોપાતમાં પડશે અને એવી દોડાદોડ કરી મૂકશે કે (૧) કાંતો અંતે મૂર્ખ ઠરશે! અથવા (૨) વિઘ્નને સીલપેક-મજબૂત કરશે! કે (૩) કોઈ નવી જ આપત્તિ ઉભી કરશે!

**વ્યાકુળતાના પરિણામ:**—ઘડીભર માનો કે આપત્તિ એમ નથી જવાની; તો પણ તે નિવારવાના ચોક્કસ ઉપાયો શાંતપણે યોજાય તો એ એક વસ્તુ ગણાય; પરંતુ એના બદલે આકુળતા-વ્યાકુળતા કરાય; તો તે લાભ કરે ? ના, ઉપરની ચિત્ત વિવહ્‌ળ થવાથી ચોક્કસ ઉપાયોની વિચારણા કરવાને બદલે ભળતા જ ઉપાયોની વિચારણા થઈ જાય છે; તેથી પરિણામે વધુ નુકશાની નીપજે છે; અને 'અરે! આ ઉતાવળમાં મેં શું કરી નાંખ્યું ?' એમ ભયંકર પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવીને ઉભો રહે છે. વળી વ્યાકુલતામાં દુર્ધ્યાન કે અશુભ વિચારણાના યોગે પાપ કમાઇ થાય એ તો જુદી !

**વ્યાકુળતામાં નુકશાની:**—ખરી રીતે આપત્તિ વખતે વધુ સ્વસ્થ, વધુ સાવધાન, વધુ શાંત, અને પરિણામદ્રષ્ટા બની જવું જોઈએ. નજરે ચઢતા કોઈ ઉપાયમાંથી લાભ કે અનુકુળતા કેટલી નીપજશે, એ વિચારવા કરતાં એમાંથી પ્રતિકુળતા કે નુકશાન નીપજવા કેટલા સંભવિત છે, એ વિચારવું અતિ-

આવશ્યક હોય છે. પરંતુ આકુલતા વ્યાકુલતા આ વિચારવું ભુલાવી દે છે, અને થોડા લાભ પર દૃષ્ટિ નખાવી આંધળીયા કરાવે છે. પરિણામે ખાડામાં જ પડવાનું! દા. ત. ન્યુમોનિયા તાવમાં ડોકટર કવીનાઈનનું ઈંજેકશન આપે તો સનેપાતની મહાનુકશાનીનું સર્જન થાય કે બીજું કંઇ?

આકુલતામાં સરળ અને સુલભ, એટલે કે ઓછી મહેનત અને ઓછા ખર્ચવાળા, જલદી હાથ લાગે એવા ઉપાય પર નજર જાય છે, અને એ આદરવામાં ઉલટું કાર્ય બગડી જાય છે. ત્યારે ખરૂં જોતાં તો ત્યાં કઠિન ઉપાયોની જરૂર હોય છે, અને તે મુશ્કેલીપૂર્વક પણ ઉભા કરવા જોઇએ છે.

કેટલીકવાર એવું પણ બને છે કે આકુલતામાં ઉલટું વધુ ખર્ચાળ ઉપાયોનું સાહસ કરવા જીવ પ્રેરાય છે. જેમ કે, માણસ સામાન્ય બિમારીમાં આકુળ થઇ જઇ તરત લોભિયા ડોકટર પાસે પહોંચીને લાંબી બિમારી અને વધુ ખર્ચામાં ઉતરે છે. એના બદલે આકુળ થયા વિના બે લાંઘણ ખેંચી કાઢે તો ટૂંકે અને વગર ખર્ચે પતે.

ગુણુસેન મહાત્મા જરાય આકુલવ્યાકુલ નથી બનતા. એથી એમને વધુ તો શું પણ જરાય બગડવાનું નથી.

**આકુળતા રોકવાના ઉપાયો**:—આ અનાકુલતા—આકુલતાનો અભાવ એક મહાન ગુણ છે. એને કેળવવાની બહુ જરૂર છે. એ કેળવવા માટે પહેલાં તો જાણે આપણે સિંહની જેમ આપણી સ્થિરતામાં મસ્ત પડયા છીએ એમ રહેવાનું, 'થવા દો જે થાય તે, જોઇએ છીએ...' એમ ચિત્ત શાંત રાખવાનું. તે પછી શાંતપણે જ ઉપસ્થિત થયેલ પ્રસંગના પૂર્વકારણો, એનું વર્તમાન બળ, સાધ્યતા—અસાધ્યતા અને ઉપાયો વિચારવાના. એમાં

ઉપાયોની વધુ ખર્ચાળતા છે? ખુદ આપત્તિની વધુ ખર્ચાળતા છે? તેય આપત્તિ વેઠી જ લેવામાં કોઇ વિશિષ્ટ લાભ છે કે નહિ? ન હોય તો આપત્તિને દૂર કરવામાં ખાસ શા લાભ છે? ઇત્યાદિ. બધું સ્વસ્થ અને વિચારક મનથી વિચારવાનું. તેમ કર્મ અને ભવિતવ્યતા પર વિશ્વાસ રાખી મક્કમ હૃદયે આવતા કાળને વધાવવાનો નિર્ણય રાખવાનો.

**આપત્તિમાં પ્રશ્ન:**—હવે એમ આકુલવ્યાકુલ તો ન થયા.. અને યોગ્ય ઉપાયો કરવા છતાં આપત્તિ ન ટળી, તો પછી આપત્તિમાં કેવી રીતે રહેવું એ પ્રશ્ન ઊભો થાય છે.

**સત્ત્વહીનતાનું ચિત્ર:**—ઘણીવાર એવું બને છે કે આપણે ચોક્કસ સમજી લીધું હોય છે કે 'આમાં કાંઇ ફેરફાર થાય એમ નથી, માટે આપત્તિને નભાવ્યે જ છુટકો છે.' છતાંય આપત્તિના કાળમાં આપણે સત્ત્વ નથી કેળવતા! સત્ત્વ એટલે ધીરતા, આપત્તિમાં આપણે ધીરતા નથી રાખતા. એટલે પછી દીનતા, ઓશિયાળાપણું, રોદણાં, હાયવોય, નિરાશા, ભય, નિસાસા, કાયરતા વગેરે દોષોના ભોગ બનાય છે. આજે જોઇએ તો એવા કેટલા નીકળે કે જેને પૂછયું હોય કે,

'ભાઇ! કેમ ચાલે છે?' તો એના ઉત્તરમાં કહે કે,

'બહુ મજાનું', બધું સરસ ચાલે છે. કાળ ઘણો સારો'! આવું કહેનાર કેટલા જીવો નીકળે? સેંકડે પચાસ? પચીસ? પાંચ? અરે! એક ટકોય નીકળે ખરા? અરે જે ને તે એમ કહેનારા નીકળે કે,

'શું કેમ ચાલે છે? આ મરી ગયા જેવા છીએ. જોતા નથી કેટલી સીતમ મોંઘવારી...આવકના ઠેકાણું નહિ... ભયંકર હાડ-

મારીનો કાળ... પાછા કુટુંબી વાંકા... આજના અનાજ... ઘી ...તેલ વગેરે એવા... એટલે આરોગ્યના ઠેકાણા નહિ...' વગેરે વગેરે રોદણાં રોવા સિવાય બીજું શું સાંભળવા મળે ? શું છે આ ? સત્ત્વહીનતા. સત્ત્વવાળો જીવ તો કસોટીનો કાળ સમજી અગ્નિમાં નાખેલા સોનાની જેમ આપત્તિમાં વધુ તેજસ્વી, ધીરહૃદયવાળો અને નિશ્ચિન્ત જેવો રહે છે.

**સત્ત્વ કેળવવાના ઉપાયઃ**—આપત્તિના કાળે વિચારવું જોઇએ કે ધણી મરી ગયા પછી રાંડીરાંડના જેમ વલોપાત કરવા શું કામના ?

(૧) રોવાથી થોડું જ સુધરી જવાનું છે ?

(૨) સુખ ભોગવતાં આવડે તેમ દુઃખ-અગવડ વેઠતાં ન આવડે તો આપણામાં માનવતા શી ?

(૩) દુઃખ વેઠવામાં તો ઉલટું પાપના કચરા આત્મામાંથી સાફ થાય છે.

(૪) કુટુંબીઓને, દુનિયાને આપણા સત્ત્વથી સારો ધડો આપીએ છીએ.

(૫) સત્ત્વ ગુમાવી દીન બનવામાં નાલેશી મળે છે, બીજાની ગુલામી કરવી પડે છે.

(૬) સત્ત્વમાં ગુલામી નથી કરવી પડતી; ખોટી આશાની લાળ નથી પાડવી પડતી.

(૭) ગમે તેટલા ઉંચા નીચા થઈએ પણ કર્મ અને ભાવિભાવ ક્યાં છોડે એમ છે ?

(૮) 'સંસારની દરેક સ્થિતિ સ્થિર રહેવાની જ નહોતી, ણુપ આ ખોટી રીતે મેં માની લીધું કે મારૂં બધું કાયમ આમજ

ચાલશે, તેથી આજે માનેલામાં ફેરફાર થતાં મુંઝવણ થાય છે. માટે પેલો ખોટો ખ્યાલ કાઢી નાખું; અને આ આપત્તિદશા માટે પણ માનું કે 'આ પણ કાયમ નથી ચાલવાની !'

(૯) સત્ત્વથી સુવર્ણની જેમ શુદ્ધ થવાય છે.

(૧૦) દુન્યવી આપત્તિમાં આત્માનું કશું નથી બગડતું; તો ધીર કેમ ન રહેવું ?

(૧૧) ભવિતવ્યતા બળવાન છે. એમજ બનવાનું હશે.

વગેરે વગેરે વિચારણાથી સત્ત્વ કેળવી શકાય છે, અને જાળવી શકાય છે. મહર્ષિ ગુણસેન અત્યારે મહાન સત્ત્વથી અલંકૃત છે; જરાય અધીરતા, દીનતા કે ભય નથી સેવતા.

**જિનપ્રણીત ધર્મમાં ભાવિતમતિ**—તત્ત્વ સામેના અનાદિના ભ્રમ ટળે, આહારાદિ સંજ્ઞાના રાહ પલટાય, જડના અને જગતના પક્ષપાતીને બદલે આત્માના અને જિનના પક્ષપાતી બનાય તો આત્મામાં પરાવર્તન થયું ગણાય; એ બધું થવા માટે આપણી મતિને જિનવચનથી અર્થાત્ જિનોક્ત ધર્મનાં ફરમાનોથી આરપાર ભાવિત કરવાની જરૂર છે. મહાત્મા ગુણસેને એ પણ સુંદર કર્યું છે.

**'ભાવિતમનવાળા' એટલે શું**, તે આગળ કહ્યું હતું. રસાયણ તથા ભસ્મોને વનસ્પતિ વગેરેના રસના પૂટ દે છે, ભાવના આપે છે; અર્થાત્ બંનેને એકમેક કરે છે. તે પછી એને જુદું ન પાડી શકાય, કે 'આટલો ભાગ ભસ્મનો, અને આટલો પૂટનો.' એમ મનને શ્રી જિનેશ્વર દેવોએ ભાખેલા ધર્મ સાથે એકમેક કરવું, તે મનને ભાવિત કર્યું કહેવાય.

ગુણસેને જિનેશ્વરદેવે કહેલા ધર્મમાં ચિત્તને એવું પરિણત કર્યું છે. અર્થાત્ ધર્મ અને ચિત્તનું મિશ્રણ એવું કર્યું છે કે

'આટલો ચિત્તનો ભાગ અને આટલો ધર્મનો ભાગ' એવું પરખી ન શકાય. કહો કે ચિત્ત પુદ્ગલરૂપ ન રહ્યું, પણ ધર્મરૂપ બની ગયું! શું સમજ્યા? પહેલાંનું સંસારવ્યવહારરૂપ ચિત્ત હવે તદ્દન ધર્મમય બની ગયું. તે ચિત્તને આવું ભાવિત કેટલા કાળમાં કર્યું? લાખો પૂર્વ તો રાજ્ય કર્યું છે, તે પછી માત્ર એક મહિનાનો સદ્ગુરુનો યોગ મળ્યો એટલામાં જ ને? એટલામાં કેટલા ઊંચે ચઢ્યા! સમતાભાવમાં અગ્નિમય રેતીથી ભડકે સળગે છે!

## પ્રકરણ ૨૨

# મહાત્મા ગુણસેનની અંતિમ ભાવનાઓ

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અનાકુલતાદિ ત્રણ ગુણોનું વર્ણન એક ગાથામાં કરે છે અને છ ગાથામાં એ ગુણસેન મહાત્માની ધર્મભાવના આપણને બહુ ગજબનાક અસર કરે એવી રીતે વર્ણવે છે. ખરેજ ! સાતેય ગાથાઓ કંઠસ્થ કરી લેવા જેવી છે; અને વારંવાર તેનું પરિભાવન કરવા જેવું છે, કે જે પરિભવન આત્માને મહાન સમતા–સમાધિ આપશે. આ રહી તે સાત ગાથાઓ:—

१. तीए य डज्झमाणो अणाउलं गरुयसत्तसंपन्नो ।
चिन्तेइ भावियमणो धम्मम्मि जिणप्पणीयम्मि ॥

२. सारीर–माणसेहिं दुक्खेहि अभिद्दुयम्मि संसारे ।
सुलहमिणं जं दुक्खं दुलहा सद्धम्मपडिवत्ती ॥

३. धन्नोऽहं जेण मए अणोरपारम्मि भवसमुद्दम्मि ।
भवसयसहस्सदुलहं लद्धं सद्धम्मरयणमिणं ॥

४. एयस्स पभावेण पालिज्जन्तम्स सइ पयत्तेणं ।
जम्मन्तरम्मि जीवा पावन्ति न दुक्खदोगच्चं ।

५. ता एसो च्चिय सफलो मज्झमणायरणदोसपरिहीणो ।
सद्धम्मलाभगरुओ जम्मो नाइम्मि संसारे ॥

६. विलिहइ य मज्झ हिययम्मि जो कओ तस्स अग्गिसम्मस्स ।
परिभवकोवुप्पाओ, तवइ अकज्जं कयं पच्छा ॥

७. एण्हिं पुण पडिवन्नो मेतिं सव्वेसु चेव जीवेसु ॥
जिणवयणाओ अहयं विसेसओ अग्गिसम्मम्मि ॥

**મહાત્માની વિશેષતાઓઃ**—(૧) તે નરકાવાસની અગ્નિ જેવી જલતી રેતીથી બળતા એવા ગુણસેન મહાત્મા ૧. આકુ-લવ્યાકુલ થયા વિના, ૨. મહાન સત્ત્વને ધારણ કરતા, અને ૩. શ્રી જિનેશ્વરદેવથી ભાષિત ધર્મ વિષે ભાવિત કરેલા મનવાળા બની વિચારે છેઃ--

## મહાત્મા ગુણસેનની અંતિમ કાળે અપૂર્વ સાત્ત્વિક ભાવનાઓ

(૨) "શારીરિક અને માનસિક દુઃખોના આક્રમણવાળા આ સંસારમાં દુઃખ જ સુલભ છે, બાકી સદ્ધર્મની પ્રાપ્તિ તો દુર્લભ છે.

(૩) ધન્યભાગ્ય મારાં કે આ અપાર ભવસાગરમાં લાખો ભવે પણ દુર્લભ એવું સદ્ધર્મરત્ન મને મળ્યું!

(૪) સદા પ્રયત્ન વડે જો આ સદ્ધર્મનું પાલન કરાય તો આ સદ્ધર્મના પ્રભાવથી જીવો ભવાંતરને વિષે દુઃખ-દુર્ગતિ પામતા નથી.

(૫) તો અનુચિત આચરણ અને દોષોથી રહિત એવો

આ મારો જન્મ, એ સદ્ધર્મના લાભથી ગૌરવિત બન્યો થકો અનાદિ જન્મપરંપરામાં સફળ બની ગયો!

(૬) માત્ર તે અગ્નિશર્માની મેં બાળપણમાં જે મશ્કરી કરી અને પાછળથી એને જે ક્રોધ ઉપજાવ્યો, તે અકાર્ય મારા હૃદયને કોચે છે; કરેલા એ અકાર્યનો મને પશ્ચાત્તાપ થાય છે.

(૯) પણ હવે શ્રી જિનવચનને અનુસારે સર્વેય જીવો પ્રત્યે હું મૈત્રીભાવને સ્વીકારૂં છું, અને વિશેષે કરીને તે અગ્નિશર્મા ઉપર હું મૈત્રીભાવને ધારણ કરૂં છું."

કોઈપણ આપત્તિકાળે, મુંઝવણના કાળે, અને ખાસ કરીને મૃત્યુકાળે જીવને મહાન સમાધિમાં રાખવા માટે આ વિચારણાઓ બહુ ઉપયોગી છે. જીવના પ્રત્યે (૧) સંસારનું દુઃખદાયિ ને નિર્ગુણી સ્વરૂપ, (૨) શ્રી જિનધર્મની દુર્લભતા તથા અનંત ઉપકારતા (૩) મૈત્રીભાવનો મહામંત્ર આમાં સરસ રીતે વિચારાયા છે.

મહાત્મા ગુણસેન જે ભાવના ભાવી રહ્યા છે, એને જરા વિસ્તારમાં જુઓ. એ પોતાની જાતને શિખામણ આપતાં કહે છે,

"હે જીવ! આ સંસારવાસ જે શરીર અને મન ઉપર નભે છે એ સંસારવાસ પર તે શરીર અને મન સંબંધી દુઃખો સદા આક્રમણ કરતા રહે છે. એવા દુઃખોના આક્રમણ ભર્યા સંસારવાસમાં દુઃખ પ્રાપ્ત થવાની શી નવાઇ છે? નવાઇ તો સદ્ધર્મ પ્રાપ્ત થવાની છે. સંસાર એટલે તો વિટંબણાનું ઘર! કેમકે સંસારના અંગભૂત શરીર અને મન દુઃખનાં દૂત છે. હે આત્મન્! શરીર છે માટે દુઃખ આવ્યું સમજ. ભલેને રૂપાળું તગડું શરીર મળે, પણ દિનભર કેટલીય જે વેઠ કરાવે છે તે દુઃખ નથી તો બીજું શું છે? શરીર છે માટે ભૂખ છે શરીર છે, માટે તરસ છે, શરીર છે માટે રોગનો આવિષ્કાર છે, અનિષ્ટનાં દર્શન છે, કેઈ ઉપદ્રવ અને વિટંબણા જેવી

પડે છે, રીસ-અપમાન-ટોણાં વિગેરે સહવાં પડે છે...આ બધું દુઃખ નથી તો બીજું શું છે? શરીરના હિસાબે જ હિંસાદિ ભારે પાપોનાં સેવન થઈ દુર્ગતિની ભયંકર હારમાળા અને ઘોર ત્રાસ-યાતનાઓ પરભવે ઉતરી પડે છે! તો અત્યારે શરીરને આવી પડેલા આ દુઃખની કાંઈ નવાઇ કે અજુગતાપણું સમજીશ મા."

"હે આત્મન્! ત્યારે મન પણ ક્યાં દુઃખનું દૂત નથી? મન છે તો એ કેઈ તૃષ્ણાઓ કરે છે, વલખાં મારે છે, રતિ-અરતિ કરે છે, એ બધું દુઃખ નહિ તો બીજું શું કહેવાય? મન છે તો એ રાગ-દ્વેષ, મોહ-માયા, હર્ષ વગેરે કરી અંતે દુઃખને નોંતરી લાવે છે! મન જ, ઓછું મળ્યું તો ઈર્ષ્યા અને વધારે મળ્યા પર ગુમાન કરી હૈયાને શેકી ખાય છે. એ કઇ સ્થિતિમાં જપવા દે છે? શરીરને જોઇએ એટલું જ નહિ બલ્કે કેટલુંય વધારે મળી જવા છતાં ઓછુંને ઓછું મનાવનાર હોય તો તે મન છે! એ દુઃખ ક્યાં ઓછું છે? મળેલી સુખ-સગવડ તરફ નજર ન પડવા દેતાં નરકાદિ ગતિની અપેક્ષાએ અતિ અતિ અલ્પ દુઃખ કે પ્રતિકૂલતા પરજ આત્મા વિચારવા માંડે છે, તે દુષ્ટ મનના પ્રતાપે જ. મન જો માની લે કે 'અગવડ ગમે તેટલી આવી, છતાંય સાથે જ સુખ સગવડના અંશ ઉભા છે ને? એની જ વિશેષતા માનને!' મન આવું માની લે તો બહું દુઃખી શું કામ થાય? પણ ના, મનની વાંકી ગતિ છે, તે સીધું ક્યાંથી જુએ? મન છે માટે જ તંદુલિયા મચ્છની જેમ કંઈ લેવાદેવા વિનાની દુષ્ટ વિચારણાઓ, દુષ્ટ ધ્યાન, દુષ્ટ મનોરથો-ઘોરણો અને વલણો કરી કરી એ અહીંય સંતાપની લ્હાયો અને ભવાંતરેય કારમી વેદનાઓની હારમાળા સર્જે છે!! આવા મન પાસે દુઃખ સિવાય બીજી શી આશા રાખવી? માટે હે ચેતન! આ બળવાનું દુઃખ નરકના દુઃખો કરતાં તો અનંતમા ભાગનું છે, સમુદ્ર સામે એક ટીંપુ છે, છતાં નફ્ફટ મન તને ખૂબ

વધારે લગાડ્યા કરશે, પણ એમાં નવાઈ ન માનીશ. મનની એ અવળચંડાઈમાં જરાય અજુગતાપણું ન માનીશ."

"શરીર અને મન એટલે તો સમજી રાખ કે દુઃખના ખજાના! દુઃખના મહાસાગર! એ દુઃખ જ દેખાડે! દુઃખનાં જ દાન કરે! સંસારવાસ એ વિટંબણાઓ, એ ઉપદ્રવો, અને એ હલ્લાઓથી ભર્યો પડ્યો છે! અનંત ભૂતકાળમાં જીવે એજ દેખ્યું છે, એજ મેળવ્યું છે. તો અહીં પણ એનું એજ મળે એમાં કાંઈજ આશ્ચર્ય ન માનતો. આશ્ચર્ય તો ધર્મ મળ્યાનું છે. આવા ઘોર સંસારમાં ધર્મ કયાં મળે? સંસારમાં દુઃખ દુર્લભ નથી, ધર્મ દુર્લભ છે! સંસાર છે માટે દુઃખ અને દોષોના હલ્લા સહજ હોય, જોરદાર હોય, હાલતાં ને ચાલતાં હોય. એક માત્ર ધર્મ સહેજે નમળે, મુસીબતે—મહામુસીબતે મળે! મળે તોયે એ ધર્મ જોરદાર નહિ, ઢીલોપોચો કરવાનું મન થાય! હાલતાં ચાલતાં નહિ, વાર-તહેવારે કરવાનું દિલ રહે! તારક ધર્મની આવી દુર્લભતા છે! દુઃખ તો આવે, એમાં નવાઈ નથી, ધર્મ આવ્યો છે, એ અપૂર્વ છે. માટે એના પર જ મન લગાવવાનું છે."

"હે જીવ! ધ્યાનમાં રાખજે કે સંસારમાં ક્રોધાદિ કષાયો લાવવા પડતા નથી, સહેજે આવે છે. ત્યારે ધર્મ દુર્લભ છે, એ દૃષ્ટિએ ક્ષમાદિ ગુણો પ્રયત્નપૂર્વક અને મન ઘણું મક્કમ કરીને લાવવા પડે છે. દોષોના તો ઢગલા ઉતરી પડે છે, ત્યારે ગુણ એકેક લાવવો કઠીન છે. કષાયો અને દોષો એકાદ વાર નહિ પણ વારંવાર ઉભરાઈ પડે છે, ત્યારે ક્ષમા સમતાદિ ગુણો અને ધર્મ મેળવવાનું કયારેક બને છે. તો હે વિવેકી જીવ! આટલી બધી ધર્મની અને ગુણોની દુષ્કરતા, દુર્લભતા અને અછત સમજીને એને સહજ, જોરદાર અને સતત બનાવવા ખૂબ જ સાવધાન બનજે, પૂરો જાગ્રત રહેજે; કેમકે અહીં

ધર્મની સોનેરી તક મળી છે! અપૂર્વ તક મળી છે! એમાં પહેલાં તો આ ધર્મ મળ્યાની ભારે કદર કરજે, અનુમોદના કરજે, વિચારજે કે,

"ધન્ય ભાગ્ય મારાં, કે મને આ અપાર ભવસાગરને વિષે સદ્ધર્મરૂપી ચિંતામણિ રત્ન મળી ગયું! મહાસાગરમાં રત્ન શોધ્યું ક્યાં મળે? તેમ સંસારની ૮૪ લાખ યોનિઓની વિવિધ જાતિઓના ભવોમાં સદ્ધર્મ શોધ્યો ક્યાં મળે? અરે! આવા મનુષ્ય જેવા ભવમાં મળે તે પણ પહેલી વારના મનુષ્ય ભવે ક્યાં મળે છે? માનવપણાના લાખો કરોડો ભવો તો શું, અનંત ભવો વીત્યા પછી સદ્ધર્મ મળવો સંભવે! એમાંય અસર્વજ્ઞ દેવના, રાગીદ્વેષી દેવના કહેલા ધર્મ હજીય મળે, પણ વીતરાગસર્વજ્ઞકથિત ધર્મ મળવો મહામુશ્કેલ!! એટલો અતિદુર્લભ–સદ્ધર્મ ચિંતામણિ મને અહીં મળ્યો! કેવાં મારાં ધન્ય ભાગ્ય! અરિહંત પ્રભુની આ મારા ઉપર કેવી અદ્ભુત કૃપા થઇ કે આવી પ્રાપ્તિ સુધી હું આવી પહોંચ્યો! કેવાં મારાં અહોભાગ્ય કે સદ્‌ગુરુ શ્રીવિજય-સેન આચાર્ય ભગવંતે મને આ મહામૂલો ધર્મ પમાડ્યો! સદ્ધ-ર્મના કેટલાં અપૂર્વ લાભ છે!"

"આતો મને એવો અપૂર્વ ધર્મ મળ્યો છે કે જે એનાં સચોટ પાલન કરનારા જીવને ભવાંતરમાં દુઃખ કે દુર્ગતિનું નામ નિશાન રહેવા દેતો નથી! અતિ ટૂંકા અને નિશ્ચિત વિણસવા-વાળા વર્તમાન જીવનના દુઃખોની શી બહુ કિંમત છે! દુઃખો તો ભાવી દુર્ગતિના ભવોના ભયંકર છે! અને એને અટકાવવા–મિ-ટાવી દેવા સદ્ધર્મ સિવાય બીજું કોણ સમર્થ છે? મોટા ચક્રવર્તી તો શું, પણ ઈન્દ્રો જેવા ય પોતાની સર્વ સંપત્તિ આપી દે તો ય તેથી એ મિટાવી શકતા નથી. એ મિટાવનાર તો એક સદ્ધર્મ જ સમર્થ છે! ધર્મવિહોણો પ્રાણી દુર્ગતિમાં સિધાવે છે. ત્યારે એ

દુર્ગતિમાં જીવના ભૂંડા હાલ કેવા ? ભૂખ-તરસ, વેઠ-વિટંબણા, અપમાન-તિરસ્કાર, મારપીટ, કાપણકૂટણ, રીબામણ-છૂંદામણ, વગેરે વગેરે દુઃખમય દુર્દશાની અવધિ નથી. ત્યાં પણ એને ઇન્દ્રો જેવા રક્ષણ આપી શકતા નથી. એ તો એક માત્ર સદ્ધર્મ જ એવું ગજબ સામર્થ્ય ધરાવે છે કે જે પહેલેથી જ દુર્ગતિના દરવાજા બંધ કરી દે છે! માત્ર એ ધર્મનું **પ્રયત્નપૂર્વક પાલન કરવું જોઈએ**."

(૧) પ્રયત્નપૂર્વકનું પાલન એટલે પાલન કરતાં કરતાં એમાંથી ભ્રષ્ટ કરનારા વિઘ્નો ઘણાં આવે, છતાં વિઘ્નોને જરાય મચક આપ્યા વિના ધર્મસ્થિત રહેવાનો ધીખતો પુરૂષાર્થ રાખવો જોઈએ. ક્ષમા જાળવવી છે, તો સામે ક્રોધના ઉત્તેજક ઘણાય પ્રસંગો આવે છતાં નિર્ધાર જોઇએ કે "ક્ષમા મૂકે એ બીજા. ક્રોધ કરવાના દહાડા ગયા, હવે તો ક્ષમાચુસ્ત રહેવાના દહાડા છે!" એમ બીજા ધર્મ માટેના અડીખમ પ્રયત્ન કરવા જોઈએ.

(૨) પ્રયત્નપૂર્વકનું પાલન એટલે સદ્ધર્મની સાધના ખૂબ શ્રદ્ધાથી, અને સદ્ધર્મના કહેનારા જ્ઞાનીઓએ કહેલી વિધિ અને મર્યાદાઓના પૂરા ઉદ્યમ સાથે કરવાની, પણ ઢીલીપોચી કે સ્વચ્છંદપણે નહિ કરવાની.

(૩) પ્રયત્નપૂર્વક સદ્ધર્મનું પાલન એટલે એ પાલન કરતાં જરાય પ્રમાદ કરવાનો નહિ. કોઇ નિંદા, વિકથા નહિ, કોઇ વિષયાસક્તિ કે કષાયપરવશતા નહિ; કોઈ અજ્ઞાન, સંશય, અશ્રદ્ધા, વિસ્મૃતિ વગેરે નહિ કરવાનાં.

(૪) પ્રયત્નપૂર્વક સદ્ધર્મનું પાલન એટલે કોઇ પૌદ્ગલિક સુખના ઉત્તર લાભની કામના રાખ્યા વિનાનું પાલન; કોઈ ગર્વ, કોઇ દ્વેષ કે કોઇ કપટ વગેરેની પૂર્વભૂમિકા વિનાનું પાલન.

(૫) પ્રયત્નપૂર્વક સદ્ધર્મનું પાલન એટલે મહામૂલો સદ્ધર્મ

જયારે હાથમાં આવ્યો છે, ત્યારે એમાં જરાય ઓછું કરવાનું તો નહિ જ, પણ એમાં આગળને આગળ વધવાના નિર્ધાર અને પુરુષાર્થ સાથે એને સાધવાનો. જેમ પ્રયત્નપૂર્વકનો વિદ્યાભ્યાસ એટલે પહેલા વર્ગમાંથી બીજા વર્ગમાં, બીજામાંથી ત્રીજામાં...એમ આગળ ને આગળ વધવાનું. તેવી રીતે પ્રયત્નપૂર્વકનું ધર્મપાલન એટલે એમાં ઉંચે ને ઉંચે ધપાવવાનું જ; તે અંતે મોક્ષ લઇને જ અટકવાનું! ત્યાં સુધી વચમાં ક્યાંય પાછી પાની કરવાની નહિ, કે એટલે જ અટકી જવાનું નહિ."

"હે જીવ! આવા સચોટ રીતે સદ્ધર્મપાલનથી દુઃખદુર્ગતિ બંધ થાય છે. તો વિચારજે કે આ મારો જન્મ આવા સદ્ધર્મના લાભથી કેવો ગૌરવિત અને નિશ્ચિન્ત બન્યો છે! પણ એ તો જ ગૌરવિત બન્યો છે કે આ જન્મમાં કોઈ અનાચરણ-અનુચિત આચરણ અર્થાત્ દુષ્કૃત્ય કે કોઈ દોષ સેવ્યો નથી; માત્ર અપવાદમાં બાળપણે તે અગ્નિશર્માનો પરાભવ કરવાનું દુષ્કૃત્ય અને તે તાપસને અંતે ક્રોધ ઉપજાવવાનો દોષ સેવ્યો છે; અને તે મારા દિલને ડંખે છે. બાકી દોષો અને દુષ્કૃત્યો વિનાનું પણ જીવન ગૌરવભર્યું બન્યું હોય તો તે સદ્ધર્મથી! નહિતર એમ તો પારેવાં પણ સીધું સાદું જીવન પાળે છે, પણ તેટલાથી શું? સદ્ધર્મનું પાલન જોઇએ. તે પાલનથી જીવન ગૌરવવંતુ બને છે. તેમાં અનન્ય કારણ અનાચરણ અને દોષોથી અકલંકિતતાની પૂર્વભૂમિકા છે. નહિતર તો દોષ—દુષ્કૃત્યોથી કલંકિત જીવન સાથે સદ્ધર્મની ઝટ સગાઇ શે થાય?

"હે ચેતન! સારૂં છે કે તારા જીવન પર ખાસ કલંક નથી, અને સદ્ધર્મ મળી ગયો! તેથી તો આ જન્મ અનંતી જન્મપરંપરામાં સફળ બની ગયો! જન્મો અનંતા થયા, તે દરેકે દરેક જન્મ મહાઆયાસ, મહાકષ્ટ અને મહાભોગ આપનારા હોવા છતાં

નિષ્ફળ ગયા! એળે ગયા! બરબાદ થયા! ત્યારે આ જન્મ તો ખરેખર સફળ બની ગયો! જિનધર્મરૂપી રત્નની પ્રાપ્તિએ એને સાર્થક બનાવી દીધો, ને મારા આત્મામાં અપૂર્વ સોહામણાં પરિવર્તન સર્જી દીધા!"

**ધર્મની હૂંફ કદર અને વિશ્વાસઃ**—કેવું ઉત્તમ હૃદય! ધર્મને એ એક મહા કિંમતી રત્ન સમજે છે! જેમ પાર્થિવ રત્ન પ્રત્યે એના પ્રેમીને બીજા બધા કરતાં ભારે આકર્ષણ હોય છે, તેમ રાજાને ધર્મરત્ન પ્રત્યે બીજા બધાય કરતાં અત્યંત રાગ છે.લાખો ભવો વીતવા છતાંય કદિ નહિ મળેલું ધર્મરત્ન એમને મળવા બદલ હર્ષનો પાર નથી. ધર્મરત્ન મળ્યાની એમને ભારે હૂંફ છે; એવો અટલ વિશ્વાસ છે કે ધર્મરત્નથી અવશ્ય સંસારના અનંત દુઃખ અને પરાભવનો અંત આવે છે. ધર્મરત્નથીજ એ અંત આવે છે. ધર્મની આવી હૂંફ-કદર અને વિશ્વાસ તોજ ઉભો થાય કે જયારે તેની આગળ રાજપાટ વગેરે કંઇ વસાતમાં તો ન લાગે, પણ ઉલટું દુઃખ અને પરાભવના જ કારણ લાગે. પછી એ હૂંફ, એ કદર અને એ વિશ્વાસના લીધે ધર્મ સાધનાનો રંગ ઝળહળતો અને આત્મવ્યાપી થઇ જાય. ઉચ્ચધર્મમાં ઓતપ્રોતતા એવી આવે કે ઉપસર્ગ એ સત્કાર સન્માન જેવા લાગે. આમની એવીજ ઉચ્ચદશા છે. તેથી એ ધર્મની પ્રાપ્તિથી અને અનુચિત આચરણના રહિતપણાથી ગૌરવિત બનેલા જીવનને સફલ માને છે.

**અનુચિત આચરણ ટાળોઃ**—જીવન કેવું પસાર કર્યું હશે, ત્યારે માની શકે છે કે 'મારૂં જીવન અનુચિત આચરણ વિનાનું છે.' જીવનમાં અનુચિત આચરી બેસનારને જીંદગી સુધી હૃદયમાં ડંખ રહે છે. માટે જીવનમાં એવા ડંખ ન આવવા દેવા માટે સળંગ ઉચિત વર્તાવ જરૂરી છે.

જરા વિચારો તો ખરા કે અયોગ્ય આચરવામાં શા મોટા

લાભ મળે છે? માત્ર કાયાની ખાતર, કે કાયાની સાથેજ સંબંધ ધરાવતી વસ્તુ કે વ્યક્તિ ખાતર માણસ ઉચિત વર્તાવ ભૂલે છે. પણ એણે સમજવું. જોઇએ કે એ કાયા વગેરે તો નાશવંત છે, જ્યારે ધર્મ અમર છે! કાયા વગેરે દુઃખ દેનારી છે; ધર્મ સુખ દેનાર છે! કાયા વગેરે જીવને ભવનો પાર ન પમાડે, ભવમાં ભટકાવે છે, ધર્મ પોતે જીવને ટેકો આપી ભવની પેલે પાર પહોંચાડે છે. એ ધર્મ તો આત્મિક વસ્તુ છે. એના માટે ઉચિત વર્તન જાળવવું જોઇએ. અહિં એક પ્રશ્ન થાય કે,

પ્ર૦—'શું ગુણસેને બાળપણમાં અગ્નિ શર્માની મશ્કરીનું અનુચિત આચરણ નહોતું કર્યું?'

ઉ૦—એનો ઉત્તર એમનીજ વિચારણામાંથી મળી રહે છે. મહાત્મા ગુણસેન વિચારે છે, 'મને ખેદ એક વાતનો થાય છે, અગ્નિશર્મા તાપસનો મેં જે પરાભવ કર્યો હતો અર્થાત્ એની બાળપણામાં મશ્કરી કરી હતી, અને એને પાછળથી ગુસ્સો કરાવ્યો હતો. બસ એ મને હૃદયમાં સાલે છે."

**સૌ પોતપોતાનું બજાવે છે:**—ખૂબી તો જુઓ, જે વખતે અગ્નિશર્મા ઉપરથી ધીખતી રેતી વરસાવી સળગાવી રહ્યો છે, એજ વખતે મહાત્મા ગુણસેન એને પૂર્વે દુભાવ્યા બદલ પશ્ચાત્તાપ ધારણ કરે છે! ભલે પોતાને ખબર નથી કે આ કોણ સળગાવી રહ્યું છે; પણ ખબર હોત તો પણ ધર્મભાવિતમતિમાં વિચારણા તો આજ રહેત. આ ઉપરથી જાણવા મળે છે કે જેમ કુદરતમાં સૌ પોતપોતાનું કામ બજાવે છે, અગ્નિ બાળે છે, પણ પાણી ઠારે છે; ડુંગળી દુર્ગંધ આપે છે, પણ કસ્તુરી સુગંધ આપે છે; તેમ અહીં પણ દુર્જન દુષ્કૃત આચરે છે, છતાં સજ્જન શિષ્ટતા અને સાધુતા જ દાખવે છે!

**ગુણસેન એટલે ગુણાની સેના :**—ગુણસેનમાં એ શિષ્ટતા બાળપણથી હતી. મશ્કરી–કૌતુકવૃત્તિ તો એક અપવાદભૂત હતાં. ત્યારે તેમનુ બાકીનું જીવન કેવું ઉંચું હશે ! ગુણસેન એટલે ગુણોની સેના ! તેને પોતાના જીવનમાં માત્ર અગ્નિશર્માની મશ્કરી સિવાય બીજું કોઈ અકાર્ય નથી જણાતું. એનો ખેદ કરવા જેવું નથી દેખાતું. તેમ એ મશ્કરી અને ક્રોધ કર્યાનું પોતાને ખૂબ પીડે છે. માણસની દૃષ્ટિ નિર્મળ થયા પછી જે પ્રસંગમાં બીજા મુંઝાય, એના એજ પ્રસંગને પામીને ગુણસેન વધુ ઉદારતા અને વધુ મૃદુતા કેળવી વધુ સમતાભાવની ખીલવટ કરે છે.

**શત્રુ પર પણ મૈત્રીભાવ :**—મહાત્મા ગુણસેન હવે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરે છે. જિનવચનના ફરમાનને શિરે ચઢાવી વિશેષે કરીને અગ્નિશર્મા પર મૈત્રીભાવ સ્વીકારે છે. મૈત્રીભાવ એટલે મિત્રપણાની લાગણી. એમાં 'દુશ્મનનું પણ ભલું થાઓ' એ હાર્દિક ભાવના સમાયેલી હોય છે. ભલે કદાચ આપણા મનમાં દુશ્મન મહા નાલાયક લાગતો હોય, ક્ષમાપાત્ર નજ જાણતો હોય, આપણું એણે નિકંદન કાઢયું હોય, તો પણ જો આપણે આપણા માથે શ્રી જિનવચનનું બંધન સ્વીકાર્યું હોય, અને એ બંધન અનંત પુણ્યે મળવાનું સમજતા હોઇએ, તો એ જિનાજ્ઞાની દૃષ્ટિએ પણ પેલા દુશ્મનને ક્ષમા આપવીજ જોઇએ. મહર્ષિ ગુણસેન આ સમજે છે તેથી અગ્નિશર્માને માટે અપૂર્વ મૈત્રીભાવ ધારણ કરે છે. એટલું ખાસ વિચારજો કે એક દૃષ્ટિએ ગુણસેનના મૈત્રીભાવમાં જાણે અગ્નિશર્માને વૈર વાળવા માટે સગવડ થઈ ગઈ ! કેમકે ગુણસેન મહર્ષિ વિશ્વાસે રહેશે, એટલે ભવિષ્યમાં અગ્નિશર્માના જીવ તરફથી વધારે વિટંબણા પામવાનું થવાનું. પોતે મૈત્રી ધારણ કરશે, વૈર નહિ રાખે, સામનો ન કરતાં ઉલટું પ્રેમ દાખવશે, એટલે જ જાણે પેલાને વૈર વાળવાની વધારે ફાવટ આવશે! પણ એ સહેવામાં મહાત્મા ગુણસેનને એકાંતે લાભ જ થવાનો છે. કેમકે,

જુઓ, આ વસ્તુ એમની વિચારણાના રહસ્યમાંથી સમજાય એવી છે. એમની ભવ્ય વિચારણામાં આ ભર્યું છે,—

### મૈત્રીભાવ માટેની ભવ્ય વિચારણા

(૧) **સોનેરી તક**:—"હે આત્મન્! તું જો, કે આ જે તને જિનશાસનના અનુયાયી બનવાનો મહાન હોદ્દો મળ્યો, એ કેવી અમૂલ્ય ઉંચી કક્ષા પામ્યો! એ વખતે તારે મૈત્રીભાવ કેળવવાનો હોય કે વેરવિરોધ? ભૂલીશ મા, વેરવિરોધ કેળવવાનું તો આજ સુધીના અનંત ભવોમાં ઓછું નથી કર્યું. પરંતુ એ દરગુજર હતું! કેમકે એ ભવ જ એવા હતા કે જેમાં મૈત્રીભાવ કેળવવાની તક નહોતી. કેમકે ત્યારે જિનધર્મની ઉંચી સમજ નહોતી મળી, તેમજ એ ભવોમાં જીવનભર વિટંબણાઓનો પાર નહોતો. આજે એ બેમાંનુ કાંઇ નથી. આજે તો ઉંચી ધર્મસમજ મળી છે, અને જીવનમાં એવી વિટંબણા દેખી નથી. હવે કદાચ આ એકાદ પ્રસંગ બળવાની વિટંબણાનો આવ્યો, તેટલા માત્રમાં શું તું મૈત્રીદેવીને અવગણી શત્રુતા રાક્ષસણીને આવકારીશ? મૈત્રીદેવીને આવકારવાની તક અહીં છે. ધર્મપ્રેમીને એ સોનેરી તક છે. તો શું વેપારી કષ્ટ દેખીને મહાકમાઈની તક જતી કરે કે વધાવી લે? વધાવી લે આ અણમોલ તકને! મન મક્કમ કરી, હૃદય ઉંચી ક્ષમાના પ્રકાશથી ઝળહળતું કરી મૈત્રીભાવને વધાવી લે!"

(૨) **પાપાના ઉદય દુર્નિવાર છે**:—"વળી હે જીવ! જો કે જે કારણે તું મૈત્રી છોડી ગુસ્સો ને શત્રુતા કરવા જાય છે, તે કારણ જો તારા તીવ્ર પાપના ઉદય હશે તો ઉકળાટ કરવા છતાં નહિ મીટે. પાપના ઉદય દુર્નિવાર છે. તું ગમે તેટલાં ફાંફા મારીશ પણ તેં બાંધેલા પાપકર્મ તારો કેડો નહિ મૂકે, એનું લેણું લીધા વિના નહિ છોડે. ડહાપણ તો એ છે કે સામો આપણા કષ્ટમાં નિમિત્ત બને પણ આપણે એનો હવાલો શત્રુને નહિ, પણ આપણા કર્મને ચોપડે નાખવો; નિમિત્ત આપણાં કર્મ જ છે એ વાત ખૂબ

જ લક્ષમાં રાખવી. પછી સામા ઉપર ગુસ્સો કરવાનું, શત્રુતા ઉભી કરવાનું કે દુર્ભાવ વિરોધ કેળવવાનું કોઈ પ્રયોજન નથી. જેટલું સહી લેવાય એટલા કર્મકચરા તો ઓછા થઈ જ રહ્યા છે! હવે વધારામાં વિશ્વવાત્સલ્ય કમાઈ લેવાનું શા સારૂ ગુમાવે છે? દુશ્મનને પણ સ્નેહનાં દાન કરી લેવાનું કેમ ચૂકે છે?

(૩) **પુણ્ય સલામત, તો કોઈ ચિંતા નહિ**:—"ત્યારે એ પણ જો, કે આપણા પુણ્ય જો સાબૂત છે તો કોઈ કાંઈ શું કરી શકવાનો છે? પુણ્ય સલામત તો કોઈ વાંકો વાળ ન કરી શકે. વિશેષતા તો એ છે કે મૈત્રીભાવ અને ક્ષમાના દાનથી નવી પુણ્યમુડી સદ્ધર બને છે. બાકી અધીરાઈ કરવાની જરૂર નથી. પુણ્ય પ્રમાણે મળશે જ, પુણ્ય પ્રમાણે જ મળશે, તો વૈર વિરોધ શા સારૂ કરવા? એથી તો જુના પાપનોય માર ઉભો રહે છે, ને નવાં પાપનો માર ઉભો કરાય છે! એના કરતાં મૈત્રીથી પુણ્ય પગભર કેમ ન કરવું?"

(૪) **મૈત્રી–સુખ અને ગુણની પરંપરા**:—"વળી હે ચેતન! મૈત્રીભાવ બહુ કિંમતી છે. અનેકાનેક દોષોનો સંહારક છે, અને અનેકાનેક ગુણોની ખાણ છે. મૈત્રી કેળવો એટલે ખાણમાંથી ગુણો પ્રગટ થશે! વૈર વિરોધની લાગણી અનેક દોષોની જનેતા છે, ત્યારે મૈત્રી અનેક ગુણોની જનેતા છે. તે માત્ર આ જીવન માટે નહિ, પરંતુ ભાવી કાળ માટે પણ જયારે વૈરવિરોધથી દુઃખ, દોષો અને દુર્ગતિઓની પરંપરા ચાલે છે ત્યારે મૈત્રીભાવ અને ઉપશમથી એ બધું સુકાઈ જઈ, સુખ, સદ્ગતિ અને અનેકાનેક ગુણોનો અખંડ સ્રોત વહે છે! આવા મહાન લાભોના ખજાના સમી મૈત્રીભાવના અને ઉપશમની પરિણતિને શું તું જતી કરીશ?

**મૈત્રીથી પ્રિયતા અને કાર્યસુધારો**:—"ધ્યાનમાં રાખજે કે મૈત્રી તો સંસારીને પણ મહાન યશ અપાવનારી બને છે. વૈર વિરોધથી મોઢું બગાડનાર, માઠું બોલનાર અને અનુચિત વર્તનાર

તો લોકમાં નિંદા પામે છે, અળખામણો બને છે, એને લડવા-ઝગડવાનું આવડે છે, તેથી વૈર અને વૈરી વધારે છે; પોતાનો સ્વભાવ પણ દિન પ્રતિદિન બગડતો જાય છે. તેથી કેટલાંય પોતાનાંજ બીજાં સુધરતાં કામો બગાડે છે. ત્યારે મૈત્રીભાવ અને શાંત સ્વભાવથી તો મહાન લોકપ્રિયતા મળે છે, કીર્તિ વધે છે, મિત્રો અને શુભેચ્છકો વધે છે. બગડતાં કામો સુધરી જાય છે. બીજું કોણ આપશે આ લાભો ?

(૬) **મૈત્રીથી આત્મવિકાસ:** "હે મહાનુભાવ ! મૈત્રી અને ઉપશમ ભાવનામાં હૃદય ફોરું, મન પ્રસન્ન, અને આત્મા પવિત્ર રહે છે. હૈયા પર કાંઇ ભારજ રહેતો નથી! કેમકે વૈર વિરોધના અને કષાયના મોટા ભાર ઉતરી ગયા પછી તો મન પણ સદા ખૂશનુમા અને મહાશાંતિ તથા હર્ષ અનુભવે છે. તો આત્માનું તો પૂછવું જ શું ? ઘણી મલિનતાઓ નીકળી જઇ, પવિત્રતા આવતી જાય છે. કોઇનેય દુશ્મન દેખવાનો નહિ, કોઇનુંય બુરૂં કલ્પનામાં પણ લખવાનું નહિ ! સદા સૌનું સારૂં જ ઇચ્છવાનું, પછી મનને કલુ-ષિત થવાનો, આત્માને બગડવાનો, અશાંતિનો ઉકળાટ અનુભવ-વાનો, કે વૈર-વિરોધની નિષ્ઠુરતા-નિર્દયતા કેળવવાનો અવસર જ કયાં રહ્યો ? મૈત્રીસર્યા દિલમાં પવિત્રતા, કોમળતા, ઉદારતા અને વાત્સલ્ય સદાય વિલસતાં રહે છે! નિજના આત્માનો આવો મહાન વિકાસ આવા ટૂંકાશા જીવનમાં કોણ ચૂકે ?"

(૭) **સર્વ ફિરસ્તાઓનો મૈત્રીનો ઉપદેશ:**—"હે જીવ ! મૈત્રી ભાવનાના તો સૌ શાસ્ત્રકારોએ ગુણ ગાયા છે, કોઇ અધ્યા-ત્મવાદી ધર્મના ફિરસ્તાઓએ વૈર વિરોધ અને શત્રુતા કેળવવાનો ઉપદેશ કર્યો નથી. સૌ મિત્રભાવ રાખવાનું, વિશ્વપ્રેમ કેળવવાનું કહે છે. પછી આપણે સૌ વિદ્વાનોને વહાલી મૈત્રીભાવના શું કામ ન આદરવી ? મૈત્રીભાવ ખોઇને જે કંચન-કાયા-કુટુંબ વહાલાં કરાય છે, તે બધા જડને ઉપકારક છે, ત્યારે મૈત્રીભાવ

**આત્માને** ઉપકારક છે. માટેજ આત્મવાદીઓ એનેજ ઉપદેશેને? આત્મહિતના અર્થીઓ એને જ સેવે ને?"

(૮) **મૈત્રી એ ધર્મરંગ માટે યોગ્ય પોતઃ**—"હે ચેતન! ભૂલીશ નહિ કે આત્મા પર ધર્મના રંગ ચઢાવવા હશે તો આત્માનું પોત સારૂં જોઇશે, યોગ્ય જોઇશે. તે પોત મૈત્રીભાવથી તૈયાર થાય છે. વેર વિરોધ કર્યો તો પોત બગાડયું સમજ. વેર-વિરોધ એ તો મહા મેલ છે. મૈત્રી ભાવથી એ મેલને ધોઈ નાખી આત્મપોત ઉજળું કરે તોજ ધર્મરંગ ચઢી શકે. આ વિશાળ અને પવિત્ર ભાવથી આત્મા ભાવુક બને છે, તોજ વિવિધ પ્રકારના ધર્મથી ભાવિત થઈ શકે છે. તોજ ધર્મના ઘાટ એમાં ઉતરી શકે છે તો જ ધર્મ આત્માને સ્પર્શી શકે છે. નહિતર તો વેર વિરોધજ આત્માને પકડી રાખે! મૈત્રીભાવ એ તો પાયો છે, એના પર ધર્મની ઈમારત ચણી શકાય, તો જ ધર્મ-ઈમારત ટકી શકે. તારે ધર્મનો રંગ જોઈતો હોય, ધર્મની આંતર સ્પર્શના કરવી હોય, ધર્મના ઘાટ ઉતારવા હોય, ધર્મની ઈમારત ચણવી હોય તો બરાબર સાવધાન રહી એક જ ભાવના રાખ કે 'જીવ માત્ર મારા બંધુ છે, મારા પ્યારા દુઃખી ભાઈઓ વાત્સલ્ય અને દયાને પાત્ર છે. મારા જેવો એમના પ્રત્યે પ્રેમ ને દયા નહિ દાખવે તો કોણ દાખવશે? હું પ્રેમ અને દયા ન કેળવું તો અજ્ઞાન પશુથી મારી વિશેષતા શી?

**મૈત્રી-અરિહંતનો ધર્મઃ**—ભગવાન શ્રીઅરિહંતદેવોએ તો **ધર્મને 'ઉપશમ-પ્રભવ'** કહ્યો છે. ઉપશમમાંથી જ ધર્મને જન્મનારો કહ્યો છે. એમણે પોતાના જીવનમાં પણ એનો પરાકાષ્ઠાએ અભ્યાસ કર્યો. વહાલા વીર પ્રભુને દુશ્મનોએ છુંદી નાખવા, ચૂંથી નાખવા અને વીંધી વીંધીને ચાળણી જેવા કરી નાખવા સુધીના ઉપદ્રવ કર્યા. છતાં એ પ્રભુના રૂંવાડે પણ વેર, વિરોધ, કલેશ માત્ર દુર્ભાવ ન ફરકયો! એ પ્રભુએ તો મૈત્રી જ દાખવી, વાત્સલ્ય જ ઉભરા-

વ્યું ! એમનો તું સાચો સંતાન તો જ કે સર્વ પ્રત્યે એ મિત્રતા અને પ્રેમનો જ હિમાયતી બને, એનો જ ખપ કરે. નહિતર સમજી રાખજે કે તું એમનો બનાવટી સંતાન અને કુલાંગાર પુત્ર નીવડીશ, અને તારામાં ઉપશમની પાતાલસેર ફૂટ્યા વિના ધર્મનાં વહેણુ નહિ વહી શકે; આત્મારૂપી કૂવો ધર્મજળથી નહિ ભરાઈ શકે.

(૧૨) **મૈત્રીમાં વિનાશક વહી વાંચવી મટી** :—'હે પામર જીવ ! શું તને ખબર છે કે ઉચ્ચ કોટિના અધ્યાત્મચિંતન અને તત્ત્વચિંતનને હૃદયમાં સારૂં સ્થાન કેમ નથી મળતું ? સ્વ-દોષ-દર્શન અને પરગુણદર્શન કેમ નથી જાગતું ? પરમાત્મ સ્મરણ અને નવી નવી ધર્મભાવનાઓને કેમ અવકાશ નથી મળતો ? એનું કારણ એ છે કે રાંક જીવડો વૈરવિરોધના ઉકરડા દિલમાં ભરી બેસીને 'આણે મારૂં આમ બગાડ્યું, પેલાએ મારૂં વાટ્યું અને વિણસાડ્યું, આ નાલાયક અને પેલો હરામી...'એવી એવી વહીજ રાખ્યા કરે છે ને વાંચ્યા કરે છે ! બીજાની હલકા-ઇની વહી વાંચવામાંથી ઉંચો આવે તો શુભ ચિંતનને જગા મળેને ? મૈત્રીભાવ અને ઉપશમના જ ખપી બનાય તો જ એ વહી વિસારાય. ઉચ્ચ માનવભવમાં એવી ઉકરડાવહી, વિનાશક વહી શી વાંચવી'તી ? એ મૂકીશ તો ધારાબદ્ધ ક્ષણો અને દિવસોના, મહિના અને વર્ષોના સતત કર્મબંધને-પાપ પ્રવાહને અટકાવી શકીશ. નહિતર નિરર્થક પાપ અને કાળાશથી ભારે થઈશ."

(૧૩) **મૈત્રીમાં ઉન્નતિને વેગ** :—" હે સુબુદ્ધ જીવ ! જો, કે મૈત્રીભાવ અને ઉપશમ કેળવ્યાથી તો એ પરમાત્મસ્મરણ, તત્ત્વચિંતન, ધર્મભાવનાઓ, વગેરેને સારો અવકાશ મળે છે; દોષો નિવારી ગુણોને લાવવાની તક મળે છે, શુદ્ધ રીતિએ ધર્મ રાખવા-વિકાસવાની શકયતા ઉભી થાય છે, ઉંચા ઉચા ગુણ-સ્થાનક પર આરૂઢ થઈ શકાય છે. યાવત્ પરમ પદ મોક્ષ તેથી જ પામી શકાય છે. તો મહાભાગ ! આવી ઉન્નતિને

વેગ આપનારા મૈત્રીભાવને જરાય છોડીશ મા. એને અસ્થિમજ્જા કરી દે જે. રોમેરોમમાં અને રગેરગમાં મૈત્રીભાવ, ક્ષમા, અને ઉપશમના વહેણ વહેતાં કરી દેજે."

**ઉપસર્ગથી બચવાનો પ્રયત્ન નથી કરતા :**—હવે જુઓ કે મૈત્રીભાવનામાં ઝીલતા મહાત્મા ગુણસેનનું શીતળ શરીર સળગી રહ્યું છે, છતાં જરા રક્ષણ માટે બૂમ મારે તો બચવામાં વાર ન લાગે. સામગ્રી મોજુદ છે, સહેજ ઈશારો કરતાં અગણ્ય રક્ષકો આવે તેમ છે, પોતાની પણ ભાગી છૂટવાની શક્તિ છે. પરંતુ ન બૂમ, ન રક્ષકની અપેક્ષા, ન સ્વયં દોટ ! એક માત્ર પ્રતિકૂલ, ભયંકર પ્રતિકૂલ ઉપસર્ગ સહન કરવાની ધગશ, તે સહન કર્યે જાય છે.

કાઉસ્સગ્ગમાં રહેવાની પ્રતિજ્ઞા છે, અને સત્પ્રતિજ્ઞાનું પાલન એજ ધર્મ, એજ કમાઈ અને એજ આત્મજીવન લાગ્યા પછી ભલે કાયાનું મૃત્યુ થાય, ચિંતા શી કરવાની ?

**હવે સારા બનો:**—અગ્નિશર્માના પાપી હૃદયમાં વૈરભાવનો ધિખતો દાવાનળ છે. એણે જીવનભર માસખમણના પારણે માસખમણથી તાપસપણું લાખો પૂર્વ પાળ્યું ! પણ પછી કેવો બન્યો? અને ગુણસેને લાખો પૂર્વ રાજપાટ, સત્તા, ભોગવિલાસમાં ગાળ્યા, પણ પછી સદ્ગુરુના માત્ર એક મહિનાના પરિચયમાં કેવા બની ગયા ?

આજ સુધી તમે કેવા હતા તે પ્રશ્ન નથી, હવે કેવા બનવાની ઇચ્છા છે, કેવા બનવાની તૈયારી છે, અને આજથી જ કેવા બનવાનો પુરુષાર્થ આદરો છો, એ પ્રશ્ન છે.

**ઉદયની ચાવી:**—ડાહ્યા માણસનું લક્ષણ એ છે કે ભૂતકાળના બગડી ગયેલા ઉપર એ રોયા કરે નહિ, અરે ! યાદેય ન કરે ! એ તો વર્તમાનને જ તેજસ્વી બનાવી દે. ભૂલ અનંતી થઈ ગઈ, હવે રોઈને શું કરવાનું ? હવે તો હાથમાં જ છે, તે

સુધારવાનો પ્રયત્ન કરો. હાથમાં છે આપણી વર્તમાન હાલત. તેને ઉત્તમ બનાવી દેવી જોઈએ. પરંતુ માણસ આ કરવાનું જ ભૂલે છે.' ખરી રીતે જૈનશાસન અનિત્યાદિ બાર ભાવના, આજ્ઞા-વિચયાદિ ધર્મધ્યાન, નવપદ-નવતત્વના ચિંતન, પાપના પશ્ચાત્તાપ, અનુપમ આગમપદાર્થોનું મનન...વગેરે કરવાનું એવું એવું બતાવે છે, કે એમાં ગમે ત્યારે ચિત્ત પરોવીએ એટલે મહાન સંવર અને નિર્જરામાર્ગની જોરદાર આરાધના ચાલુ થઈ જાય! તેમજ અરિહંત પ્રભુની ગુણસ્તુતિ, સૂત્રવાંચન, ધર્મચર્ચા વગેરે વાચિક આરાધના પણ એવી સુંદર બતાવે છે કે એમાં ગમે ત્યારે ઓતપ્રોત થઈ મહાન આરાધક બની શકાય. ત્યારે કાયિક આરાધના પણ અનેકાનેક પ્રકારની એવી બતાવી છે કે એમાં પણ ગમે તે વખતે આત્માને જોડી આરાધકભાવમાં લીન બની શકીએ. પૂર્વે આપણે ગમે તેવા હતા પણ વર્તમાનમાં સરળભાવે જો એ માનસિક-વાચિક-કાયિક આરાધનાના આરાધક બનવું હોય તો બની શકીએ એમ છીએ. ઉદયની આ ચાવી છે.

**મુનિ ઘાતક પણ કેવળજ્ઞાની શી રીતે?**:—ખબર છે ને, ઝાંઝરીયા મુનિનો ઘાતક રાજા ત્યાંજ રાજાપણાના વેષમાં કેવળજ્ઞાની બન્યો! શી રીતે? હજી હમણાં તો ભયંકર ગુસ્સામાં આવી તલવારથી મહામુનિનું પવિત્ર શરીર કાપી નાંખ્યું છે, અને તરત જ એ મૃત કલેવર પાસે કેવળજ્ઞાન મેળવે છે! એ કેમ બને? પણ કહો કે રાજાને જ્યાં ખબર પડી કે 'એ રાણીના મહામુનિ પ્રેમી નહોતા, એ તો સાચા મુનિમહર્ષિ હતા,' ત્યાંજ પોતે હવે મનથી ઘોર પશ્ચાત્તાપ અને શુભભાવનામાં ચઢયા; કાયાથી મુનિદેહના પગે પડી પડી ચોધાર આંસુએ રડી રહ્યા, વાણીથી સ્વદુષ્કૃત્યની ભારોભાર નિંદા અને મહર્ષિના મહાસુકૃતના ગુણગાન કર્યા,...શું આ બધું? વર્તમાનમાં સારો બન્યો! એટલે કે આત્મનિંદક, ઉચ્ચચિંતક, ક્ષમાપ્રાર્થક, મુનિનો અનુ-

મોદક, વગેરે બનવાનું કર્યું, તો પરિણામ કેવું સરસ આવ્યું? માત્ર ક્ષણ પૂર્વેનું ભયંકર પાપ જ નહિ પણ જન્મોજન્મના પાપો બધાં જ રદ બાતલ થયાં અને કેવળજ્ઞાન પામ્યા!

વર્તમાન ક્ષણમાં ઉત્તમ બની જવું, અને પછીની દરેક ક્ષણે ઉત્તમ બન્યા રહેવું, આ આત્માની પરમોન્નતિનો પુનિત માર્ગ છે. ખંધક મુનિની ચામડી ઉતરાવનાર રાજા પણ કેવળજ્ઞાન પામ્યા. ત્યારે દૃઢપ્રહારી, અર્જુનમાલી, ચિલાતીપુત્ર વગેરેએ પણ શું કર્યું હતું? વર્તમાન સુધાર્યું! 'હવે મારે રાગ-દ્વેષના ગુલામ નથી રહેવું.' આ નિર્ધારથી અડગ સમતામાં ચઢયા! તો આત્માની પરમોન્નતિ પ્રાપ્ત કરી શક્યા!

**જિનવચનનો તાજ:**—રાજર્ષિ ગુણસેન મૈત્રીભાવમાં રમે છે. "જીવ! જીવનમાં આવો મૈત્રીભાવ રાખવાનો અવસર ફરી કયાં મળશે? વળી હવે તારે વળી વેરી કોણ? ગઇ કાલે પણ તારા પર મહાગુસ્સે થનારો વૈરી નથી. અરે જીવ! એણે મારૂં સહેજ પ્રતિકુલ કર્યું, એવું લેશમાત્ર પણ મનમાં લાવીશ નહિ, હવે તો જીવ! સર્વ જીવોને ખમાવી દે! વિચાર કે **खामेमि सव्वजीवे**' સર્વ જીવોને હું ખમાવું છું. તેમાંય વિશેષે કરીને તે અગ્નિશર્માને ખમાવું છું! કેમકે હું જિનવચન પામ્યો છું." ક્ષત્રિય રાજવીપણાનો મુગટ મળ્યા પછી યુદ્ધમાં જરાય પાછી પાની ન કરાય; તેમ જિનવચનનો તાજ પહેર્યા પછી આંતર શત્રુ સામેના યુદ્ધમાં ક્ષમા, સમતા અને મૈત્રીભાવમાં પાછી પાની ન કરાય.

મહાત્મા ગુણસેન પોતાને થયેલ જિનવચનની પ્રાપ્તિની કેવી ઉંચી જવાબદારી સમજે છે! એવી જવાબદારીની સમજ ઉપર એમના આત્માનું સત્ત્વ ખીલી ઉઠે છે, ભયંકર ઉપસર્ગ સહી લેવાનું જોમ પ્રગટે છે!

**ઉપશમમાંથી ધર્મ જન્મે છે:**—મહાત્મા ગુણસેનમાં ઉપશમ રસનો ધોધ વહે છે. શ્રી સર્વજ્ઞકથિત ધર્મનું એક વિશેષણ છે.

'ઉપશમમાંથી જન્મેલો', અર્થાત્ ચારિત્રધર્મ ઉપશમમાંથી જન્મેલો હોવો જોઈએ. ઉપશમમાં શું આવે? ઉપશમમાં કષાયોની શાંતિ આવે. ધર્મમાં ઉપશમ એ સારભૂત છે. મહાવ્રતના પાલનના મૂળમાં ઉપશમ રસ જોઈએ ઉપશમ એ મૂળ છે, એમાંથી ધર્મનો કંદ તૈયાર થાય છે. ઉપશમ એ બોરિંગ છે. એમાંથી ધર્મનો ઝરો વહે છે. હૈયામાં થોડો પણ ઉપશમ ન હોય તો પ્રભુપૂજા એ પૂજા ન રહે; સામાયિક એ સામાયિક ન બને; દાન એ દાનનું કાર્ય ન કરે.

**જીવનચર્યા તપાસોઃ**—અંધારે ઝાડ પર હાથ માર્યો, આંબો સમજી ફલ લીધું, મોંમાં નાખ્યું, તુરૂ લાગ્યું, તો મનાય કે 'આ આંબો નહિ;' તેમ જ્યાં ધર્મનો દેખાવ મોટો હોય પણ ઉપશમ ન હોય તો માનવું પડે કે આ કેવળી-પ્રણીત ધર્મ નહિ હોય. **'केवलिपन्नत्तो धम्मो उवसमपभवो'** કેવળી-પ્રણીત ધર્મ ઉપશમમાંથી વહે છે. પછી જે જે ધર્મના અંગો સધાતા જાય ત્યાં ત્યાં ઉપશમની અસર પથરાતી જ જાય. ગોટલો વાવે એટલે ઝાડ ઊગે, ડાળ પાંખળા નીકળે, બધે કેરીની અસર વ્યાપતી જ જાય, તેથી છેવટે એ આંબાના ઝાડને મધુરૂ કેરીનું ફલ આવે છે. લીંબડે તો લીંબોળી આવેલી જોવા મળે. આપણી દરેક ચર્યામાં આ મુખ્ય જોતા જવાનું કે આત્મામાં ક્રોધના ઉકળાટ, માનના ધમધમાટ, માયાના વલોપાત, લોભના તરંગ, વિકારો. હાસ્ય શોકાદિની અસ્વસ્થતા વગેરે શાંત થતા આવે છે ને?

રાજર્ષિ ગુણસેન કાઉસ્સગ્ગમાં છે. અગ્નિથી બળી ઉઠવાના ઘોર ઉપસર્ગમાં છે, પણ પ્રસન્ન છે! ગુસ્સો તો નથી, પણ ઉલટું મૈત્રીભાવનું ચિંતન કરે છે.

**ધર્મસ્પર્શી આત્માને ગુસ્સો ન ખપેઃ**—અગ્નિશર્માએ મહાત્મા ઉપર ગુસ્સો કર્યો. પરંતુ ગુણસેન મહાત્માને જૈનધર્મ સાધુધર્મ ભાવથી સ્પર્શેલા છે, હવે એમને ગુસ્સો ખપતો નથી.

સમજ્યાને? ગુસ્સો ખપતો નથી! એટલે? ધર્મી બન્યા

એટલે ગુસ્સો ન કરાય. ધર્મી અને ગુસ્સો ? ન હોય. ધર્મને અને ગુસ્સાને મેળ નથી. દૂધને અને મીઠાને મેળ નથી, દુધ-ખાંડને મેળ છે. સામો ભલે સત્તરસો ભૂલો કરી નાખે, પણ આપણે દ્વેષ અને વૈર નહિ તે નહિ જ કરવાના. એને બદલે ક્ષમા અને મિત્રતા જ કેળવવાના. પૂર્વના કદાચ દ્વેષ-વૈર હોય તોય તે ભૂસી નાખવાના. આવી ઉચ્ચ સમજ કરવાનું કદાચ ન સમજે તે ભગવાનના શાસનનું રહસ્ય પામ્યો ન ગણાય. ત્યારે આવી મહાન કલ્યાણ સમજના સંયોગ ફરી કયારે મળવાના હતા ? 'દ્વેષ-વૈર કરવા જ જોઈએ. એવું કરીએ તોજ જીવાય. એમાં કાંઇ વાંધો નહિ;'—આવી ઘેલી સમજ તો વાઘ વરૂનેય મળી છે. એક વાર ક્ષમા અને મિત્રભાવ કેળવો, આપત્તિમાં મહાધી-રતાનો ખપ કરો, પછી જુઓ કે એથી આત્માનું ઓજસ કેવું ખીલી ઉઠે છે !

**દ્વેષીને દ્વેષ જ ઉભરાય:**—અહીં વૈરી દેવને ગુણસેન મહા-ત્માના હાર્દિક ઊંચા ભાવનો કાંઈ ખ્યાલ નથી. કદાચ જાણે તો દંભ જ માને, વળી એ જોવાની એને ફુરસદેય કયાં હોય ? એને તો એમને મારી જ નાખવા છે. એથી એટલું જ જુએ છે કે 'એ રીબાઈ રીબાઈને મર્યા કે નહિ?' ક્ષીલાને તો સજ્જનનો ચહેરો જોઈને ગુસ્સો જ થાય, પ્રેમ ન ઉભરાય.

**રાજર્ષિ ગુણસેનનું દેહાવસાન:**—મહાત્મા ગુણસેન મૈત્રી-ભાવમાં રમી રહેલ છે; એમને કોઈ ગુસ્સો નથી. પણ પરિણામ ? શાસ્ત્રકાર કહે છે કે શુભ ભાવમાં રમતા રમતાં એ ભાવ રાજર્ષિ અગ્નિકુણ્ડમાં બળીને સાફ થઇ ગયા ! એમના દેહનો નાશ થઇ ગયો ! તેમના માટે સવાર ન પડી...ગુરુ મહારાજ પાસે જવાનું રહી ગયું...રાતમાં જ તેમનો સમાધિપૂત આતમરામ મનુષ્યલોકને છોડી દૂર દૂર ચાલી ગયો...

**: શ્રી સમરાદિત્ય મહર્ષિનો પ્રથમભવ સમાપ્ત :**